અર્હમ્

द्रव्यानुयोग










अ. प्र. उपाध्याय मुनि श्री कन्हैयालालजी म. 'कमल'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્હમ્

પૂજ્ય ગુરુદેવશ્રી ફતેહ - પ્રતાપ સ્મૃતિ પુષ્પ
આગમ અનુયોગ (ગુજ.) ગ્રંથમાળા - ૧૦

દ્રવ્યાનુયોગ

ભાગ - ૪

જૈનાગમોમાં વર્ણિત જીવ-અજીવ વિષયક સામગ્રીનું સંકલન (ગર્ભ, યુગ્મ, ગમ્મા, આત્મા, સમુદ્‌ઘાત, ચરમાચરમ, અજીવદ્રવ્ય અને પુદ્‌ગલ તેમજ પ્રકીર્ણક વગેરે ૯ અધ્યયનોનું વિશિષ્ટ સંકલન)

મૂળપાઠ સાથે ગુજરાતી ભાષાંતર

: નિર્દેશક અને પ્રધાન સંપાદક :
અનુયોગ પ્રવર્તક ઉપાધ્યાય પ્રવર પં.રત્ન
મુનિશ્રી કન્હૈયાલાલજી મ. "કમલ"

: સંયોજક અને સમ્પાદક :
આગમ રસિક સેવાભાવી
ઉપપ્રવર્તક શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ'

: સંપાદિકા :
અરિહંત પ્રિયા ડૉ. દિવ્યપ્રભાજી

: પરામર્શદાતા :
પં. દલસુખભાઈ માલવણિયા

: ગુજરાતી ભાષાંતરકર્તા :
ઉપપ્રવર્તિની શ્રુતાચાર્યા
ડૉ. શ્રી મુક્તિપ્રભાજી
એમ.એ.પીએચ.ડી.
તેમજ તેમની સુશિષ્યા
ડૉ. શ્રી અનુપમાજી (એમ.એ.પીએચ.ડી.)
શ્રુત આરાધિકા શ્રી ભવ્યસાધનાજી
શ્રુત આરાધિકા શ્રી વિરતિસાધનાજી

: પ્રકાશન સહયોગી :
શેઠશ્રી હસમુખલાલ કસ્તુરચંદ શાહ (અમદાવાદ)

: પ્રકાશક :
આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ-૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✸ **सर्वाधिकार प्रकाशकाधीन**

✸ प्रकाशक अने प्राप्तिस्थान :

आगम अनुयोग ट्रस्ट

C/o. श्री स्थानकवासी जैन संघ,
२८-२९, स्थानकवासी जैन सोसायटी,
नारणपुरा क्रोसींग, अमदावाद-१३.
फोन : ७५५१४२९, ७५५२७११

✸ संपर्क सूत्र :

श्री वर्धमान महावीर केन्द्र

सब्जीमंडी सामे,
माउन्ट आबु (राज.) पीन-३०७ ५०१
फोन : (०२९७४) २३५५९९

☛ **गुजराती संस्करण :**

वीरनिर्वाण संवत् - २५३०
विक्रम संवत् - २०६०
दिनांक : १८, फेब्रुआरी-२००४
विमोचन - अमदावाद

☛ **मूल्य :**

रु. ७००/- (सातसो रुपिया)

☛ मुद्रक :

स्केन-ओ-ग्राफिक्स

(कोम्प्युटर - ओफसेट जोब)
३/ए, रविकुंज सोसायटी,
नारणपुरा, अमदावाद-१३
फोन : ७९११७५१

✸ संप्रेरक :

१. उपप्रवर्तक, सलाहकार
मधुर व्याख्यानी श्री गौतममुनिजी म.
२. सेवाभावी तपस्वी
श्री संजयमुनिजी म. 'सरल'

✸ संपादन सहयोगी :

पं. देवकुमारजी जैन, बीकानेर
श्री श्रीचंदजी सुराणा, आगरा
डॉ. धर्मचंदजी जैन, जोधपुर

✸ ट्रस्टी मंडळ :

१. श्री नवनीतभाई चुनीलाल पटेल (अमदावाद)
२. श्री रमणलाल माणेकलाल शाह (अमदावाद)
३. श्री अरविंदभाई शांतिलाल शाह (अमदावाद)
४. श्री बचुभाई बळदेवभाई पटेल (अमदावाद)
५. श्री विजयराज बी. जैन (अमदावाद)
६. श्री अजयराज के. महेता (अमदावाद)
७. श्री कृष्णकांतभाई मफतलाल पटेल (मुंबई)
८. श्री जयंतिभाई चंदुलाल संघवी (मानद्मंत्री) (अमदावाद)

✸ को.ओप्ट सदस्य :

श्री मीठालाल नेमीचंद बोहरा, अमदावाद
श्री रमेशकुमार चंपालाल साकरिया, अमदावाद

✸ संकलन-सहायक :

मांगीलाल शिवजीरामजी शर्मा (कुरडाया)

✸ प्रूफरीडर :

महावीरप्रसाद शिवजीरामजी शर्मा (कुरडाया)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Published in Memory of Rev.
Gurudev Shri Fateh-Pratap Agam anuyog No. 10

Dravyanuyoga

GUJARATI TRANSLATION

[Part – IV (Chapter 39 to 45)]

: CHIEF – EDITOR :
Anuyog Pravartak, Upadhyaya Pravar, Pandit Ratna
Muni. Shri Kanhaiyalalji 'Kamal'

: COLLIGATOR :
Agam Rasik Vice Pravartaka
Shri Vinay Muniji 'Vageesh'

: EDITOR :
Arihant Priya **Dr. Shri Divyaprabhaji**

: ADVISOR :
Pt. Dalsukhbhai Malvaniya

: TRANSLATORS :
UpPravartini Shrutacharya
Dr. Shri MuktiPrabhaji M.A.Ph.D.
& HER CO-TRANSLATORS :
Dr. Shri Anupamaji M.A.Ph.D.
Shri Bhaviyasadhnaji
Shri Virtisadhnaji

: PUBLISHING CO-ORDINATOR :
Sheth Shri Hasmukhlal Kasturchand Shah (Ahmedabad)

: PUBLISHERS :
AGAM ANUYOG TRUST
Ahmedabad – 380 013.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✸ ©

✸ PUBLISHER :

AGAM ANUYOG TRUST

C/o. Shri Sthanakvasi Jain Sang,
28-29, Sthanakvasi Jain Society,
Naranpura Crossing, Ahmedabad–13.
Ph. : 7551426, 7552711

✸ CONTECT PLACE :

SHRI VARDHMAN MAHAVIR KENDRA

Opp. Subjimandi, MOUNT ABU. (Raj.)
Pincode : 307501.
Ph. : (02974) 235566

✸ FIRST EDITION :

A. D. 2060
18, February – 2004
Vimochan at Ahmedabad

✸ PRICE :

Rs. : 700/- (Rupees Seven Hundred)

✸ PRINTED BY :

SCAN–O–GRAFIX

(Computer–Offset Printing)
3/A, Ravikunj Society, Naranpura,
Ahmedabad–380 013.
Ph. : 7911751

✸ PROMOTOR :

1. Madhur Vyakhyani Shri Gautam Muniji
2. Sevabhavi Shri Sanjay Muniji "Saral"

✸ CONTRIBUTING EDITORS :

1. Pandit Shri Devkumarji Jain – Bikaner
2. Shri Shrichandji Surana 'Saras'-Agra
3. Dr. Dharmachandji Jain – Jodhpur

✸ TRUSTIES :

1. Shri Navanitbhai Chunilal Patel (Ahmedabad)
2. Shri Ramanlal Maneklal Shah (Ahmedabad)
3. Shri Arvindbhai Shantilal Shah (Ahmedabad)
4. Shri Bachubhai Baldevbhai Patel (Ahmedabad)
5. Shri Vijayraj B. Jain (Ahmedabad)
6. Shri Ajayraj K. Mehta (Ahmedabad)
7. Shri Krishnakantbhai Mafatlal Patel (Mumbai)
8. Shri Jayantibhai Chandulal Sanghavi (Secretary) (Ahmedabad)

✸ CO.OPT. MEMBER :

Shri Mithalal Nemichand Bohra, Ahmedabad.

Shri Rameshkumar Champalal Sakariya, Ahmedabad.

✸ EDITOR – ASSISTANT :

Mangilal S. Sharma (Kurdayan)

✸ PROOF READER :

Mahavir S. Sharma (Kurdayan)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્હમ્

તમારું તમને સમર્પણ...



પૂજ્ય ગુરુદેવ ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ' સાથે અનુયોગ સંબંધિત ચર્ચા કરી રહેલાં ઉપપ્રવર્તક શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ'

કોમલતન, કોમલવચન, પુની કરણી કમનીય ।
'કમલ' મુને કલ્યાણકર, વિનય હૃદય રમણીય ॥



મધુર વ્યાખ્યાની શ્રી ગૌતમમુનિજી મ.



તપસ્વી સેવાભાવી શ્રી સંજય મુનિજી મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધસ્થાપક



સ્વ. બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

।। णमो जिणाणं ।।

આધસ્થાપક



સ્વ. હિંમતલાલ શામળદાસ શાહ

આગમ અનુયોગ ટ્રસ્ટ - ટ્રસ્ટી મંડળ



શ્રી નવનીતભાઈ ચુનીલાલ પટેલ



શ્રી રમણિકભાઈ એમ. શાહ



શ્રી અરવિંદભાઈ શાંતિલાલ શાહ



શ્રી બચુભાઈ બળદેવભાઈ પટેલ



શ્રી વિજયરાજ બી. જૈન



શ્રી અજયરાજ કે. મહેતા



શ્રી કૃષ્ણકાંતભાઈ મફતલાલ પટેલ



શ્રી જયંતિભાઈ સી. સંઘવી
(માનદ્‌મંત્રી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ સમર્પણ ॥

આગમોના પ્રકાંડ વિદ્વાન

સંસ્કૃત-પ્રાકૃતના જેમને હજારો

શ્લોકોની રચના કરી

એવા ક્રિયાનિષ્ઠ આત્માર્થી સંત રત્ન

આચાર્ય પ્રવર

શ્રી ઉમેશમુનિજી મહારાજ 'અણુ'

ની પવિત્ર સેવામાં સમર્પિત

ઉપપ્રવર્તક

વિનયમુનિ 'વાગીશ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુયોગ સમ્પાદન-સંશોધન કાર્યમાં સર્મપિતભાવે અથાક શ્રમસહયોગ પ્રદાન કરવાવાળી પરમવિદુષી શ્રમણિયાઁ



ઉપપ્રવર્તની શ્રુતાચાર્યા પરમવિદુષી ડો. મુક્તિપ્રભાજી મ.



અરિહંત પ્રિયા વિદુષીરત્ન ડો. દિવ્યાપ્રભાજી મ.



સાધ્વી શ્રી વિરતિસાધનાજી મ., ડો. સાધ્વી શ્રી અનુપમાજી મ., સાધ્વી શ્રી ભવ્યસાધનાજી મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશન સહયોગી

॥ નમો જિણાણં ॥



શેઠ શ્રી હસમુખભાઈ
કસ્તુરચંદ શાહ



અ.સૌ. શ્રીમતિ ઉષાબેન
હસમુખભાઈ શાહ

ડો. કસ્તુરચંદ બાલાભાઈ શાહના ખાનદાન ખોરડે માતાની કુક્ષી દિપાવનાર તેજસ્વી - ઓજસ્વી - ભાઈશ્રી હસમુખભાઈ કસ્તુરચંદ શાહ B.Sc. સુધી અભ્યાસ કરી માતા-પિતાના તેમજ પિતાતુલ્ય મોટાભાઈ રજનીકાંતભાઈના અંતરના આશીર્વાદ સાથે ધર્મપ્રેમી - ઉદારદીલા - શેઠશ્રી ચંદુલાલ છગનલાલ શાહ, મંગુબેન ચંદુલાલ શાહની સુપુત્રી - સંસ્કારી વિરાંગના - ઉષાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. મસ્કતી માર્કેટના કાપડના ધંધામાં જોડાયા - કાપડના ધંધામાં પણ નામના મેળવી. સ્વસ્તિક કોર્પોરેશનના નામથી બિલ્ડીંગ કન્સ્ટ્રકશન તથા ડેવલોપમેન્ટ અંગેનું કામકાજ તેમના લાડલા દિકરા મૌલિકભાઈને ટ્રેઈનીંગ આપી આગળ ધપાવ્યું. બન્ને દિકરીઓ પણ સાસરીએ પીયરીયું શોભાવી રહ્યા છે. હસમુખભાઈનો મળતાવડા સ્વભાવને કારણે જૈનસમાજમાં આગવું સ્થાન રહ્યું છે. ઉદારદીલા - રથના બન્ને પૈડા સરીખા સમા અ.સૌ. ઉષાબેન મહિલા ઉત્કર્ષના - માનવતાના કાર્યમાં ખૂબ જ ખંત - નિષ્ઠાથી આગવું સ્થાન ધરાવે છે. શ્રી હસમુખભાઈ નાની-મોટી અનેક સંસ્થાઓમાં પ્રમુખ-ટ્રસ્ટીના હોદ્દાને દિપાવી રહ્યા છે. - ભૂયંગદેવ આરાધના ભૂવનને પિતાના નામને જોડી ઋણ અદા કરેલ છે. દરિયાપુરી સંપ્રદાયમાં ખૂબ જ આગવું સ્થાન ધરાવે છે. પૂ. મહારાજસાહેબ - પૂ. મહાસતીજીના વૈયાવચ્ચમાં અગ્રગણ્ય ફાળો રહ્યો છે. સ્વાસ્થ્ય સારૂ રહે તે જ પ્રાર્થના ઘણા જ મોટા દાનોની સાથે આગમ અનુયોગ ટ્રસ્ટને યાદ કરી સારી રકમનું દાન આપવા બદલ આભારી છીએ.

॥ નમો જિણાણં ॥



સ્વ. શ્રી કાલિદાસ
ગગ્ગલભાઈ કોઠારી



સ્વ. શ્રીમતી પારુબેન
કાલીદાસભાઈ કોઠારી

આપ પાલનપુરના મૂળ નિવાસી હતા, આપના સુપુત્ર શ્રી શશીકાંતભાઈ હમણાં પૂનામાં અમર ડ્રેસીસના નામે વ્યવસાય કરે છે. તેઓ પણ ખૂબ જ ધર્મશ્રદ્ધાળુ છે. મધુર વ્યાખ્યાની શ્રી ગૌતમમુનિજી મ. તરફ તેઓની વિશેષ શ્રદ્ધાભક્તિ છે. શ્રી કાલીદાસભાઈની સુપુત્રી શ્રી ઉર્મિલાબહેન પણ ખૂબ જ ભાવનાશીલ છે. બન્ને ભાઈ-બહેનોએ લગ્ન પણ નથી કર્યા. ઉપપ્રવર્તક શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ' આદિ ઠાણાના ૨૦૦૩ના પૂના ચાતુર્માસમાં સંવત્સરી મહાપર્વના દિવસે દ્રવ્યાનુયોગ (ગુજરાતી)નો ત્રીજા ભાગના વિમોચનનો પણ લાભ મળ્યો. આપના વિશેષ સહયોગ માટે ટ્રસ્ટ આભારી છે.

॥ નમો જિણાણં ॥



સ્વ. શ્રી ધર્મચંદજી ખાબ્યા



શ્રીમતિ ભંવરબાઈ
ધર્મચંદજી ખાબ્યા

આપ રાજસ્થાનમાં ભીલવાડા જિલ્લાના પોટલા ગામના નિવાસી હતા તથા આપ ખૂબ જ ધર્મશ્રદ્ધાળુ હતા. શ્રીમતી ભંવરબાઈએ પણ ચૌવિહાર વિગેરે અનેક પ્રત્યાખ્યાન કર્યા. આપના સુપુત્ર શ્રી હિરાલાલજી, ભેરુલાલજી, સમરથલાલજી, મૂલચંદજી, સમ્પતલાલજી, આનંદકુમારજી, દિનેશકુમારજી ખૂબ જ ધર્મશ્રદ્ધાળુ છે. પૂજ્ય પ્રવર્તક શ્રી અંબાલાલજી મ. ની વિશેષ આસ્થા રહી છે તથા પૂજ્ય પ્રવર્તકશ્રી રૂપચંદજી "રજત" મ. નો પણ આપના પરિવાર પર આશીર્વાદ છે. મહામંત્રી શ્રી સૌભાગ્યમુનિ 'કુમુદ' ઉપપ્રવર્તક શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ', મધુરવ્યાખ્યાની શ્રી ગૌતમમુનિજી મ. વિગેરેના ચાતુર્માસ સફળ બનાવવામાં આપનું યોગદાન પ્રસંશનીય રહ્યું. અમદાવાદમાં આપનો જ્વેલર્સનો વ્યવસાય છે. આપના વિશેષ સહયોગ માટે ટ્રસ્ટ આભારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ નમો જિણાણં ॥



શ્રી રોહિતભાઈ
રણછોડભાઈ ગાંધી

ધર્મપ્રેમી આદર્શ શ્રાવકરત્ન - કર્તવ્ય પરાયણ પરમ આદરણીય ભાઈશ્રી રોહિતભાઈ રણછોડભાઈ ગાંધી મુંન્દ્રા-કચ્છના વતની છે. પરંતુ અમદાવાદમાં આવી એચ.કે.કોમર્સ કોલેજમાં અધ્યાપક (પ્રોફેસર)ના સ્થાનને દીપાવતા સૌની સાથે દુધ-સાકર જેમ એક બની જૈન શાસનને દિપાવી રહ્યા છે.

શ્રી સ્થા. જૈન સંઘ-આંબાવાડી જે અગ્રગણ્ય સંઘોમાંનો એક સંઘ છે તે સંઘમાં ટ્રસ્ટીનું સ્થાન દિપાવી રહ્યા છે. શ્રી કચ્છ જૈન સેવા સમાજ-પાલડીમાં સહમંત્રીના સ્થાનને ઉજ્જવળ બનાવી રહ્યા છે. બંધુ બેલડી ગુરુદેવ નિરંજનમુની મ. સા., પૂ. ચેતનમુની મ. સા. દ્વારા સંપાદિત "જ્ઞાનાજન"ના પ્રકાશકના સ્થાનમાં પ્રકાશ પુરી રહ્યા છે. પૂ. સંત-સતીજીની સેવા વૈયાવચ્ચ અને સૌની સાથે મિલનસાર સમભાવ એજ માનવભવની તેમની મુડી છે. આગમ અનુયોગના કાર્યમાં સહભાગી થવા બદલ આભારી છીએ...

॥ નમો જિણાણં ॥



શ્રી ચન્દજી જૈન
(જૈનબંધુ-દિલ્હી)

આપ ખૂબ જ ધર્મપ્રેમી, ઉદારહૃદયી તથા સ્વાધ્યાય પ્રત્યે ઉંડી નિષ્ઠાવાળા શ્રાવક છો. તેમના ઘરે ખૂબ મોટી લાઈબ્રેરી છે. સંત-સતિઓ માટે અધ્યયનમાં પુસ્તકો વિગેરે વ્યવસ્થા કરવામાં તેઓની વિશેષ રુચિ છે. પૂ. ગુરૂદેવ ઉપાધ્યાય શ્રીજી પ્રત્યે તેઓની વિશેષ શ્રદ્ધા રહી છે. તેઓના કાર્યથી પ્રભાવિત થઈને સ્વેચ્છાથી અનુયોગ માટે વિશેષ સહયોગ તેઓએ પ્રદાન કર્યો. આ ભગીરથ કાર્યને પૂર્ણ કરાવવામાં તમે પણ અગ્રણી રહ્યા છો. 'જૈનબંધુ'ના નામથી દિલ્હીમાં અને સ્નેહા રિસોર્ટના નામથી ઉદયપુરમાં આપ મોટા વેપારી છો.

॥ નમો જિણાણં ॥



શ્રી ઘેવરચંદજી કાનુંગા
જોધપુર

આપ મૂળ ગટસિવાના (રાજસ્થાન)ના નિવાસી છો. ઓસવાલ સિંહ સભા જેવી અનેક સંસ્થાઓના આપ અધ્યક્ષ છો. આપની જોધપુરમાં 'એલ્કોબોક્સ' નામની ખૂબ મોટી કંપની છે. આપે આગમ અનુયોગ ટ્રસ્ટને વિશેષ યોગદાન આપ્યું છે. આપની ઉદારભાવના પ્રસંશનીય છે. આપના સહયોગ માટે ટ્રસ્ટ આભારી છે.

॥ નમો જિણાણં ॥



સ્વ.શ્રી ધર્મીચંદજી લુણાવત
દિલ્હી

આપશ્રી અમરચંદજી મારુ હરમાડાવાળાના સુપુત્ર છો. અનુયોગનું કાર્ય પુરુ કરાવવામાં આપની વિશેષ રુચિ રહી. આપના ધર્મપત્નિ શાંતાદેવી પણ ખૂબ જ ધર્મશ્રદ્ધાળુ છે. આપના સુપુત્ર પ્રમોદજી તથા પ્રણવજી પણ ભાવનાશીલ છે. શ્રી ધર્મચન્દજી સા. ની સ્મૃતિમાં આપે આબુ પર્વત પર ચૈત્રી આયંબીલ ઓળી કરાવી. ગુરુદેવના પ્રત્યે આપની વિશેષ શ્રદ્ધાભક્તિ રહી. આપના સહયોગ માટે ટ્રસ્ટ આભારી છે.

॥ નમો જિણાણં ॥



સ્વ. શ્રી શિવજીરામજી તથા સુપુત્રો
શ્રી માંગીલાલજી તથા મહાવીરભાઈ શર્મા

ઉપાધ્યાયશ્રીજીની સેવામાં આજીવન પોતાની સેવા આપનાર સ્વ. શ્રી શિવજીરામજી શર્મા તથા આગમના ગ્રંથોના પ્રકાશનમાં સંકલન સહાયક, પ્રૂફરીડીંગ, પ્રિન્ટીંગ વિ.ની સંપૂર્ણ જવાબદારી તથા વ્યવસ્થા સંભાળનાર તેઓના પુત્રો શ્રી માંગીલાલજી તેમજ શ્રી મહાવીરભાઈ શર્મા (કુરડાયાં)-રાજસ્થાનના વતની છે.

પૂ. ગુરુદેવના તેમજ આગમ અનુયોગમાં અકથનીય સેવા બદલ પિતા-પુત્રોને આગમ અનુયોગ ટ્રસ્ટ અભિનંદન પાઠવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક જ્યોતિર્મય વ્યક્તિત્વ-શ્રધ્ધેય ઉપાધ્યાયશ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ'



સંક્ષિપ્ત પરિચય

જ્ઞાન અને ક્રિયાની જીવંત પ્રતિમૂર્તિ **'નમો उवज्झायाणं'** ના ગૌરવપૂર્ણ પદથી સમલંકૃત અનુયોગ પ્રવર્તક શ્રદ્ધેય પૂજ્યગુરૂદેવ **મુનિશ્રી કન્હૈયાલાલજી મ. 'કમલ'**નું જીવદર્શન સ્વ-પરના કલ્યાણાર્થે સમર્પિત રહ્યું છે. વિચાર અને આચારની દ્રષ્ટિએ તેઓ અત્યંત ઉત્કૃષ્ટકોટિનું જીવન જીવનારા સત્પુરુષ અને પ્રતિભાશાળી પુરુષ હતાં. જેઓને અહંકાર ક્યારેય સ્પર્શી શક્યો ન હતો. વિદ્વતા, વિનમ્રતા, સૌજન્યતા, સૌમ્યતા, સહિષ્ણુતા, કરુણા, વાત્સલ્ય, ધૈર્ય, પ્રસન્નતા જેવા અનેક સદ્‌ગુણોની સુવાસથી તેઓ સદા મહેકતાં હતાં.

આપનો જન્મ વિક્રમ સંવત્ ૧૯૭૦ ચૈત્રસુદ (રામનવમી) ના દિવસે કેકીન્દ (જસનગર) રાજસ્થાનમાં **શ્રી ગોવિંદાસિંહજી** રાજપુરોહિતના ગૃહે થયો. માતુશ્રી યમુનાદેવીની કૂંખ આપે દીપાવી હતી. ચારવર્ષની બાલ્યાવસ્થામાં જ માતા-પિતાની અચાનક જ છત્રછાયા ગુમાવી. સાત વર્ષની ઉંમરે પરમશ્રધ્ધેય **આચાર્યશ્રી સ્વામીદાસજી મ. ની પરંપરાના** પ્રભાવશાળી શ્રમણ શિરોમણી શ્રધ્ધેય **શ્રી ફતેહચંદ્રજી મ.** અને પંડિત પ્રવર **શ્રી પ્રતાપમલજી મ.** વગેરેનો સંપર્ક થયો.

આપનું ભવ્ય તેજોમય લલાટ અને સામુદ્રિક લક્ષણો જોતાં જ **પૂ. પ્રતાપમલજી મ.** ને પ્રતીતિ થઇ કે - 'આ બાળક અત્યંત તેજસ્વી પ્રતિભાશાળી શ્રમણ પરંપરાનો તેજસ્વી સિતારો થશે જે શાસન પ્રભાવમાં અભિવૃધ્ધિ કરશે.' ગુરૂદેવના પ્રથમદર્શનથી જ આપે આપનું સર્વસ્વ તેમના ચરણોમાં સમર્પિત કરી દીધું. અગિયાર વર્ષ સુધીના વૈરાગ્યકાળ દરમ્યાન આપે પંડિતો, વિદ્વાનો પાસે અધ્યયન અધ્યાપન કર્યું. વૈશાખસુદ-૬, વિક્રમસંવત્ ૧૯૮૮ના દિવસે સાંડેરાવ (રાજ.)માં આપે દીક્ષા અંગીકાર કરી. એ સમય દરમ્યાન ઘોડી પરથી પડવા છતાં આપે સહિષ્ણુતા, ધૈર્ય અને અતૂટ મનોબળથી મુશ્કેલીનો સામનો કર્યો તે જ આપની પરમશક્તિ, ધર્મ પ્રત્યેની અતૂટ શ્રધ્ધાનું ઉત્તમ ઉદાહરણ છે. વડીદીક્ષા સોજતરોડમાં સંપન્ન થઇ.

દીક્ષા પછી આપે પં. બેચરદાસજી દોશી, શોભાચંદજી ભારિલ્લ વગેરે પાસે જૈનાગમ-વાડ્‌મયનું તલસ્પર્શી અધ્યયન કર્યું. જેના પરિણામસ્વરૂપે આપ ન્યાયતીર્થની પરીક્ષામાં પ્રથમશ્રેણીમાં સમુત્તીર્ણ થયા. પછી આપે આગમોના સંપાદનકાર્યમાં જ પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું. આગમોના મૂળ પાઠોને ક્રમાનુસાર- યોગ્યરીતે સંપાદિત કરી પ્રકાશિત કર્યા, છેદસૂત્રોના સાનુવાદ વિવેચન સહિતના પ્રકાશન માટે ભારે જહેમત ઉઠાવી અતિ જટિલ-ભગીરથ કાર્ય સંપન્ન કર્યું.

સ્થાનાંગ-સમાવાયાંગનું સાનુવાદ-સંપાદન કાર્ય કર્યું. 'જૈનાગમનિર્દેશિકા' જેવી અતિ મહત્વપૂર્ણ કૃતિ પણ આપના અથાગ શ્રમઅને પ્રબળ પુરુષાર્થનું જ પરિણામ છે.

આગમઅનુયોગનું વિશાળ વિસ્તૃત અને ભગીરથ કાર્ય આપે એક જર્મન વિદ્વાનની પ્રેરણાથી યુવાવસ્થામાં શરૂ કર્યું હતું, જે જીવનના અંતિમ શ્વાસ સુધી નિભાવ્યું. માર્ગમાં આવતી પ્રતિકૂળતાઓને આપે અપ્રમત્ત ભાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૈર્ય, સહિષ્ણુતા અને પુરુષાર્થ વડે પરાજિત કરી. આપની શારીરિક પ્રતિકૂળતાઓ દરમ્યાન આપના અંતેવાસી શિષ્ય શ્રી વિનયમુનિજી મ. 'વાગીશ' તથા સાધ્વીવૃંદ ડૉ. શ્રી દિવ્યપ્રભાજી, પં. દલસુખભાઈ માલવણિયા, પં. દેવકુમારજી વગેરેનો સાથ-સહકાર મળતો રહ્યો. આપે આગમ અનુયોગ ટ્રસ્ટ દ્વારા હિંદી અનુવાદ ૮ ભાગોમાં અને ગુજરાતી ૪ ભાગોમાં પ્રકાશિત કર્યાં શેષ ભાગોનું કાર્ય શ્રી વિનયમુનિજી મ. તથા ટ્રસ્ટીગણ અત્યધિક પરિશ્રમકરી સંપન્ન કરવા પ્રયત્નશીલ રહે છે.

આપના વિશાળ વિચરણ ક્ષેત્ર દ્વારા આપનો અનુયાયી વર્ગ પણ એટલો જ વિશાળ અને વ્યાપક છે જેનું મુખ્ય કારણ આપની બિનસાંપ્રદાયિકતાની ભાવના હતી. સ્વાસ્થ્યની પ્રતિકૂળતા દરમ્યાન પણ આપે અદ્‌ભૂત આત્મબળ દ્વારા જે સમત્વ ભાવ અપનાવ્યો તે બધા માટે પ્રેરણારૂપ છે અને ખૂબ-ખૂબ વંદનીય છે.

જ્ઞાનરાધના, મૌન, તપ અને જપ આપના જીવનના પર્યાય સમા બની ગયા હતાં. નિરર્થક ચર્ચા, જ્ઞાતિ-સંપ્રદાયોની વાતો કે ટીકા-ટિપ્પણીમાં આપે કદી ક્યારેય સમય બરબાદ કર્યો નથી. યુવાવસ્થાથી જ દ્વિદળનો ત્યાગ, **એક સમય ભોજન**માં પણ માત્ર એક જ રોટલીનું ઉણોદરી તપ આપની રસેન્દ્રિય પ્રત્યેની નિસ્પૃહતા દર્શાવે છે. **છેલ્લા ૧૮ વર્ષોથી આપે અન્ન-પાણીનો ત્યાગ કરી માત્ર ફળોનો રસ, ગાયના દૂધથી જ જીવન નિર્વાહ કર્યો. છેલ્લા ૨૭ વર્ષથી દરેક મંગળવારે મૌન, રાત્રિના બે વાગ્યે નિદ્રા ત્યાગ કરી સાધનામાં લીન થતાં અને આવાં જ ઉત્તમ આચારને કારણે આપે 'સંતરત્ન' ના બિરૂદને સાર્થક કર્યું.** એટલું જ નહિ પરંતુ રાષ્ટ્રીય સંતની હરોળમાં આપનું નામ જયવંતુ બન્યું. **૬ ડિસેમ્બર ૧૯૯૩, પોષ સુદ ૧૪ સવંત ૨૦૫૦** ના રોજ જયપુરમાં આચાર્ય સમ્રાટ શ્રી દેવેન્દ્રમુનિએ આપને **'ઉપાધ્યાય પદે'** જૈનશાસન પ્રભાવકપદ ગૌરવાન્વિત કર્યા.

આપ કરુણા, દયા, વાત્સલ્ય અને પ્રેમની સાક્ષાત્ મૂર્તિ હતા અને આથી જ આપે માનવ કલ્યાણ હિતાર્થે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું. **શ્રીવર્ધમાન મહાવીર સેવા કેન્દ્ર** દેવલાલી, જિલ્લો નાસિક (મહારાષ્ટ્ર) જ્યાં વૃધ્ધ સાધુ-સાધ્વી સેવા કેન્દ્ર, જન હિતાર્થે હોસ્પિટલ, માનવ રાહત કેન્દ્ર જેવી વિવિધ પ્રવૃત્તિઓ વિદ્યમાન છે.

શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર-આબુ પર્વત જ્યાં પ્રતિવર્ષ ચૈત્રી ઓળીનું આયોજન થાય છે અને ભોજન શાળા, ઉપાશ્રય, પુસ્તકાલય, ઔષધાલય, અતિથિગૃહ છે. તદ્‌ઉપરાંત **આગમ અનુયોગ ટ્રસ્ટ અમદાવાદ, શ્રી મહાવીર કલ્યાણ કેન્દ્ર મદનગંજ, અંબિકા જૈન ભવન- અંબાજી** વગેરે અનેક સંસ્થાઓ આપની પ્રેરણા અને આશીર્વાદ વડે અનેકવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત માનવકલ્યાણનાં ઉત્તમ કાર્યો કરે છે.

૧૭ ડિસેમ્બર ૨૦૦૦ બપોરના ૧-૩૦ વાગ્યે એકાએક આપનું સ્વાસ્થ્ય બગડયું આપે ૨-૪૫ વાગ્યે સંથારો ગ્રહણ કર્યો અને **રાત્રે સમય ૩-૪૫ પોષ વદ આઠમ(ગુજ. માગસર વદ ૮) સોમવાર ૧૮ ડિસેમ્બરના રોજ જીવનજ્યોત દિવ્યજ્યોતમાં વિલીન થઈ.** ૧૯ ડિસેમ્બર બપોરે ૩ વાગ્યે **'કમલ કન્હૈયા વિહાર'** માં હજારો ભક્તો-સાધકોની જનમેદની વચ્ચે આત્માના નિરંજન નિરાકાર સ્વરૂપના ઘોષ સાથે અગ્નિસંસ્કારવિધિ સંપન્ન થઈ.

આપના સ્વર્ગારોહણથી શ્રમણ સંઘમાં જ નહીં પરંતુ સમગ્ર જૈન જગતમાં જે ખોટ પડી છે તેની પૂર્તિ અસંભવ, અશક્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકીય

આચાર્ય આર્યરક્ષિતે ૨૦૦૦ વર્ષ પૂર્વે શ્રુતજ્ઞાનને સરળતાથી સમજવા માટે ધર્મકથાનુયોગ, ચરણાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગની વિચારણા મૂકી પણ આ ગ્રંથરૂપે ઉપલબ્ધ થયા નથી. વચલા ગાળામાં ઘણા આચાર્યોએ પ્રયત્ન પણ કર્યો પરંતુ પૂર્ણ નહીં થઈ શક્યો.

પૂજ્ય ગુરૂદેવ ઉપાધ્યાયશ્રી કનૈયાલાલજી મ.સા.નું પણ યુવાવસ્થાના પ્રારંભમાં જ એક જર્મની વિદ્વાને ધ્યાન દોર્યું અને એમને સ્ફુરણા જાગી અને ગુરૂદેવોના આશીર્વાદ લઈ સંકલ્પ કર્યો અને એ કાર્યમાં અપ્રમત્તરીતે જોડાઈ ગયા. નાની-નાની ચિટોથી પ્રારંભ કરીને આને મોટુંરૂપ આપ્યું. આગમ અનુયોગ પ્રકાશન પરિષદ્ સાંડેરાવના માધ્યમથી જેનું સંપાદન- પ્રકાશન પ્રારંભ થયું. પૂજ્ય ગુરૂદેવ આ કાર્યથી જ અમદાવાદ પધાર્યા. આગમ અનુયોગ ટ્રસ્ટની સ્થાપના થઈ. અમને વિશાળ કાર્ય સંપન્ન કરાવવાનો અવસર પ્રાપ્ત થયો. ટ્રસ્ટની રજતજયંતિ વર્ષમાં આ વિશાળ કાર્ય ગુરૂદેવોના આશીર્વાદથી હિન્દીના ૮ અને ગુજરાતીના ૧૧ ભાગોમાં સંપન્ન થઈ રહ્યું છે જેની અમને ઘણી જ ખુશી છે.

આવું વિશાળ કાર્ય કરાવવા માટે ઉપાધ્યાય શ્રીજીનો ઉપકાર ક્યારેય ભુલાય નહીં. આવી મહાન્ યાદગીરી આપીને અમર થઈ ગયા.

તેમના સુયોગ્ય શિષ્ય વિનયમુનિજીએ પણ સારો પરિશ્રમ આપીને આ કાર્ય પૂર્ણ કર્યું છે. તેઓ લાંબા-લાંબા વિહાર, પ્રવચન, ચાતુર્માસ વગેરે કરવાં છતાં અમૂલ્ય સમય કાઢીને રાત-દિવસ જોડાઈને આમાં જે શ્રમ કર્યો છે તેમના અમે ઘણા જ આભારી છીએ.

શ્રુતાચાર્યા ડૉ. મુક્તિપ્રભાજી તેમજ તેમની શિષ્યાઓએ કાળજીથી સારો શ્રમ કરીને ગુજરાતી ભાષાંતર કરી આપ્યું તેઓના પણ અમે આભારી છીએ.

આ ભાગના ભાષાંતર કાર્યમાં ડૉ. કનુભાઈ શેઠ અમદાવાદવાળાના ધર્મપત્નિ કલ્પનાબેન એમ.એ.પી.એચ.ડી. (પ્રાકૃત)નો પણ સારો સહકાર મળ્યો.

ટ્રસ્ટના મંત્રી શ્રી જયંતિભાઈ સંઘવી જેઓએ એમનો અમૂલ્ય સમય કાઢી સારી જહેમત ઉઠાવી છે. જેથી જ આ કાર્ય પૂર્ણ થઈ રહ્યું છે. તેમનો જેટલો આભાર માનીએ ઓછો છે.

નારણપુરા સ્થાનકવાસી જૈન સંઘના પણ આભારી છીએ કે જેઓએ ચોપડા મૂકવા માટે સ્થાન આપ્યું.

પ્રેસની બધી જવાબદારી સેવાભાવી શિવજીરામભાઈના સુપુત્ર શ્રી માંગીલાલજીએ તેમજ તેમના નાનાભાઈ મહાવીર શર્માએ ગુરૂદેવને જોડે રહીને પ્રૂફ તપાસવા તેમજ સંદર્ભ ગ્રંથોની વ્યવસ્થા કરવી વગેરે બધી જવાબદારીઓ કાળજીપૂર્વક નિભાવી છે.

સ્કેન-ઓ-ગ્રાફિક્સના માલિક દિવ્યાંગભાઈના પણ ઘણા આભારી છીએ કે જેમને ઝડપથી બહુ જ સારું કામ કરી આપ્યું.

આ વિશાળ કાર્ય સંપન્ન કરાવવામાં દાનદાતાઓનો પણ સારો સહયોગ પ્રાપ્ત થયો જેથી આટલા ગ્રંથો પ્રકાશિત થઈ શક્યા. નામી-અનામી બધા દાનદાતાઓના આભારી છીએ.

સ્વાધ્યાયી મુનિરાજ તેમજ મહાસતિયાજી તથા આગમના અભ્યાસુ શ્રાવક-શ્રાવિકાઓ આ ગ્રંથો મંગાવીને સ્વાધ્યાય કરે અને કરાવે એજ અભિલાષા સાથે.

નવનીતભાઈ ચુનીલાલ પટેલ
પ્રમુખ
આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્હમ્

શ્રી કમલ ગુરુભ્યો નમઃ

સંયોજકીય

પૂજ્ય ગુરૂદેવે જે વિશાળકાર્ય અનુયોગનું ઉપાડયું હતું તે હિન્દી, ગુજરાતી ભાષાના ૧૯ ભાગોમાં પૂર્ણ થઈ રહ્યું છે. ગુરૂદેવે સન્ ૮૨માં જે મને ભાવના પ્રકટ કરી હતી એ એમની ભાવના બધાના સહકારથી હું પૂર્ણ કરી શક્યો છું એની મને ઘણી જ ખુશી થાય છે.

'श्रेयांसि बहु विघ्नानि' અર્થાત્ સારા કાર્યોમાં વિઘ્નો આવે જ છે તે અનુસારે આ કાર્યમાં પણ ઘણા જ વિઘ્નો આવ્યા. ગુરૂદેવે પણ અટલ સંકલ્પ કરી લીધો અને છેલ્લા શ્વાસ સુધી આ કામની લાગણી રાખી. એમની હયાતીમાં હિન્દીનું કાર્ય પૂર્ણ થયું અને ગુજરાતીના પણ છ ભાગ છપાઈ ગયા હતા. પછી મારા ઉપર જવાબદારી આવી. હું પણ લાંબા-લાંબા વિહાર, ચાતુર્માસ, પ્રવચન, ગૌચરી વગેરે અનેક જવાબદારીઓને નિભાવતા જેટલો સમય પ્રાપ્ત થતો એમાં સમય કાઢી ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં જહેમત ઉઠાવી આના ૫ ભાગ પૂર્ણ કરી આ કાર્યને પૂર્ણ કરવામાં ગુરૂદેવના આશીર્વાદથી સફળ થયો.

મારા સાથી મુનિરાજશ્રી ગૌતમમુનિજીએ પણ આ કાર્ય કરવામાં સારો સહકાર આપ્યો છે. તેઓએ પ્રવચનની બધી જવાબદારી સંભાળી તેમજ સેવાભાવી સંજયમુનિએ ગોચરી-પાણી અને સેવાની લાગણી રાખી જેથી હું આ કાર્ય કરી શક્યો તે બન્નેનો ઋણી છું.

શ્રુતાચાર્યા સાધ્વી ડૉ. મુક્તિપ્રભાજી, સાધ્વી ડૉ. દિવ્યપ્રભાજી, સાધ્વી ડૉ. અનુપમાજી, સાધ્વી ભવ્યસાધનાજી અને સાધ્વી વિરતિસાધનાજીએ મૂળ હિન્દીના કાર્યમાં તેમજ ગુજરાતી ભાષાન્તરના કાર્યમાં સારો સહકાર આપ્યો. તેમની નાની-નાની શિષ્યાઓ સાધ્વી વિરાગ સાધનાજી, સાધ્વી સ્વયંસાધનાજી, સાધ્વી લક્ષિતસાધનાજી અને નવદીક્ષિત સાધ્વી જિનેશ્વરાજીએ પણ પોતાના અધ્યયનથી સમય કાઢી લખાણના કાર્યમાં સારો સમય આપ્યો એટલે એ સતી મંડળની શ્રુત સેવા પ્રસંશનીય છે.

મૂળ પાઠ અને ભાષાંતર જોવા માટે ગ્રંથોની ઘણી આવશ્યકતા રહે છે એના માટે ઘણા આગમગ્રંથ, કોષ વગેરે વિહારમાં જોડે રાખવાની વ્યવસ્થા કરવી પડી ત્યારે જ ટૂંકા ગાળામાં આ કાર્ય થઈ શક્યું. દરેક ઉપાશ્રયોમાં આગમ ગ્રંથો વસાવવા જ જોઈએ. ચોપડા પ્રાપ્ત ન થવાથી મૂળપાઠ અને ભાષાંતર કદાચ શુદ્ધ નહીં થઈ શક્યું હોય. ગુજરાતી ભાષાનો મારો સારો અભ્યાસ નથી જેથી હિન્દી શબ્દોનો પણ પ્રયોગ થઈ ગયો હશે તો પાઠક તે અંશને સ્વબુદ્ધિથી સુધારીને વાંચે અને સૂચિત કરે જેથી બીજા સંસ્કરણમાં સંશોધન થઈ શકે.

નારણપુરા સંઘના અને અનુયોગ ટ્રસ્ટના માનદ્મંત્રી શ્રી જયંતિભાઈ સંઘવીએ સંઘનું ઘણું કામ હોવા છતાં આ અનુયોગનું કાર્ય પૂર્ણ કરાવવામાં ભારે જહેમત ઉઠાવી છે. તેમજ શ્રી નવનીતભાઈ, બચુભાઈ, વિજયરાજજી વગેરે ટ્રસ્ટીઓના આગ્રહપૂર્ણ સૂચન નિર્દેશથી આ કાર્ય સંતોષજનક રીતે પાર પડી શક્યું છે.

મહાવીર કેન્દ્ર આબૂના ટ્રસ્ટીઓએ કેન્દ્રના વ્યવસ્થાપકશ્રી માંગીલાલજીને આ કાર્યમાં સમય આપવા માટે મંજૂરી આપી જેથી પ્રુફ તપાસવા અને પ્રેસ સંબંધી ગોઠવણ કરવામાં સમય આપી શક્યા આમ ટ્રસ્ટીઓની ગુરૂદેવ તેમજ કાર્ય પ્રત્યે લાગણી પ્રસંશનીય છે.

સેવાભાવી શિવજીરામજી શર્માના સુપુત્ર મહાવીર શર્માએ લાંબા-લાંબા વિહારોમાં સાથે રહી પ્રુફ તપાસવા, ગ્રંથોની વ્યવસ્થા કરવી વગેરે જવાબદારીઓ સંભાળી તેથી જ કાર્ય થઈ શક્યું.

પ્રેસવાળા દિવ્યાંગભાઈએ મારા હિન્દીના અક્ષરોને ગુજરાતીમાં ફેરવીને જે સહકાર આપ્યો તેમજ શુદ્ધ અને સુન્દર છપાઈકામ ઝડપથી કરી આપ્યું તેથી જ આ કાર્ય પૂર્ણ થઈ શક્યું.

બોટાદ સંપ્રદાયના શ્રી અમીચંદજી મ., લિંબડી અજરામર સંપ્રદાયના કુશળકાર્ય દક્ષશ્રી ભાષ્કરમુનિજી તેમજ ગોંડલ સંપ્રદાયના યુવાપ્રણેતા શ્રી ધીરજમુનિજીએ અવાર-નવાર કાર્યને વેગ આપવાની અને લાયબ્રેરિઓમાં સેટ વસાવવાની પ્રેરણા આપી. આવી રીતે સૌ સહકાર આપે તો ગ્રંથો ગામ-ગામ પહોંચી જાય અને તેનો સારો સદુપયોગ થાય.

સ્વાધ્યાય પ્રેમિઓ આ અનુયોગનો વધારેમાં વધારે ઉપયોગ કરે અને પ્રચાર-પ્રસાર કરે એજ અભ્યર્થના...

- ઉપપ્રવર્તક વિનયમુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તાવના

ચાર અનુયોગ :

ઉપાધ્યાયપ્રવર પં.રત્ન મુનિશ્રી કન્હૈયાલાલજી મહારાજ "કમલ" એ ઈશવીય વીસમી સદીના અંતિમ ચરણમાં આગમ અનુયોગના સંપાદન અને પ્રકાશનની દિશામાં સ્થાયી મહત્ત્વનું ઐતિહાસિક કાર્ય કર્યું છે. એમનું આ કાર્ય અનુયોગ વિભાજનના પ્રથમ પ્રવર્તક આચાર્ય આર્યરક્ષિતની સ્મૃતિ પણ અપાવે છે.

આર્યરક્ષિતના પૂર્વવર્તી આચાર્ય આર્યવજ્રના સમય સુધી અનુયોગોનું પૃથક્કરણ થયું ન હતું. તે સમયે એક સૂત્રની વ્યાખ્યારૂપ એક અનુયોગ પ્રયુક્ત કરવાં છતાં પ્રત્યેક સૂત્રમાં ચરણાનુયોગ આદિ ચારે અનુયોગોનો અર્થ કહેવાતો હતો. એનો ઉલ્લેખ સ્વયં ભદ્રબાહુસ્વામીએ આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં સ્પષ્ટ કર્યો છે.[૧] જિનભદ્રગણિએ વિશેષાવશ્યક ભાષ્યમાં તથા મલધારી હેમચંદ્રએ તેની વૃત્તિમાં આ તથ્યનો ઉલ્લેખ કર્યો છે.[૨] આર્યરક્ષિતે આચાર્ય આર્યવજ્ર દ્વારા સૂત્રના અર્થનું અધ્યયન કરી અનુયોગોનું પૃથક્કરણ કર્યું હતું. આર્યરક્ષિતના શિષ્ય હતા દુર્બલિકાપુષ્યમિત્ર. દુર્બલિકાપુષ્યમિત્રને શ્રુત અને અર્થનું જ્ઞાન આપતી વખતે આર્યરક્ષિતને ઘણો જ પરિશ્રમનો અનુભવ થયો. તેમજ ભાવી પુરુષોને મતિ, મેધા અને ધારણાની દૃષ્ટિએ હીન સમજી તેમના માટે તેમણે અનુયોગો અને નયોનું પૃથક્કરણ કર્યું એમ જણાય છે.

આચાર્ય આર્યરક્ષિતે જે ચાર અનુયોગોમાં શ્રુતનું વિભાજન કર્યું તે ચાર અનુયોગોનું કથન આચાર્ય ભદ્રબાહુએ આ પ્રમાણે કર્યું -

"कालियसुयं च इसिभासियाइं, तइओ य सूरपन्नती ।
सव्वो य दिट्ठिवाओ, चउत्थओ होइ अणुओ ॥" [૩]

અર્થાત્ અનુયોગ ચાર પ્રકારના છે -

(૧) કાલિકશ્રુત, (૨) ઋષિભાષિત, (૩) સૂર્યપ્રજ્ઞપ્તિ અને (૪) સમસ્ત દૃષ્ટિવાદ.

આચારાંગ આદિ અગ્યાર અંગસૂત્રોનું અધ્યયન કાળ-ગ્રહણ આદિ વિધિથી કરવામાં આવે છે. માટે તે 'કાલિક' કહેવાય છે. કાલિકસૂત્રોને ચરણકરણાનુયોગ પણ કહેવામાં આવે છે. કારણ કે આમાં ધર્મકથા આદિ અન્ય અનુયોગનો સમાવેશ હોવા છતાં પણ પ્રાધાન્ય ચરણકરણાનુયોગનું છે. ઋષિભાષિત અને ઉત્તરાધ્યયનસૂત્રમાં નમિ-કપિલ આદિ મહર્ષિઓના ધર્માખ્યાનકોનું કથન હોવાથી તે ધર્મકથાનુયોગ કહેવાય છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર રુપથી આદિની વિચરણગતિનું પ્રતિપાદન મુખ્ય છે માટે તે ગણિતાનુયોગ છે. દૃષ્ટિવાદ નામક બારમાં અંગસૂત્રમાં ચાલના-પ્રત્યવસ્થાન આદિ દ્વારા જીવાદિ દ્રવ્યોનું જ પ્રતિપાદન કરવામાં આવે છે માટે તે દ્રવ્યાનુયોગ છે. આચાર્ય ભદ્રબાહુએ મહાકલ્પસૂત્ર અને છેદસૂત્રોનો સમાવેશ ચરણકરણાનુયોગમાં કર્યો છે. કારણ તે પણ કાલિકસૂત્ર છે.[૪] આ પ્રમાણે ભદ્રબાહુએ આર્યરક્ષિતના અનુસાર ચાર અનુયોગોનું નિમ્નલિખિત વિભાજન પ્રસ્તુત કર્યું છે -

---

૧. जावंति अज्जवइरा अपुहत्तं कालियाणुओगस्स ।
तेणारेण पुहुत्तं कालियसुय दिट्ठिवाए य ॥
अपुहत्तेऽणुओगो चत्तारि दुवारभासई एगो ।
पुहुत्ताणुओगकरणे ते अत्थ तओ उ वुच्छिन्ना ॥
- આવશ્યકનિર્યુક્તિ ૭૬૩ અને ૭૭૩ (હર્ષપુષ્પામૃત ગ્રન્થમાલા)

૨. દ્રષ્ટવ્ય - વિશેષાવશ્યકભાષ્ય ભાગ-૨, દિવ્યદર્શન ટ્રસ્ટ, મુંબઈ, ગાથા ૨૨૮૫ અને ૨૨૮૭ અને તેની વૃત્તિ.

૩. વિશેષાવશ્યકભાષ્ય ભાગ-૨માં ગાથા ૨૨૮૪ના રૂપમાં પ્રાપ્ત.

૪. जं च महाकप्प सुयं जाणि अ सेसाणि छेअसुत्ताणि ।
चरणकरणाणुओगो त्ति कालियत्थे उवगयाणि ॥
- વિશેષાવશ્યકભાષ્ય ભાગ-૨માં ગાથા ૨૨૮૫ના રૂપમાં પ્રાપ્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ચરણકરણાનુયોગ - કાલિકશ્રુત (અગ્યાર અંગસૂત્ર, મહાકલ્પસૂત્ર અને શેષ છેદ સૂત્રો)
(૨) ધર્મકથાનુયોગ[૧] - ઋષિભાષિત (ઉત્તરાધ્યયન સૂત્ર પણ)
(૩) ગણિતાનુયોગ - સૂર્યપ્રજ્ઞપ્તિ
(૪) દ્રવ્યાનુયોગ - દૃષ્ટિવાદ

ચાર અનુયોગોના આ જ નામોનું વિશેષાવશ્યકભાષ્યના રચયિતા જિનભદ્રગણિએ સ્પષ્ટરૂપમાં નિમ્નગાથામાં ઉલ્લેખ કર્યો છે -

"भण्णंतऽणुओगा चरण-धम्म-संखाण-दव्वाणं ।"[૨]

અર્થાત્ ચરણાનુયોગ, ધર્મકથાનુયોગ, સંખ્યાનુયોગ (ગણિતાનુયોગ) અને દ્રવ્યાનુયોગ એ ચાર અનુયોગ કહ્યા છે. શ્વેતામ્બર જૈન પરંપરામાં અનુયોગોનો આ ક્રમ માન્ય છે. દિગમ્બર પરંપરામાં અનુયોગોના નામ જુદા મળે છે અને દ્રવ્યસંગ્રહટીકા અને પંચાસ્તિકાવ્યની તાત્પર્યવૃત્તિના અનુસાર તેના નામ આ પ્રમાણે છે -

(૧) પ્રથમાનુયોગ, (૨) ચરણાનુયોગ, (૩) કરણાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ. પ્રથમાનુયોગમાં ત્રેસઠ સલાકા પુરુષોના ચરિત્રનું વર્ણન હોય છે તેને એક રીતે શ્વેતામ્બર પરંપરાનું માન્ય ધર્મકથાનુયોગની શ્રેણીમાં ગણી શકાય. ચરણાનુયોગમાં ઉપાસકાધ્યયન આદિના શ્રાવકધર્મ તથા આચારારાધન આદિના યતિધર્મનો મુખ્યરૂપે સમાવેશ કરવામાં આવ્યો છે. કરણાનુયોગમાં ત્રિલોકસાર આદિના ગણિતીય વિષયનો સમાવેશ થાય છે. શ્વેતામ્બર પરંપરામાં આને ગણિતાનુયોગ કહેવામાં આવે છે. દ્રવ્યાનુયોગમાં જીવાદિ ષડ્દ્રવ્યોના વર્ણનની પ્રધાનતા હોય છે તથા જીવાદિના શુદ્ધાશુદ્ધ રૂપનો વિચાર કરવામાં આવે છે. આ પ્રમાણે વિષય-વસ્તુ અને નામોની દૃષ્ટિથી દિગમ્બર અને શ્વેતામ્બર પરંપરામાં કોઈ વિશેષ અંતર નથી. ક્રમમાં અંતર અવશ્ય છે. દિગમ્બર પરંપરામાં પ્રથમાનુયોગ કિં વા ધર્મકથાનુયોગને ચરણકરણાનુયોગથી પૂર્વ રાખેલ છે. તથા શ્વેતામ્બર પરંપરામાં ધર્મકથાનુયોગના પૂર્વે ચરણકરણાનુયોગને સ્થાન આપવામાં આવ્યું છે.

અનુયોગોના ઉપર્યુક્ત વિભાજનમાં એક વિશેષ ઉલ્લેખનીય કથન એ છે કે ભદ્રબાહુ સ્વામી (ચોથી શતાબ્દી ઈ.પૂ.) એ જે અંગસૂત્રાદિ આગમોને ચાર અનુયોગોમાં વિભક્ત કરવાનો નિર્દેશ કર્યો છે તો બૃહદ્દ્રવ્યસંગ્રહના ટીકાકાર બ્રહ્મદેવે (૧૬મી શતાબ્દી)ના સૂત્રોના વિષય-વસ્તુને અનુયોગ-વિભાજનમાં જુદુ જ મહત્વ આપ્યું છે. જેમકે - શ્રાવકધર્મ અને યતિધર્મનું વર્ણન કરતા સૂત્રોનું તેમણે ચરણાનુયોગમાં સમાવેશ કર્યો છે. તે જ પ્રમાણે ભદ્રબાહુસ્વામીએ કાલિકસૂત્રોજે ચરણકરણાનુયોગમાં રાખ્યું છે. પ્રથમાનુયોગ અથવા ધર્મકથાનુયોગમાં દિગમ્બર પરંપરામાં ત્રેસઠ શલાકા પુરુષોનું વર્ણન કરવાવાળા પુરાણોને સ્થાન દેવામાં આવ્યું છે ત્યારે શ્વેતામ્બર પરંપરામાં ઋષિભાષિત ઉત્તરાધ્યયનસૂત્ર જેવા આગમોને ધર્મકથાનુયોગ કહ્યા છે. શ્વેતામ્બર પરંપરામાં ચરણાનુયોગને ચરણકરણાનુયોગ કહ્યો છે અને ગણિતાનુયોગની અલગથી ગણના કરવામાં આવી છે. જ્યારે દિગમ્બર પરંપરામાં કરણાનુયોગના અંતર્ગત ગણિતાનુયોગનો સમાવેશ થાય છે.

ઉપાધ્યાયપ્રવર પં.રત્નમુનિ શ્રી કન્હૈયાલાલજી મહારાજ "કમલે" યુગની માંગને ધ્યાનમાં રાખતા લગભગ ૫૦ વર્ષોના અથક પરિશ્રમથી શ્વેતામ્બર સ્થાનકવાસી પરંપરાને માન્ય ૩૨ આગમોના આધારે ચાર અનુયોગોનું વિભાજન કર્યું છે. ચાર અનુયોગોમાંથી ચરણાનુયોગ, ધર્મકથાનુયોગ અને ગણિતાનુયોગનું પ્રકાશન પહેલા જ થઈ ગયું છે. દ્રવ્યાનુયોગનું પ્રકાશન પણ આ ચતુર્થભાગની સાથે પૂર્ણતાને પ્રાપ્ત કરી રહ્યો છે.

આચાર્ય આર્યરક્ષિતના અનુયોગ વિભાજનના કાર્યને ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મહારાજ 'કમલ'એ આગળ વધાર્યું. આર્યરક્ષિતે જે અનુયોગોનું સ્થૂળ વિભાજન કરી વિભિન્ન આગમોના વિષય-વસ્તુને પ્રાધાન્યથી અલગ-અલગ અનુયોગોમાં

---

૧. ધર્મકથાનુયોગ આદિ નામોના ઉલ્લેખ મલધારી હેમચંદ્રે વિશેષાવશ્યકભાષ્ય પર પોતાની વૃત્તિમાં કર્યો છે દ્રષ્ટવ્ય વિશેષાવશ્યકભાષ્ય ભાગ-૨, ગાથા - ૨૨૯૪-૨૨૯૫ની વૃત્તિ.
૨. વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૨૨૮૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ગીકૃત કર્યું હતું ત્યારે ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મહારાજે આગમોની આંતરિક વિષય વસ્તુને વિભિન્ન અનુયોગોમાં વર્ગીકૃત કરી તત્સમ્બદ્ધ અનુયોગોમાં વ્યવસ્થિત કરી દીધું. આ કાર્યમાં ઉપાધ્યાયપ્રવરને કઠોર શ્રમ કરવો પડ્યો છે. કંઈ વિષયવસ્તુ કયા અનુયોગમાં જશે તેનો નિર્ણય કરવો સરળ કામ નથી. ધર્મકથાનુયોગના વિષય-વસ્તુનું ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ સાથે પણ સંબંધ થઈ શકે છે. છતાં પણ સ્વવિવેકના આધારે ઉપાધ્યાયપ્રવરે આગમોની આંતરિક વિષય-વસ્તુનું જે ચાર અનુયોગોમાં વિભાજન કર્યું છે તે જિજ્ઞાસુ પાઠકોના માટે અત્યંત ઉપયોગી છે. અનેક શોધાર્થિયોને આનાથી વિશેષ સુવિધાનો અનુભવ થશે. આ વિભાજનથી પાઠકોને એક તત્ત્વ કે વિષય પર સંપૂર્ણ આગમમાં વર્ણિત વિષયોને જાણવાની સુવિધા થશે.

આર્યરક્ષિત અને ઉપાધ્યાયપ્રવરના અનુયોગ વિભાજનમાં એક સ્થૂળ ભેદ એ છે કે આર્યરક્ષિતે જ્યાં શ્વેતામ્બરોને માન્ય સમસ્ત આગમો (વિશેષતઃ અંગસૂત્ર, ઉપાંગસૂત્ર, છેદસૂત્ર અને મૂળસૂત્ર)નું ચાર અનુયોગોમાં વિભાજન કર્યું છે. ત્યાં ઉપાધ્યાયશ્રી કન્હૈયાલાલજી મહારાજે શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન પરંપરાને માન્ય ૩૨ આગમોની વિષય-વસ્તુનું જ ચાર અનુયોગોમાં વિભાજન અને વ્યવસ્થાપન કર્યું છે. જે ૩૨ આગમોને ઉપાધ્યાયશ્રીએ આધાર બનાવ્યા છે, તે આ પ્રમાણે છે -

અગ્યાર અંગ આગમ - (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) ભગવતી (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ), (૬) જ્ઞાતાધર્મકથા, (૭) ઉપાસકદશા, (૮) અંતકૃતદશા, (૯) અનુત્તરોપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ, (૧૧) વિપાકસૂત્ર.

બાર ઉપાંગ આગમ - (૧) ઔપપાતિક, (૨) રાજપ્રશ્નીય, (૩) જીવાજીવાભિગમ, (૪) પ્રજ્ઞાપના, (૫) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ, (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિ, (૭) સૂર્યપ્રજ્ઞપ્તિ, (૮) નિરયાવલિકા, (૯) કલ્પાવતંસિકા, (૧૦) પુષ્પિકા, (૧૧) પુષ્પચૂલિકા, (૧૨) વૃષ્ણિદશા.

ચાર મૂળસૂત્ર : (૧) ઉત્તરાધ્યયન, (૨) દશવૈકાલિક, (૩) નંદીસૂત્ર, (૪) અનુયોગદ્વારસૂત્ર.
ચાર છેદસૂત્ર : (૧) દશાશ્રુતસ્કંધ, (૨) બૃહત્કલ્પસૂત્ર, (૩) વ્યવહારસૂત્ર, (૪) નિશીથસૂત્ર.
બત્રીસમું - આવશ્યકસૂત્ર (૧૧ + ૧૨ + ૪ + ૪ + ૧ = ૩૨)

બત્રીસ આગમોના આધારે કરવામાં આવેલી આ અનુયોગ - વ્યવસ્થાપનની એક વિશેષતા એ છે કે આના અંતર્ગત પ્રત્યેક અનુયોગમાં વિભિન્ન અધ્યયન બનાવ્યા છે અને પછી તે અધ્યયનોના અંતર્ગત સંબંધિત સામગ્રીને યોજિત કરવામાં આવી છે. દરેક અધ્યયનના અંતર્ગત પણ અનેક ઉપશીર્ષક છે. જેનું પ્રાકૃત અને હિંદી તેમજ આ સંસ્કરણમાં પ્રાકૃત અને ગુજરાતી બંને ભાષાઓમાં નામકરણ કરવામાં આવ્યું છે. બીજી વિશેષતા એ છે કે - એમણે પાઠકોના માટે અનુયોગોના મૂળ પાઠના સમક્ષ જ તેનો હિંદી અથવા ગુજરાતી અર્થ આપવામાં આવ્યો છે. જે પાઠકો માટે અત્યંત સુવિધાજનક છે.

વિશેષાવશ્યકભાષ્યમાં એક પ્રશ્ન કરવામાં આવ્યો છે કે આર્યરક્ષિતસૂરિની પરંપરામાં ગોષ્ઠામાહિલને વાદવિજયી થવાથી મિથ્યાત્વના ઉદયના કારણે સાતમા નિહ્નવ માનવામાં આવ્યો. તો અનુયોગ અને નયનું નિરૂપણ કરવાવાળા આર્યરક્ષિતને નિહ્નવ કેમ ન કહેવામાં આવ્યો ? આ પ્રશ્નનો ઉત્તર આપતા જિનભદ્રગણિએ કહ્યું કે આર્યરક્ષિતે નય અને અનુયોગોનું નિરૂપણ પ્રવચનના હિતાર્થે જ કર્યું હતું. તેમણે આ કાર્ય મિથ્યાભાવનાથી કે મિથ્યાભિનિવેશથી કર્યું નથી. જો મિથ્યાભિનિવેશથી જિનોક્ત પદની કોઈ અવહેલના કરે તો તે બહુરત આદિ સાત નિહ્નવોના સમાન નિહ્નવ કહેવાય છે. ઉપાધ્યાય પ્રવરે પણ અનુયોગ વ્યવસ્થાપનનું કાર્ય પ્રવચન-હિતાર્થે જ કર્યું છે. મિથ્યાત્વભાવનાથી કે મિથ્યાભિનિવેશથી કર્યું નથી. માટે તે નિહ્નવ નથી. પરંતુ જિનવાણીના ઉપકારક છે.

"અનુયોગ" શબ્દના અન્ય પ્રયોગ

"અનુયોગ" શબ્દનો પ્રયોગ આગમમાં અનેક સ્થાનો પર ભિન્ન-ભિન્ન અભિપ્રાયથી થયો છે -

(૧) સમવાયાંગ અને નંદીસૂત્રમાં દૃષ્ટિવાદ અંગના પાંચ પ્રકારોમાં અનુયોગ શબ્દનો પ્રયોગ થયો છે. દૃષ્ટિવાદના પાંચ પ્રકાર છે - (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વગત, (૪) અનુયોગ અને (૫) ચૂલિકા. આમાંથી અનુયોગના બે પ્રકારનું નિરૂપણ કરવામાં આવ્યું છે - (૧) મૂળપ્રથમાનુયોગ અને (૨) ગંડિકાનુયોગ. તે બંને અનુયોગ માત્ર દૃષ્ટિવાદના અંગ છે. માટે આમાં અન્ય અંગ, ઉપાંગ, છેદ અને મૂળસૂત્રોનો સમાવેશ થતો નથી. આ બંને અનુયોગમાં માત્ર દૃષ્ટિવાદના વિષયનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ સમાવેશ થાય છે. મૂળપ્રથમાનુયોગમાં અરિહંતો અને સિદ્ધિપદને પ્રાપ્ત થયેલા મહાપુરુષોના વર્ણનનો સમાવેશ કરવામાં આવ્યો છે તથા ગંડિકાનુયોગમાં કુલકરગંડિકા, ગણધરગંડિકા આદિનો સમાવેશ થાય છે. સ્થૂળરૂપથી વિચાર કરીએ તો મૂળપ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગનો સમાવેશ ધર્મકથાનુયોગમાં કરી શકાય છે.

(૨) "અનુયોગ" શબ્દનો બીજો પ્રયોગ "अणुओगद्दारा" પદમાં થયો છે. નંદીસૂત્ર અને સમવાયાંગસૂત્રમાં વિભિન્ન આગમોનો પરિચય બતાવતા વાચના, પ્રતિપત્તિ, વેઢ, શ્લોક, નિર્યુક્તિ, સંગ્રહણી આદિની સાથે અનુયોગદ્વારોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાયઃ સંખ્યાત અનુયોગદ્વારોના ઉલ્લેખ મળે છે. અનુયોગદ્વારસૂત્રમાં પણ શ્રુતજ્ઞાનના ઉદેશ, સમુદેશ, અનુજ્ઞા અને અનુયોગોની પ્રવૃત્તિનો નિર્દેશ છે. અહિં અનુયોગનો અર્થ સૂત્રની સાથેનું યોજન છે. સૂત્રની વાચના કર્યા બાદ આ અનુયોગની પ્રવૃત્તિ થાય છે. અનુયોગદ્વાર સૂત્ર તો પૂર્ણરૂપે અનુયોગની વિધિનું નિદર્શન કરે છે. અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યકસૂત્રના પ્રથમ સામાયિક અધ્યયનના ચાર અનુયોગદ્વાર આ પ્રમાણે કહ્યા છે - (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ અને (૪) નય.[૧] નામ, ક્ષેત્ર આદિના આધારે શબ્દનું કથન 'ઉપક્રમ' છે. તેનું પુનઃ નામ, સ્થાપના આદિમાં અર્થ શોધવો 'નિક્ષેપ' છે. અનુકૂળ અર્થનું કથન 'અનુગમ' છે તથા અભિષ્ટ અભિપ્રાયને પકડવું 'નય'નું કાર્ય છે. આ પ્રમાણે અનુયોગની પૂર્ણતા ઉપક્રમ આદિથી સંપન્ન થાય છે.

(૩) આચાર્ય ભદ્રબાહુસ્વામીએ આવશ્યકનિર્યુક્તિમાં અનુયોગના સાત પ્રકારના નિક્ષેપ બતાવ્યા છે, જેમકે - (૧) નામાનુયોગ, (૨) સ્થાપનાનુયોગ, (૩) દ્રવ્યાનુયોગ, (૪) ક્ષેત્રાનુયોગ, (૫) કાલાનુયોગ, (૬) વચનાનુયોગ, (૭) ભાવાનુયોગ.[૨] જિનભદ્રગણિએ વિશેષાવશ્યકભાષ્યમાં આ બધાની વ્યાખ્યા કરી છે.[૩] સંક્ષેપમાં કહીએ તો ઈન્દ્ર આદિની સાથે ઈન્દ્ર આદિ નામોનો યોગ કે સંબંધ નામાનુયોગ છે. કાષ્ઠાદિમાં આચાર્ય આદિની સ્થાપનાનું અનુયોજન કે વ્યાખ્યાન સ્થાપનાનુયોગ છે. દ્રવ્યનું દ્રવ્યમાં અથવા દ્રવ્યથી જે પર્યાયાદિનો યોગ છે તે દ્રવ્યાનુયોગ છે. દ્રવ્યાનુયોગ વ્યાખ્યાન સ્વરૂપ પણ હોય છે. અનુરૂપ કે અનુકૂળયોગ અર્થાત્ સંબંધને પણ એક દ્રષ્ટિથી અનુયોગ કહેવાય છે. આ જ પ્રમાણે ક્ષેત્ર, કાળ, વચન અને ભાવમાં પણ અનુયોગનો પ્રયોગ થાય છે. જે પ્રમાણે અનુયોગને સાપ્તવિધ નિક્ષેપ કહેવામાં આવે છે તે જ પ્રમાણે અનનુયોગના પણ સાત પ્રકારના નિક્ષેપ છે, જેમકે - (૧) નામાનનુયોગ, (૨) સ્થાપનાનનુયોગ, (૩) દ્રવ્યાનનુયોગ, (૪) ક્ષેત્રાનનુયોગ, (૫) કાલાનનુયોગ, (૬) વચનાનનુયોગ અને (૭) ભાવાનનુયોગ.

અનુયોગના વિભિન્ન અર્થ :

અનુયોગ વ્યાખ્યા અર્થમાં વિશેષ પ્રસિદ્ધ છે. ભદ્રબાહુસ્વામીની નિર્યુક્તિમાં અનુયોગને નિયોગ, ભાષા, વિભાષા અને વાર્તિકનો એકાર્થક કહેવામાં આવ્યો છે.[૪] તે બધાં શબ્દ અનુયોગના વ્યાખ્યા અર્થને જ સ્પષ્ટ કરે છે. જિનભદ્રગણિએ "અનુયોગના" વિભિન્ન અર્થોનું પ્રણયન કરતા કહ્યું છે -

"अणुओयणमणुओगो सुयस्स नियएण जमभिधेएणं ।
वावारो वा जोगो जो अणुरूपोऽणुकूलो वा ॥
अहवा जमत्थओ थोव-पच्छभावेहिं सुयमणुं तस्स ।
अभिधेये वावारो जोगो तेणं व संबंधो ॥" [૫]

ઉપર્યુક્ત બે ગાથાઓમાં અનુયોગના જે અર્થ ગુંથાયેલા છે તેને ક્રમશઃ આ પ્રમાણે રાખી શકાય -

(૧) સૂત્રનો પોતાના અભિધેય અર્થની સાથે અનુયોજન કે સંબંધન અનુયોગ છે.

---

૧. तत्थ पढमज्झयणं सामाइयं, तस्स णं इमे चत्तारि अणुओगद्दारा भवंति, तं जहा - (१) उवक्कमे, (२) णिक्खेवे, (३) अणुगमे, (४) णए । - અનુયોગદ્વાર સૂત્ર-૭૫ (બ્યાવર પ્રકાશન)

૨. नामं ठवणा दविए खेते काले वयणभावे य । एसो अणुओगस्स उ निखेवो होइ सत्तविहो ॥ - આવશ્યકનિર્યુક્તિ ૧૩૨

૩. દ્રષ્ટવ્ય - વિશેષાવશ્યકભાષ્ય ભાગ-૧, ગાથા-૧૩૮૯-૧૪૦૯ ।

૪. अणुओगो य निओगो भास-विभासा य वत्तियं चेव । एए अणुओगस्स उनामा एगट्ठिया पंच ॥" - આવશ્યકનિર્યુક્તિ ૧૩૧

૫. વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૧૩૮૬ - ૧૩૮૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) યોગનો એક અર્થ વ્યાપાર છે. માટે અનુકૂળ કે અનુરૂપ યોગ અર્થાત્ સૂત્રનું પોતાના અભિધેય અર્થમાં વ્યાપાર અનુયોગ છે. જેમકે - ઘટ શબ્દથી 'ઘટ' અર્થનું કથન અનુયોગ છે.

(૩) અનુયોગનો પ્રાકૃત શબ્દ "अणुओग" છે. અણુનો અર્થ છે- સૂત્ર. અર્થના આનન્ત્યની અપેક્ષાએ સૂત્ર 'અણુ' કહેવાય છે અથવા તીર્થંકરોના દ્વારા "उप्पन्नेई वा" ઈત્યાદિ ત્રિપદીનો અર્થ કહેવામાં આવે છે. ત્યારબાદ ગણધર સૂત્રની રચના કરે છે. માટે તે અણુ અર્થાત્ સૂત્રના અભિધેય અર્થમાં વ્યાપાર કે યોગ "अणुयोग" છે.

(૪) અનુયોગના ઉપર્યુક્ત અર્થોના સિવાય "વ્યાખ્યાન" અર્થનો પણ પ્રયોગ થયો છે. **વિશેષાવશ્યકભાષ્યના વૃત્તિકાર મલ્લધારી હેમચંદ્રએ "अनुयोगस्तु व्याख्यानम्"[૧]**

"अनुयोगो व्याख्यानं विधि-प्रतिषेधाभ्यामर्थप्ररूपणम्"[૨]

ઈત્યાદિ વાક્યોમાં અનુયોગનું "વ્યાખ્યાન" કે વ્યાખ્યા અર્થ પ્રતિપાદિત કર્યું છે. સૂત્રના અભિધેય અર્થની સાથે યોજન પણ એક પ્રકારે સૂત્રનું "વ્યાખ્યાન" જ છે.

"અનુયોગ" શબ્દ 'અનુ' ઉપસર્ગપૂર્વક "युज" ધાતુને "घञ्" પ્રત્યય લગાવી નિષ્પન્ન થયો છે. જેનો પૂર્વ નિર્દિષ્ટ અર્થોમાંથી એક અર્થ છે- 'અનુરૂપ યોગ.' વિખરાયેલી વિષયવસ્તુનું તદરૂપેણ એકત્ર સંયોજન પણ એક દૃષ્ટિએ "અનુયોગ" છે. ચાર પ્રસિદ્ધ અનુયોગોના નામોનો આશ્રય લઈ ઉપાધ્યાયપ્રવર શ્રી કન્હૈયાલાલજી મહારાજે ૩૨ આગમોનું ચાર અનુયોગોમાં અનુરૂપ સંયોજન કર્યું છે. જેથી સૂત્રની વ્યાખ્યા અને સંબંધ વિષયવસ્તુને એક સાથે સમજવામાં સુવિધા થાય.

દ્રવ્યાનુયોગનું મહત્વ અને સ્વરૂપ :

ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે તે અન્ય ત્રણ અનુયોગોમાં પણ ન્યૂનાધિક રૂપમાં અનુગત છે. મોક્ષપ્રાપ્તિની દૃષ્ટિથી દ્રવ્યાનુયોગનું જ્ઞાન અપરિહાર્ય છે. ષડ્દ્રવ્ય અને નવતત્વ સંબંધિત સમસ્ત વિવેચનનો દ્રવ્યાનુયોગમાં સમાવેશ થાય છે. નવતત્વોના સ્વરૂપને સમજી તેના પર યથાર્થ શ્રધ્ધા કરવાથી દર્શન સમ્યક્ બને છે તથા દર્શનના સમ્યક્ થવાથી જ્ઞાન અને આચરણ સમ્યક્ થાય છે. માટે દ્રવ્યાનુયોગ મોક્ષમાર્ગને જાણવાની દૃષ્ટિથી સર્વાધિક મહત્વપૂર્ણ છે. ભોજસાગર (૧૬મી સદી) વિરચિત "દ્રવ્યાનુયોગતર્કણા"માં દ્રવ્યાનુયોગને ચરણાનુયોગ અને કરણાનુયોગનો સાર બતાવતા તેને પંડિતજનોને પ્રિય લાગે એવું પ્રતિપાદિત કર્યું છે.[૩] ભોજસાગરે ષડ્દ્રવ્યવિચાર સૂત્રકૃતાંગ આદિ સૂત્રો તથા સમ્મતિપ્રકરણ અને તત્વાર્થ સૂત્ર આદિને દ્રવ્યાનુયોગ કહ્યો છે. સમ્મતિગ્રન્થ (સિદ્ધસેન રચિત)થી ભોજસાગરે એક ગાથા ઉદ્ધૃત કરતા દ્રવ્યાનુયોગના મહત્ત્વને સ્થાપિત કર્યું છે. ગાથા છે -

"चरणकरणप्पहाणा ससमय-परसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं णिच्चयसुद्धं न जाणंति ॥[૪]

અર્થાત્ ચરણકરણાનુયોગના જ્ઞાનથી સંપન્નજન પણ સ્વસમય અને પરસમયના વ્યાપારથી મુક્ત રહે છે. કારણ કે તે ચરણકરણાનુયોગના સારભૂત નિશ્ચય શુદ્ધ દ્રવ્યાનુયોગને જાણતા નથી. પંડિત ટોડરમલે પણ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગની મુખ્યતા સ્વીકાર કરી છે.

દ્રવ્યાનુયોગમાં શું છે ? તેનું સ્વરૂપ બતાવતા જિનભદ્રગણિ કહે છે -

"दव्वस्स जोऽणुजोगो दव्वे दव्वेण दव्वहेऊ वा ।
दव्वस्स पज्जवेण व जोग्गो दव्वेण वा जोगो ॥[૫]

---

૧. વિશેષાવશ્યકભાષ્ય ભાગ-૧, ગાથા-૧, પૃ.-૧
૨. તેજ પૃ. ૨
૩. विना द्रव्यानुयोगोऽहं चरणकरणाख्ययोः सारं नेति कृतिप्रेष्ठं निर्दिष्टं सम्मतौ स्फूटम् ॥
૪. સન્મતિ પ્રકરણ - ૩/૬૭
૫. વિશેષાવશ્યકભાષ્ય - ૧૩૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ દ્રવ્યનો અનુયોગ જ મુખ્યરૂપે દ્રવ્યાનુયોગ છે. અનુયોગનો અર્થ અહીં "વ્યાખ્યાન" અથવા અનુરૂપથી યોગ કે સંબંધ છે. દ્રવ્યનું અધિકરણભૂત દ્રવ્યથી યોગ, કરણભૂત દ્રવ્યથી યોગ, હેતુભૂત દ્રવ્યથી યોગ પણ નિક્ષેપની સંભાવનાઓમાં દ્રવ્યાનુયોગ છે. દ્રવ્યનો પર્યાયની સાથે યોગ પણ આ જ પ્રમાણે દ્રવ્યાનુયોગ પરિધિમાં આવે છે. જેમકે - વસ્ત્રનો કુસુંભરંગ પર્યાયથી અનુયોગ છે. એ જ પ્રમાણે દ્રવ્યાનુયોગના વિભિન્નરૂપ થઈ શકે છે. પરંતુ શાસ્ત્રની દૃષ્ટિએ દ્રવ્યાનુયોગનો અર્થ દ્રવ્યોની વ્યાખ્યાના અનુરૂપ વ્યવસ્થાપનરૂપે કરવું જ ઉચિત થશે.

જિનભદ્રગણિએ દ્રવ્યાનુયોગના બે ભેદ કર્યા છે - (૧) જીવ દ્રવ્યનો અનુયોગ તથા (૨) અજીવ દ્રવ્યનો અનુયોગ. જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્યના અનુયોગને પણ તેમણે ચાર પ્રકારના પ્રતિપાદિત કર્યા છે - (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી અને (૪) ભાવથી.

પ્રસ્તુત દ્રવ્યાનુયોગ :

ઉપાધ્યાયપ્રવર શ્રી કન્હૈયાલાલજી મહારાજ એ આચરણ કે ચારિત્રથી સંબંધિત આગમ વિષય-વસ્તુને ચરણાનુયોગમાં સંકલિત કર્યું છે. આગમની ધર્મકથાઓનું સંયોજન તેમણે ધર્મકથાનુયોગમાં કર્યું છે. જૈન ગણિત, ખગોળ અને જ્યોતિષ સંબંધિત સામગ્રીને ગણિતાનુયોગમાં રાખ્યું છે તથા શેષ સમસ્ત આગમ વસ્તુને દ્રવ્યાનુયોગના અંતર્ગત સંગૃહિત કર્યું છે. દ્રવ્યાનુયોગમાં ષડ્દ્રવ્યોના સંબંધમાં તો વિષયવસ્તુ સંગૃહિત કર્યું છે જ. પરંતુ આમાં કર્મસિદ્ધાંત, જ્ઞાન, દર્શન, લેશ્યા આદિના સંબંધમાં પણ વિભિન્ન અધ્યયન સંયોજિત છે. દ્રવ્યાનુયોગના ચાર ભાગ કર્યા છે. તેમાં ૪૬ અધ્યયન છે. ૪૭મું અધ્યયન પ્રકીર્ણક નામથી છે. જેમાં ૪૬ અધ્યયનોના બાદ જે અવશિષ્ટ સામગ્રી છે તેનો સમાવેશ કરવામાં આવે છે. ૪૬ અધ્યયન આ પ્રમાણે છે - (૧) દ્રવ્યાનુયોગ, (૨) દ્રવ્ય, (૩) અસ્તિકાય, (૪) પર્યાય, (૫) પરિણામ, (૬) જીવાજીવ, (૭) જીવ, (૮) પ્રથમાપ્રથમ, (૯) સંજ્ઞી, (૧૦) યોનિ, (૧૧) સંજ્ઞા, (૧૨) સ્થિતિ, (૧૩) આહાર, (૧૪) શરીર, (૧૫) વિકુર્વણા, (૧૬) ઈન્દ્રિય, (૧૭) ઉછ્વાસ, (૧૮) ભાષા, (૧૯) યોગ, (૨૦) પ્રયોગ, (૨૧) ઉપયોગ, (૨૨) પાસણયા, (૨૩) દૃષ્ટિ, (૨૪) જ્ઞાન, (૨૫) સંયત, (૨૬) લેશ્યા, (૨૭) ક્રિયા, (૨૮) આશ્રવ, (૨૯) વેદ, (૩૦) કષાય, (૩૧) કર્મ, (૩૨) વેદના, (૩૩) ગતિ, (૩૪) નરકગતિ, (૩૫) તિર્યંચગતિ, (૩૬) મનુષ્યગતિ, (૩૭) દેવગતિ, (૩૮) વુક્કંતિ, (૩૯) ગર્ભ, (૪૦) યુગ્મ, (૪૧) ગમ્મા (૪૨) આત્મા, (૪૩) સમુદ્ઘાત, (૪૪) ચરમાચરમ, (૪૫) અજીવદ્રવ્ય અને (૪૬) પુદ્ગલ.

ઉપર્યુક્ત અધ્યયનોમાંથી શરીર અધ્યયન સુધીના પ્રથમ ૧૪ અધ્યયનોનો વિષયવસ્તુ દ્રવ્યાનુયોગના પ્રથમ ભાગમાં પ્રકાશિત થયો છે. બીજા ભાગમાં ૧૫માં વિકુર્વણા અધ્યયનથી ૨૭માં ક્રિયા, ત્રીજા ભાગમાં ૨૮માં આશ્રવ અધ્યયનથી ૩૮માં વુક્કંતિ અધ્યયન સુધી પ્રકાશિત છે અને ૩૯માં અધ્યયનથી ૪૬માં અધ્યયન સુધી ગર્ભથી પુદ્ગલ સુધીના શેષ અધ્યયન અને પ્રકીર્ણકનું પ્રકાશન પ્રસ્તુત ચોથા ભાગમાં થયું છે.

૩૨ આગમોના વિષય-વસ્તુને ચાર અનુયોગોમાં વિભક્ત કરવાનું શ્રમસાધ્ય કાર્ય ઉપાધ્યાયપ્રવરે પૂર્ણ કર્યું છે. છતા આ કાર્ય અત્યંત દુસાધ્ય છે. કાર્યની કઠિનતાનું એક કારણ એ પણ છે કે એક અનુયોગની વિષય-વસ્તુ બીજા અનુયોગથી પણ સંબંધિત હોય છે. ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગમાં દ્રવ્યાનુયોગનો વિષય વિશેષ પ્રાપ્ત થવો સહજ સંભવ છે. તે જ પ્રમાણે દ્રવ્યાનુયોગના એક અધ્યયનનો વિષય-વસ્તુ બીજા અધ્યયનથી સંબંધિત હોય શકે છે. માટે અનુયોગોનું વ્યવસ્થાપન અને અધ્યયનોનું નિયોજન અત્યંત દુષ્કર કાર્ય હતું. ઉપાધ્યાય પ્રવરે આ કાર્યને સ્વવિવેકથી સંપન્ન કર્યું છે. દ્રવ્યાનુયોગના આ ચાર ભાગોમાં તેમણે એક અત્યંત ઉપયોગી કાર્ય જો કર્યું હોય તો એકે પ્રત્યેક ભાગના અંતમાં વિષય સંબંધિત અધ્યયનોના પરિશિષ્ટ આપ્યા છે. તેથી અધ્યયન સંબંધિત જે જાણકારી અન્ય અનુયોગો અને અધ્યયનોમાં આવી છે તેની પૃષ્ઠ સંખ્યા અને સૂત્ર સંખ્યાનો નિર્દેશ જાણી શકાય છે. વાંચનારને એક અધ્યયન સંબંધિત સંપૂર્ણ વિષય-વસ્તુ ચારે અનુયોગોથી પ્રાપ્ત કરવામાં અત્યંત સુવિધાનો અનુભવ થશે.

દ્રવ્યાનુયોગની વિષય-વસ્તુ વ્યાપક છે તથાપણ ષડ્દ્રવ્યોનું વર્ણન દ્રવ્યાનુયોગનો એક પ્રમુખ વિષય છે. ષડ્દ્રવ્ય એ છે- (૧) ધર્મ; (૨) અધર્મ, (૩) આકાશ, (૪) કાળ, (૫) પુદ્ગલ અને (૬) જીવ. આ ષડ્દ્રવ્યોમાંથી જીવ અને પુદ્ગલના પ્રસ્તુત દ્રવ્યાનુયોગમાં સ્વતંત્ર અધ્યયન પણ છે તથા અનેક અધ્યયન જીવ અને પુદ્ગલના વર્ણનથી સંબંધિત છે. અહિં એક ઉલ્લેખનીય વાત એ છે કે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યોના નિરૂપણ હેતુ દ્રવ્યાનુયોગના ચાર ખંડોમાં કોઈ પણ સ્વતંત્ર અધ્યયન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી આ ચાર દ્રવ્યોથી સંબંધિત જાણકારી અનેક અધ્યયનોમાં ઉપલબ્ધ છે. ષડ્દ્રવ્યોમાંથી કયા દ્રવ્યનું વર્ણન કયા અધ્યયનમાં પ્રાપ્ત થાય છે તેની સ્થૂળ - રૂપરેખા આ પ્રમાણે રાખી શકાય છે -

ધર્મદ્રવ્ય - દ્રવ્ય અધ્યયન, અસ્તિકાય અધ્યયન, પર્યાય અધ્યયન અને અજીવ અધ્યયન.

અધર્મ દ્રવ્ય - ઉપર્યુક્ત ચારે અધ્યયન.

આકાશ દ્રવ્ય - ઉપર્યુક્ત ચારે અધ્યયન.

કાળ દ્રવ્ય - દ્રવ્ય અધ્યયન, પર્યાય અધ્યયન, જીવાજીવ અધ્યયન અને અજીવ અધ્યયન.

જીવ દ્રવ્ય - અજીવ અને પુદ્ગલ અધ્યયનોને છોડી પ્રાયઃ શેષ બધા અધ્યયન જીવ દ્રવ્યથી સંબંધિત છે.

પુદ્ગલ દ્રવ્ય - દ્રવ્ય અધ્યયન, અસ્તિકાય અધ્યયન, પર્યાય અધ્યયન, પરિણામ અધ્યયન, જીવાજીવ અધ્યયન, અજીવ અધ્યયન અને પુદ્ગલ અધ્યયન.

દ્રવ્ય :

દ્રવ્યના સ્વરૂપ અને ભેદોના વર્ણનમાં જૈન દર્શનની પોતાની વિશિષ્ટતા છે. ધર્મ અને અધર્મ દ્રવ્યનું બીજા કોઈ ભારતીય દર્શનમાં વર્ણન નથી. આ એકમાત્ર જૈનદર્શન છે જેમાં ધર્મદ્રવ્ય અને અધર્મ દ્રવ્યને પણ દ્રવ્યોની ગણનામાં સ્થાન આપવામાં આવ્યું છે. ધર્મદ્રવ્ય પુદ્ગલ, જીવ આદિ દ્રવ્યોની ગતિમાં નિમિત્ત કારણ બને છે તથા અધર્મ દ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત કારણ બને છે. સાંખ્યદર્શનમાં પ્રકૃતિને ત્રિગુણાત્મિકા કહેતા તેમાં સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ માન્ય છે. સત્ત્વગુણ લઘુ, પ્રકાશક અને પ્રીત્યાત્મક હોય છે. રજોગુણ પ્રવર્તક ચલ અને અપ્રીત્યાત્મક હોય છે. તમોગુણની વિશિષ્ટતા છે કે તે ગુરુ પ્રવૃત્તિ - પ્રતિબંધક (વરણક) અને વિષાદાત્મક હોય છે. આ ત્રણે ગુણોમાં રજોગુણને પ્રવર્તક અને તમોગુણને પ્રવૃત્તિનું પ્રતિબંધક કહ્યું છે. જે ક્રમશઃ ધર્મ અને અધર્મ દ્રવ્યોથી સામ્ય પ્રદર્શિત કરે છે. પરંતુ ધર્મ અને અધર્મ દ્રવ્યનું જૈનદર્શનમાં જે સ્વતંત્ર વર્ણન છે તે સાંખ્યદર્શનમાં રજોગુણ અને તમોગુણનું નથી. પ્રકૃતિમાં ત્રણે ગુણ સહભાવી છે. તેના વિના પ્રકૃતિનું કોઈ સ્વરૂપ નથી. જ્યારે ધર્મ-અધર્મ દ્રવ્ય પૂર્ણતઃ સ્વતંત્ર છે. બીજીવાત એ છે કે ધર્મ-અધર્મ દ્રવ્ય લોકવ્યાપી છે. જ્યારે રજોગુણ અને તમોગુણ નથી. ત્રીજી વાત એ છે કે રજોગુણ અને તમોગુણને પ્રકૃતિની અપેક્ષા છે. ધર્મ અને અધર્મ દ્રવ્યોને રહેવા માટે લોકાકાશની આવશ્યકતા છે. અન્ય કોઈ દ્રવ્યની નથી.

"આકાશ"ને દ્રવ્ય રૂપમાં પ્રાયઃ બધા દર્શનોએ સ્વીકાર કર્યો છે. પરંતુ આકાશને લોકાકાશ અને અલોકાકાશના રૂપમાં બે ભેદ જૈનેત્તર દર્શનોમાં જોવા મળતા નથી. જૈનદર્શનમાં આકાશ બે ભાગોમાં વિભક્ત છે- લોકાકાશ અને અલોકાકાશ. આ વિભાજન કલ્પિત વિભાજન છે. આકાશના કોઈ વાસ્તવિક ટુકડા કરવામાં આવતા નથી. પરંતુ જે આકાશ ચૌદ રાજુલોક સુધી સીમિત છે તેને લોકાકાશ કહેવાય છે તથા આ પરિધિથી બહારનો આકાશ અલોકાકાશ કહેવાય છે. લોકાકાશમાં વસ્તુઓ જોઈ શકાય છે. અલોકમાં આકાશના સિવાય બીજા કોઈ દ્રવ્યનું હોવો પણ સ્વીકારવામાં આવ્યું નથી. ધર્મ, અધર્મ, કાળ, જીવ અને પુદ્ગલ દ્રવ્ય લોકાકાશ સુધી જ સીમિત છે. મુક્ત કે સિદ્ધ જીવ પણ લોકની પરિધિમાં જ હોય છે. તે લોકના ઊર્ધ્વભાગમાં સ્થિત રહે છે તથા ત્યાં રહીને જ સમસ્ત લોકાલોકને જાણે છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, વેદાન્ત આદિ દર્શનોમાં "શબ્દ"ને આકાશ દ્રવ્યનો ગુણ માન્યો છે. જ્યારે જૈનદર્શનમાં આકાશનો ગુણ અવગાહન કરવાનો છે. શબ્દ તો એક પ્રકારનું પુદ્ગલ છે તેનો સમાવેશ પુદ્ગલ દ્રવ્યના અંતર્ગત થાય છે.

"કાળ" દ્રવ્યની ચર્ચા પણ ભારતીય દર્શનમાં થઈ છે. વૈશેષિક દર્શનમાં કાળનું વિસ્તૃત વર્ણન થયું છે. પ્રશસ્ત પાદભાષ્યમાં કાળનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણિત છે -

"कालः परापरव्यतिकरयौगपद्ययौगपद्यचिरक्षिप्रप्रत्ययलिङ्ग":[1]

અર્થાત્ કાળ દ્રવ્યના કારણે જ પરત્વ અને અપરત્વ અથવા જ્યેષ્ઠ અને કનિષ્ઠનો વ્યવહાર થાય છે. કાળના કારણે જ યુગપદ્ અને અયુગપદ્ તથા ચિર અને ક્ષિપ્રનો વ્યવહાર થાય છે. કાળનું વર્ણન વ્યાકરણ દર્શનમાં પણ થયું છે. ક્રિયાની

---

૧. પ્રશસ્તપાદભાષ્ય કિરણાવલી સહિત, ગાયકવાડ ઓરિયન્ટલ સીરિજ, સન-૧૯૭૧, પૃ.૭૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિષ્પત્તિમાં ત્યાં કાળને એક કારણ માન્યું છે. જૈનદર્શનમાં કાળને વર્તનલક્ષણવાળો કહ્યો છે. જેનું તાત્પર્ય છે કે પ્રત્યેક દ્રવ્યના પર્યાય પરિવર્તનમાં કાળ નિમિત્ત કારણ બને છે. કાળને પૃથક્ દ્રવ્યના રૂપમાં સ્વીકાર કરવામાં જૈનોમાં મતભેદ રહ્યો છે. આગમોમાં જ્યાં કાળનો ઉલ્લેખ સ્પષ્ટરૂપે પ્રાપ્ત થાય છે ત્યાં તત્વાર્થસૂત્રમાં "कालश्चेत्येके" સૂત્રના દ્વારા માન્યતા ભેદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાળને વ્યવહારકાળ અને પરમાર્થકાળની દૃષ્ટિથી બે પ્રકારનો માન્યો છે.

વ્યવહારકાળને અઢીદ્વીપ સુધી માન્યો છે. કારણ કે મનુષ્ય આનો વ્યવહાર અઢીદ્વીપ સુધી જ કરે છે. સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ, પલ્યોપમ, સાગરોપમ આદિના રૂપમાં કાળનો વ્યવહાર થાય છે. પરમાર્થકાળ અઢીદ્વીપની બહાર પણ વિદ્યમાન છે. અન્ય દ્રવ્યોથી કાળની વિશિષ્ટતા એ છે કે તેના કોઈ પ્રદેશ નથી, એ અપ્રદેશી છે અને અનસ્તિકાય છે.

"પુદ્ગલ" જૈનદર્શનનો વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે. જૈનદર્શનમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત દ્રવ્યને પુદ્ગલ કહ્યો છે. સંસારમાં જેટલી પણ દૃશ્યમાન અને દૃશ્યમાન થવાની યોગ્યતા રાખવાવાળી વસ્તુઓ છે તે બધી પુદ્ગલ દ્રવ્ય જ છે. આ દૃષ્ટિથી પુદ્ગલ રૂપી દ્રવ્ય કહેવાય છે. ષડ્દ્રવ્યોમાં શેષ પાંચ દ્રવ્ય અરૂપી છે. પુદ્ગલ દ્રવ્ય સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુના રૂપમાં ઉપલબ્ધ થાય છે.[૨]

"જીવ" દ્રવ્ય ચેતનાલક્ષણયુક્ત હોય છે. તત્વાર્થસૂત્રમાં જીવનું લક્ષણ "ઉપયોગ" કહ્યું છે. ઉપયોગ બે પ્રકારના છે- ૧. સાકાર અને ૨. નિરાકાર. સાકાર ઉપયોગને જ્ઞાન અને નિરાકર ઉપયોગને દર્શન કહેવામાં આવે છે. આ જ પ્રમાણે જે દ્રવ્ય જ્ઞાન અને દર્શન યુક્ત હોય છે તે જીવ છે. જીવ બે પ્રકારના હોય છે- સંસારસ્થ અને સિદ્ધ. સિદ્ધજીવ આઠ કર્મોથી મુક્ત થઈ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, ક્ષાયિક સમ્યક્ત્વ આદિ ગુણોથી યુક્ત હોય છે. તેઓનું સુખ અવ્યાબાધ હોય છે. તેઓ અમૂર્ત, અગુરુલઘુ અને અનંતવીર્યથી યુક્ત હોવા છતાં પણ પુનઃ સંસારમાં જન્મ ધારણ કરતા નથી. હિન્દુ પરંપરામાં જ્યારે અવતારોની પરિકલ્પનાના અંતર્ગત એક ભગવાન જ વિભિન્ન અવતાર ગ્રહણ કરે છે ત્યારે જૈનદર્શનમાં એકવાર મોક્ષને પ્રાપ્ત કરી જીવ સંસારમાં ફરીથી જન્મ સ્વીકાર કરતો નથી. સિદ્ધોનાં અનંતજ્ઞાન, અનંત દર્શન અને અનંત સુખને પ્રાપ્ત કરવું તે સંસારના પ્રાણીઓનો ઉત્કૃષ્ટતમ ઉદેશ્ય છે. સંસારસ્થ પ્રાણી જીવાજીવનું સમ્મિલિત રૂપ છે. તેઓનું સમ્મિલન સંયોગરૂપ છે. સંસારસ્થ પ્રાણીને દેહાદિનું પ્રાપ્ત થવું તેનો અજીવની સાથે સંયોગ સિદ્ધ કરે છે. વ્યવહારમાં દેહાદિયુક્ત પ્રાણીઓને જ જીવ કહેવાય છે. અજીવ નહિ. આવા જીવોનું અનેક પ્રકારથી વિભાજન કરવામાં આવે છે. ચાર ગતિના આધારે તેઓને (૧) નરકગતિ, (૨) તિર્યંચગતિ, (૩) મનુષ્યગતિ અને (૪) દેવગતિના જીવોમાં વિભક્ત કરવામાં આવે છે. પાંચ ઈન્દ્રિયોના આધારે તેઓને (૧) એકેન્દ્રિય, (૨) દ્વીન્દ્રિય, (૩) ત્રીન્દ્રિય, (૪) ચતુરિન્દ્રિય અને (૫) પંચેન્દ્રિયમાં વિભક્ત કરવામાં આવે છે. છ કાયના આધારે તેઓને **છ** પ્રકારે વર્ણવ્યા છે- (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેઉકાય, (૪) વાયુકાય, (૫) વનસ્પતિકાય અને (૬) ત્રસકાય. પર્યાપ્ત અને અપર્યાપ્તના આધારે જીવોનું વિભાજન કરવામાં આવે છે. "પર્યાપ્ત"થી તાત્પર્ય છે પોતાના યોગ્ય આહાર, ઈન્દ્રિય આદિ પર્યાપ્તિઓને ગ્રહણ કરી કાર્ય પૂર્ણ કરી લેવું અને "અપર્યાપ્ત"થી તાત્પર્ય છે આ પર્યાપ્તિઓને પૂર્ણ ન કરવું. એક જીવમાં ઓછામાં ઓછી ચાર પર્યાપ્તિ હોય છે- (૧) આહાર, (૨) શરીર, (૩) ઈન્દ્રિય અને (૪) શ્વાસોશ્વાસ. આ ચાર પર્યાપ્તિઓ એકેન્દ્રિય જીવમાં જોવા મળે છે. બેઈન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોમાં ભાષા પર્યાપ્તિ અધિક હોય છે તથા સંજ્ઞી પંચેન્દ્રિય જીવમાં મનઃ પર્યાપ્તિ મળીને છહ પર્યાપ્તિઓ થાય છે. એકેન્દ્રિય જીવનું સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકારનું વર્ણન કરવામાં આવે છે. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને કાપી, ભેદી કે છેદી ન શકાય. બાદર એકેન્દ્રિય જીવોને ઘાત આદિથી પ્રાણવિહીન કરી શકાય છે.

સંપૂર્ણ દ્રવ્યાનુયોગમાં જીવ સંબંધિત વર્ણનનું પ્રમુખ સ્થાન છે. અધિકાંશ ભાગમાં જીવ દ્રવ્યની જ વિભિન્ન સ્થિતિઓ અને તેના વિભિન્ન સ્વરૂપોનું વર્ણન નિહિત (સમાયેલું) છે. દ્રવ્યાનુયોગમાં અધિકાંશ વર્ણન જીવના ચોવીસ દંડકોના અંતર્ગત થયું છે. જીવોના વિભાજનમાં ચોવીશ દંડકોનું વિશેષ મહત્વ છે. આ વર્ગીકરણમાં ગતિ, ઈન્દ્રિય અને કાયનાં વર્ગીકરણનો પણ સમાવેશ થઈ જાય છે. "દંડક"નો અભિપ્રાય છે દંડ અર્થાત્ ફળ ભોગવવાનું સ્થાન. લોકમાં અધોલોકથી

૨. "પુદ્ગલ" નામથી દ્રવ્યાનુયોગમાં ભિન્ન અધ્યયન છે. આ પ્રસ્તાવનામાં તેની ચર્ચા આગળ પૃ. ૩૪ થી ૩૬ પર કરવામાં આવી છે માટે ત્યાં દૃષ્ટવ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊર્ધ્વલોકની તરફ જીવોની પ્રાપ્તિનો પ્રાયઃ એક ક્રમ છે તેના જ આધારે ચોવીસ દંડકોનો ક્રમ નિર્ધારિત કરવામાં આવે છે. ચોવીસ દંડક આ પ્રમાણે છે -

સાત પ્રકારના નારકી જીવોનો	એક દંડક
દશ ભવનપતિ દેવોના	દશ દંડક
પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવરો (એકેન્દ્રિય) ના	પાંચ દંડક
ત્રણ વિકલેન્દ્રિયો (બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય) ના	ત્રણ દંડક
તિર્યંચ પંચેન્દ્રિયનો	એક દંડક
મનુષ્યનો	એક દંડક
વાણવ્યંતર દેવોનો	એક દંડક
જ્યોતિષી દેવોનો	એક દંડક
વૈમાનિક દેવોનો	એક દંડક
	૨૪ દંડક

ઉપર્યુક્ત દંડકોમાં પાંચ સ્થાવરોને છોડી શેષ જીવોની ઉપલબ્ધિનો અધોલોકથી ઊર્ધ્વલોકની તરફ એક નિશ્ચિત ક્રમ છે. નારકી જીવ અધોલોકમાં રહે છે. ભવનપતિદેવ અધોલોકમાં અને તિર્યંચલોકમાં રહે છે. વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વાણવ્યંતર અને જ્યોતિષીદેવ તિર્યંચલોકમાં રહે છે. વૈમાનિક દેવ ઊર્ધ્વલોકમાં રહે છે.

દ્રવ્યાનુયોગના વિભિન્ન અધ્યયનોને સમજવા માટે આ ચોવીસ દંડકોનું આપણે અવલંબન લેવું પડે છે.

સંખ્યાની દૃષ્ટિથી સંસારમાં અનંત જીવ છે. એક જીવના અસંખ્યાત આત્મપ્રદેશ છે. જેટલા લોકાકાશના પ્રદેશ છે તેટલા જ એક જીવના પ્રદેશ કહ્યા છે.

ષડ્દ્રવ્યોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સંખ્યાની દૃષ્ટિથી તુલ્ય (સમાન) છે. તથા ષડ્દ્રવ્યોમાં સૌથી અલ્પ છે. તેનાથી જીવાસ્તિકાય દ્રવ્યની અપેક્ષા અનંતગુણા છે. તેનાથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યની અપેક્ષા અનંતગુણા છે. તેના અધ્ધાસમય દ્રવ્યની અપેક્ષા અનંતગુણા છે.

અસ્તિકાય :

છહ દ્રવ્યોમાંથી "કાળ"ને છોડીને પાંચ દ્રવ્ય અસ્તિકાય કહેવામાં આવ્યા છે. બહુપ્રદેશી હોવાના કારણે આ દ્રવ્યોને અસ્તિકાય કહેવામાં આવે છે. કાળ અનસ્તિકાય છે, કારણ કે તે અપ્રદેશી છે. પ્રદેશ સમૂહનું નામ અસ્તિકાય છે. અસ્તિકાય દ્રવ્ય એ છે- (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્ગલાસ્તિકાય અને (૫) જીવાસ્તિકાય, 'અસ્તિકાય' શબ્દ પ્રદેશ સમૂહના હોવાનું સૂચક છે. 'કાય'નો અર્થ સમૂહ થાય છે. જે દ્રવ્ય પ્રદેશ સમૂહયુક્ત થાય છે તે અસ્તિકાય છે. ધર્મ, અધર્મ આદિ પાંચ દ્રવ્ય પોતાના પ્રદેશ સમૂહયુક્ત હોય છે. માટે તે પાંચ અસ્તિકાય છે. કાળનો કોઈ પ્રદેશ નથી માટે તે સમૂહરૂપમાં રહેતો નથી.

ષડ્દ્રવ્યોના વિવેચનમાં અસ્તિકાયનું પણ વિવેચન સમાયેલું છે. પરંતુ અસ્તિકાય શબ્દમાં અનેક વિશેષતાઓનો સમાવેશ છે. ધર્માસ્તિકાયથી તાત્પર્ય છે સંપૂર્ણ ધર્માસ્તિકાય. એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાય પણ ધર્માસ્તિકાય ન કહેવાય. ધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશોના સમગ્ર રૂપનું જ્યારે ગ્રહણ થાય છે ત્યારે તે 'ધર્માસ્તિકાય' કહેવાય છે. આ પ્રમાણે અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના પણ સમગ્ર પ્રદેશ ગ્રહણ થાય તો તેને તે-તે અસ્તિકાયોના રૂપમાં કહેવામાં આવે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશ છે તથા આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશ કહ્યા છે.[૧] ષડ્દ્રવ્યોના નિરૂપણમાં ધર્મ, અધર્મ અને જીવદ્રવ્યમાં અસંખ્યાત પ્રદેશ માન્યા છે તથા આકાશમાં અનંત

૧. દ્રવ્યાનુયોગ ભાગ-૧, પૃ. ૪૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રદેશ કહ્યા છે. પુદ્ગલમાં સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશ માન્યા છે. પુદ્ગલ પરમાણુ એક પ્રદેશી થઈને પણ અનેક સ્કંધરૂપ ઘણા પ્રદેશોને ગ્રહણ કરવાની યોગ્યતાને કારણે બહુપ્રદેશી થાય છે, માટે ઉપચારથી તે "કાય" કે 'અસ્તિકાય' કહેવાય છે.[૧]

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રમાં ધર્માસ્તિકાય આદિની જે પર્યાયાર્થક અભિવચન આપવામાં આવ્યા છે તેનાથી આ ધર્મ, અધર્મ, આદિના અર્થનો વ્યાપક પરિચય મળે છે. ધર્માસ્તિકાયના અભિવચનમાં પ્રાણાતિપાત વિરમણ **-યાવત્-** પરિગ્રહ વિરમણ ક્રોધ વિવેક **-યાવત્-** મિથ્યાદર્શનશલ્ય વિવેક આદિને પણ સ્થાન આપવામાં આવ્યું છે. તેનાથી વિપરીત અધર્માસ્તિકાયના અભિવચન છે.

પર્યાય :

દ્રવ્યની સાથે પર્યાયનો વિચાર આવશ્યક છે. કારણ કે દ્રવ્ય વિભિન્ન પર્યાયો અથવા અવસ્થાઓમાં જ પ્રાપ્ત થાય છે. દ્રવ્યની અવસ્થા વિશેષ 'પર્યાય' કહેવાય છે. દર્શન ગ્રંથોમાં દ્રવ્યના ક્રમભાવી પરિણામને પર્યાય કહેવામાં આવે છે[૨] તથા ગુણ અને પર્યાયથી યુક્ત પદાર્થને દ્રવ્ય કહેવામાં આવે છે.[૩]

દાર્શનિક જગતમાં એક જ વસ્તુની વિભિન્ન અવસ્થાઓને તેની પર્યાય કહેવામાં આવે છે. જેવી રીતે એક મનુષ્યનો બાળપણ, યુવા, પ્રૌઢ અને વૃદ્ધાવસ્થા તેની પર્યાયો છે. એક જ સ્વર્ણનું કડુ, કુંડલ અને હાર તે સ્વર્ણની પર્યાયો છે. આગમમાં પર્યાયનો આ ક્રમભાવી અર્થ સ્પષ્ટીકરણરૂપે પ્રયોગ થયો નથી. આગમમાં તો એક દ્રવ્ય જેટલી અવસ્થાઓમાં પ્રાપ્ત થઈ શકે છે તે અવસ્થાઓ તે દ્રવ્યની પર્યાય કહેવાય છે. જેવી રીતે જીવની પર્યાયો છે- નારકી, દેવ, મનુષ્ય, તિર્યંચ અને સિદ્ધ. પર્યાયને પ્રજ્ઞાપના સૂત્રમાં બે પ્રકારની કહી છે- જીવ પર્યાય અને અજીવ પર્યાય. પર્યાયનો ગહન વિચાર કરીએ તો જીવની અનંત પર્યાયો છે અને અજીવની પણ અનંત પર્યાયો છે. પર્યાયનું લક્ષણ બતાવતાં ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિયોગ આ પર્યાયોના લક્ષણ છે. પ્રત્યેક પર્યાય પોતાનામાં એક અને બીજી પર્યાયોથી પૃથક્ હોય છે. પર્યાયનું અંતર સંખ્યા (અથવા જ્ઞાન) અને આકૃતિના આધારે પણ થાય છે. સંયોગ અને વિયોગથી પણ પર્યાય પરિવર્તન થતું રહે છે માટે તેને (એકત્વાદિ) પર્યાયનું લક્ષણ કહ્યું છે. પ્રજ્ઞાપના સૂત્રમાં જીવોની સંખ્યાના આધારે જીવ પર્યાય અનંત કહી છે. દંડકોના આધારે પ્રત્યેક દંડકના જીવની અનંત પર્યાયનું કથન આગમમાં (૧) દ્રવ્ય, (૨) પ્રદેશ, (૩) અવગાહના, (૪) સ્થિતિ, (૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) જ્ઞાન, (૧૦) અજ્ઞાન અને (૧૧) દર્શન આ અગ્યાર દ્વારોના માધ્યમથી વર્ણિત કરવામાં આવ્યું છે.

અજીવ પર્યાયને રૂપી અને અરૂપીના રૂપમાં વિભક્ત કરવામાં આવે છે. આમાં અરૂપી અજીવ પર્યાયના દસ ભેદ છે- (૧) ધર્માસ્તિકાય, (૨) તેનો દેશ અને (૩) પ્રદેશ, (૪) અધર્માસ્તિકાય, (૫) તેનો દેશ અને (૬) પ્રદેશ, (૭) આકાશાસ્તિકાય, (૮) તેનો દેશ અને (૯) પ્રદેશ અને (૧૦) અધ્ધાસમય. રૂપી અજીવ પર્યાયના ચાર ભેદ છે- (૧) સ્કંધ, (૨) દેશ, (૩) પ્રદેશ અને (૪) પરમાણુ. રૂપી અજીવ પર્યાય અનંત છે, કારણ કે પરમાણુ પુદ્ગલ અનંત છે. દ્વિપ્રદેશિક સ્કંધ અનંત છે **-યાવત્-** અનંત પ્રદેશિક સ્કંધ અનંત છે. એક પરમાણુ પુદ્ગલ બીજા પરમાણુ પુદ્ગલથી દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ તુલ્ય (સમાન) હોય છે પરંતુ અવગાહના, સ્થિતિ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ દ્વારોથી તેમાં ભિન્નતા રહે છે. જીવ અને પુદ્ગલની અનંત પર્યાયોનું તો આગમમાં સ્પષ્ટ રૂપથી કથન થયું છે. પરંતુ ધર્મ, અધર્મ, આકાશ અને કાળની અનંત પર્યાયો પર આગમોમાં કોઈ વર્ણન થયું નથી. જે પર્યાયના દાર્શનિક = ચિંતન પર પ્રશ્ન-ચિહ્ન ઊભો કરે છે.

---

૧. एयपदेशो वि अण णाणाखंधप्पदेसदो होदि ।
बहुदेसो उवयारा तेण य काओ भण्णंति सव्वण्णू ॥ - દ્રવ્યસંગ્રહ-૨૬

૨. पर्यायस्तु क्रमभावी, यथा तत्रैव सुखदुःखादि । - પ્રમાણનયતત્વાલોક - ૫/૮

૩. गुणपर्यायवद् द्रव्यम् - તત્વાર્થ - ૫/૩૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામ :

પર્યાય અને પરિણામમાં વિશેષ ભેદ નથી. દ્રવ્યની વિભિન્ન અવસ્થાઓને જ્યાં પર્યાય કહેવાય છે ત્યાં પર્યાયના પરિણમનને પરિણામ કહી શકાય છે. "પરિણામ"નું નિરૂપણ પ્રજ્ઞાપના સૂત્રમાં થયું છે. તેમાં પરિણામના જીવ અને અજીવ પરિણામ ભેદ કરી તેના દસ-દસ પ્રકાર બતાવ્યા છે. જીવ પરિણામના દસ પ્રકાર છે- (૧) ગતિ, (૨) ઈન્દ્રિય, (૩) કષાય, (૪) લેશ્યા, (૫) યોગ, (૬) ઉપયોગ, (૭) જ્ઞાન, (૮) દર્શન, (૯) ચારિત્ર અને (૧૦) વેદ. આમાં પ્રત્યેકના પોત-પોતાના અવાન્તર ભેદ પણ છે જે કુલ ૪૩ છે. અજીવ પરિણામ પણ દસ પ્રકારના છે- (૧) બંધન, (૨) ગતિ, (૩) સંસ્થાન, (૪) ભેદ, (૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) અગુરુલઘુ અને (૧૦) શબ્દ પરિણામ. અજીવ પરિણામમાં બંધનના બે અવાન્તર ભેદ છે- (૧) સ્નિગ્ધ અને (૨) રુક્ષ. ગતિના પણ બે પ્રકાર છે- (૧) સ્પૃશદ્ગતિ અને (૨) અસ્પૃશદ્ગતિ. દીર્ઘગતિ અને હ્રસ્વગતિની દૃષ્ટિથી પણ ભેદ કરવામાં આવ્યા છે. સંસ્થાન પરિણામ પાંચ પ્રકારના છે- (૧) પરિમંડળ, (૨) વૃત્ત, (૩) ત્र્યંશ, (૪) ચતુરંસ અને (૫) આયત. ભેદ પરિણામ પણ પાંચ પ્રકારના છે- (૧) ખંડ, (૨) પ્રતર, (૩) ચૂર્ણિકા, (૪) અનુતટિકા અને (૫) ઉત્કટિકા. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના ક્રમશઃ પાંચ, બે, પાંચ અને આઠ ભેદ પ્રસિદ્ધ છે. અગુરુલઘુ એક પ્રકારનો જ હોય છે. તેના કોઈ ભેદ નથી. શબ્દ પરિણામને શુભ અને અશુભમાં વિભક્ત કરવામાં આવે છે. આ વિભિન્ન પરિણામોના ફળસ્વરૂપ પર્યાય બદલતી રહે છે.

જીવાજીવ :

ષડ્દ્રવ્યોમાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ આ પાંચ દ્રવ્ય "અજીવ" છે તથા એક જીવ દ્રવ્ય "જીવ" છે. પરમાર્થતઃ જીવ અને અજીવ દ્રવ્ય પૂર્ણતઃ પૃથક્ છે. જીવદ્રવ્ય ક્યારેય અજીવ બનતો નથી અને અજીવદ્રવ્ય ક્યારેય જીવ બનતો નથી. પરંતુ જીવનો અજીવ સાથે એટલો ગાઢ સંબંધ છે કે અજીવને પણ જીવના રૂપમાં એકરૂપ કરી દે છે. જીવ અને પુદ્ગલના ગાઢ સંબંધના કારણે શરીર, ઈન્દ્રિય આદિના આધારે પુદ્ગલ પર પણ જીવનો આરોપ અને વ્યવહાર થાય જ છે. જીવ અને અજીવ બંને શાશ્વત છે. એમાંથી કૌન પહેલા થયું અને કૌન પછી આ પ્રશ્નનો ઉત્તર મુર્ગી અને ઈંડાની સમસ્યાના ઉત્તરની જેમ છે અને તે એ જ કે તે બંને શાશ્વત છે. જીવ અને પુદ્ગલના પારસ્પરિક સંબંધના કારણે અજીવ પુદ્ગલ (દેહાદિ) પર જીવનો વ્યવહાર કરવો તો સાધારણ વાત છે. પરંતુ ગ્રામ, નગર, ક્ષેત્ર આદિને પણ ત્યાં જીવોના રહેવાના કારણે ઉપચારથી કથંચિત્ જીવ (અને અજીવ) કહેવામાં આવે છે. જીવના પરિભોગમાં આવવાથી તે જીવની જેમ વ્યવહૃત (દેખાય) છે. "ગામ બળી ગયું" કહેવાથી આપણે સમજીએ કે ગામમાં રહેવાવાળા જીવ પણ બળી ગયા. આ પ્રમાણે "ગામ" શબ્દ જીવને પણ પોતાનામાં સમ્મિલિત કરી લે છે. એ જ નહિ પણ જીવ દ્વારા વ્યવહૃત આનપ્રાણ, સ્તોક આદિને જીવ અને અજીવ બંને કહેવામાં આવ્યા છે.

જીવ :

દ્રવ્ય અધ્યયનમાં જીવના સંબંધમાં પૂર્વે ઘણું કહી દીધું છે. અહિં વિશેષ એ જ કહેવાનું છે કે જીવ દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત અને અનાદિ અનંત છે. ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષાકાર - પરાક્રમવાળો જીવ આત્મભાવથી જીવભાવ (ચૈતન્ય)ને પ્રગટ કરે છે જીવને જેવો દેહ મળ્યો છે તેના અનુસાર જ તે પોતાના આત્મપ્રદેશોનો સંકોચ અને વિસ્તાર કરી લે છે આને જૈનદર્શનમાં જીવનું દેહ પરિમાણત્વ કહેવામાં આવે છે. જૈનદર્શનની માન્યતા એ છે કે જીવ સ્વયં પોતાના કર્મોનો કર્તા અને ભોક્તા છે. કોઈ ઈશ્વરના દ્વારા કર્મોનું ફળ નથી અપાતું. જીવના સ્વરૂપનું વર્ણન કરતા બૃહદ્દ્રવ્ય સંગ્રહકાર શ્રી નેમીચંદ સિદ્ધાંત ચક્રવર્તીએ કહ્યું છે -

"जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो ।
भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ॥"[1]

અર્થાત્ જીવ ઉપયોગમય હોય છે. અમૂર્તિક (અરૂપી) હોય છે. કર્તા અને ભોક્તા હોય છે. તે સ્વદેહ પરિમાણ હોય છે. સ્વભાવથી તે ઊર્ધ્વગતિ કરે છે. સંસારસ્થ અને સિદ્ધની અપેક્ષાએ તે બે પ્રકારના હોય છે. ઉપયોગમય થવાનું તાત્પર્ય છે જ્ઞાન-દર્શનમય થવું, કારણ કે જ્ઞાનને સાકારોપયોગ અને દર્શનને નિરાકારોપયોગ કહેવામાં આવે છે. દ્રવ્યાનુયોગના પ્રથમ

૧. બૃહદ્દ્રવ્યસંગ્રહ - ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગમાં જ તે વાત કહેવામાં આવી છે કે જ્ઞાન અને દર્શન નિયમથી આત્મા છે તથા આત્મા પણ નિયમથી જ્ઞાન-દર્શનરૂપ છે. જીવની બીજી વિશેષતા એ છે કે તે અમૂર્ત અર્થાત્ અરૂપી છે. શરીર અને કર્માદિની અપેક્ષાથી જીવ વ્યવહારમાં રૂપી છે. પરંતુ પરમાર્થતઃ તો તે અરૂપી જ છે.[1] જીવ સુખ-દુઃખનો સ્વયં કર્તા અને ભોક્તા હોય છે. આ તથ્યનો ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ સ્પષ્ટરૂપથી ઉલ્લેખ જોવા મળે છે.[2] જીવ પોતાના આત્મપ્રદેશને શરીરના અનુસાર સંકોચ અને વિસ્તાર કરી લે છે. જીવના આત્મપ્રદેશ અમૂર્ત છે. તથાપિ તેમાં સંકોચ-વિસ્તાર સંભવ છે. જીવ કર્મમુક્ત થાય ત્યારે ઊર્ધ્વગમન કરી લોકના અગ્રભાગમાં સ્થિત થઈ જાય છે માટે તેને ઊર્ધ્વગમનશીલ કહેવામાં આવે છે.

અપેક્ષા વિશેષથી જીવોને સાદિ-સાન્ત, સાદિ અનંત, અનાદિ-સાન્ત અને અનાદિ-અનંત પણ કહેવામાં આવે છે. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ - આગતિની અપેક્ષાએ સાદિ-સાન્ત છે. સિદ્ધ જીવ ગતિની અપેક્ષાએ સાદિ-અનંત છે. લબ્ધિની અપેક્ષાએ ભવસિદ્ધિકજીવ અનાદિ સાન્ત છે અને સંસારની અપેક્ષાએ અભવસિદ્ધિ જીવ અનાદિ અનંત છે. દ્રવ્યની દૃષ્ટિથી જીવ શાશ્વત છે તથા પર્યાયની દૃષ્ટિથી અશાશ્વત છે. અજીવ દ્રવ્ય જીવદ્રવ્યના પરિભોગમાં આવે છે પરંતુ જીવ દ્રવ્ય અજીવ દ્રવ્યના પરિભોગમાં આવતું નથી. જીવદ્રવ્ય અજીવ દ્રવ્ય પુદ્ગલને ગ્રહણ કરી તેને શરીર, ઈન્દ્રિય, યોગ અને શ્વાસોશ્વાસમાં પરિણત કરે છે.

પ્રથમાપ્રથમ :

જીવોમાં જે ભાવ કે અવસ્થા પહેલાથી ચાલ્યા આવે છે એ અપેક્ષાએ જીવોને 'અપ્રથમ' તથા જે ભાવ કે અવસ્થા પહેલીવાર પ્રાપ્ત થાય તે અપેક્ષાએ જીવોને 'પ્રથમ' કહેવામાં આવે છે. જેવી રીતે જીવને જીવભાવ પહેલાથી જ પ્રાપ્ત છે. એટલા માટે તે જીવભાવની અપેક્ષાએ અપ્રથમ છે. પરંતુ સિદ્ધભાવ પ્રાપ્ત કરવાની અપેક્ષાએ સિદ્ધજીવ પ્રથમ છે. કારણ કે તેમને સિદ્ધભાવ પહેલાથી પ્રાપ્ત હતો નહિ. આ પ્રથમાપ્રથમ અધ્યયનમાં જીવ, આહાર, ભવસિદ્ધિક, સંજ્ઞી, લેશ્યા આદિ ૧૪ દ્વારોમાં જીવના પ્રથમાપ્રથમત્વનું જે વર્ણન થયું છે તે સામાન્ય જીવની અપેક્ષાએ પણ છે અને નારકીથી લઈ વૈમાનિક સુધી ચોવીસ દંડકોની અપેક્ષાએ પણ છે તથા સિદ્ધોની અપેક્ષાએ પણ છે.

સંજ્ઞી, સંજ્ઞા અને યોનિ :

"સંજ્ઞા" અને "સંજ્ઞી" શબ્દ ભાષાગત રચનાની દૃષ્ટિથી સમાન પ્રતીત થાય છે. પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી તેમાં વિશેષ અંતર છે. "સંજ્ઞી" શબ્દનો પ્રયોગ આગમમાં સમનસ્ક અર્થાત્ મનવાળા જીવોના માટે થયો છે. સંજ્ઞી જીવોમાં હિતાહિતનો વિચાર કરવાનું સામર્થ્ય હોય છે. મનના સદ્ભાવમાં તે શિક્ષા, ક્રિયા, ઉપદેશ અને આલાપને ગ્રહણ કરી શકે છે. પ્રજ્ઞાપના સૂત્રના ભાષાપદમાં 'સણ્ણી" (સંજ્ઞી) શબ્દનો પ્રયોગ શબ્દ સંકેતના ગ્રહણ કરવાવાળા જીવ માટે થયો છે. આ દૃષ્ટિથી જે બાળક શબ્દ સંકેતથી અર્થ કે પદાર્થને નથી જાણતો તે પણ એક પ્રકારથી અસંજ્ઞી જ છે. મનનો વિષય શ્રુતજ્ઞાનથી માનવામાં આવે છે. શ્રુતજ્ઞાન શબ્દ સંકેત આદિના માધ્યમથી થાય છે. મનને અનિન્દ્રિય અને નોઈન્દ્રિય પણ કહેવામાં આવે છે. મનથી મતિજ્ઞાન પણ થાય છે. એટલા માટે મનથી થવાવાળા અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા નામક મતિજ્ઞાનના ભેદ સ્વીકાર કરવામાં આવ્યા છે. આમ તો શબ્દના આશ્રયથી થવાવાળું જે પરિણામાત્મક જ્ઞાન છે તે મન દ્વારા જ થાય છે. માટે મનનો વિષય 'શ્રુત' માન્યો છે. મન મનન અને વિચારનું પ્રમુખ માધ્યમ છે. બે પ્રકારના મન છે- દ્રવ્યમન અને ભાવમન. દ્રવ્યમન પુદ્ગલો દ્વારા નિર્મિત છે તથા ભાવમન તો જીવરૂપ જ છે. તે જીવથી સર્વથા ભિન્ન નથી. અહિયાં જે સંજ્ઞી શબ્દનો પ્રયોગ થયો છે તે દ્રવ્ય મનવાળા જીવ માટે થયો છે. આ દૃષ્ટિથી ગર્ભથી અને ઉપપાતથી જન્મ લેવાવાળા જીવ જ સંજ્ઞી કહેવાય છે.

"સંજ્ઞા" શબ્દનો પ્રયોગ નામ માટે પણ થાય છે. તે મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દોમાં પણ પરિગણિત છે તથા અકલંકે આને પ્રત્યભિજ્ઞાન પ્રમાણના અર્થમાં ગ્રહણ કર્યું છે. આ પ્રમાણે સંજ્ઞા જ્ઞાનના અર્થમાં પણ પ્રયુક્ત છે. પરંતુ આગમમાં આહાર, ભય, મૈથુન, પરિગ્રહ આદિની અભિલાષાને વ્યક્ત કરવા માટે સંજ્ઞા શબ્દનો પ્રયોગ થયો છે. આહારાદિની

---

૧. "अरूविणो जीवघणा नाणदंसणसन्निया" - ઉત્તરાધ્યયન - ૩૬/૬૬

૨. अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य - ઉત્તરાધ્યયન - ૨૦/૩૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિલાષાથી સંસારી જીવોને જાણી શકાય છે માટે જ આહારાદિને 'સંજ્ઞા' કહેવામાં આવે છે. સામાન્યતઃ સંજ્ઞાના ચાર ભેદ છે- આહાર સંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા. ચાર ગતિના ચોવીસ દંડકોમાં આ ચારે સંજ્ઞાઓ પ્રાપ્ત થાય છે. સંજ્ઞાઓની ઉત્પત્તિના વિભિન્ન કારણ છે. તે વેદનીય અથવા મોહનીય કર્મના ઉદયથી પણ ઉત્પન્ન થાય છે તથા તેનું શ્રવણ કર્યા પછી ઉદ્‌ભવેલી બુદ્ધિથી પણ ઉત્પન્ન થાય છે. તેનું સતત ચિંતન કરતા રહેવાથી પણ ઉત્પન્ન થાય છે. આહાર સંજ્ઞામાં પેટનું ખાલી રહેવું, ભયસંજ્ઞામાં સત્વહીનતા, મૈથુન સંજ્ઞામાં માંસ-શોણિતની અત્યધિક ઈચ્છા (ઉપચય) અને પરિગ્રહ સંજ્ઞામાં પરિગ્રહનું પોતાની પાસે રહેવાથી ઉત્પત્તિમાં કારણ બને છે. સંજ્ઞાઓની ઉત્પત્તિમાં કર્મ ઉદય આંતરિક કારણ છે તથા પેટ ખાલી રહેવું આદિ બાહ્ય કારણ છે. સંજ્ઞા અગુરુલઘુ હોય છે. સંજ્ઞાની ક્રિયાનું કારણ સંજ્ઞાકરણ તથા સંજ્ઞાની રચનાને સંજ્ઞા નિવૃત્તિ કહેવામાં આવે છે.

સંજ્ઞાના દસ ભેદ પણ વર્ણિત છે. આહારાદિ ચાર સંજ્ઞાઓમાં ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોક સંજ્ઞાઓને ભેગા કરવાથી દશ ભેદ બને છે. આચારાંગ નિર્યુક્તિમાં સંજ્ઞાના દશ ભેદ પ્રતિપાદિત છે. ત્યાં આ દશ સંજ્ઞાઓમાં મોહ, ધર્મ, સુખ, દુઃખ, જુગુપ્સા અને શોકને ગણવામાં આવ્યું છે. સકષાયી જીવોમાં આહારાદિ સંજ્ઞાઓ જોવા મળે છે તથા પૂર્ણ વીતરાગ અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે આ સંજ્ઞા રહેતી નથી.

જીવના જન્મ ગ્રહણ કરવાના સ્થાનને 'યોનિ' કહેવામાં આવે છે. ભિન્ન-ભિન્ન અપેક્ષાઓથી યોનિના ભેદ કરવામાં આવે છે. સ્પર્શની અપેક્ષા યોનિ ત્રણ પ્રકારની છે- શીત, ઉષ્ણ અને શીતોષ્ણ, ચેતનાની અપેક્ષાએ તેના સચિત્ત, અચિત્ત અને મિશ્ર ભેદ છે. આવરણની અપેક્ષાએ તેના ત્રણ પ્રકાર છે- સંવૃત, વિવૃત અને સંવૃત-વિવૃત. બધા જીવ યોનિમાં જ જન્મ ગ્રહણ કરે છે. પછી તે જન્મ ઉપપાતથી હોય ગર્ભથી હોય, અથવા સમુર્ચ્છિમ હોય. જૈનાગમોમાં ૮૪ લાખ જીવાયોનિઓનો ઉલ્લેખ મળે છે. જેમકે - સાત લાખ પૃથ્વીકાયિક, સાત લાખ અપ્કાયિક, સાત લાખ તેઉકાયિક, સાત લાખ વાયુકાયિક, દશ લાખ પ્રત્યેક વનસ્પતિ, ચૌદ લાખ સાધારણ વનસ્પતિ, બે લાખ બેઈન્દ્રિય, બે લાખ તેઈન્દ્રિય, બે લાખ ચૌરેન્દ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારક, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય અને ચૌદ લાખ મનુષ્ય.

સ્થિતિ :

"સ્થિતિ" શબ્દનો પ્રયોગ આગમમાં ત્રણ પ્રકારથી થયો છે- (૧) કર્મસ્થિતિ, (૨) ભવસ્થિતિ અને (૩) કાયસ્થિતિ. જ્ઞાનાવરણ આદિ આઠે કર્મોની ફળદાન અવધિ 'કર્મ સ્થિતિ' કહેવાય છે. પ્રાયઃ એક ભવમાં તે ગતિ અને આયુષ્યનું બની રહેવું 'ભવસ્થિતિ' માનવામાં આવે છે તથા અનેક ભવો સુધી એક જ પ્રકારની ગતિ આદિનું રહેવું 'કાયસ્થિતિ' કહેવામાં આવે છે. પરંતુ સ્થિતિ અધ્યયનમાં કાયસ્થિતિ અને ભવસ્થિતિ નો પ્રયોગ આયુષ્યકર્મની સ્થિતિના અર્થમાં થયો છે. દેવો અને નારકીઓની ભવસ્થિતિ કહી છે તથા મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચયોનિઓની કાયસ્થિતિ કહી છે.[1] પરંતુ એક ભવની દષ્ટિથી ચોવીસ જ દંડકોના જીવોની સ્થિતિનું નિરૂપણ કરવું સ્થિતિ અધ્યયનનું લક્ષ્ય છે.

આહાર :

જીવ જે પુદ્‌ગલોને શરીર, ઈન્દ્રિય આદિના નિર્માણ અને સંચાલન માટે ગ્રહણ કરે છે- તે 'આહાર' કહેવાય છે. ગ્રહણ કરવાની વિધિના આધારે આહાર ચાર પ્રકારના છે- (૧) લોમાહાર, (૨) પ્રક્ષેપાહાર (કવલાહાર), (૩) ઓજાહાર અને (૪) મનોભક્ષી આહાર. લોમો કે રોમોના દ્વારા આહાર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરવું 'લોમાહાર' છે. કવલ કે ગ્રાસના રૂપમાં આહાર ગ્રહણ કરવું 'કવલાહાર' કહેવામાં આવે છે. સંપૂર્ણ શરીરના દ્વારા આહાર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરવું 'ઓજાહાર' છે. આ ઓજાહાર જીવના દ્વારા જન્મ ગ્રહણ કરતી વખતે અપર્યાપ્તક અવસ્થામાં એકવાર જ કરવામાં આવે છે. મનના દ્વારા આહાર કરવું 'મનોભક્ષી આહાર' કહેવાય છે. મનોભક્ષી આહાર માત્ર દેવોમાં ઉપલબ્ધ થાય છે. લોમાહાર બધા ચોવીસ દંડકોના જીવ કરે છે. પ્રક્ષેપાહાર બેઈન્દ્રિયથી લઈ મનુષ્ય સુધીના ઔદારિક શરીરી જીવ કરે છે. નારક અને દેવગતિના જીવ વૈક્રિયશરીરી હોવાથી કવલાહાર કરતા નથી. એકેન્દ્રિય જીવોને મોઢું હોતું નથી માટે તે પણ કવલાહાર કરતા નથી.

---

૧. દ્રવ્યાનુયોગ ભાગ-૧, પૃ. ૩૮૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર સ્થિતિઓમાં જીવ આહાર ગ્રહણ કરતો નથી - (૧) વિગ્રહગતિમાં, (૨) કેવળી સમુદ્‌ઘાતના સમયે, (૩) શૈલેષી અવસ્થામાં અને (૪) સિદ્ધ થયા પછી. કેવળીના કવલાહારથી લઈ દિગમ્બર અને શ્વેતામ્બર માન્યતામાં ભેદ છે. દિગમ્બર માન્યતાના અનુસાર કેવળી કવલાહાર કરતા નથી. જ્યારે શ્વેતામ્બર માન્યતાના અનુસાર કવલાહાર અને કેવળજ્ઞાનમાં પરસ્પર કોઈ વિરોધ નથી, માટે કેવળી પણ કવલાહાર ગ્રહણ કરે છે. શ્વેતામ્બર દાર્શનિક વાદિદેવસૂરિએ લખ્યું છે કે કવલાહાર ગ્રહણ કરવાથી કેવળી અસર્વજ્ઞ નહિ થઈ જાય કારણ કે કવલાહાર અને સર્વજ્ઞતામાં પરસ્પર કોઈ વિરોધ નથી.[૧]

શરીર :

જ્યાં સુધી જીવ આઠ કર્મોથી મુક્ત થતો નથી ત્યાં સુધી તેનો શરીર સાથે સંબંધ રહે છે. આ જીવ અને શરીરનો અનાદિ સંબંધ છે. સંસારી જીવ સશરીરી હોય છે તથા સિદ્ધ જીવ અશરીરી હોય છે. શરીરની પ્રાપ્તિ નામકર્મના ઉદયથી થાય છે. જ્યાં સુધી નામકર્મ શેષ છે ત્યાં સુધી શરીરની પ્રાપ્તિ થતી રહે છે. શરીર પાંચ પ્રકારના છે- (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ્ અને (૫) કાર્મણ. પ્રધાન કે ઉદાર પુદ્‌ગલોથી નિર્મિત શરીર 'ઔદારિક' કહેવાય છે. વિવિધ અને વિશેષ પ્રકારની ક્રિયાઓ કરવામાં સક્ષમ શરીર 'વૈક્રિય' કહેવાય છે. આહારક લબ્ધિથી નિર્મિત શરીર 'આહારક શરીર' હોય છે. આહારના પાચનમાં સહાયક તથા તેજોલેશ્યાની ઉત્પત્તિનો આધાર 'તૈજસ્ શરીર' કહેવાય છે. આ તૈજસ્ પુદ્‌ગલોથી બનેલું હોય છે. કાર્મણ પુદ્‌ગલોથી નિર્મિત શરીર 'કાર્મણ' કહેવાય છે. આ પાંચ શરીરોમાંથી તૈજસ્ અને કાર્મણ શરીર બધા સંસારી જીવોમાં જોવા મળે છે. આ બંને શરીર જીવમાં ત્યારે પણ વિદ્યમાન હોય છે જ્યારે તે એક (દેહ) કાયાને છોડી બીજી કાયાને ધારણ કરવાની વચ્ચે વિગ્રહગતિમાં હોય છે. ઔદારિક શરીર તિર્યંચગતિના એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના બધા જીવોમાં અને મનુષ્યોમાં જોવા મળે છે. વૈક્રિય શરીર નારકી અને દેવોમાં જન્મથી હોય છે તથા મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને વિશેષ લબ્ધિથી પ્રાપ્ત થાય છે નારકી અને દેવોને જન્મથી પ્રાપ્ત થવાવાળા વૈક્રિય શરીરને 'ઔપપાતિક' કહ્યું છે. તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યને પ્રાપ્ત થવાવાળા વૈક્રિય શરીરને 'લબ્ધિ પ્રત્યય' કહેવામાં આવે છે. વિભિન્ન વિક્રિયાઓ કરવાના કારણે બાદર વાયુકાયના જીવોમાં પણ વૈક્રિય શરીર માનવામાં આવે છે. આહારક શરીર માત્ર પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ચૌદ પૂર્વધારી મનુષ્યોમાં જોવા મળે છે. પાંચ શરીરોમાં કાર્મણશરીર અગુરુલઘુ છે તથા શેષ ચાર શરીર ગુરુલઘુ છે. શરીરની ઉત્પત્તિ જીવના ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમના નિમિત્તથી થાય છે.

સંહનન અને સંસ્થાનની વિષય-વસ્તુ પણ શરીરથી સંબંધિત છે. માટે શરીર અધ્યયનમાં આના સંબંધમાં પણ સામગ્રી સન્નિહિત છે.

વિકુર્વણા :

વિકુર્વણા પ્રાયઃ વૈક્રિય શરીરના માધ્યમથી કરવામાં આવે છે. વિકુર્વણાનો અર્થ છે વિભિન્ન પ્રકારનારૂપ, આકાર આદિની રચના કરવી. ભાવિતાત્મા અનગાર, દેવ, નારકી, વાયુકાયિક જીવ અને બલાહક પ્રાયઃ આ પ્રકારની વિકુર્વણા કરે છે. વિકુર્વણા કે વિક્રિયા મુખ્યરૂપે ત્રણ પ્રકારની થાય છે- (૧) બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી કરવામાં આવે તે, (૨) બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વગર કરવામાં આવે તે તથા (૩) બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી અને ગ્રહણ ન કર્યા વગર કરવામાં આવતી વિકુર્વણા. વિકુર્વણાના ત્રણ ભેદ આંતરિક પુદ્‌ગલોને ગ્રહણ કરવા, ગ્રહણ ન કરવા અને મિશ્રિત સ્થિતિથી બને છે. જ્યારે બાહ્ય અને આંતરિક બંને પ્રકારના પુદ્‌ગલોને ગ્રહણ કરવા, ગ્રહણ ન કરવા અને મિશ્રિત થવાની સ્થિતિ બને છે ત્યારે પણ વિક્રિયાના ત્રણ ભેદ બને છે. વિકુર્વણા માટે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત પુદ્‌ગલોની આવશ્યકતા હોય છે.

ભાવિતાત્મા અનગાર વિભિન્નરૂપની વિકુર્વણા કરી શકે છે. તે અશ્વ, હાથી, સિંહ, વાઘ આદિનું રૂપ બનાવી અનેક યોજન સુધી ગમન કરી શકે છે. એટલું જ નહિ પણ ગ્રામ, નગર આદિના રૂપોની પણ વિકુર્વણા કરી શકે છે. અહીં ઉલ્લેખનીય છે કે ભાવિતાત્મા અનગારમાં વિભિન્ન વિકુર્વણાઓ કરવાનું સામર્થ્ય હોવા છતાં પણ તે ક્યારે પણ આ વિકુર્વણા કરતા નથી. જે વિકુર્વણા કરવામાં આવે છે તે માયી અનગાર કરે છે. અમાયી અનગાર નહિ, અસંવૃત અનગાર એક વર્ણના બીજા વર્ણમાં, એક રસના બીજા રસ આદિમાં પરિણમન કરવામાં સમર્થ છે.

---

૧. "न च कवलाहारवत्त्वेन तस्या सर्वज्ञत्वं, कवलाहार सर्वज्ञत्वयोरविरोधात्" - प्रमाणनयतत्त्वालोक-२/२७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ બે પ્રકારના છે - (૧) માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને (૨) અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. આમાં અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક દેવ યથેચ્છ વિકુર્વણા કરી શકે છે. પરંતુ માયી મિથ્યાદૃષ્ટિ દેવ યથેચ્છ વિકુર્વણા કરી શકતા નથી. માયી મિથ્યાદૃષ્ટિ દેવ જો ઋજુરૂપની વિકુર્વણા કરવા ઈચ્છે તો વક્રરૂપની વિકુર્વણા થઈ જાય છે અને જ્યારે તે વક્રરૂપની વિકુર્વણા કરવા ઇચ્છે તો ઋજુરૂપની વિકુર્વણા થઈ જાય છે. અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક દેવની સાથે આવુ થતું નથી. તે ત્યારે જે રૂપમાં વિકુર્વણા કરવા ઇચ્છે ત્યારે તે રૂપની વિકુર્વણા થઈ જાય છે. મહર્દ્ધિક દેવ એકરૂપ **-યાવત્-** અનેક રૂપોની વિકુર્વણા કરી શકે છે. તે હજારોરૂપોની વિકુર્વણા કરી પરસ્પર એક બીજાની સાથે સંગ્રામ કરવામાં સમર્થ છે. પરંતુ વૈક્રિયકૃત તે શરીર એક જ જીવની સાથે સંબંધિત હોય છે. નારકમાં પ્રથમ નરકથી લઈ પાંચમી નરક સુધીના નારકી એકરૂપની પણ વિકુર્વણા કરે છે અને અનેકરૂપોની પણ કરે છે. વિકુર્વણા કરવાથી તેમની વેદનાની ઉદીરણા થાય છે. છઠ્ઠી અને સાતમી નરકના નારકી ગોબરના કીડાના સમાન મોટા વજ્રમય મુખવાળા રક્તવર્ણી કુંથુઓના રૂપોની વિકુર્વણા કરે છે. વાયુકાયના જીવ અને બલાહક (મેઘ પંક્તિ) પણ પોતાના સામર્થ્યના અનુસાર વિકુર્વણા કરે છે.

વિકુર્વણા આત્મકર્મ અને આત્મ-પ્રયોગથી થાય છે. પર-કર્મ અને પર-પ્રયોગથી નહિ. સમ્યગ્દૃષ્ટિ દેવોમાં નવગ્રૈવયક અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવ અનેકવિધ વિકુર્વણા કરવામાં સમર્થ હોવા છતાં પણ વિકુર્વણા કરતા નથી.

ઈન્દ્રિય :

ઈન્દ્રનો અર્થ આત્મા છે. જે આત્મા (ઈન્દ્ર)નું લિંગ છે તે ઈન્દ્રિય છે. ઈન્દ્રિયો વ્યવહારિક દૃષ્ટિથી આભિનિબોધિક જ્ઞાનમાં સહાયક થાય છે. શ્રુતજ્ઞાન આભિનિબોધિક (મતિ) જ્ઞાનપૂર્વક થાય છે. એટલે માટે શ્રુતજ્ઞાનમાં પણ ઈન્દ્રિયોને નિમિત્તમાની શકાય છે. જૈનદર્શનમાં 'ઈન્દ્રિય' શબ્દથી મનનું ગ્રહણ થતું નથી. માટે મન અનિન્દ્રિય કે નોઈન્દ્રિય કહેવાય છે. ઈન્દ્રિયો પાંચ પ્રકારની છે - (૧) શ્રોતેન્દ્રિય, (૨) ચક્ષુન્દ્રિય, (૩) ઘ્રાણેન્દ્રિય, (૪) રસેન્દ્રિય અને (૫) સ્પર્શેન્દ્રિય. આ પાંચે ઈન્દ્રિયો જ્ઞાનેન્દ્રિયોના નામથી ઓળખાય છે. જૈનેત્તરદર્શનોમાં પાંચ કર્મેન્દ્રિયો પણ સ્વીકાર કરવામાં આવી છે, જેમ (૧) પાણિ (હાથ), (૨) પાદ ભૈરી, (૩) પાયુ, (૪) ઉપસ્થ અને (૫) વાક્. જૈનદર્શનમાં કર્મેન્દ્રિયોનો કયાંય અલગ ઉલ્લેખ નથી થયો. પરંતુ તેનો સમાવેશ શરીરના અંગોપાંગોમાં જ થઈ જાય છે. પાંચ જ્ઞાનેન્દ્રિયોમાં શ્રોતથી શબ્દનો, ચક્ષુથી રૂપનું, ઘ્રાણથી ગંધનું, જીભથી રસનું તથા સ્પર્શેન્દ્રિયથી સ્પર્શનું જ્ઞાન થાય છે. વર્ણાદિના ભેદોના આધારે પાંચ ઈન્દ્રિયોના ૨૩ વિષય અને ૨૪૦ વિકાર માનવામાં આવે છે. શબ્દ અને રૂપ વિષયને આગમમાં 'કામ' કહેવાય છે તથા ગંધ, રસ અને સ્પર્શને 'ભોગ' કહેવાય છે. પાંચે મળી કામ-ભોગ કહેવામાં આવે છે. પાંચ ઈન્દ્રિયોમાં ચક્ષુને છોડી શેષ ચાર ઈન્દ્રિયો પ્રાપ્યકારી છે. અર્થાત્ તે વિષયોના સ્પૃષ્ટ થવાથી જ તેનું જ્ઞાન કરાવે છે, અન્યથા નહિ. જ્યારે ચક્ષુઈન્દ્રિય અને મનને અપ્રાપ્યકારી માનવામાં આવે છે, કારણ કે તે વિષયોથી અસ્પૃષ્ટ રહીને જ તેનું જ્ઞાન કરાવી દે છે. ન્યાય-વૈશેષિક દર્શનમાં ચક્ષુને પણ પ્રાપ્યકારી માનવામાં આવ્યો છે તથા બૌદ્ધ દર્શનમાં ચક્ષુ અને શ્રોત બંને ઈન્દ્રિયોને અપ્રાપ્યકારી કહેવામાં આવી છે.

પાંચે પ્રકારની ઈન્દ્રિયો દ્રવ્ય અને ભાવના ભેદથી બે-બે પ્રકારની હોય છે. આગમમાં દ્રવ્યેન્દ્રિયના આઠ ભેદ પ્રતિપાદિત કર્યા છે. બે શ્રોત, બે નેત્ર, બે ઘ્રાણ, એક જિહ્વા અને એક સ્પર્શન. ભાવેન્દ્રિય પાંચ પ્રકારની કહેવામાં આવી છે- શ્રોત, ચક્ષુ, ઘ્રાણ, જીભ અને સ્પર્શન. તત્વાર્થસૂત્રમાં ઈન્દ્રિયના દ્રવ્ય અને ભાવ ભેદ કરતી વખતે દ્રવ્યેન્દ્રિયના બે પ્રકાર કહ્યા છે- (૧) નિર્વૃત્તિ અને (૨) ઉપકરણ[૧] નિર્વૃત્તિનો અર્થ છે રચના. નિર્માણ નામકર્મ અને અંગોપાંગ નામકર્મના ફળસ્વરૂપ વિશિષ્ટ પુદ્ગલથી ઈન્દ્રિયની રચના થવી 'નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય' છે. આ ઈન્દ્રિયનો આકારમાત્ર હોય છે. ઉપકરણ દ્રવ્યેન્દ્રિય નિર્વૃત્તિનો ઉપઘાત નથી થવા દેતી તથા તેની સ્થિતિ આદિમાં સહાયતા કરે છે. ભાવેન્દ્રિય પણ બે પ્રકારની હોય છે- (૧) લબ્ધિ અને (૨) ઉપયોગ.[૨] લબ્ધિનો અર્થ છે જાણવાની શક્તિ. જાણવાની શક્તિ જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. ઉપયોગનો તાત્પર્ય છે- જાણવાની શક્તિનો વ્યાપાર.

---

૧. "निर्वृत्त्युपकरणे द्रव्यन्द्रियम्" - तत्वार्थसूत्र - २/१७

૨. "लब्ध्युपयोगो भावेन्द्रियम्" तेज २/१८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે જીવમાં જેટલી ઈન્દ્રિયો જોવા મળે છે. તે જીવ તે જ નામથી ઓળખાય છે. જેમકે - જે જીવમાં એક સ્પર્શેન્દ્રિય જોવા મળે છે તેને એકેન્દ્રિય. જેમાં સ્પર્શ અને રસના આ બે ઈન્દ્રિયો જોવા મળે છે તે બેઈન્દ્રિય. જેમાં સ્પર્શન, રસના અને ઘ્રાણ આ ત્રણ ઈન્દ્રિયો જોવા મળે છે તેને તેઈન્દ્રિય. જેમાં ચક્ષુસહિત ચાર ઈન્દ્રિયો જોવા મળે છે તે ચૌરેન્દ્રિય અને જેમાં શ્રોત સહિત પાંચ ઈન્દ્રિયો જોવા મળે છે તે જીવને પંચેન્દ્રિય કહેવામાં આવે છે.

આપણને જે પાંચ ઈન્દ્રિયો પ્રાપ્ત થઈ છે તે વાસ્તવમાં જ્ઞાનેન્દ્રિયોના રૂપમાં પ્રાપ્ત થઈ છે. પરંતુ તેને આપણે ભોગેન્દ્રિયોના રૂપમાં વધારે પ્રયોગ કરી રહ્યા છીએ. ઈન્દ્રિયોથી ન માત્ર શબ્દાદિને જાણીએ છીએ પરંતુ તેનાથી ભોગમાં વધારે પ્રવૃત્ત થઈ રહ્યા છીએ.

ઉચ્છ્વાસ :

સંસારસ્થ પ્રાણીમાં ઓછામાં ઓછા ચાર પ્રાણ આવશ્યકરૂપથી જોવા મળે છે - (૧) સ્પર્શેન્દ્રિય બળપ્રાણ, (૨) કાયબળપ્રાણ, (૩) શ્વાસોશ્વાસ અને (૪) આયુષ્ય. આ ચાર પ્રાણોમાં શ્વાસોશ્વાસને પણ પ્રાણની શ્રેણીમાં લેવામાં આવ્યો છે. આધુનિક વિજ્ઞાનમાં પણ શ્વસન ક્રિયાને સજીવતાનો એક આધાર માનવામાં આવે છે. આગમમાં પણ ચારે ગતિઓના પર્યાપ્તક જીવોમાં શ્વાસોશ્વાસ પ્રાણને અનિવાર્ય માનવામાં આવ્યું છે. આગમમાં શ્વસનક્રિયાને પ્રતિપાદિત કરાવાવાળા આનપ્રાણ, ઉશ્વાસ અને નિઃશ્વાસ શબ્દોનો પ્રયોગ થયો છે. બધા જીવ આ ચાર ક્રિયા કરે છે. તેમાં સ્વાભાવિકરૂપથી શ્વાસ ગ્રહણ કરવાની ક્રિયાને 'આન' અને છોડવાની ક્રિયાને 'પ્રાણ' કહી શકીએ. તથા ઉંચા શ્વાસ લેવી અને શ્વાસ બહાર કાઢવાને 'ઉશ્વાસ' અને 'નિઃશ્વાસ' કહી શકાય, બધા મળી આ ચારે શબ્દ શ્વસન ક્રિયાને જ અભિવ્યક્ત કરે છે. આ શ્વસન ક્રિયા મનુષ્યો, પશુઓ, પક્ષિઓ, કીડા-મકોડા આદિ પ્રાણિઓમાં આપણને સ્પષ્ટ દેખાય છે. પરંતુ આગમના અનુસાર વૈક્રિય શરીરધારી નારકી અને દેવોમાં પણ નિરંતર શ્વસનક્રિયા ચાલુ રહે છે. ભગવાન મહાવીરને તેમના પ્રથમ શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમે પ્રશ્ન કર્યો કે બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોમાં થવાવાળા આન, પ્રાણ અને શ્વાસોશ્વાસને તો આપણે જાણીએ-દેખીએ પરંતુ પૃથ્વીકાયથી વનસ્પતિ સુધીના એકેન્દ્રિય જીવમાં આન, પ્રાણ અને શ્વાસોશ્વાસ હોય છે કે નહિ ? ભગવાને ઉત્તર આપ્યો છે- હે ગૌતમ ! આ પૃથ્વીકાયિકાદિ એકેન્દ્રિય જીવ પણ શ્વાસોશ્વાસ લે છે. એમાં પણ આન, પ્રાણ અને ઉશ્વાસ-નિશ્વાસની ક્રિયાઓ થાય છે. આધુનિક વિજ્ઞાનવેત્તા વનસ્પતિમાં શ્વસન ક્રિયા સિદ્ધ કરવામાં સફળ થઈ ગયા છે. પરંતુ પૃથ્વીકાયિકાદિ જીવોમાં શ્વસન ક્રિયા સિદ્ધ કરવાની હજી બાકી છે. મહાવીરની દૃષ્ટિમાં પૃથ્વીકાયિકાદિ બધા જીવ શ્વસનક્રિયા કરે છે. પૃથ્વીકાયિકાદિ જીવ એકેન્દ્રિયોને જ શ્વાસોશ્વાસના રૂપમાં ગ્રહણ કરે છે.[૧] નારકી જીવ શ્વાસોશ્વાસના રૂપમાં અનિષ્ટ, અકાન્ત, અપ્રિય અને અમનોજ્ઞ પુદ્ગલોને ગ્રહણ કરે છે તો દેવ ઈષ્ટ કાન્ત, પ્રિય અને મનોજ્ઞ પુદ્ગલોને ગ્રહણ કરે છે. તિર્યંચગતિના જીવો અને મનુષ્યોના દ્વારા શ્વાસોશ્વાસમાં શું ગ્રહણ કરવામાં આવે છે ? તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી પરંતુ તે પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત પુદ્ગલોનો જ શ્વાસ પ્રશ્વાસના રૂપમાં ગ્રહણ કરતા હોય અને છોડતા હોય તેવો સંભવ છે. વિજ્ઞાનની માન્યતાના અનુસાર મનુષ્યાદિ જીવ ઓક્સીજન ગેસને શ્વાસરૂપમાં ગ્રહણ કરે છે તથા કાર્બન ડાયોકસાઈડ ગેસને કાઢે છે. વિજ્ઞાનની દૃષ્ટિથીએ બંને વાયુ છે, પરંતુ સજીવ છે કે નિર્જીવ તે એક પ્રશ્ન થાય છે. બીજો પ્રશ્ન તે પણ થાય છે કે મનુષ્યાદિ જીવ શ્વાસના રૂપમાં વાયુના માધ્યમથી પુદ્ગલોને ગ્રહણ કરે છે કે વાયુને અથવા બંનેને ? તે વિચારણીય છે. શ્વાસોશ્વાસ ક્રિયાનો કાળ ચોવીસ દંડકના જીવોમાં ભિન્ન-ભિન્ન છે.

ભાષા :

બેઈન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના પર્યાપ્તક જીવોમાં ભાષાનો પ્રયોગ થાય છે. ભાષા પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી આ જીવોમાં પોતાની વાત કરવાની ક્ષમતા પ્રાપ્ત થઈ જાય છે. ભાષાનો પ્રયોગ મનુષ્યમાં જે રીતે પ્રભાવશાળી જોવા મળે છે તેટલો અન્ય જીવોમાં નહિ. પશુપક્ષિઓમાં પણ યત્કિંચિત્ ભાષાનો પ્રયોગ જોવા મળે છે. પરંતુ લટ, કીડી, માખી જેવા વિકલેન્દ્રિયોમાં તો આના પ્રયોગનો આપણને કોઈ સાક્ષાત્ બોધ થતો નથી. પરંતુ આગમ એમાં પણ ભાષાનો વ્યવહાર સ્વીકાર કરે છે. કીડીઓમાં એવો વ્યવહાર અનુમિત પણ થાય છે. જે સહયોગ અને સહકર્મિતા તેમાં જોવા મળે છે તે ભાષા વ્યવહાર વિના સંભવ નથી.

૧. દ્રવ્યાનુયોગ ભાગ-૨, પૃ. ૬૯૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાષામાં શબ્દોનો પ્રયોગ થાય છે. જેવી રીતે શબ્દ પૌદ્‌ગલિક છે તેવી રીતે ભાષા પણ પૌદ્‌ગલિક છે. જૈનાગમોના અનુસાર ભાષાનું મૂળ કારણ જીવ છે. જીવ જ્યારે ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે ત્યારે તે તેને ભાષાનારૂપમાં અભિવ્યક્ત કરે છે. ભાષાની ઉત્પત્તિ શરીરથી માની છે તથા તેનો આકાર વજ્રની જેમ સ્વીકાર કરવામાં આવ્યો છે. ભાષાનો અંત લોકાન્તમાં થાય છે. અર્થાત્ પુદ્‌ગલ લોકના અંત સુધી પહોંચી શકે છે. આમ હોવા છતા પણ જૈનોએ ભાષાને નિત્ય નથી માન્યો. ભાષા લોકાન્ત સુધી પહોંચી અથવા સંખ્યાત યોજનો સુધી જઈ વિદ્વંસને પ્રાપ્ત થઈ જાય છે.

ભાષાના સંબંધમાં દાર્શનિકોએ ગહન વિચાર કર્યો છે. મીમાંસક અને વૈયાકરણ શબ્દને નિત્ય માને છે. બૌદ્ધ દાર્શનિક શબ્દને અનિત્ય અને કૃતક માને છે. વાક્યપ્રદીપમાં ભર્તૃહરિએ શબ્દને બ્રહ્મરૂપ પ્રતિપાદિત કર્યો છે, જેમ -

"अनादिनिधनं ब्रह्म शब्दतत्वं यदक्षरम् ।
विवर्ततेऽर्थभावेन प्रक्रिया जगतो यतः ॥"[1]

અર્થાત્ શબ્દ તત્વ અનાદિનિધન, અક્ષર અને બ્રહ્મરૂપ છે. તેનાથી જ જગતની અર્થરૂપમાં પરિણતિ થાય છે. કાવ્યાદર્શમાં દંડીએ શબ્દના મહત્ત્વ પર આ પ્રમાણે કહ્યું છે -

"इदमन्धतमः कृत्स्नं जायेत भुवनत्रयम् ।
यदि शब्दाह्वयं ज्योतिरासंसारान्न दीप्यते ॥"[2]

અર્થાત્ જો સંસારમાં શબ્દ નામક જ્યોતિ પ્રદિપ્ત ન થાત તો સમસ્ત સંસાર ગહન અંધકારમય થઈ જાય. શબ્દથી આપણો સમસ્ત વ્યવહાર થાય છે, માટે તેના અભાવમાં સંસાર અંધકારમય છે.

સર્વાર્થસિદ્ધિમાં શબ્દને બે પ્રકારનો બતાવ્યો છે - (૧) ભાષાત્મક અને (૨) અભાષાત્મક. અભાષાત્મક શબ્દ અચેતન જડથી ઉત્પન્ન થાય છે. તે બે પ્રકારના હોય છે - (૧) પ્રાયોગિક અને (૨) વૈસ્ત્રસિક. જે શબ્દ વાદળાની ગર્જનાની જેમ પ્રયત્ન વગર ઉત્પન્ન થાય છે તે 'વૈસ્ત્રસિક' શબ્દ છે. તથા જે શબ્દ પ્રયત્ન દ્વારા ઉત્પન્ન થાય છે તે 'પ્રાયોગિક' શબ્દ કહેવાય છે. વીણા, ઘંટ આદિના શબ્દ આ દૃષ્ટિથી પ્રાયોગિક છે. પ્રાયોગિક શબ્દના પાંચ પ્રકાર કહ્યા છે- (૧) તત, (૨) વિતત, (૩) ઘન, (૪) ઝુષિર અને (૫) સંઘર્ષ. ભાષાત્મક શબ્દ પણ બે પ્રકારના હોય છે - (૧) સાક્ષર અને (૨) અનક્ષર. અક્ષરયુક્ત શબ્દ 'સાક્ષર' છે તથા બેઈન્દ્રિયાદિ જીવોના દ્વારા કહેલા શબ્દ 'અનક્ષર' છે.

વ્યાકરણદર્શનમાં શબ્દના ચાર પ્રકાર કે અવસ્થાઓ બતાવી છે - (૧) પરા (૨) પશ્યન્તી (૩) મધ્યમા અને (૪) વૈખરી. ઉચ્ચારણના પહેલા શબ્દતત્વ પોતાની મૂળ અવસ્થામાં રહે છે. તે જ શબ્દતત્વને ભર્તૃહરિએ અનાદિ, અક્ષર બ્રહ્મ કહ્યો છે. આને વિદ્વાનોએ પરાવાણી કહી છે. પશ્યન્તી, મધ્યમા અને વૈખરી વાક્ આના જ વિવર્ત છે. વક્તાની વિવક્ષાના પ્રયત્નથી સૂક્ષ્મ સ્પંદન ઉત્પન્ન થાય છે. આ સ્થિતિમાં જ્ઞાત કે અનુભૂત અર્થ અને શબ્દનો યોગ થાય છે. વાણીની આ સ્થિતિ પશ્યન્તી છે. નાભિદેશસ્થ પશ્યન્તી વાણી જ્યારે પ્રાણવાયુથી ઉધ્વેજિત થઈ હૃદયાકાશમાં આવી જાય છે ત્યારે તે મધ્યમા વાણી કહેવાય છે. લોક-વ્યવહારમાં જે ધ્વન્યાત્મક શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે તે વૈખરીવાણી છે. શ્રોત દ્વારા વૈખરી ભાષાને જ સાંભળી શકાય છે.

જૈનાગમોમાં જે ભાષાનું વર્ણન પ્રાપ્ત છે તે વ્યાકરણ દર્શનની વૈખરી વાક્ જ છે. ભાષાના માટે કહેવાય છે કે ભાષા જ્યારે બોલવામાં આવે છે ત્યારે જ તે ભાષા કહેવાય છે તેના પૂર્વે કે પશ્ચાત્ નહિં.

જૈનદર્શનના અનુસાર ભાષાના મુખ્યરૂપે ચાર પ્રકાર છે - (૧) સત્ય, (૨) મૃષા, (૩) સત્યામૃષા (મિશ્ર) અને (૪) અસત્યામૃષા (વ્યવહાર) ભાષા. સત્યભાષા જનપદ સત્ય, સમ્મત સત્ય આદિના ભેદથી દશ પ્રકારની કહેવામાં આવે છે. મૃષા ભાષાના પણ ક્રોધનિસૃતા, માનનિસૃતા આદિ દશ પ્રકાર છે. સત્યમૃષાના ઉત્પન્ન મિશ્રિતા આદિ દશ તથા

---

૧. વાક્યપ્રદીપ ૧/૧
૨. કાવ્યાદર્શ - ૧/૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસત્યામૃષાના આમંત્રણી આદિ બાર ભેદ નિરૂપિત છે. આમાંથી કેવળી બે જ પ્રકારની ભાષા બોલે છે- (૧) સત્ય અને (૨) અસત્યામૃષા.

જૈન આગમોમાં ભાષા વિષયક ચિંતન સમૃદ્ધ છે. જે આધુનિક ભાષાવિધોના માટે પણ અધ્યયનની ઉપયોગી સામગ્રી પ્રસ્તુત કરે છે. આગમોની માન્યતા છે કે જીવ ભાષાવર્ગણાના જે દ્રવ્યોને સત્ય ભાષાના રૂપમાં ગ્રહણ કરે છે તે તેને સત્યભાષાના રૂપમાં પ્રસરિત કરે છે. જે દ્રવ્યોને તે મૃષાભાષાના રૂપમાં ગ્રહણ કરે છે તે મૃષાભાષાના રૂપમાં પ્રસરિત કરે છે. એ જ પ્રમાણે સત્યામૃષા અને અસત્યામૃષા ભાષાના રૂપમાં દ્રવ્યોને ગ્રહણ કરવાથી ક્રમશઃ તે જ ભાષાના રૂપમાં તે દ્રવ્યોને પ્રસારિત કરે છે.

યોગ - પ્રયોગ :

યોગ અને પ્રયોગમાં બહુ સૂક્ષ્મ ભેદ છે. મન, વચન અને કાયાની પ્રવૃત્તિને જ્યાં 'યોગ' કહ્યો છે. ત્યાં યોગની સાથે જીવના વ્યાપારનું જોડાય જવું 'પ્રયોગ' છે.

મન, વચન અને કાયાના કારણે જીવના પ્રદેશોમાં જે સ્પન્દન કે હલચલ થાય છે તેને પણ યોગ કહેવામાં આવે છે. યોગદર્શનમાં "યોગ" શબ્દનો પ્રયોગ "ચિત્તની વૃત્તિયોના વિરોધ"ના અર્થમાં થયો છે.[૧] ભગવદ્ ગીતામાં કર્મના કૌશલને યોગ કહેવામાં આવ્યો છે.[૨] યોગ એક પ્રકારે સમાધિના અર્થમાં પણ પ્રયુક્ત થયો છે. જૈનાચાર્યોએ યોગનો અર્થ સમાધિ સ્વીકાર કરતા યોગ વિષયક ગ્રંથોની રચના કરી છે. પરંતુ આગમમાં યોગનો અર્થ સમાધિ નથી. આગમમાં તો મન વચન કાયાની પ્રવૃત્તિને યોગ કહ્યો છે. આ યોગ કર્મબંધનો નિમિત્ત બને છે, વિશેષરૂપે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધમાં યોગને નિમિત્ત માનવામાં આવ્યો છે.

યોગ અને પ્રયોગમાં જે સ્પષ્ટ ભેદ છે તે એ છે કે પ્રયોગમાં જીવના વ્યાપારની પ્રધાનતા હોય છે. જ્યારે યોગમાં મન, વચન અને કાયાની પ્રધાનતા હોય છે.[૩]

યોગના જે રીતે ત્રણ અને પંદર ભેદ છે તે જ પ્રમાણે પ્રયોગના પણ તે જ ત્રણ અને પંદર ભેદ છે. ત્રણ ભેદ છે - (૧) મન, (૨) વચન અને (૩) કાયા. પંદરમાં આનો જ વિસ્તાર છે. તદનુસાર મનના ચાર, વચનના ચાર અને કાયાના ચાર ભેદોની ગણના થાય છે. મનના ચાર ભેદ છે- સત્ય, મૃષા, સત્યામૃષા અને અસત્યામૃષા. વચનના પણ આ જ પ્રમાણે સત્ય, મૃષા, સત્યામૃષા અને અસત્યામૃષા ભેદ થાય છે. કાયાના સાત ભેદ છે - (૧) ઔદારિક શરીરકાય, (૨) ઔદારિક મિશ્રકાય, (૩) વૈક્રિય શરીરકાય, (૪) વૈક્રિયામિશ્ર કાય, (૫) આહારક શરીરકાય, (૬) આહારક મિશ્ર શરીરકાય અને (૭) કાર્મણ શરીરકાય.

મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી તેને મનરૂપમાં પરિણત કરવું તથા ચિંતન-મનન કરવું 'મનોયોગ' છે. ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી વસ્તુ સ્વરૂપનું કથન કરવું, બોલવું 'વચનયોગ' છે. ઔદારિક આદિ શરીરોથી હલન-ચલન, સંક્રમણ આદિ ક્રિયાઓ કરવી 'કાયયોગ' છે. મન આત્માથી ભિન્ન, રૂપી અને અચિત્ત છે. તે અજીવ હોવા છતા પણ જીવોમાં હોય છે, અજીવોમાં નહિ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રમાં મનના સંબંધમાં એક ઉલ્લેખનીય તથ્ય એ છે કે મનન કરતી વખતે જ મન "મન" કહેવાય છે. તેના પૂર્વે કે પશ્ચાત્ત નહિ.[૪]

મન, વચન અને કાયાની પ્રવૃત્તિના આધારે દંડ પણ ત્રણ પ્રકારના કહ્યા છે - (૧) મનદંડ, (૨) વચનદંડ અને (૩) કાયદંડ. ગુપ્તિ પણ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે - (૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) કાયગુપ્તિ.

દ્રવ્યાનુયોગના પ્રયોગ અધ્યયનમાં ગતિપ્રપાતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આની અંદર પાંચ પ્રકારની ગતિઓનું વર્ણન થયું છે - (૧) પ્રયોગગતિ, (૨) તતગતિ, (૩) બંધછેદનગતિ, (૪) ઉપપાત ગતિ અને (૫) વિહાયોગતિ.

---

૧. યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ - યોગસૂત્ર ૧/૨

૨. યોગઃ કર્મસુ, કૌશલમ્.

૩. સાધ્વી ડૉ. મુક્તિપ્રભાજી પોતાના શોધ પ્રબંધ "યોગ-પ્રયોગ-અયોગ"માં યોગ અને પ્રયોગના ભિન્ન અર્થોને ગ્રહણ કર્યું છે.

૪. દ્રવ્યાનુયોગ ભાગ-૨, પૃ. ૭૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહાયોગતિના અંતર્ગત ૧૭ પ્રકારની ગતિનું વર્ણન થયું છે. જેમાં સ્પૃશદ્‌ગતિ, અસ્પૃશદ્‌ગતિ આદિની ગણના કરવામાં આવી છે. ગતિનું આ વર્ણન વૈજ્ઞાનિકોના માટે શોધનો વિષય છે. વિશેષરૂપે અસ્પૃશદ્‌ગતિનું વર્ણન આશ્ચર્યજનક છે. જેના અનુસાર પરમાણુ પુદ્‌ગલોથી લઈ અનંતપ્રદેશી સ્કંધોનો પરસ્પર સ્પર્શ કર્યા વગર થવાવાળી ગતિને 'અસ્પૃશદ્‌ગતિ' કહેવામાં આવી છે. સ્પૃશદ્‌ગતિના ઉદાહરણ તો આધુનિક વિજ્ઞાનમાં ઉપલબ્ધ છે. જેમકે - રેડિયો, ટી.વી. આદિની તરંગો સ્પૃશદ્‌ગતિવાળી છે. પરંતુ અસ્પૃશદ્‌ગતિનું તથ્ય શોધનો વિષય છે.

ઉપયોગ - પાસણયા :

આગમોમાં જ્ઞાન અને દર્શનને ઉપયોગ કહ્યો છે. જ્ઞાનને સાકાર ઉપયોગ અને દર્શનને નિરાકાર ઉપયોગ કહ્યો છે. બંને ઉપયોગ જીવના લક્ષણ છે. સાકારોપયોગના પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનના આધારે આઠ ભેદ કરવામાં આવે છે, જેમકે - (૧) આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન), (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન, (૬) મતિઅજ્ઞાન, (૭) શ્રુતઅજ્ઞાન અને (૮) વિભંગજ્ઞાન. અનાકારોપયોગ (નિરાકાર)ના ચાર ભેદ છે - (૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન અને (૪) કેવળદર્શન.

જ્ઞાન-અજ્ઞાનના સંબંધમાં આગળ જ્ઞાન શીર્ષકના અંતર્ગત વિચાર કરવામાં આવાનો છે. માટે અહિ દર્શન પર વિચાર કરવો જરૂરી છે. દર્શન શબ્દનો પ્રયોગ વિભિન્ન અર્થોમાં થતો આવ્યો છે. દર્શન શબ્દ દૃષ્ટિ અને ફિલોસોફીના અર્થમાં તો પ્રયુક્ત થાય જ છે, પરંતુ જૈનદર્શનમાં તેનો પ્રયોગ જ્ઞાનના પહેલા થવાવાળુ સામાન્ય ગ્રહણ અથવા સ્વસંવેદનમાં અર્થમાં પણ પ્રયુક્ત થાય છે. દર્શનરૂપ અનાકારોપયોગ નિર્વિકલ્પક હોય છે. આના ચક્ષુદર્શન આદિ ચાર પ્રકાર વર્ણવ્યા છે. ચક્ષુથી થવાવાળુ દર્શન ચક્ષુદર્શન કહેવામાં આવે છે તથા ચક્ષુથી ભિન્ન ઈન્દ્રિયો અને મનના દ્વારા થવાવાળા સામાન્ય ગ્રહણને અચક્ષુદર્શન કહેવામાં આવે છે. સામાન્યરૂપે અવધિજ્ઞાન પહેલા અવધિદર્શન ગ્રહણ થાય છે. પરંતુ કેવળદર્શનમાં તે વાત નથી. પ્રારંભમાં કેવળજ્ઞાન પહેલા થાય છે. તેના પછી કેવળદર્શન અને કેવળજ્ઞાનનો ક્રમ પ્રારંભ થાય છે.

ઉપયોગના રૂપમાં આગમના અનુસાર જ્ઞાન અને દર્શન યુગપદ્‌ભાવી નથી. એક અંતર્મુહૂર્તના પછી જ આ ઉપયોગોમાં પરિવર્તન થતું રહે છે. કેવળજ્ઞાનિઓમાં પણ એક સમયમાં એક જ ઉપયોગ જોવા મળે છે. બંને ઉપયોગ એક સાથે થતા નથી. સિદ્ધસેનસૂરિનું માનવું છે કે કેવળજ્ઞાન અને કેવળદર્શનોપયોગ યુગપદ્‌ભાવી છે. કેવળજ્ઞાનાવરણ અને કેવળદર્શનાવરણ કર્મોના સંપૂર્ણ ક્ષય થઈ જવાના કારણે આ બંને ઉપયોગોનો યુગપદ્‌ભાવ માનવો જોઈએ. સિદ્ધસેનસૂરિનો આ તર્ક આગમ વિરુદ્ધ છે. જિનભદ્રગણિ, વીરસેન આદિ અનેક આચાર્યોએ કેવળજ્ઞાન અને કેવળ દર્શનનો યુગપદ્‌ભાવ અને ક્રમભાવને લઈ વિચાર કર્યો છે. આગમમાં કહેવામાં આવ્યું છે કે કેવળજ્ઞાની જે સમયે રત્નપ્રભાપૃથ્વી આદિના આકારો, હેતુઓ, ઉપમાઓ, દૃષ્ટાંતો, વર્ણો, સંસ્થાનો પ્રમાણો અને ઉપકરણોથી જાણે છે તે સમયે જોતા નથી તથા જે સમયે જુએ છે તે સમયે જાણતા નથી.

પાસણયા અને ઉપયોગમાં વિશેષ અંતર નથી. એક સ્થૂળ અંતર એ છે કે ઉપયોગમાં જ્ઞાન અને દર્શનના સમસ્ત ભેદ ગૃહિત થાય છે, જ્યારે પાસણયામાં મતિજ્ઞાન, મતિઅજ્ઞાન અને અચક્ષુદર્શનનું ગ્રહણ થતું નથી. પાસણયાના માટે સંસ્કૃતમાં પશ્યતા શબ્દનો પ્રયોગ થયો છે, જે બૌદ્ધ દર્શનમાં પ્રચલિત વિપશ્યનાથી ભિન્ન છે. પાસણયા પણ ઉપયોગની જેમ સાકાર અને અનાકારમાં વિભક્ત છે. સાકાર પાસણયામાં શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનનો સમાવેશ થાય છે જ્યારે અનાકાર પશ્યતામાં ચક્ષુ, અવધિ અને કેવળદર્શનની ગણના થાય છે.

દૃષ્ટિ :

સ્થૂળરૂપથી "દૃષ્ટિ" શબ્દનો અર્થ આંખ કે આંખથી જોવું લેવામાં આવે છે. પરંતુ જૈનાગમોમાં "દૃષ્ટિ" શબ્દ જીવન અને જગતના પ્રત્યે જીવના દૃષ્ટિકોણને વ્યક્ત કરે છે. દૃષ્ટિનો સંબંધ આત્માથી છે. બાહ્ય શરીર, ઈન્દ્રિયાદિથી નથી. કોઈપણ જીવ દૃષ્ટિવિહીન હોતો નથી. પછી તે એકેન્દ્રિયનો પૃથ્વીકાય જીવ હોય કે સિદ્ધજીવ હોય. બધામાં દૃષ્ટિ વિદ્યમાન છે. દૃષ્ટિ ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારની કહી છે - (૧) સમ્યગ્દષ્ટિ, (૨) મિથ્યાદષ્ટિ અને (૩) સમ્યગ્મિથ્યાદષ્ટિ (મિશ્ર દષ્ટિ). જે જીવ સંસારમાં સુખ સમજી વિષય ભોગોમાં રમણ કરે છે તે મિથ્યાદષ્ટિ હોય છે. જે જીવ આનાથી થઈ મોક્ષસુખનો અભિલાષી બને છે તે સમ્યગ્દષ્ટિ હોય છે. તેની વિષય ભોગોમાં આસક્તિ ઘટી જાય છે. સૈદ્ધાન્તિક દષ્ટિથી સમ્યગ્દષ્ટિની પ્રાપ્તિ માટે સાત પ્રકૃતિઓનો ક્ષય ઉપશમ કે ક્ષયોપશમ થવો જરૂરી છે. તે સાત પ્રકૃતિઓ મોહકર્મની છે, જેમ- અનંતાનુબંધી કષાયનો ચતુષ્ક, સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વમોહનીય અને મિશ્ર મોહનીય. જ્યારે મોહકર્મની આ સાત પ્રકૃતિઓ ક્ષીણ થાય છે ત્યારે દષ્ટિ સમ્યક્ બનતી જાય છે. જ્યારે સમ્યગ્દર્શન પણ ન હોય અને મિથ્યાદર્શન પણ ન હોય તો તેને સમ્યગ્મિથ્યાદષ્ટિ કહેવામાં આવે છે.

તત્ત્વાર્થસૂત્રમાં જીવાદિ તત્ત્વો પર યથાર્થ શ્રધ્ધા કરે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.[૧] જીવાદિ સાત કે નવતત્ત્વો પર શ્રધ્ધા થવાનું તાત્પર્ય છે જીવન અને જગતના પ્રત્યે સમ્યગ્દષ્ટિકોણ. સમ્યગ્દર્શનનો એક અભિપ્રાય છે સુદેવ, સુગુરુ અને સુધર્મ પર શ્રધ્ધા કરવી. અરિહંત અને સિદ્ધને સુદેવ માનવા, સુસાધુને ગુરુમાનવા અને જિનેન્દ્ર દ્વારા પ્રરૂપિત ધર્મને ધર્મ માનવો એ સમ્યક્ત્વની એક ઓળખાણ છે. સમ્યક્ત્વના પાંચ લક્ષણ માન્યા છે - (૧) શમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ, (૪) અનુકંપા અને (૫) આસ્થા. ક્રોધાદિ કષાયોનું 'શમન' શમ છે. ધર્મના પ્રતિ ઉત્સાહ, સાધર્મિકોના પ્રતિ અનુરાગ કે પંચ પરમેષ્ઠિઓના પ્રતિ પ્રીતિ થવું 'સંવેગ' છે. વિષયભોગોથી વૈરાગ્ય 'નિર્વેદ' છે. દુઃખી પ્રાણિઓના દુઃખથી અનુકંપિત થવું 'અનુકંપારુ છે. જિનદેવ, સુસાધુ અને જિનપ્રણીત ધર્મ પર શ્રધ્ધા કરવી અને તત્વાર્થો પર શ્રધ્ધા કરવી આસ્થા કે આસ્તિક્ય છે. જે જિનવચનો પર શ્રધ્ધા રાખી તેને જીવનમાં અપનાવે છે તે નિર્મળ અને સંકલેશરહિત થઈ સંસાર ભ્રમણને પરિત અર્થાત્ સીમિત કરી લે છે.[૨]

જ્ઞાન :

જ્ઞાન આત્માનો ગુણ છે અને તે આત્માથી અભિન્ન છે. તે આત્મ સ્વરૂપ જ છે. "जे आया से विण्णाया, जे विण्णाया मे आया" આ વાક્યથી પણ એ વાત સ્પષ્ટ થાય છે કે જે વિજ્ઞાતા છે તે આત્મા છે અને જે આત્મા છે તે વિજ્ઞાતા છે. ન્યાયદર્શનમાં આત્માને જ્ઞાનનું અધિકરણ માનવામાં આવે છે. આત્મા મૂળરૂપે ન્યાયદર્શનમાં જડ છે. તેમાં જ્ઞાનગુણ આગતગુણ છે. વેદાન્તમાં આત્માને નિત્ય, જ્ઞાનાત્મક અને આનંદયુક્ત સ્વીકાર કરવામાં આવે છે. બૌદ્ધદર્શનમાં વિજ્ઞાનવાદના અનુસાર વિજ્ઞાન અથવા જ્ઞાન જ સત્ છે. બૌદ્ધોએ આત્માનું પૃથક્ અસ્તિત્વ સ્વીકાર નથી કર્યું, વિજ્ઞાન કે જ્ઞાનની સંતતિથી જ પુનર્જન્મ સિદ્ધ કર્યો છે. સાંખ્યદર્શનમાં જ્ઞાનને જડ પ્રકૃતિનું કાર્ય સ્વીકાર કરવામાં આવ્યું છે.

જૈનદર્શનમાં આત્માના વિભિન્ન લક્ષણ છે, જેમાં જ્ઞાન અને દર્શન મુખ્ય છે. જ્ઞાનની દષ્ટિથી વિચાર કરવામાં આવે તો આત્મામાં જ્ઞાનની ન્યૂનાધિકતા થતી રહે છે, પરંતુ આત્મા ક્યારેય જ્ઞાન રહિત થતી નથી. જ્ઞાનનું આવરણ નષ્ટ થવાથી પૂર્ણજ્ઞાન અથવા કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે. આત્મા સ્વભાવથી જ્ઞાનાત્મક છે. માટે આ જ્ઞાન બાહ્ય પદાર્થોથી આવેલું નથી, પરંતુ આનાથી બાહ્ય પદાર્થોને અવશ્ય જાણી શકાય છે. જ્ઞાનાવરણ કર્મ આત્માના જ્ઞાનને અવશ્ય ઢાંકે છે. પરંતુ તેનાથી આત્મા ક્યારેય જ્ઞાન શૂન્ય બનતી નથી. આત્મામાં ક્યારેક જ્ઞાન હોય છે અને ક્યારેક અજ્ઞાન હોય છે એવું અવશ્ય બને છે. જ્યારે જીવ મિથ્યાદષ્ટિયુક્ત હોય છે ત્યારે તેના જ્ઞાનને 'અજ્ઞાન' કહેવામાં આવે છે તથા જ્યારે તે સમ્યગ્દષ્ટિયુક્ત હોય છે ત્યારે તેનું જ્ઞાન 'સમ્યગ્જ્ઞાન' કહેવાય છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જાણવાની યોગ્યતાનો વિકાસ થાય છે. બાહ્ય પદાર્થોને જૈનદર્શન જ્ઞાનની ઉત્પત્તિનું કારણ નથી માનતુ. પરંતુ જ્ઞાનના દ્વારા તે જ બાહ્ય પદાર્થોને જાણી શકાય છે જે અસ્તિત્વવાન્ છે, હતા અને રહેશે.

---

૧. "तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्" - तत्वार्थ सूत्र-१/२

૨. "जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेंति भावेणं ।
अमला असंकिलिट्ठा, ते होंति परित्त संसारी ॥" - उत्तराध्ययनसूत्र - ३६/२६४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન જૈનદર્શનમાં સ્વ-પર પ્રકાશક છે. પરંતુ આ સંબંધમાં દ્રવ્યાનુયોગમાં સ્પષ્ટ વર્ણન મળતું નથી. દર્શનગ્રન્થોમાં અને કુંદકુંદાચાર્યએ આનું સ્પષ્ટ વર્ણન કર્યું છે.[૧] કુંદકુંદે ત્યાં જ્ઞાનની જેમ દર્શનને પણ સ્વ-પર પ્રકાશક માન્યું છે. ધવલા ટીકાકાર વીર સેનાચાર્યએ દર્શનને સ્વ-સંવેદન કે અંતરચિત્ પ્રકાશક માન્યું છે તથા જ્ઞાનને બાહ્ય પ્રકાશક સ્વીકાર કર્યો છે.[૨] તેથી દર્શન સ્વ-પ્રકાશક અને જ્ઞાન પર - પ્રકાશક સિદ્ધ થાય છે.

દર્શન અને જ્ઞાનમાં શું અંતર છે તેને સિદ્ધસેનસૂરિએ આ પ્રમાણે સ્પષ્ટ કર્યું છે -

"जं सामण्णगहणं दंसणमेयं विसेसियं नाणं ।
दोण्ह वि णयाण एसो पाडेक्कं अत्थपज्जाओ ॥"[૩]

અર્થાત્ જે સામાન્ય ગ્રહણ છે તે દર્શન છે તથા જે વિશેષ ગ્રહણ છે તે જ્ઞાન છે. દ્રવ્યાર્થિકનયથી દર્શન સામાન્યનું ગ્રહણ કરે છે તથા પર્યાયાર્થિક નયથી તે વિશેષનું ગ્રહણ કરે છે. વીરસેનાચાર્યએ આ માન્યતા પર આક્ષેપ કર્યો છે. તેમનું કથન છે કે વસ્તુ સામાન્ય વિશેષાત્મક હોય છે. તેમાંથી સામાન્ય અને વિશેષનું ગ્રહણ અલગ-અલગ થતું નથી, પરંતુ એક સાથે થાય છે. વસ્તુને સામાન્ય અને વિશેષમાં વહેંચી ન શકાય. વીરસેનાચાર્યે સામાન્ય ગ્રહણને પણ દર્શન સ્વીકાર કર્યું છે, પરંતુ ત્યારથી સામાન્યનો અર્થ આત્મા કરી તે આત્મગ્રહણને દર્શન કહ્યું છે.[૪] વીરસેનના આ વિચાર પર પણ પ્રશ્ન ઊભો થાય છે કે જો આત્મગ્રહણને જ દર્શન કહેવામાં આવશે તો દર્શનના ચક્ષુદર્શન, અચક્ષુદર્શન આદિ ભેદ કેવી રીતે ઘટિત થશે.

જિનભદ્રગણિએ મતિજ્ઞાનનો એક ભેદ અવગ્રહને પરિભાષિત કરતા સામાન્ય ગ્રહણને અવગ્રહ કહ્યું છે. અહિંયા સિદ્ધસેન નિરૂપિત દર્શન-લક્ષણ અને જિનભદ્રગણિના અવગ્રહ લક્ષણમાં કોઈ ભેદ રહેતો નથી. કારણ કે બંનેમાં સામાન્ય ગ્રહણ વિદ્યમાન છે. આગમ તો દર્શન અને જ્ઞાનને ભિન્ન માને છે. માટે બંનેનો અલગ-અલગ પ્રયોગ થયો છે. બીજી વાત એ છે કે દર્શનગુણ દર્શનાવરણ કર્મના ક્ષય કે ક્ષયોપશમથી પ્રગટ થાય છે તથા જ્ઞાનગુણ જ્ઞાનાવરણકર્મના ક્ષય કે ક્ષયોપશમથી અભિવ્યક્ત થાય છે.

દર્શન અને જ્ઞાનમાં કેટલાક મૌલિક ભેદ છે, જેમકે - (૧) જ્ઞાન સાકાર હોય છે અને દર્શન નિરાકાર હોય છે. (૨) જ્ઞાન સવિકલ્પક હોય છે અને દર્શન નિર્વિકલ્પક હોય છે. (૩) પહેલા દર્શન થાય છે અને પછી જ્ઞાન થાય છે. (૪) દર્શનાવરણકર્મના ક્ષય કે ક્ષયોપશમથી દર્શન પ્રગટ થાય છે તથા જ્ઞાનાવરણકર્મના ક્ષય કે ક્ષયોપશમથી જ્ઞાન પ્રગટ થાય છે. (૫) વસ્તુના પ્રથમ નિર્વિશેષ સંવેદનને દર્શન કહેવામાં આવે છે તથા જ્ઞાનને સવિશેષ (સાકાર) સંવેદન કહી શકાય છે.

સામાન્ય ગ્રહણનો અર્થ સામાન્યનું ગ્રહણ ન કરી સામાન્યરૂપે ગ્રહણ કરવામાં આવે તો સિદ્ધસેન દ્વારા પ્રદત્ત લક્ષણમાં આક્ષેપ ન રહે. દર્શનમાં વસ્તુનું ગ્રહણ સામાન્યરૂપથી અર્થાત્ નિર્વિશેષરૂપથી થાય છે. આમાં ભેદનું ગ્રહણ થતું નથી.

જ્ઞાનના પાંચ અને અજ્ઞાનના ત્રણ પ્રકાર છે. જ્ઞાનના પાંચ પ્રકાર છે - (૧) આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન), (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન. અજ્ઞાનના ત્રણ પ્રકાર છે - (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન અને (૩) વિભંગજ્ઞાન.

---

૧. (અ) "स्व-पर व्यवसायि ज्ञानं प्रमाणम्" - प्रमाण नयतत्वालोक - ૧/૧

(બ) "अप्पाणं विणु णाणं णाणं विणु अप्पगो ण संदेहो ।
म्हा सपरपयासं णाणं तह दंसणं होदि ॥" - નિયમસાર - ૧૭૧

૨. (અ) "अन्तर्बहिर्मुखयोश्चित्प्रकाशयोर्दर्शनज्ञानव्यपदेशभाजोरेकत्वविरोधात् ॥" - ધવલા, પુસ્તક - ૧, પૃ. ૧૪૯

(બ) વિરસેનાચાર્યએ દર્શનને અંતરંગ ઉપયોગ અને જ્ઞાનને બહિરંગ ઉપયોગ કહ્યો છે.
- દ્રષ્ટવ્ય, ધવલા પુસ્તક ૧૩, પૃ. ૨૦૮

૩. સન્મતિપ્રકરણ - ૨/૧

૪. ધવલા, પુસ્તક-૧, પૃ. ૧૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્ઞાનનો અર્થ વિપરીત જ્ઞાન છે જ્ઞાનનો અભાવ નહિ. જ્ઞાની પણ જાણે છે અને અજ્ઞાની પણ જાણે છે, પરંતુ બંનેની દૃષ્ટિ ભિન્ન હોય છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ હોય છે જ્યારે જ્ઞાની સમ્યગ્‌દૃષ્ટિ હોય છે. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન "અજ્ઞાન" કહેવાય છે તથા સમ્યગ્‌દૃષ્ટિનું જ્ઞાન "સમ્યગ્‌જ્ઞાન" કહેવાય છે.

મન અને ઈન્દ્રિયોની સહાયતાથી થવાવાળું જ્ઞાન મતિજ્ઞાન છે તે જ આગમોમાં આભિનિબોધિકજ્ઞાન કહેવાય છે. મતિજ્ઞાનમાં સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન (સંજ્ઞા), તર્ક (ચિંતા) અને આભિનિબોધ (અનુમાન)નો પણ સમાવેશ થઈ જાય છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે. તે સંકેતગ્રહિત જ્ઞાન છે. મતિજ્ઞાનથી ફલિત થવાવાળું જ્ઞાન છે. મતિ અને શ્રુતજ્ઞાન ઈન્દ્રિય અને મનના સાપેક્ષ હોવાના કારણે પરોક્ષ કહ્યા છે. નંદીસૂત્રમાં એક અપેક્ષાથી ઈન્દ્રિયથી થવાવાળા જ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું છે. એટલું જ નહિ પણ જૈન દર્શનમાં જે પ્રમાણમીમાંસાનો વિકાસ થયો તેમાં પણ ઈન્દ્રિય અને મનથી થવાવાળા જ્ઞાનને પ્રત્યક્ષની શ્રેણીમાં લઈ સાંવ્યાવહારિકપ્રત્યક્ષ નામ આપવામાં આવ્યું છે.

અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનમાં ઈન્દ્રિય અને મનની અપેક્ષા હોતી નથી. આ ત્રણે જ્ઞાન સીધા આત્માથી થવાના કારણે પ્રત્યક્ષ કહ્યા છે. દાર્શનિકોએ આ ત્રણેને પારમાર્થિક પ્રત્યક્ષ કે મુખ્ય પ્રત્યક્ષ નામ આપ્યું છે. અવધિજ્ઞાનમાં આત્મા દ્વારા રૂપી દ્રવ્યોને એક નિશ્ચિત ક્ષેત્ર સુધી પ્રત્યક્ષરૂપે જાણી શકાય છે. અવધિજ્ઞાનના અનુગામી. અનનુગામી, હીયમાન, વર્ધમાન, પ્રતિપાતી અને અપ્રતિપાતી છહ પ્રકારના થાય છે. મનઃપર્યવજ્ઞાનમાં બીજાના મનની પર્યાયોને જાણી શકે છે. કેવળજ્ઞાન દ્વારા ત્રણે લોક અને ત્રણે કાળની સમસ્ત પર્યાયોને જાણી શકાય છે. કેવળજ્ઞાનનું બીજું નામ અનંતજ્ઞાન પણ છે. આ જ્ઞાનને પ્રાપ્ત કરનારને અનંતજ્ઞાની કે સર્વજ્ઞ પણ કહી શકાય છે. સર્વજ્ઞને કંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી.

સંયત :

"સંયમ" શબ્દ ચરણાનુયોગનો વિષય છે, પરંતુ સંયમપાલક સંયત વ્યક્તિ દ્રવ્યાનુયોગનો વિષય બને છે. માટે સંયતની ચર્ચા દ્રવ્યાનુયોગમાં કરવામાં આવી છે. સાંસારિક જીવોને ત્રણ ભાગોમાં વિભક્ત કરવામાં આવે છે - (૧) સંયત, (૨) સંયતાસંયત અને (૩) અસંયત. મહાવ્રતધારી સાધુ-સાધ્વીને 'સંયત', પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવકોને 'સંયતાસંયત' અને શેષ (પ્રથમથી ચોથા ગુણસ્થાનવર્તી) જીવોને 'અસંયત' કહેવામાં આવે છે. કોઈ જીવ સમ્યગ્‌દૃષ્ટિ હોવા છતાં પણ ત્યાં સુધી અસંયત જ રહે છે, જ્યાં સુધી તે દેશવિરતી કે સર્વવિરતી ન થઈ જાય. સંયત સર્વવિરતી ચારિત્રથી યુક્ત હોય છે. ચારિત્રનાં પાંચ ભેદોના આધાર પર સંયત પણ પાંચ પ્રકારના કહ્યા છે - (૧) સામાયિક સંયત, (૨) છેદોપસ્થાપનીય સંયત, (૩) પરિહારવિશુદ્ધિ સંયત, (૪) સૂક્ષ્મસંપરાય સંયત અને (૫) યથાખ્યાત સંયત.[૧]

સંયતો અથવા સાધુઓને આગમમાં "નિર્ગ્રંથ" પણ કહેવામાં આવે છે. નિર્ગ્રંથ પાંચ પ્રકારના હોય છે - (૧) પુલાક, (૨) બકુશ, (૩) કુશીલ, (૪) નિર્ગ્રંથ અને (૫) સ્નાતક. સંયમવાન્ હોવા છતાં પણ જે સાધુ કોઈ નાના દોષના કારણે સંયમને કિંચિત્ માત્ર પણ અસાર કરી દે છે તે 'પુલાક' કહેવાય છે. જે આત્મ શુદ્ધિની અપેક્ષા શરીરના વિભૂષા અને ઉપકરણોની સજાવટમાં અધિક રૂચિ રાખે છે તે 'બકુશ' શ્રમણ છે. કુશીલ નિર્ગ્રંથ બે પ્રકારના હોય છે - (૧) પ્રતિસેવના કુશીલ અને (૨) કષાય કુશીલ. જે સાધક જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ અને શરીર આદિ હેતુઓમાં સંયમના મૂળગુણો કે ઉત્તરગુણોમાં દોષ લગાડે છે તે 'પ્રતિસેવના કુશીલ' કહેવાય છે. 'કષાય કુશીલ' સંયમના મૂળગુણો અને ઉત્તરગુણોમાં દોષ લગાડતા નથી. પરંતુ સંજ્વલન કષાયની પ્રકૃતિથી તે યુક્ત હોય છે. "નિર્ગ્રંથ" ભેદમાં કષાયપ્રકૃતિ અને દોષોના સેવનનો સર્વથા અભાવ હોય છે. તેમાં સર્વજ્ઞતા પ્રગટ થવાની બાકી હોય છે તથા રાગ-દ્વેષનો અભાવ થઈ જાય છે. "નિર્ગ્રંથ" શબ્દનો વાસ્તવિક અર્થ રાગ-દ્વેષની ગ્રંથિથી રહિત એ અર્થ અહિં પૂર્ણરૂપથી ઘટિત થાય છે. એ જ નિર્ગ્રંથ વીતરાગ હોય છે. સર્વજ્ઞતા યુક્ત નિર્ગ્રંથ "સ્નાતક" કહેવામાં આવે છે. પંચવિધ નિર્ગ્રંથોની આ સર્વોત્કૃષ્ટ સ્થિતિ છે.

સંયતને પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયતની દૃષ્ટિથી પણ વિભક્ત (વિભાગ) કરવામાં આવે છે. પ્રમત્તસંયત સાધુ છઠ્ઠા ગુણસ્થાનમાં રહે છે તથા સાતમાંથી તે અપ્રમત્ત દશામાં રહે છે.

---

૧. વિસ્તૃત પરિચય માટે દ્રવ્યાનુયોગ ભાગ-૨. પૃ. ૧૦૮૧ પર આમુખ જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેશ્યા :

સયોગી આત્માના શુભાશુભ પરિણામ 'લેશ્યા' કહેવાય છે. લેશ્યાનો સંબંધ યોગથી છે. જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી લેશ્યા છે. મન, વચન અને કાયાની પ્રવૃત્તિરૂપ યોગનો અભાવ થવાથી લેશ્યાનો પણ અભાવ થાય છે. આવશ્યકસૂત્રની હરિભદ્રીયટીકામાં લેશ્યાને પરિભાષિત કરતા કહ્યું છે- **"श्लेषयन्त्यात्मानमष्टविधेन कर्मणा इति लेश्याः"** અર્થાત્ જે આત્માને અષ્ટવિધ કર્મોથી શ્લીષ્ટ કરે છે તે લેશ્યા છે. એક અન્ય પરિભાષા **"लिम्पतीति लेश्या"** ધવલાટીકાના અનુસાર જે કર્મો આત્માને લિપ્ત કરે છે તે લેશ્યા છે. કર્મબંધનમાં પ્રમુખ હેતુ કષાય અને યોગ છે. યોગથી કર્મપુદ્ગલરૂપી રજકણ આવે છે. કષાયરૂપી ગુંદથી તે આત્મા પર ચીપકે છે. પરંતુ કષાય ગુંદને ભીનું કરવાવાળુ પાણી "લેશ્યા" છે. સુકો ગુંદ રજકણને ચીપકાવી ન શકે. એ રીતે કષાય અને યોગથી લેશ્યા ભિન્ન છે. સર્વાર્થસિદ્ધિ, ધવલા ટીકા આદિ ગ્રંથોમાં કષાયના ઉદયથી અનુરંજિત યોગની પ્રવૃત્તિને લેશ્યા કહેવામાં આવે છે.

લેશ્યા મુખ્યરૂપે બે પ્રકારની હોય છે - (૧) દ્રવ્યલેશ્યા અને (૨) ભાવલેશ્યા. મન, વચન અને કાયાના માધ્યમથી જે આત્મભાવોની અભિવ્યક્તિ છે તે દ્રવ્યલેશ્યા છે. દ્રવ્યલેશ્યા પૌદ્ગલિક હોય છે અને ભાવ લેશ્યા અપૌદ્ગલિક. દ્રવ્યલેશ્યામાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. ભાવલેશ્યા અગુરૂલઘુ હોય છે અને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત હોય છે.

દ્રવ્ય અને ભાવ આ બંને પ્રકારની લેશ્યાઓના છ ભેદ છે - (૧) કૃષ્ણલેશ્યા, (૨) નીલલેશ્યા, (૩) કાપોતલેશ્યા, (૪) તેજોલેશ્યા, (૫) પદ્મલેશ્યા અને (૬) શુક્લલેશ્યા. આમાંથી પ્રથમ ત્રણ લેશ્યાઓ અધર્મ લેશ્યાઓ છે તથા તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણ લેશ્યાઓ ધર્મલેશ્યાઓ છે. અધર્મલેશ્યાઓ દુર્ગતિગામિની, સંકલિષ્ટ, અમનોજ્ઞ, અવિશુદ્ધ, અપ્રશસ્ત અને શીત-રુક્ષ સ્પર્શવાળી છે તથા ધર્મ લેશ્યાઓ સુગતિગામિની અસંક્લિષ્ટ મનોજ્ઞ, વિશુદ્ધ, પ્રશસ્ત અને સ્નિગ્ધ-ઉષ્ણ સ્પર્શવાળી છે. એ છએ લેશ્યાઓ ઉત્તરોત્તર શુભ છે.

વર્ણની અપેક્ષાએ કૃષ્ણલેશ્યામાં કાળો વર્ણ, નીલ લેશ્યામાં નીલો વર્ણ, કાપોતલેશ્યામાં કબુતરી વર્ણ, તેજો લેશ્યામાં લાલ વર્ણ, પદ્મલેશ્યામાં પીળો વર્ણ અને શુક્લલેશ્યામાં શ્વેતવર્ણ હોય છે. રસની અપેક્ષાએ કૃષ્ણલેશ્યામાં કડવો, નીલલેશ્યામાં તીખો, કાપોત લેશ્યામાં તૂરો, તેજો લેશ્યામાં ખાટો-મીઠો, પદ્મલેશ્યામાં તૂરો-મીઠો અને શુક્લ લેશ્યામાં મીઠો રસ હોય છે. ગંધની અપેક્ષાએ કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાઓ દુર્ગંધયુક્ત છે તથા તેજો, પદ્મ અને શુક્લલેશ્યાઓ સુગંધયુક્ત છે. સ્પર્શની અપેક્ષાએ કૃષ્ણ નીલ અને કાપોતલેશ્યાઓ કર્કશ (ખરબચડા) રસયુક્ત છે. તેજો, પદ્મ અને શુક્લલેશ્યાઓ કોમલ સ્પર્શયુક્ત છે.

પ્રદેશની અપેક્ષાએ કૃષ્ણથી શુક્લલેશ્યા સુધી બધી લેશ્યાઓમાં અનંત પ્રદેશ છે. વર્ગણાની અપેક્ષા પ્રત્યેક લેશ્યામાં અનંત વર્ગણાઓ છે. પ્રત્યેક લેશ્યા અસંખ્યાત આકાશ પ્રદેશોમાં છે. આ વર્ણન દ્રવ્યલેશ્યાના અનુસાર છે.

ભાવલેશ્યાની દષ્ટિથી કૃષ્ણલેશ્યાનું લક્ષણ આપતા કહ્યું છે કે જે જીવ પાંચ આશ્રવોમાં પ્રવૃત્ત છે. ત્રણ ગુપ્તિઓથી અગુપ્ત છે. ષટ્કાયિક જીવોના પ્રતિ અવિરત છે. મહારંભમાં પરિણત છે. ક્ષુદ્ર અને સાહસી છે. નિઃશંક પરિણામવાળા, નૃશંસ અને અજિતેન્દ્રિય છે તે કૃષ્ણલેશ્યામાં પરિણત હોય છે.

ઈર્ષાળુ, અસહિષ્ણુ, અતપસ્વી, અજ્ઞાની, માયાવી, નિર્લજ્જ, વિષયાસક્ત, દ્વેષી, શઠ, પ્રમાદી, રસલોલુપ, આરંભથી અવિરત, ક્ષુદ્ર અને દુઃસાહસી જીવ નીલ લેશ્યામાં પરિણત હોય છે.

જે વાણીથી વક્ર, આચારથી વક્ર, કપટી, સરળતાથી રહિત, પોતાના દોષોને છુપાવવાવાળો ઔપધિક મિથ્યાદષ્ટિ, અનાર્ય, દુષ્ટવાદી, ચોર મત્સરી આદિ હોય તે કાપોત લેશ્યામાં પરિણત હોય છે.

જે નમ્ર, અચપળ, માયારહિત, અકુતૂહલી, વિનયશીલ, દાન્ત, યોગ અને ઉપધાન (તપ) યુક્ત છે, પ્રિયધર્મી, દઢ ધર્મી, પાપભીરૂ અને હિતૈષી છે તે તેજોલેશ્યામાં પરિણત હોય છે.

જેનામાં ક્રોધ, માન, માયા અને લોભ અત્યંત પાતળા છે. જે પ્રશાંતચિત્ત છે. આત્માનું દમન કરે છે. યોગ અને ઉપધાનયુક્ત છે, અલ્પભાષી, ઉપશાન્ત અને જિતેન્દ્રિય છે તે પદ્મલેશ્યામાં પરિણત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે આર્ત અને રૌદ્રધ્યાનોનો ત્યાગ કરી ધર્મ અને શુક્લલેશ્યામાં લીન છે. પ્રશાન્તચિત્ત અને દાન્ત છે. પાંચ સમિતિઓથી સમિત અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત અને જિતેન્દ્રિય છે તે શુક્લલેશ્યામાં પરિણત હોય છે.

લેશ્યાના સંબંધમાં જાણવા યોગ્ય બિંદુ નીચે પ્રમાણે છે -

(૧) જીવ જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરી મરે છે તે તેજ લેશ્યાવાળા જીવોમાં ઉત્પન્ન થાય છે.

(૨) પૌદ્‌ગલિક હોવા છતાં પણ લેશ્યા આઠ કર્મોની ઉત્તરપ્રકૃત્તિમાં કયાંય સમાવિષ્ટ થતી નથી. એનું તાત્પર્ય એ છે કે તે કર્મરૂપ નથી, પરંતુ ૨૧ પ્રકારના ઔદયિક ભાવોમાં ગતિ અને કષાયની સાથે લેશ્યાની પણ ગણના કરી છે. ઔદયિકભાવરૂપ હોવાથી લેશ્યાનો કર્મ પરિણામની સાથે પણ સંબંધ જોડાય છે. કષાયોદયથી અનુરંજિત માનવાથી લેશ્યાને ચારિત્રમોહકર્મની સાથે તથા યોગથી પરિણત માનવાથી નામકર્મની સાથે સંબંધ કરી શકાય છે. પરંતુ અહિં જાણવા યોગ્ય એ છે કે કષાયની અભાવમાં પણ ૧૨માં અને ૧૩માં ગુણસ્થાનમાં શુક્લલેશ્યા જોવા મળે છે. તેથી સિદ્ધ થાય છે કે લેશ્યાનો સંબંધ કષાયથી નહિ પણ યોગથી જ છે.

(૩) પહેલાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી છયે લેશ્યાઓ હોય છે. સાતમા ગુણસ્થાનમાં તેજો, પદ્મ અને શુક્લલેશ્યાઓ હોય છે, જ્યારે આઠમાંથી તેરમા ગુણસ્થાન સુધી માત્ર શુક્લલેશ્યા હોય છે.

(૪) એક લેશ્યા અન્ય લેશ્યાને પ્રાપ્ત થઈ તેના વર્ણાદિમાં પરિણમન કરી શકે છે. પરંતુ આકાર, ભાવમાત્રા, પ્રતિભાગ ભાવમાત્રાની અપેક્ષાએ પરિણમન થતું નથી.

(૫) નારકીના જીવોમાં સમુચ્ચયથી કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા હોય છે. ભવનપતિ, વાણવ્યંતર, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં તેજોલેશ્યા મળી ચાર લેશ્યાઓ છે. તૈજસ્‌કાય, વાયુકાય અને વિકલેન્દ્રિય જીવોમાં કૃષ્ણથી કાપોતસુધી ત્રણ લેશ્યાઓ છે. વૈમાનિક દેવોમાં તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણ લેશ્યાઓ છે. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં છએ લેશ્યાઓ છે. જ્યોતિષી દેવોમાં એકમાત્ર તેજોલેશ્યા છે.

આધુનિક વ્યાખ્યાકાર લેશ્યાને આભામંડળનું પ્રમુખ કારણ માને છે. વ્યક્તિનું આભામંડળ (તેની લેશ્યાઓનું પરિચાયક હોય છે.

ક્રિયા :

સામાન્યરીતે આપણે જે કોઈ કાર્યને પૂર્ણ કરવા માટે જે પ્રવૃત્તિ કરીએ છીએ તેને 'ક્રિયા' કહેવાય છે. તે ક્રિયા જીવમાં પણ હોઈ શકે છે અને અજીવમાં પણ હોઈ શકે છે. પરંતુ જૈનદર્શનની પારિભાષિક ક્રિયાનો સંબંધ જીવથી છે. જ્યાં સુધી જીવમાં મન, વચન અને ક્રિયાનો યોગ છે ત્યાં સુધી જ તેમાં ક્રિયા માનવામાં આવે છે. જ્યારે જીવ અયોગી અવસ્થા અર્થાત્ શૈલેષી અવસ્થાને અથવા સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તે અક્રિય થઈ જાય છે. એનું તાત્પર્ય એ છે કે યોગ વગરની ક્રિયા થતી નથી. ક્રિયાનું કારણ અથવા માધ્યમ યોગ છે.

દ્રવ્યાનુયોગમાં ક્રિયાના વિવિધ પ્રકારે વિભાજન ઉપલબ્ધ છે. જે નિમિત્ત, હેતુ, ફળ અથવા સાધનથી ક્રિયા કરવામાં આવે છે તે જ નિમિત્ત, હેતુ, ફળ અથવા સાધનના આધારે ક્રિયાનું નામકરણ કરવામાં આવે છે. એટલા માટે ક્રિયાના અનેક વિભાજન છે. સ્થાનાંગ સૂત્રમાં ક્રિયાના બે પ્રકાર કહેતા દશેક બીજા પણ વિભાજન કર્યા છે. જેમાં કેટલાક વિભાજન આ પ્રમાણેના છે કે જેનો સમાવેશ ક્રિયાના પાંચ પ્રકારો અને પચ્ચીસ પ્રકારોમાં થઈ જાય છે.

કષાયની ઉપસ્થિતિમાં જે ક્રિયા થાય છે તે 'સામ્પરાયિકી ક્રિયા' કહેવામાં આવે છે તથા જે કષાયરહિત અવસ્થામાં ક્રિયા થાય છે તે 'ઐર્યાપથિકી ક્રિયા' (ઈરિયાપથિકી ક્રિયા) કહેવાય છે. આનો આશય એ છે કે ક્રિયા કષાય નિરપેક્ષ છે. ક્રિયાની નિષ્પત્તિમાં યોગ આવશ્યક છે, કષાય નહિ.

ક્રિયાના વિવિધ વિભાજનમાં કાયિકી આદિ પાંચ ક્રિયાઓનું વિભાજન પ્રસિદ્ધ છે. તે પાંચ ક્રિયાઓ છે - (૧) કાયિકી, (૨) આધિકરણિકી, (૩) પ્રાદ્વેષિકી, (૪) પારિતાપનિકી અને (૫) પ્રાણાતિપાતિકી. જે ક્રિયામાં કાયાની પ્રમુખતા હોય તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'કાયિકી' જે ક્રિયા શસ્ત્ર આદિ ઉપકરણોથી કરવામાં આવે છે તે 'આધિકરણિકી' જે ક્રિયા દ્વેષપૂર્વક કરવામાં આવે છે તે 'પ્રાદ્વેષિકી', જે ક્રિયા બીજા પ્રાણિઓને કષ્ટકારી હોય તે 'પારિતાપનિકી' તથા પ્રાણિઓના પ્રાણોના અતિપાત કરવાની ક્રિયા 'પ્રાણાતિપાતિકી' ક્રિયા કહેવાય છે. જીવના ચૌવીશ જ દંડકોમાં આ પાંચ પ્રકારની ક્રિયાઓ જોવા મળે છે.

ક્રિયાથી આશ્રવ થાય છે. આશ્રવ પછી કર્મબંધ થાય છે. જો ક્રિયા કષાયયુક્ત છે તો બંધ અવશ્ય થાય છે અને જો ક્રિયા કષાયરહિત છે તો માત્ર આશ્રવ થાય છે. બંધ નહિ. એટલા માટે બે પ્રકારના ક્રિયા સ્થાન કહ્યા છે - (૧) ધર્મસ્થાન અને (૨) અધર્મસ્થાન. ધર્મપૂર્વક કરેલી ક્રિયા ધર્મસ્થાનનું સૂચક છે તથા અધર્મપૂર્વક કરેલી ક્રિયા અધર્મસ્થાનનું સૂચક છે. ક્રિયા શબ્દનો પ્રયોગ ચારિત્રના અર્થમાં પણ થાય છે. એટલા માટે "ज्ञान क्रियाभ्यां मोक्षः" અથવા "नाणकिरियाहिं मोक्खो"[૧] કથન પ્રસિદ્ધ છે આમ જ્ઞાનના આચરણરૂપ જે ચારિત્ર છે તે 'ધર્મસ્થાન ક્રિયા' છે. શેષ બધી ક્રિયાઓ અધર્મસ્થાનની અંદર સમાવિષ્ટ થાય છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ, ગુપ્તિ આદિ ક્રિયાઓમાં રૂચિને 'ક્રિયારૂચિ' કહેવાય છે. આ એક પ્રકારથી ધર્મસ્થાન ક્રિયારૂચિ જ છે. સાધકને અધર્મપરક ક્રિયાનો ત્યાગ કરી ધર્મપરક ક્રિયા અપનાવવી જોઈએ. સદોષ ક્રિયાઓમાં ક્રિયાનો ત્યાગ કરવો જ સાધનાના હિતમાં છે.

આશ્રવ :

આત્માની સાથે કર્મ પુદ્ગલોનું ચીટકવું 'બંધ' કહેવાય છે. બંધના પૂર્વ કર્મપુદ્ગલોના આગમનને 'આશ્રવ' કહેવામાં આવે છે. જો આશ્રવ ન હોય તો બંધ પણ ન થાય. બંધના પૂર્વ આશ્રવનું થવું અનિવાર્ય છે. કર્મોનો આશ્રવ સાવદ્ય કે પાપકારી ક્રિયાઓના કારણે થાય છે. આશ્રવના મુખ્યરૂપે પાંચ દ્વાર છે - (૧) મિથ્યાત્વ, (૨) અવિરત, (૩) પ્રમાદ, (૪) કષાય અને (૫) યોગ. મિથ્યાત્વ જીવનો જીવન અને જગત પ્રત્યેનો અસમ્યક્ દૃષ્ટિકોણ છે. બીજા શબ્દોમાં સમ્યક્ત્વનો વિપરીતભાવ મિથ્યાત્વ છે. મિથ્યાત્વીની કુદેવ, કુગુરુ અને કુધર્મ પર શ્રધ્ધા હોય છે, સુદેવ, સુગુરુ અને સુધર્મ પર નહિ. જીવાદિ તત્ત્વો પર યથાર્થ શ્રદ્ધા ન થવી પણ 'મિથ્યાત્વ' છે. હિંસાદિ પાપોથી વિરત ન થવું 'અવિરતિ' છે. પ્રમાદનો અર્થ છે- આત્મસ્વરૂપનું વિસ્મરણ. ક્રોધાદિ ભાવ 'કષાય' કહેવાય છે. યોગ મન, વચન અને કાયાની પ્રવૃત્તિનું નામ છે. આ પાંચ કારણો સિવાય બીજા કારણ પણ આશ્રવના ભેદોમાં બતાવ્યા છે. પરંતુ તેનો સમાવેશ આ પાંચ દ્વારોમાં જ થઈ જાય છે. તત્વાર્થસૂત્રમાં આશ્રવના આ પાંચ દ્વારોની ગણના બંધ હેતુઓમાં કરવામાં આવી છે.[૨] કર્મગ્રંથમાં પણ આને બંધહેતુ કહ્યા છે તથા બંધ હેતુઓના ૫૭ ભેદોમાં મિથ્યાત્વના ૫, અવિરતિના ૧૨, કષાયના ૨૫ અને યોગના ૧૫ ભેદોની ગણના કરવામાં આવી છે. આશ્રવના દ્વાર જ એક પ્રકારથી બંધના હેતુ થાય છે કારણ કે તેના હોવાથી જ બંધ થાય.

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આશ્રવના આ પાંચ ભેદ વર્ણિત છે - (૧) હિંસા, (૨) મૃષા, (૩) અદત્તાદાન, (૪) અબ્રહ્મ અને (૫) પરિગ્રહ. તેનું ત્યાં વિસ્તારથી વર્ણન છે. જેનો સમાવેશ દ્રવ્યાનુયોગના આશ્રવ અધ્યયનમાં કરવામાં આવ્યો છે.

અહિં એક વાત બીજી પણ ઉલ્લેખનીય છે કે યોગના બે રૂપ છે- શુભ અને અશુભ. તેમાં શુભયોગથી પુણ્યનો આશ્રવ થાય છે તથા અશુભયોગથી પાપકર્મનો આશ્રવ થાય છે. આશ્રવના પછી બંધ કષાયથી થાય છે. કોઈપણ કર્મની સ્થિતિનો બંધ કષાયથી જ થાય છે. અનુભાગ બંધ પણ કષાયથી થાય છે. પરંતુ પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી થાય છે સ્થિતિબંધનો એ નિયમ છે કે જેટલી કષાયની તીવ્રતા થશે તેટલો જ સ્થિતિબંધ વધારે થશે. પણ તે બંધ ભલે પુણ્યકર્મનો હોય કે પાપ પ્રકૃતિનો. અનુભાગ બંધ આનાથી ભિન્ન છે. કષાયના વધવાથી પાપકર્મનો અનુભાગ બંધ વધારે થાય છે તથા કષાયના ઘટવાથી પુણ્યકર્મનો અનુભાગ વધે છે.

આશ્રવનો નિરોધ 'સંવર' કહેવાય છે. સાધક આશ્રવને રોકી સંવરની સાધના કરે છે. આશ્રવના ભેદોથી વિપરીત સંવરના ભેદો હોય છે. નવતત્ત્વોમાં ૧. જીવ, ૨. અજીવ, ૩. પુણ્ય, ૪. પાપ, ૫. આશ્રવ, ૬. સંવર, ૭. નિર્જરા,

---

૧. વિશેષાવશ્યકભાષ્ય - ગાથા-૩

૨. "मिथ्यात्वविरतिप्रमाद कषाययोगाः बंध हेतवः" तत्वार्थसूत्र ८/१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. બંધ અને ૯. મોક્ષની ગણના થાય છે. સાત તત્ત્વોમાં પુણ્ય અને પાપની ગણના થતી નથી ત્યારે પુણ્ય અને પાપનો સમાવેશ આશ્રવમાં કરવામાં આવે છે. નવતત્ત્વોની ચર્ચા પણ દ્રવ્યાનુયોગનો વિષય છે.[૧]

વેદ :

વૈદિક પરંપરામાં ચાર વેદ પ્રસિદ્ધ છે - (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) સામવેદ અને (૪) અથર્વવેદ. પરંતુ જૈનદર્શનમાં વેદ શબ્દનો પ્રયોગ સ્ત્રી, પુરુષ આદિના પરસ્પરના સહવાસની વાસનાના અર્થમાં થયો છે. બીજા શબ્દોમાં કામ-વાસનાનો અનુભવ "વેદ" છે. વેદ ત્રણ પ્રકારના છે - (૧) સ્ત્રીવેદ, (૨) પુરુષવેદ અને (૩) નપુંસકવેદ. વેદ શબ્દ બાહ્ય લિંગનું સૂચક નથી. સ્ત્રી-આદિને બાહ્યલિંગ હોવા છતાં પણ વેદનું હોવું આવશ્યક નથી. વીતરાગી પુરુષોને બાહ્યલિંગ તો રહે છે. પરંતુ કામ-વાસનારૂપ વેદનો ક્ષય થઈ જાય છે. નવમાં ગુણસ્થાન પછી ત્રણ વેદોમાંથી કોઈનો પણ ઉદય હોતો નથી.

સ્ત્રીવેદનું તાત્પર્ય છે સ્ત્રીના દ્વારા પુરુષથી સહવાસની ઈચ્છા. પુરુષવેદનો અર્થ છે પુરુષ દ્વારા સ્ત્રીના સહવાસની અભિલાષા. નપુંસકવેદથી બંનેની સાથે જ સહવાસની અભિલાષા થાય છે.

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સમ્મુર્ચ્છિમ તિર્યંચપંચેન્દ્રિય, સમ્મુર્ચ્છિમ મનુષ્ય અને સમસ્ત નારકી જીવોમાં નપુંસકવેદ હોય છે. દેવોમાં બે વેદ હોય છે - (૧) સ્ત્રીવેદ અને (૨) પુરુષવેદ. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યોમાં ત્રણ વેદ જોવા મળે છે. ચાર ગતિઓના ચોવીસ દંડકોમાં મનુષ્યનો જ એક દંડક એવો છે જે અવેદી પણ થઈ શકે છે.

મૈથુન પ્રવૃત્તિ પાંચ પ્રકારની કહી છે - (૧) કાયપરિચારણા, (૨) સ્પર્શપરિચારણા, (૩) રૂપપરિચારણા, (૪) શબ્દ પરિચારણા અને (૫) મનઃપરિચારણા. કાયાથી સહવાસ 'કાય-પરિચારણા' છે. માત્ર સ્પર્શથી મૈથુન સેવન 'સ્પર્શ પરિચારણા' છે. આ પ્રમાણે રૂપ અને શબ્દથી પરિચારણા સંભવ છે. પરિચારણાનો અંતિમભેદ મનઃપરિચારણા છે. એમાં મનથી જ મૈથુન સેવન કરવામાં આવે છે.

કષાય :

જીવના સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ 'કષાય' છે. કષાય જ કર્મબંધનો મુખ્ય હેતુ છે. રાજવાર્તિકમાં "કષાય" શબ્દની વ્યુત્પત્તિ કરતા કહ્યું છે - "कषत्यात्मानं हिनस्ति इति कषायः"[૨] અર્થાત્ જે આત્માના સ્વભાવને કષે છે હિંસિત કરે છે તે 'કષાય' છે. સર્વાર્થસિદ્ધિમાં કષાયોને કષાય નામક ન્યગ્રોધાદિની ઉપમા દીધી છે. જે રીતે ન્યગ્રોધાદિ સંશ્લેષના કારણે થાય છે તે જ રીતે ક્રોધાદિ કષાય પણ કર્મબંધમાં સંશ્લેષનું કાર્ય કરે છે.[૩]

કષાય ચાર પ્રકારના પ્રતિપાદિત છે - (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ. ક્રોધનો અર્થ છે સંરંભ યા રોષ.[૪] ક્રોધથી અશાંતિ ઉત્પન્ન થાય છે તથા ક્ષમાશીલતા ભંગ થાય છે. માન કષાય અહંકારનું પ્રતિક છે તથા વિનય નાશક છે. માયાકષાય સરળતા નાશક છે. સત્યથી દૂર લઈ જાય છે. આને છલ, કપટ આદિ શબ્દોથી પરિભાષિત કરવામાં આવે છે. માયાવી વ્યક્તિ અંદર અને બહારથી અલગ-અલગ હોય છે. લોભ કષાય જીવમાં તૃષ્ણા અને ઇચ્છાઓને પ્રોત્સાહન આપે છે અને ઉત્તરાધ્યયનસૂત્રમાં સર્વનાશક કહ્યું છે.

આ ચારે કષાય એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના બધા ચોવીસ દંડકોમાં જોવા મળે છે. જૈનદર્શનમાં પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયમાં પણ ક્રોધાદિ કષાયોને સ્વીકાર કરવો જૈનદર્શનની સૂક્ષ્મતાના દર્શન છે.

આધુનિક વિજ્ઞાનમાં પણ વનસ્પતિમાં ચેતના અને ભય, ક્રોધાદિ આવેગોની ઉત્પત્તિ સ્વીકાર કરી છે.

કષાયોનું વર્ણન રાગ-દ્વેષના રૂપમાં પણ કરવામાં આવે છે. ક્રોધ અને માનનો દ્વેષમાં તથા માયા અને લોભનો રાગમાં

---

૧. નવતત્ત્વો પર ડૉ. સાગરમલ જૈનના દ્રવ્યાનુયોગના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં વિસ્તારથી વિચાર કર્યો છે.
૨. તત્વાર્થવાર્તિક, ભારતીય જ્ઞાનપીઠ ૨/૬, પૃ. ૧૦૮
૩. સર્વાર્થસિદ્ધિ, ભારતીય જ્ઞાનપીઠ ૬/૪, પૃ. ૨૪૬
૪. क्रोधो रोषः संरंभः इत्यर्थान्तरम् - ધવલાટીકા ૬/૧, ૯ / ૧, ૨૩/૪૧/૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાવેશ કરવામાં આવે છે. આ બંનેનું વિભાજન આગમોમાં સીધી રીતે પ્રાપ્ત થતું નથી. માત્ર વ્યવહારમાં આનું પ્રચલન જોવા મળે છે.

ચાર કષાયોમાં પ્રત્યેક કષાય ચાર-ચાર પ્રકારના વર્ણિત છે. તે ચાર પ્રકાર છે - (૧) અનંતાનુબંધી, (૨) અપ્રત્યાખ્યાનાવરણ, (૩) પ્રત્યાખ્યાનાવરણ અને (૪) સંજ્વલન. આગમોમાં એને સમજાવવા વિવિધ દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે.[૧] જે આ ભેદોની તીવ્રતા અને મંદતાને અભિવ્યક્ત કરે છે.

અનંતાનુબંધી આદિ પદોનો શું અભિપ્રાય છે ? આને જે જીવન વ્યવહારમાં જોઈએ તો કહી શકાય છે કે જે કષાય અનંત અનુબંધયુક્ત હોય છે, જે નિરંતર સઘન બની રહે છે તે અનંતાનુબંધી છે. અનંતાનુબંધી કષાય ચતુષ્કનો બંધ બીજા ગુણસ્થાનક સુધી થાય છે તથા ઉદય ચોથા ગુણસ્થાન સુધી હોય છે. અપ્રત્યાખ્યાનાવરણ કષાયચતુષ્ક અનંતાનુબંધી કષાય ચતુષ્કથી સઘનતાની અપેક્ષાએ અલ્પ હોય છે.

કારણ કે અહિં બંધ અને ઉદય ચોથા ગુણસ્થાનક સુધી જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત હોવા છતાં પણ અપ્રત્યાખ્યાનાવરણના કારણે વિરતિ પ્રાપ્ત થતી નથી. પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્કનો બંધ અને ઉદય પાંચમા ગુણસ્થાનક સુધી થાય છે. અર્થાત્ આમાં ભોગોનો પૂર્ણ ત્યાગ થતો નથી. શ્રાવક હોય ત્યાં સુધી આનો બંધ અને ઉદય રહે છે. સંજ્વલન કષાય ચતુષ્ક અતિ અલ્પ હોય છે. કારણ કે અહિં કષાયની સ્ફુરણા માત્ર જ હોય છે. સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભનો બંધ નવમાં ગુણસ્થાનક પછી થતો નથી. પણ ઉદય દશામાં ગુણસ્થાન સુધી રહે છે.

આપણને ક્રોધ, માન, માયા અને લોભનો સ્થૂળ રૂપથી અનુભવ થતો રહે છે. પરંતુ તેની સૂક્ષ્મતા અને નિરન્તરતાનો અનુભવ થતો નથી. જ્યારે આપણે આ કષાયોથી હંમેશા ઘેરાયેલા છીએ. સાધક જ્યારે ઉત્તરોત્તર સાધનામાં આગળ વધતો જાય છે ત્યારે તેને કષાયો પર વિજય પ્રાપ્ત થાય છે અને તે તેની સૂક્ષ્મતાને જાણવામાં સમર્થ હોય છે.

કર્મ :

જૈનાગમોમાં કર્મનું સૂક્ષ્મ વિવેચન વિદ્યમાન છે. કમ્મપયડિ અને કર્મગ્રંથોનું નિર્માણ પણ આગમોના આધારે થયું છે. જેમાં કર્મસિદ્ધાંતનું વ્યવસ્થિત નિરૂપણ ઉપલબ્ધ થાય છે. દિગમ્બર ગ્રંથ ષટ્‌ખંડાગમ અને કષાયપાહુડમાં પણ કર્મનું વિશદ વિવેચન છે. શ્વેતામ્બર આગમોમાં મુખ્યરૂપે પ્રજ્ઞાપના સૂત્ર, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિસૂત્ર અને સ્થાનાંગ સૂત્રમાં કર્મનું વિવેચન ઉપલબ્ધ થાય છે. દ્રવ્યાનુયોગના કર્મ અધ્યયનમાં કર્મનું સર્વાંગીણ વર્ણન સંક્ષેપમાં ઉપલબ્ધ છે. આગમોમાં કર્મના વિવિધ પક્ષોની ચર્ચા છે જે કર્મગ્રંથોમાં પ્રાયઃ મળતી નથી. એટલા માટે આગમોમાં વર્ણિત કર્મ-વિવેચનનું વિશેષ મહત્ત્વ છે. કર્મગ્રંથોમાં કર્મસિદ્ધાંતનું વ્યવસ્થિત પ્રતિપાદન મળે છે, જ્યારે આગમોમાં વિખરાયેલું છે એ પણ સત્ય છે. દ્રવ્યાનુયોગના કર્મ અધ્યયનમાં કર્મ સિદ્ધાંતનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

કર્મસિદ્ધાંતના સંબંધમાં જૈનદર્શનની માન્યતા અદ્‌ભૂત છે. તે માન્યતાઓને સંક્ષેપમાં આ પ્રમાણે જાણી શકાય -

(૧) જીવ પોતાના દ્વારા કરેલા શુભાશુભ કર્મોનું ફળ સ્વયં ભોગવે છે.

(૨) કર્મોનું ફળ આપવા માટે કોઈ નિયતિ કે ઈશ્વરને માનવાની જરૂર નથી.

(૩) જીવ જે કર્મોથી બંધાય છે તે કર્મ પોતે જ સમય થતાં ફળ આપે છે.

(૪) કર્મ બે પ્રકારના છે - (૧) દ્રવ્યકર્મ અને (૨) ભાવકર્મ. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ હેતુઓથી જે કરવામાં આવે છે તે 'ભાવકર્મ' છે. કોઈ અપેક્ષાથી રાગ-દ્વેષાદિને પણ ભાવકર્મ કહેવામાં આવે છે. ભાવકર્મના કારણે કાર્મણ વર્ગણાઓ જ્યારે જીવની સાથે બંધાય જાય છે તે 'દ્રવ્યકર્મ' કહેવામાં આવે છે.

(૫) દ્રવ્યકર્મ જ જીવને સમય થતાં ફળ આપે છે.

(૬) જીવ અને કર્મનો અનાદિ સંબંધ છે. પરંતુ આ સંબંધનો અંત કરી શકાય છે. કારણ કે આ સંબંધ બે ભિન્ન દ્રવ્યોનો છે.

---

૪. દૃષ્ટાંત દ્રવ્યાનુયોગ ભાગ-૩, પૃ. ૧૪૬૪ પર દૃષ્ટવ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) કર્મયુક્ત જીવને સંસારી જીવ કહેવાય છે. કારણ કે તે સંસારમાં એક ગતિથી બીજીગતિમાં પરિભ્રમણ કરે છે. જે જીવ પૂર્ણતઃ કર્મમુક્ત થઈ જાય છે તે 'સિદ્ધ જીવ' કહેવાય છે.

(૮) જીવના સ્વાભાવિક ગુણોનું પણ વિભિન્ન કર્મના કારણે તેના પર આવરણ થઈ જાય છે. જેમ જ્ઞાનાવરણ કર્મથી જ્ઞાનગુણ અને દર્શનાવરણકર્મથી દર્શનગુણ ઢંકાઈ જાય છે તેમજ મોહનીય કર્મથી સમ્યક્ત્વ અને અંતરાયથી દાનાદિ લબ્ધિઓ પ્રભાવિત થાય છે.

(૯) કર્મ આઠ પ્રકારના માન્યા છે - (૧) જ્ઞાનાવરણ, (૨) દર્શનાવરણ, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય.

(૧૦) આ આઠ કર્મોમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયએ 'ઘાતિકર્મ' કહેવાય છે. કારણ કે એ ચારે કર્મ આત્મગુણોનો ઘાત કરે છે. શેષ ચાર કર્મ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રએ 'અઘાતિકર્મ' કહેવાય છે કારણ કે તે આત્માના ગુણોનો ઘાત કરતા નથી.

(૧૧) કર્મોને પાપ અને પુણ્ય કર્મોના રૂપમાં પણ વિભક્ત કરી શકાય. આઠ કર્મોમાં ચાર ઘાતિકર્મ તો પાપરૂપ જ હોય છે પરંતુ અઘાતિકર્મ પાપ અને પુણ્ય બંને પ્રકારના હોય છે, જેમકે - વેદનીય કર્મના બે ભેદોમાં શાતાવેદનીયને પુણ્યરૂપ અને અશાતા વેદનીયને પાપરૂપ કહેવામાં આવે છે.

(૧૨) કર્મના ચારરૂપ માનવામાં આવ્યા છે - (૧) પ્રકૃતિકર્મ, (૨) સ્થિતિકર્મ, (૩) અનુભવ કર્મ અને (૪) પ્રદેશકર્મ. બાંધેલા કર્મોના સ્વભાવને 'પ્રકૃતિકર્મ', તેના રહેવાની કાળાવધિને 'સ્થિતિકર્મ', ફળદાન-શક્તિને 'અનુભાવકર્મ' તથા પરમાણુ-પુદ્‌ગલોના સંચયને 'પ્રદેશકર્મ' કહેવામાં આવે છે.

(૧૩) બધા પ્રકારના કર્મોનો આ ચારરૂપોથી જ બંધ થાય છે. ઉદયાદિ પણ આ ચાર રૂપોમાં થાય છે.

(૧૪) કર્મ-સિદ્ધાંતમાં બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, ઉત્કર્ષણ, અપકર્ષણ, સંક્રમણ, નિધત્ત અને નિકાચિતકરણનું મોટું મહત્ત્વ છે. કર્મપ્રકૃતિઓનું બંધવું 'બંધ' કહેવાય છે. તેનું ફળ પ્રદાન કરતી વખતે પ્રગટ થવાને 'ઉદય' કહેવામાં આવે છે તથા ઉદયકાળના પૂર્વે જે પ્રક્રિયા થાય છે તે 'ઉદીરણા' કહેવાય છે. તપ આદિના માધ્યમથી કર્મોની ઉદીરણા ક્યારેક-ક્યારેક સમયના પહેલા પણ થઈ જાય છે. જ્યારે બંધાયેલા કર્મ ઉદીરણા, ઉદય આદિને પ્રાપ્ત ન થાય તો તે સત્તામાં 'સ્થિતિકર્મ' કહેવાય છે. જ્યારે બાંધેલા કર્મની ઉત્તરપ્રકૃતિઓની સ્થિતિ અને અનુભાવમાં વૃદ્ધિ થાય છે ત્યારે તે 'ઉત્કર્ષણ' કહેવાય છે તથા જ્યારે તેની સ્થિતિ અને અનુભાવ અલ્પ થાય છે ત્યારે તે 'અપકર્ષણ' કહેવાય છે. જ્યારે કર્મની ઉત્તરપ્રકૃતિ તે કર્મની અન્ય ઉત્તરપ્રકૃતિમાં પરિવર્તિત થાય છે તો તે 'સંક્રમણ' કહેવાય છે. જે કર્મનું ઉત્કર્ષણ અને અપકર્ષણ ન થાય તે 'નિધત્ત' કહેવાય છે તથા જ્યારે કર્મપ્રકૃતિઓનું સંક્રમણ પણ ન થાય તો તે નિકાચિત્‌કરણ કહેવાય છે.

(૧૫) કર્મ અગુરુલઘુ હોવા છતાં પણ કર્મથી જીવ વિવિધરૂપોમાં પરિણત થાય છે અને તેનું ફળ ભોગવે છે.

(૧૬) જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોની ૯૭ ઉત્તર પ્રકૃતિઓ છે. બીજી અપેક્ષાએ ૧૨૨, ૧૪૮ અને ૧૫૮ ઉત્તરપ્રકૃતિઓ પણ ગણવામાં આવે છે. તેમાં મુખ્યરૂપે નામકર્મની પ્રકૃતિઓની સંખ્યામાં અંતર આવે છે. બીજામાં નહિ.

(૧૭) જ્ઞાનાવરણથી અંતરાય સુધીના બધા કર્મ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શવાળા હોય છે.

(૧૮) બાંધેલા કર્મ જીવની સાથે જેટલા સમય સુધી ટકે છે તેને તેનો 'સ્થિતિકાળ' કહેવામાં આવે છે.

(૧૯) બદ્ધકર્મનો ઉદયરૂપ કે ઉદીરણારૂપ પ્રવર્તન જે કાળમાં થતું નથી તે અબાધા કે 'અબાધકાળ' કહેવાય છે. કર્મોના ઉદયાભિમુખ થવાનો કાળ 'નિષેકકાળ' છે. અબાધાકાળ સામાન્યરૂપે કર્મના ઉત્કૃષ્ટ સ્થિતિકાળના અનુપાતમાં થાય છે.

(૨૦) આત્મા જ પોતાના કર્મનો કર્તા છે. તે જ તેનો વિકર્તા છે. અર્થાત્ બંધન પણ તે જ કરે છે અને મુક્ત પણ તે જ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૧) કર્મ ચૈતન્યકૃત હોય છે. અચૈતન્યકૃત નહિ.

(૨૨) કર્મોના સંબંધમાં એક માન્યતા એ છે કે બદ્ધકર્મોનું વેદન કર્યા વગર મોક્ષ થતો નથી. પરંતુ તે માન્યતા એકાન્તરૂપથી સત્ય નથી. આગમમાં બે પ્રકારના કર્મ પ્રતિપાદિત છે- પ્રદેશકર્મ અને અનુભાગકર્મ. આમાંથી પ્રદેશકર્મ અવશ્ય ભોગવવા પડે છે, પરંતુ અનુભાગ કર્મનું વેદન આવશ્યક નથી. જીવ કોઈ અનુભાગ કર્મનું વેદન કરે છે અને કોઈનું નહિ. કારણ કે તે સંક્રમણ, સ્થિતિઘાત, રસઘાત આદિ દ્વારા તેને પરિવર્તિત કરી શકે છે અને નિર્જરા પણ કરી શકે છે.

વેદના :

જીવને સુખ-દુઃખ આદિનો અનુભવ થવો વેદના છે. જેનું વેદન કરવામાં આવે છે તે પણ ઉપચારથી વેદના કહેવાય છે. વેદનીય કર્મથી વેદનાનો ગાઢ સંબંધ છે. વેદનીય કર્મના બે ભેદ છે- શાતા અને અશાતા. વેદનાનો અનુભવ પ્રાયઃ આ બે જ પ્રકારોમાં વિભક્ત થાય છે. છતાં પણ વેદનાના વિવિધ પ્રકારોના આધારે તેના અનેક ભેદ વર્ણિત છે. સ્પર્શના આધારે વેદના ત્રણ પ્રકારની છે - (૧) શીત, (૨) ઉષ્ણ અને (૩) શીતોષ્ણ. વેદના શારીરિક, માનસિક અને ઉભયવિધ હોવાથી ત્રણ પ્રકારની હોય છે. તે શાતા, અશાતા અને શાતા-અશાતાના રૂપમાં પણ વેદિત થાય છે. તેને દુઃખરૂપ, સુખરૂપ અને અદુઃખ અસુખરૂપ વેદિત હોવાથી ત્રણ પ્રકારની કહી છે. વેદનાનું વેદન (૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાળથી અને (૪) ભાવથી થવાથી વેદનાના ચાર પ્રકાર પણ છે.

સમસ્ત વેદનાઓનું વિભાજન બે ભેદોમાં થઈ શકે છે. કેટલીક વેદના આભ્યુપગમિકી હોય છે. અર્થાત્ તેને સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરવામાં આવે છે, જેમકે- કેશલોચ આદિ. કેટલીક વેદના ઔપક્રમિકી હોય છે. જે વેદનીય કર્મથી ઉદિરિત થવાથી પ્રગટે છે. આ વેદનાઓનું વેદન જ્યારે સંજ્ઞીભૂત જીવ કરે છે ત્યારે તે વેદના "નિદા વેદના" કહેવાય છે તથા જ્યારે આનું વેદન અસંજ્ઞીભૂત જીવ કરે છે ત્યારે તે વેદના "અનિદા વેદના" કહેવાય છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં એવંભૂત અને અવેનંભૂત વેદનાનું પણ વર્ણન છે. જ્યારે વેદનાનું વેદન કર્મબંધના અનુસાર થાય છે. ત્યારે તે 'એવંભૂત વેદના' કહેવાય છે તથા જ્યારે કર્મબંધથી પરિવર્તનના રૂપમાં વેદનાનું વેદન થાય છે ત્યારે તે 'અનેવંભૂત વેદના' કહેવાય છે. પૃથ્વીકાયિક આદિ જીવોને પણ વેદનાનો અનુભવ થાય છે. આક્રન્ત (ખોદકામ) કરવાથી તેને અનિષ્ટ વેદનાનો અનુભવ થાય છે.

એકેન્દ્રિય આદિ જીવોમાં વેદનાનું પ્રતિપાદન જીવરક્ષા અને પર્યાવરણની દૃષ્ટિથી ઘણું મહત્વનું છે. સંસારસ્થ પ્રાણી ક્યારેક સુખરૂપ વેદનાનું વેદન કરે છે તથા ક્યારેક દુઃખરૂપ વેદનાનું વેદન કરે છે, માટે કોઈપણ પ્રાણી હિંસ્ય નથી.

વેદના અને નિર્જરામાં ભેદ છે. વેદના કર્મથી થાય છે તથા નિર્જરા નોકર્મથી થાય છે. વેદનાનો સમય ભિન્ન હોય છે અને નિર્જરાનો સમય ભિન્ન હોય છે. વેદના કર્મના ઉદયમાં આવવાથી થાય છે તથા ફળ અપાય ગયા બાદ નોકર્મની નિર્જરા થાય છે.

ગતિ અને તેના પ્રકાર :

"ગતિ" શબ્દ ગમનનો વાચક છે. સવાર્થસિદ્ધિ, રાજવાર્તિક આદિ ગ્રન્થોમાં ગતિનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે - "देशाद् देशान्तरप्राप्तिहेतुर्गतिः" અર્થાત્ એક સ્થાનેથી બીજા સ્થાનમાં જવા માટે જે હેતુ કે કારણ છે તે 'ગતિ' કહેવાય છે. વાસ્તવમાં ગતિ તો ક્રિયાબોધક હોય છે. પરંતુ ઉપચારથી ગતિના કારણે જે અવસ્થા પ્રાપ્ત થાય છે તેને પણ ગતિ કહેવામાં આવે છે. નરકગતિ આદિને ગતિ આ જ દૃષ્ટિથી કહેવામાં આવે છે.

ગતિ-ક્રિયા જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં જોવા મળે છે. શેષ ચાર દ્રવ્યોમાં નહિ. આ બે દ્રવ્ય જ એક સ્થાનથી બીજા સ્થાન તરફ ગમન કરે છે. ષડ્દ્રવ્યોમાં ધર્મ, અધર્મ અને આકાશ લોકવ્યાપી છે, માટે તેમાં કોઈ ગતિ-ક્રિયા થતી નથી. કાળ અપ્રદેશી છે, માટે તેમાં પણ ગતિ સંભવ નથી. એટલા માટે જીવ અને પુદ્ગલમાં જ ગતિ-ક્રિયા સંભવ છે. સ્થાનાંગ સૂત્રમાં ગતિ આઠ પ્રકારની વર્ણિત છે, જેમકે - (૧) નરકગતિ, (૨) તિર્યંચગતિ, (૩) મનુષ્યગતિ, (૪) દેવગતિ, (૫) સિદ્ધગતિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) ગુરુગતિ, (૭) પ્રણોદનગતિ અને (૮) પ્રાગ્ભાર ગતિ. તેમાં પ્રારંભની પાંચ ગતિ જીવથી સંબંધિત છે. તથા અંતિમ ત્રણ ગતિ પુદ્ગલમાં ઉપલબ્ધ હોય છે. તેમાં પરમાણુની સ્વાભાવિક ગતિને 'ગુરુગતિ' કહેવામાં આવે છે. પ્રેરિત કરવાથી જે ગતિ થાય છે તે 'પ્રણોદનગતિ' છે. તે જીવ અને પુદ્ગલ બંનેમાં સંભવ છે. પ્રાગ્ભારગતિ એક પ્રકારથી વજનમાં વધવાથી નીચે નમવાની ગતિ અથવા ગુરુત્વાકર્ષણની ગતિનો બાધક છે. આ પણ પુદ્ગલમાં જોવા મળે છે. પ્રારંભની પાંચ ગતિમાં ચાર સંસારી જીવોમાં હોય છે. પાંચમી ગતિ મુક્ત જીવમાં એક જ વાર થાય છે.

સંસારી જીવોની ચાર ગતિઓ પ્રસિદ્ધ છે - (૧) નરકગતિ, (૨) તિર્યંચગતિ, (૩) મનુષ્યગતિ અને (૪) દેવગતિ.[૧]

વ્યુત્ક્રાંતિ :

જીવ એક સ્થાનથી ઉદ્વર્તન (મરણ) કરી બીજા સ્થાનમાં જન્મ ગ્રહણ કરે છે તેને 'વ્યુત્ક્રાંતિ' કહી શકાય છે. વ્યુત્ક્રાંતિ શબ્દ એવી વિશિષ્ટ મૃત્યુ માટે પ્રયુક્ત છે જેના અનંતર જીવ જન્મ ગ્રહણ કરે છે. આ પ્રમાણે વ્યુત્ક્રાંતિના અંતર્ગત ઉપપાત, જન્મ, ઉદ્વર્તન, ચ્યવન, મરણ આદિનો સમાવેશ થાય જ છે. પરંતુ આનાથી સંબંધિત વિગ્રહગતિ, સાંતર-નિરંતર ઉપપાત, આન્તર-નિરંતર ઉદ્વર્તન, ઉપપાત વિરહ, ઉદ્વર્તન વિરહ આદિ અનેક તથ્યોનો પણ અંતર્ભાવ થઈ જાય છે. ગતિ-આગતિનું ચિંતન પણ આ પ્રમાણે વ્યુત્ક્રાંતિનો જ એક અંગ છે. સારાંશમાં કહીએ તો મરણથી લઈ જન્મગ્રહણ કરવા સુધીનું સમસ્ત ક્રિયાકલાપ વ્યુત્ક્રાંતિનું ક્ષેત્ર છે.

દ્રવ્યાનુયોગના વ્યુત્ક્રાંતિ અધ્યયનમાં ઉપર્યુક્ત વિષયવસ્તુનું વ્યાપકરૂપે વિવેચન થયું છે.

ગર્ભ :

ગર્ભ અધ્યયનમાં તે જીવોના જન્મનું વિવેચન છે જે ગર્ભથી જન્મ ગ્રહણ કરે છે. એના સાથે જ આ અધ્યયનમાં વિગ્રહગતિ અને મરણનું પણ વિશદ વર્ણન થયું છે. આ અધ્યયન વ્યુત્ક્રાંતિ અધ્યયનનું પૂરક કહી શકાય.

જન્મ ત્રણ પ્રકારના થાય છે - (૧) સમૂર્ચ્છિમ - જન્મ, (૨) ગર્ભ-જન્મ અને (૩) ઉપપાત જન્મ. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, આદિજીવોના જન્મ 'સમૂર્ચ્છિમ જન્મ' કહેવાય છે. દેવો અને નારકીના જન્મ માતા-પિતાના સંયોગ વગર થવાથી 'ઉપપાત જન્મ' કહેવાય છે. મનુષ્ય, પશુ, પક્ષી આદિ કેટલાક જીવ એવા છે કે જેનો જન્મ ગર્ભથી જ થાય છે. ચોવીસ દંડકોમાં માત્ર બે દંડકોના જીવનો જન્મ ગર્ભથી થાય છે. તે દંડક છે - (૧) મનુષ્ય અને (૨) પંચેન્દ્રિય તિર્યંચ. નરક, દશભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોનો અર્થાત્ ૧૪ દંડકોના જીવોનો જન્મ 'ઉપપાત જન્મ' થાય છે શેષ આઠ દંડકો (પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય)નો જન્મ સમૂર્ચ્છિમ જન્મ થાય છે. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયોમાં પણ કેટલાક જીવ સમુર્ચ્છિમ જન્મથી ઉત્પન્ન થાય છે.

ગર્ભગત જીવના શરીરમાં માતાના ત્રણ અંગ હોય છે - (૧) માંસ, (૨) શોણિત અને (૩) મસ્તિષ્ક. પિતાના પણ ત્રણ અંગ હોય છે - (૧) હડ્ડી, (૨) મજ્જા અને (૩) કેશ, દાઢી, મૂંછ, રોમ અને નખ. ગર્ભધારણ કેવી રીતે થાય છે તથા કેવી રીતે નહિ તેનું વિવેચન સ્થાનાંગ સૂત્રમાં થયું છે જેનો ગર્ભ અધ્યયનમાં સમાવેશ કર્યો છે.

આધુનિક યુગમાં ગર્ભધારણ કરવાના સંબંધમાં ટેસ્ટટ્યૂટ બેબી (પરખનળી શિશુ)નો આવિષ્કાર થયો છે. પરંતુ તેનાથી આગમનો કોઈ વિરોધ નથી. ક્યારેક-ક્યારેક બાળક સ્ત્રી, પુરુષ અને નપુંસકના રૂપમાં જન્મ ન લઈ વિચિત્ર આકૃતિ ગ્રહણ કરી લે છે. તેનો ઉલ્લેખ સ્થાનાંગ સૂત્રમાં ઉપલબ્ધ છે.[૨]

જીવ જ્યારે એક શરીરને છોડી અન્યત્ર જન્મ ગ્રહણ કરવા માટે ગતિ કરે છે તે 'વિગ્રહગતિ' કહેવાય છે. વિગ્રહ ગતિમાં જીવને પ્રાયઃ એક, બે કે ત્રણ સમય લાગે છે. પરંતુ એકેન્દ્રિય જીવોને વિગ્રહગતિમાં ચાર સમય પણ લાગી જાય છે.

---

૧. ગતિયોના સંબંધમાં વિશેષ વિવેચન માટે ગતિ, નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ અધ્યયન (દ્રવ્યાનુયોગ ભાગ-૩) અને તેના આમુખ દ્રષ્ટવ્ય છે.

૨. સ્થાનાંગ સૂત્ર - ૪/૪ સૂત્ર. ૩૦૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મરણના પાંચ પ્રકાર પણ વર્ણિત છે તથા ૧૭ પ્રકાર પણ પ્રતિપાદિત છે. પાંચ મરણ છે - (૧) આવીચિમરણ, (૨) અવધિમરણ, (૩) આત્યન્તિકમરણ, (૪) બાલમરણ અને (૫) પંડિતમરણ. આમાં બાલમરણના વલયમરણ, વશાર્તમરણ આદિ ૧૨ પ્રકાર છે તથા પંડિત મરણના બે પ્રકાર છે - (૧) પાદપોપગમન અને (૨) ભક્તપ્રત્યાખ્યાન.[૧]

આગમમાં મૃત્યુ વખતે જીવને નીકળવાના પાંચ માર્ગ પ્રતિપાદિત છે - (૧) પગ, (૨) ઉરુ, (૩) હૃદય, (૪) મસ્તિષ્ક અને (૫) સર્વાંગ શરીર. પગમાંથી નીકળવાવાળો જીવ નરકમાં જાય છે. ઉરુથી નીકળવાવાળો જીવ તિર્યંચગતિમાં જાય છે. હૃદયથી નીકળવાવાળો જીવ મનુષ્યગતિમાં, મસ્તિષ્કથી નીકળવાવાળો જીવ દેવગતિમાં અને સર્વાંગથી નીકળવાવાળો જીવ સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.

યુગ્મ :

જૈનાગમોમાં "યુગ્મ" શબ્દ ચારની સંખ્યાનો સૂચન કરે છે. ચારની સંખ્યાના આધારે યુગ્મનો વિચાર કરવામાં આવે છે. પ્રાયઃ ગણિતશાસ્ત્રમાં સમસંખ્યાને યુગ્મ અને વિષમ સંખ્યાને ઓજ કહેવામાં આવે છે. આ યુગ્મ અને ઓજ સંખ્યાઓનો વિચાર જ્યારે ચારની સંખ્યાના આધારે કરવામાં આવે છે ત્યારે યુગ્મના ચાર ભેદ બને છે - (૧) કૃતયુગ્મ, (૨) ઓજ, (૩) દ્વાપરયુગ્મ અને (૪) કલ્યોજ. આમાંથી બે "યુગ્મ" અર્થાત્ સમરાશિઓ છે તથા બે "ઓજ" અર્થાત્ વિષમ રાશિઓ છે. આ બધાનો વિચાર ચારની સંખ્યાના આધારે કરવાથી આ 'યુગ્મ રાશિઓ' કહેવાય છે. જે રાશિમાંથી ચાર-ચારને બાદ કરવાથી અંતમાં ચાર શેષ રહે તે "કૃતયુગ્મ" છે, જેમકે - ૮, ૧૨, ૧૬, ૨૦, ૨૪ આદિ સંખ્યાઓ રાશિમાંથી ચાર-ચાર બાદ કરવાથી અંતમાં ત્રણ શેષ રહે તે "ત્યોજ" કહેવાય છે, જેમકે - ૭, ૧૧, ૧૫, ૧૯ આદિ સંખ્યાઓ. જે રાશિમાંથી ચાર-ચાર ઘટાડવાથી અંતમાં બે શેષ રહે તે 'દ્વાપરયુગ્મ' અને જેમાં એક શેષ રહે તે "કલ્યોજ" કહેવાય છે, જેમકે - ૬, ૧૦, ૧૪, ૧૮ આદિ સંખ્યાઓ દ્વાપરયુગ્મ અને ૫, ૯, ૧૩, ૧૭ આદિ સંખ્યાઓ કલ્યોજ છે.

ગમ્મા (ગમક) :

ચોવીશ દંડકોમાં પરસ્પર ગતિ-આગતિ અથવા વ્યુત્કાંતિના આધારે ઉપપાત આદિ ૨૦ દ્વારોથી ગમક અધ્યયનનો મુખ્યરૂપે વિચાર કરવામાં આવ્યો છે. ૨૦ દ્વાર છે - (૧) ઉપપાત, (૨) પરિમાણ (સંખ્યા), (૩) સંહનન, (૪) ઉચ્ચત્વ (અવગાહના), (૫) સંસ્થાન, (૬) લેશ્યા, (૭) દૃષ્ટિ, (૮) જ્ઞાન-અજ્ઞાન, (૯) યોગ, (૧૦) ઉપયોગ, (૧૧) સંજ્ઞા, (૧૨) કષાય, (૧૩) ઈન્દ્રિય, (૧૪) સમુદ્‌ઘાત, (૧૫) વેદના, (૧૬) વેદ, (૧૭) આયુષ્ય, (૧૮) અધ્યવસાય, (૧૯) અનુબંધ અને (૨૦) કાયસંવેધ.

ઉપપાત દ્વારમાં એવો વિચાર કરવામાં આવ્યો છે કે અમુક દંડકનો જીવ ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે. પરિમાણ દ્વારમાં તેની ઉત્પત્તિની સંખ્યાના સંદર્ભમાં વિચાર કરવામાં આવ્યો છે. સંહનન દ્વારના અંતર્ગત અમુક દંડકમાં ઉત્પન્ન થવાવાળા (પરંતુ અ ના **-યાવત્-** અનુત્પન્ન) જીવના સંહનનોની ચર્ચા છે. ઉચ્ચત્વ દ્વારમાં વર્તમાન ભવની અવગાહનાનું વર્ણન છે. સંસ્થાન, લશ્યા, દૃષ્ટિ, જ્ઞાન-અજ્ઞાન, યોગ, ઉપયોગ, સંજ્ઞા, કષાય, ઈન્દ્રિય અને સમુદ્‌ઘાત દ્વારોમાં ઉત્પદ્યમાન જીવમાં આનાજ સંબંધનો પ્રરૂપણ છે. વેદના દ્વારમાં શાતા અને અશાતા વેદનાનું તથા વેદ દ્વારમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસક વેદનો વિચાર કરવામાં આવ્યો છે. આયુષ્યદ્વારમાં "સ્થિતિ"ની ચર્ચા છે. અધ્યવસાય બે પ્રકારના છે - (૧) પ્રશસ્ત અને (૨) અપ્રશસ્ત. જે જીવ જે દંડકમાં ઉત્પન્ન થવાનો હોય છે તેના અનુસાર જ તેના પ્રશસ્ત કે અપ્રશસ્ત અધ્યવસાય અર્થાત્ ભાવ જોવા મળે છે. અનુબંધ અને કાયસંવેધ એ બે દ્વાર આ અધ્યયનમાં સર્વોત્કૃષ્ટ વિશેષતા ધરાવે છે. અનુબંધનું તાત્પર્ય છે વિવક્ષિત પર્યાયનું અવિચ્છિન્ન કે નિરંતર બની રહેવું તથા કાય સંવેધનું તાત્પર્ય છે વર્ણ્યમાન કાયથી બીજી કાયમાં કે તુલ્યકાયમાં જઈ ફરીથી તે જ કાયમાં આવવું. આ વીસ દ્વારોના માધ્યમથી પ્રત્યેક દંડકના વિવિધ પ્રકારના જીવોની જે જાણકારી આ અધ્યયનમાં સમાયેલી છે તે અત્યંત સૂક્ષ્મ અને યુક્તિસંગત છે.

---

૧. પંડિતમરણ અથવા સમાધિમરણના સંબંધમાં વિશેષ જાણકારી માટે પ્રકીર્ણક સાહિત્યમાં સમાધિ મરણની અવધારણા (પ્રકીર્ણક સાહિત્યઃ મનન અને મીમાંસા - ઉદયપુર) લેખ દૃષ્ટવ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦ દ્વારોના વર્ણનમાં યત્ર-તત્ર નવ ગમકોના પણ પ્રયોગો થયા છે. આ નવ ગમક ઓઘ, જઘન્ય અને મધ્યમ સ્થિતિઓના કારણે બન્યા છે. ગમક અધ્યયનનો આધાર વ્યાખ્યા પ્રજ્ઞપ્તિસૂત્રનો ચોવીસમો શતક છે માટે વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આ શતકની ટીકા કે વૃત્તિનું અનુશીલન સહાયક થશે.

આત્મા :

"આત્મા" અને "જીવ" શબ્દ આગમમાં એકાર્થક છે. એટલા માટે જીવ અધ્યયનનું વિવેચન થયા પછી આત્માના પૃથક્ અધ્યયનની આવશ્યકતા રહેતી નથી તથા પણ આત્મા શબ્દથી આગમમાં જે વિશિષ્ટ વિવેચન ઉપલબ્ધ છે તેનો આ અધ્યયનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

"આત્મા" શબ્દ જીવનું સૂક્ષ્મ અને વિશિષ્ટ વિવેચન કરે છે. આ આત્માને જીવાત્મા પણ કહેવામાં આવે છે. વેદાન્ત દર્શનમાં "આત્મા" શબ્દ બ્રહ્મના માટે પ્રયુક્ત થયો છે તથા "જીવ" શબ્દ અજ્ઞાનાચ્છિન્ન સાંસારિક પ્રાણિઓ માટે પ્રયુક્ત થયો છે. જૈન દર્શનમાં જીવ અને આત્મામાં એવો ભેદ નથી. અહિં સંસારી પ્રાણિઓને પણ જીવ કહેવામાં આવે છે તથા મુક્ત (સિદ્ધ) જીવોને પણ જીવ કહેવામાં આવે છે. આ પ્રમાણે જીવોની સંખ્યા અનંત છે. છતાં પણ ચૈતન્યના સામ્યની દૃષ્ટિ એ ઠાણાંગસૂત્રમાં "एगे आया" અર્થાત્ આત્મા એક છે. એ કથનનો પ્રયોગ થયો છે.

સંખ્યાની દૃષ્ટિથી જૈનદર્શનમાં અનંત આત્માઓ માન્ય છે. વેદાન્તદર્શન બ્રહ્મ કે આત્માને સંખ્યાની દૃષ્ટિથી એક માને છે તથા સંસારી જીવોમાં તેનો જ ચૈતન્યાંશ સ્વીકાર કરે છે પરંતુ જૈનદર્શનમાં આત્મા એક નહિ અનંત છે.

આત્માનું સ્વરૂપ જ્ઞાનદર્શનમય છે. આત્મા એક અપેક્ષાએ જ્ઞાનરૂપ છે. તો બીજી અપેક્ષાએ અજ્ઞાનરૂપ પણ છે. પરંતુ જ્ઞાન નિયમથી આત્મા છે. અજ્ઞાનનો અર્થ જ્ઞાનનો અભાવ નહિ. પરંતુ મિથ્યાદર્શનની ઉપસ્થિતિમાં જે જ્ઞાન થાય છે તેને જ અજ્ઞાન કહેવામાં આવે છે. દર્શન નિયમથી આત્મા હોય છે તથા આત્મા નિયમથી દર્શન હોય છે.

બીજી અપેક્ષાએ આત્માના આઠ પ્રકાર કહ્યા છે - (૧) દ્રવ્ય આત્મા, (૨) કષાય આત્મા, (૩) યોગ આત્મા, (૪) ઉપયોગ આત્મા, (૫) જ્ઞાન આત્મા, (૬) દર્શન આત્મા, (૭) ચારિત્ર આત્મા અને (૮) વીર્ય આત્મા. આમાં દ્રવ્ય આત્માનું તાત્પર્ય છે આત્માનું દ્રવ્યથી હોવું અથવા પ્રદેશયુક્ત જીવનું દ્રવ્યના રૂપમાં હોવું. આ દ્રવ્ય આત્મા બધા જીવોમાં હંમેશા રહે છે. કષાય યુક્ત આત્માને કષાય આત્મા. મન, વચન અને કાયાના યોગથી યુક્ત આત્માને યોગ આત્મા. જ્ઞાન, દર્શનરૂપ ઉપયોગ સંપન્ન આત્માને ઉપયોગ આત્મા. જ્ઞાનગુણ લક્ષણની દૃષ્ટિથી તેને જ્ઞાન આત્મા અને દર્શનગુણ-લક્ષણની અપેક્ષાથી તેને દર્શન આત્મા કહેવામાં આવે છે. તે જ પ્રમાણે ચારિત્રયુક્ત હોવાની અપેક્ષાથી તેને 'ચારિત્ર આત્મા' અને વીર્ય-પરાક્રમથી સંપન્ન હોવાના કારણે તેને 'વીર્ય આત્મા' કહેવામા આવે છે. તેમાં દ્રવ્ય આત્મા, ઉપયોગ આત્મા, જ્ઞાન આત્મા, દર્શન આત્મા અને વીર્ય આત્મા બધા જીવોમાં એક સાથે હોઈ શકે છે. કષાય આત્મા તો સકષાયી સંસારી જીવોમાં હોય છે તથા યોગ આત્મા સયોગી કેવળી ગુણસ્થાન સુધી જોવા મળે છે. ચારિત્ર આત્મા ચારિત્રયુક્ત જીવોમાં હોય છે. "આત્માનું" આ વિશ્લેષણ એક જ જીવના વિભિન્ન આયામોને પ્રગટ કરે છે.

જાણવા યોગ્ય એ છે કે પ્રાણાતિપાત **-યાવત્-** મિથ્યાદર્શન શલ્ય, પ્રાણાતિપાત વિરમણ **-યાવત્-** મિથ્યાદર્શન શલ્ય વિવેક ઔત્પાતિકી **-યાવત્-** પારિણામિકી બુદ્ધિ, અવગ્રહ **-યાવત્-** ધારણા, ઉત્થાન **-યાવત્-** પુરુષાકાર પરાક્રમ, નૈરયિકત્વ **-યાવત્-** વૈમાનિકત્વ, જ્ઞાનાવરણ **-યાવત્-** અંતરાય કર્મ, કૃષ્ણલેશ્યા **-યાવત્-** શુક્લલેશ્યા, ત્રણે દૃષ્ટિઓ, ચારે દર્શન, પાંચો જ્ઞાન અને ત્રણ અજ્ઞાન, આહારાદિ ચાર સંજ્ઞાઓ, પાંચ શરીર, ત્રણ યોગ, સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ તથા આના જેવા બીજા પણ પદાર્થ આત્માના સિવાય અન્યત્ર પરિણમન કરતા નથી. આ બધાનો આત્મા સાથે સંબંધ છે તથા તેમાં જ પરિણમન કરે છે. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શને ગ્રહણ કરવાનું કાર્ય આત્મા બે પ્રકારે કરે છે- શરીરના એકભાગથી અથવા સમસ્ત શરીરથી. અવભાસ, પ્રભાસ, વિક્રિયા, પરિચારણા, ભાષા, આહાર, પરિણમન, વેદન અને નિર્જરા આદિ ક્રિયાઓ પણ આત્મા ઉપર્યુક્ત બંને પ્રકારોથી કરે છે.

સમુદ્‌ઘાત :

વિભિન્ન કારણોથી જ્યારે જીવના આત્મ-પ્રદેશ શરીરથી બહાર નિકળે છે તે સમુદ્‌ઘાત કહેવાય છે. તે આત્મપ્રદેશ પુદ્‌ગલયુક્ત હોય છે. એટલા માટે સમુદ્‌ઘાતોનું વર્ણન કરતી વખતે આગમમાં પુદ્‌ગલોનું પણ શરીરથી બહાર નીકળવાનું વર્ણન મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનદર્શન એક તરફ આત્માને સ્વદેહ પરિમાણ સ્વીકાર કરે છે તો બીજી તરફ સમુદ્‌ઘાતના સમયે આત્મપ્રદેશોનું શરીરથી બહાર નિકળી સંપૂર્ણ લોકમાં ફેલાઈ જવાની વાત પણ સ્વીકાર કરે છે. આ જૈનદર્શનની અનોખી માન્યતા છે. આગમના અનુસાર સમુદ્‌ઘાતના સમયે જે પુદ્‌ગલયુક્ત આત્મપ્રદેશ લોકમાં ફેલાય છે તે એટલા સૂક્ષ્મ હોય છે કે ઈન્દ્રિયોના માધ્યમથી તેનો અનુભવ ન કરી શકાય. વિશેષરૂપે કેવળી સમુદ્‌ઘાતના વખતે આત્મપ્રદેશ સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ તેનો અનુભવ છદ્મસ્થ જીવોને થતો નથી. જૈનાગમમાં પ્રતિપાદિત સમુદ્‌ઘાતની અવધારણા વૈજ્ઞાનિકોના માટે આશ્ચર્ય અને શોધનો વિષય છે.

સમુદ્‌ઘાત સાત પ્રકારના હોય છે - (૧) વેદના, (૨) કષાય, (૩) મારણાન્તિક, (૪) વૈક્રિય, (૫) તૈજસ્, (૬) આહારક અને (૭) કેવળી.

વેદના અસહ્ય હોવાથી તેને સહન કરવા અથવા નિર્જરિત કરવા માટે જીવ 'વેદના સમુદ્‌ઘાત' કરે છે. કષાય સમુદ્‌ઘાત કષાયનો આવેગ વધવાથી થાય છે. મારણાન્તિક સમુદ્‌ઘાત દેહ-ત્યાગના સમયે થાય છે. વૈક્રિય સમુદ્‌ઘાત વૈક્રિયલબ્ધિના થવાથી અથવા ઉત્તર વૈક્રિય કરતી વખતે કરવામાં આવે છે. તૈજસ્ સમુદ્‌ઘાત તેજોલેશ્યાનો પ્રયોગ કરતી વખતે કે એવા જ અન્ય પ્રસંગમાં કરવામાં આવે છે. આહારક સમુદ્‌ઘાત ત્યારે કરવામાં આવે છે જ્યારે કોઈ ચૌદ પૂર્વધારી મુનિ આહારક શરીરનું પુતળુ જિનેન્દ્રદેવથી વિશિષ્ટ જાણકારી માટે બહાર મોકલે છે. કેવળી સમુદ્‌ઘાતનું પ્રયોજન ભિન્ન છે. જ્યારે કેવળીના આયુષ્યકર્મની સ્થિતિ ઓછી હોય તથા વેદનીય, ગોત્ર અને નામકર્મની સ્થિતિ વધારે હોય તો તેને સમ કરવા માટે કેવળી સમુદ્‌ઘાત કરવામાં આવે છે. કેવળી સમુદ્‌ઘાત સિવાય છહ સમુદ્‌ઘાત છદ્મસ્થોમાં જોવા મળે છે. છદ્મસ્થમાં થવાવાળા સમુદ્‌ઘાતોનો કાળ અસંખ્યાત સમય છે. જ્યારે કેવળી સમુદ્‌ઘાતનો કાળ માત્ર આઠ સમય છે.

આ સમુદ્‌ઘાતોમાંથી કેવળી સમુદ્‌ઘાત એકવાર થાય છે અને તે પણ કેવળી બન્યા પછી કોઈ-કોઈ કેવળીને થાય છે. આહારક સમુદ્‌ઘાત મનુષ્ય પર્યાયમાં એક જીવની અપેક્ષાએ અતીતમાં ઉત્કૃષ્ટ ત્રણ થયા છે તથા ભવિષ્યમાં ચારથી અધિક નહિ થાય. આ માત્ર ચૌદપૂર્વધારી મુનિને છઠ્ઠા ગુણસ્થાનમાં થાય છે. વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય અને તૈજસ્ સમુદ્‌ઘાત કદાચ અસંખ્યાત તથા કદાચ અનંત સુધી થઇ શકે છે.

ચરમાચરમ :

આગમમાં જીવાદિ દ્રવ્યોનું અનેક પ્રકારે વર્ણન થયું છે. તેથી આ દ્રવ્યોની વિવિધ વિશેષતાઓ પ્રગટ થઈ છે. ચરમ અને અચરમની દૃષ્ટિ દ્વારા નિરૂપણ પણ એ જ પ્રયોજન સિદ્ધ કરે છે. ચરમનો અર્થ છે- અંતિમ અને અચરમનો અર્થ છે- જે અંતિમ ન હોય તે. જીવ અને અજીવ દ્રવ્ય જે અવસ્થા-વિશેષ અથવા ભાવ-વિશેષને ફરીથી પ્રાપ્ત કરશે નહિ. તે અવસ્થા અને ભાવ-વિશેષની અપેક્ષાએ તે ચરમ અને જેને ફરીથી પ્રાપ્ત કરશે તે અપેક્ષાથી અચરમ કહેવામાં આવે છે.

ચરમ અને અચરમની દૃષ્ટિથી ષડ્‌દ્રવ્યોમાંથી જીવ અને પુદ્‌ગલનો જ વિચાર કરવામાં આવે છે. શેષ ચાર દ્રવ્યો ધર્મ, અધર્મ, આકાશ અને કાળનો ચરમ-અચરમ સંભવ નથી. માટે આગમમાં આ ચારેના ચરમ અને અચરમનો વિચાર થયો નથી.

ચોવીસ દંડકો અને જીવ સામાન્યમાં ચરમાચરમત્વનું વર્ણન ૧૧ દ્વારોથી કરવામાં આવ્યું છે, તે ૧૧ દ્વાર એ છે - (૧) ગતિ, (૨) સ્થિતિ, (૩) ભવ, (૪) ભાષા, (૫) આનપાન, (૬) આહાર, (૭) ભાવ, (૮) વર્ણ, (૯) ગંધ, (૧૦) રસ અને (૧૧) સ્પર્શદ્વાર. જીવ કથંચિત્ ચરમ છે અને કથંચિત્ અચરમ છે. જીવભાવની અપેક્ષાએ તે અચરમ છે અને નૈરયિકભાવની અપેક્ષાએ ચરમ છે. બીજી અપેક્ષાએ ૧૪ દ્વારોમાં પણ ચરમાચરમત્વનું વર્ણન થયું છે, તે ૧૪ દ્વાર એ છે- (૧) જીવ, (૨) આહારક, (૩) ભવસિદ્ધિક, (૪) સંજ્ઞી, (૫) લેશ્યા, (૬) દૃષ્ટિ, (૭) સંયત, (૮) કષાય, (૯) જ્ઞાન, (૧૦) યોગ, (૧૧) ઉપયોગ, (૧૨) વેદ, (૧૩) શરીર અને (૧૪) પર્યાપ્તક દ્વાર.

અજીવ દ્રવ્યોમાંથી પુદ્‌ગલ દ્રવ્યનો ચરમાચરમત્વ પર વિચાર કરવામાં આવે છે. પુદ્‌ગલના પાંચ સંસ્થાન વર્ણિત છે- (૧) પરિમંડળ, (૨) વૃત્ત, (૩) ત્રિકોણ, (૪) ચતુષ્કોણ અને (૫) આયત. પંચકોણ, ષટ્‌કોણ આદિનો સમાવેશ ઉપલક્ષણથી ચતુષ્કોણમાં જ થઈ જશે. એ બધા સંસ્થાન નિયમથી એકની અપેક્ષાએ અચરમ અને બહુવચનની અપેક્ષાએ ચરમ હોય છે. પરમાણુ પુદ્‌ગલ દ્રવ્યાદેશથી અચરમ છે તથા ક્ષેત્રાદેશ, કાળાદેશ અને ભાવાદેશથી તે ક્યારેક ચરમ છે અને ક્યારેક અચરમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજીવ :

લોકમાં મુખ્યરૂપે બે જ દ્રવ્ય છે - (૧) જીવદ્રવ્ય અને (૨) અજીવદ્રવ્ય. ષડ્દ્રવ્યોમાંથી જીવને છોડી શેષ પાંચ દ્રવ્યો- (૧) ધર્મ, (૨) અધર્મ, (૩) આકાશ, (૪) કાળ અને (૫) પુદ્ગલની ગણના અજીવ દ્રવ્યમાં કરવામાં આવે છે. જીવ દ્રવ્ય ચેતનાયુક્ત છે. તેમાં જ્ઞાન અને દર્શનગુણ રહે છે. જ્યારે અજીવ દ્રવ્ય ચેતનાશૂન્ય હોય છે ત્યારે તે જ્ઞાન-દર્શન ગુણોથી રહિત હોય છે. જીવદ્રવ્ય ઉપયોગમય હોય છે પરંતુ અજીવ દ્રવ્યમાં ઉપયોગ હોતો નથી. જીવ અને અજીવની ભેદ રેખાઓ અનેક છે. પરંતુ મુખ્યરૂપે જ્ઞાન, દર્શન, ઉપયોગ કે ચૈતન્યના આધારે એને પ્રથક્ કરવામાં આવે છે.

અજીવ દ્રવ્ય પણ બે પ્રકારના હોય છે - (૧) રૂપી અજીવદ્રવ્ય અને (૨) અરૂપી અજીવદ્રવ્ય. જે દ્રવ્ય વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન (આકૃતિ)થી યુક્ત હોય છે તે 'રૂપી અજીવ દ્રવ્ય' કહેવાય છે તથા જે અજીવ દ્રવ્ય વર્ણાદિથી રહિત હોય છે તે 'અરૂપી અજીવ દ્રવ્ય' કહેવાય છે. અરૂપી અજીવ દ્રવ્યોમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યની ગણના થાય છે તથા રૂપી અજીવ દ્રવ્યમાં માત્ર પુદ્ગલ દ્રવ્યનો જ સમાવેશ થાય છે. પુદ્ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન જોવા મળે છે એટલા માટે તે 'રૂપી' કહેવાય છે તથા શેષ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યોમાં વર્ણાદિ જોવા મળતા નથી માટે તે 'અરૂપી' કહેવાય છે.[૧]

પુદ્ગલ :

સમસ્ત જગત્માં જે કાંઈપણ દૃશ્યમાન છે અથવા ઈન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય છે તે બધા 'પુદ્ગલ' છે. ષડ્દ્રવ્યોમાં આ જ એક એવો દ્રવ્ય છે જે મૂર્ત કે રૂપી છે. તત્ત્વાર્થ સૂત્રમાં પુદ્ગલનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવ્યું છે- "स्पर्श रस गंधवर्णवन्तः पुद्गलाः"[૨] અર્થાત્ જે સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી યુક્ત છે તે 'પુદ્ગલ' છે. પુદ્ગલ દ્રવ્યોની કેટલીક પર્યાયો બીજી પણ છે.[૩] જેનો પુદ્ગલની અંદર જ સમાવેશ કરવામાં આવે છે તે પર્યાયો ઉત્તરાધ્યયનસૂત્રમાં શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા અને આતપના રૂપમાં કહેવામાં આવી છે તથા તત્ત્વાર્થસૂત્રમાં બંધ, સૂક્ષ્મતા, સ્થૂળતા, સંસ્થાન અને ભેદથી યુક્તને પણ પુદ્ગલ કહેવામાં આવ્યું છે.[૪]

જે ઈન્દ્રિયગોચર થાય છે તે પુદ્ગલ જ થાય છે. પરંતુ પુદ્ગલના પરમાણુ, દ્વિપ્રદેશી સ્કંધ આદિ એવા સૂક્ષ્મ અંશ પણ છે જેને ઈન્દ્રિયોથી ન જાણી શકાય તથા પણ એમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની ઉપલબ્ધિના કારણે તે પુદ્ગલ જ કહેવાય છે તેમજ આને અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અથવા કેવળજ્ઞાનથી જાણી શકાય છે.

પુદ્ગલનો એક નિરુક્તિપરક અર્થ એ કરવામાં આવે છે કે જે પૂરણ અને ગલણ અવસ્થાને પ્રાપ્ત થાય છે તે પુદ્ગલ છે. સંઘાતથી આ પૂરણ અવસ્થાને તથા ભેદથી ગલન અવસ્થાને પ્રાપ્ત થાય છે. એક અન્ય પરિભાષાના અનુસાર જીવ જેને શરીર, આહાર, વિષય, ઈન્દ્રિય આદિના રૂપમાં ગ્રહણ કરે છે તે પુદ્ગલ છે.

પુદ્ગલના મુખ્યરૂપે બે ભેદ છે - (૧) પરમાણુ કે અણુ અને (૨) સ્કંધ. કોઈ અપેક્ષાથી પુદ્ગલના ચાર ભેદ પણ પ્રતિપાદિત છે - (૧) સ્કંધ, (૨) સ્કંધ દેશ, (૩) સ્કંધ પ્રદેશ અને (૪) પરમાણુ. અનેક પરમાણુઓનો સંઘાત 'સ્કંધ' કહેવાય છે. પુદ્ગલ દ્રવ્યનો તે પ્રત્યેક ખંડ જે સ્વતંત્ર સત્તાવાન્ છે તે સ્કંધ છે. જેમકે - ઈંટ, પથ્થર, ખુર્શી, ટેબલ વગેરે. એકથી અધિક સ્કંધ મળીને પણ એક નવો સ્કંધ બની શકે છે. જેમકે- અનેક પથ્થરોથી બનેલી દિવાલ સ્કંધનું જ્યારે વિભાજન થાય છે ત્યારે તે અનેક પરમાણુઓમાં વિભક્ત થઈ શકે છે. પરંતુ જ્યાં સુધી પરમાણુની અવસ્થા નથી આવતી ત્યાં સુધી તે સ્કંધોમાં જ વિભક્ત થાય છે. આ પ્રમાણે સ્વતંત્ર સત્તાની દૃષ્ટિથી સ્કંધ અને પરમાણુ ભેદ જ પ્રાપ્ત થાય છે. દેશ અને પ્રદેશ ભેદ બુદ્ધિ કલ્પિત છે વાસ્તવિક નહિ. જ્યારે સ્કંધનો કોઈ ખંડ બુદ્ધિથી કલ્પિત કરવામાં આવે છે તે 'દેશ' કહેવાય છે, જેમકે -

---

૧. અજીવ દ્રવ્યના સંબંધમાં આ પ્રસ્તાવનામાં દ્રવ્ય, અસ્તિકાય, પર્યાય, જીવાજીવ અને પુદ્ગલ શીર્ષક દૃષ્ટવ્ય છે.

૨. (અ) તત્વાર્થસૂત્ર - ૫/૨૩.
(બ) "रुपिणः पुद्गलाः" - ૫/૩ સૂત્ર પણ ઉપલબ્ધ છે.

૩. ઉત્તરાધ્યયનસૂત્ર - ૨૮/૧૨. દ્રવ્યાનુયોગ ભાગ ૪, પાના નં. ૨૫૩૧

૪. "शब्दबन्धसौक्ष्म्यस्थौल्य संस्थान भेदतमश्छायातपोद्योतवन्तश्च" - તત્વાર્થસૂત્ર - ૫/૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વી સ્કંધનો બુદ્ધિકલ્પિત દેશ 'ભારત' છે. કોઈ ટેબલ એક સ્કંધ છે. તેનો એક હિસ્સો જે તેનાથી અલગ નથી થયો તે જ ટેબલ સ્કંધનો 'દેશ' કહેવાય છે. સ્કંધથી અવિભક્ત પરમાણુ 'પ્રદેશ' કહેવાય છે. જ્યારે તે સ્કંધથી પૃથક્ થઈ જાય છે ત્યારે 'પરમાણુ' કહેવામાં આવે છે. તે પુદ્ગલનો અવિભાજ્ય અંશ હોય છે. પુદ્ગલને સ્કંધની અપેક્ષાએ ભિદુર સ્વભાવવાળો તથા પરમાણુની અપેક્ષાએ અભિદુર સ્વભાવવાળો કહેવામાં આવે છે. ઈન્દ્રિય ગ્રાહ્ય પુદ્ગલ બાદર અને શેષ સૂક્ષ્મ છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનમાં પરિણમિત થવાની દૃષ્ટિથી પુદ્ગલ પાંચ પ્રકારના હોય છે - (૧) વર્ણપરિણત, (૨) ગંધપરિણત, (૩) રસ પરિણત, (૪) સ્પર્શ પરિણત અને (૫) સંસ્થાન પરિણત. પરંતુ પ્રત્યેક પુદ્ગલ દ્રવ્યમાં એ પાંચે ગુણ રહે છે. કોઈપણ પુદ્ગલ એવો નથી જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન (આકાર)થી રહિત હોય.

વર્ણના પાંચ પ્રકાર છે - (૧) કાળો, (૨) લીલો, (૩) લાલ, (૪) પીળો અને (૫) સફેદ. ગંધના બે પ્રકાર છે - (૧) સુરભિગંધ અને (૨) દુરભિગંધ. રસના પાંચ પ્રકાર છે - (૧) તિખો, (૨) કડવો, (૩) કષાયેલો, (૪) ખાટો અને (૫) મીઠો. સ્પર્શના આઠ પ્રકાર છે - (૧) કર્કશ, (૨) મૃદુ, (૩) ગુરુ, (૪) લઘુ, (૫) શીત, (૬) ઉષ્ણ, (૭) રુક્ષ અને (૮) સ્નિગ્ધ. સંસ્થાનના પાંચ કે છહ પ્રકાર પ્રતિપાદિત છે. પાંચ પ્રકાર છે - (૧) પરિમંડળ, (૨) વૃત્ત, (૩) ત્રિકોણ, (૪) ચતુષ્કોણ અને (૫) આયત. છહ પ્રકાર માનીએ તો (૬) અનિયતની પણ ગણના થાય છે.

પુદ્ગલ દ્રવ્ય પરમાણુના પછી દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી, ચતુઃપ્રદેશી, પંચપ્રદેશી **-યાવત્-** દશ પ્રદેશી થાય છે. દશના પછી સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી પુદ્ગલોનું નિરૂપણ કરવામાં આવે છે. એક પરમાણુ પુદ્ગલ એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શવાળા હોય છે. દ્વિપ્રદેશી સ્કંધ કોઈ એકવર્ણવાળો, કોઈ બે વર્ણવાળો, કોઈ એક ગંધવાળો, કોઈ બે ગંધવાળો, કોઈ એક રસવાળો, કોઈ બે રસવાળો, કોઈ બે સ્પર્શવાળો, કોઈ ત્રણ સ્પર્શવાળો, કોઈ ચાર સ્પર્શવાળો હોય છે. આ પ્રમાણે ત્રિપ્રદેશી આદિ સ્કંધોમાં રસ, વર્ણ આદિની સંખ્યા કદાચ વધતી જ જાય છે. તેનાથી દ્વિકસંયોગી, ત્રિકસંયોગી, વર્ણાદિની અપેક્ષાએ અનેક ભંગ બને છે.

વર્ણાદિના પરિણમનને લઈ આગમમાં વર્ણ પરિણતના ૧૦૦ ભેદ, ગંધ પરિણતના ૪૬ ભેદ, રસ પરિણતના ૧૦૦ ભેદ, સ્પર્શ પરિણતના ૧૮૪ ભેદ અને સંસ્થાન પરિણતના ૧૦૦ ભેદ પ્રતિપાદિત છે. કુલ મળી તેના ૫૩૦ ભેદ કે ભંગ બને છે.[૧]

પુદ્ગલના ભેદ અને સંઘાતનું તત્વાર્થસૂત્રમાં તો વર્ણન મળે જ છે. પરંતુ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં તેનું વિસ્તારથી વર્ણન થયું છે. તત્વાર્થસૂત્રમાં સંઘાત, ભેદ અને સંઘાત-ભેદથી સ્કંધની ઉત્પત્તિનું વર્ણન છે.[૨] તથા ભેદથી અણુ કે પરમાણુની ઉત્પત્તિનું વર્ણન છે.[૩] સ્કંધ બે પ્રકારના માનવામાં આવે છે - (૧) ચાક્ષુષ - જેને આંખથી જોઈ શકાય અને (૨) અચાક્ષુષ - જેને આંખથી ન જોઈ શકાય. ચાક્ષુષ સ્કંધની ઉત્પત્તિ ભેદ અને સંઘાતથી થાય છે.[૪] વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે પુદ્ગલોનો સંઘાત અને ભેદ ક્યારેક પોતાના સ્વભાવથી થાય છે અને ક્યારેક બીજાના નિમિત્તથી થાય છે. પરમાણુ પુદ્ગલોના મળવાથી સ્કંધનું નિર્માણ થાય છે તથા પુદ્ગલનું વધારે વિભાજન પરમાણુ પુદ્ગલના રૂપમાં થાય છે.

એક પરમાણુ ગતિ કરે ત્યારે એક સમયમાં લોકના અંત સુધી પહોંચી શકે છે. પરમાણુની આ પ્રકારની ગતિનું વર્ણન અન્ય કોઈ ભારતીય દર્શનમાં નથી તથા તે વૈજ્ઞાનિકો માટે પણ શોધની પ્રેરણાનો સ્ત્રોત બની શકે છે. વૈજ્ઞાનિકોના અનુસાર આ સમયે સર્વાધિક ગતિશીલ વસ્તુ 'પ્રકાશ' છે. જે એક સેકંડમાં લગભગ ૩ લાખ કિલોમીટરની દૂરી પાર કરે છે. જૈનદર્શનના અનુસાર પ્રકાશ પણ પુદ્ગલનો જ એક પ્રકાર છે. પુદ્ગલની ગતિ આનાથી પણ તીવ્ર થઈ શકે છે. એક પરમાણુ એક સમયમાં સંપૂર્ણ લોક સુધી પહોંચી શકે છે. ભગવતી સૂત્રમાં વર્ણિત અસ્પૃશદ્ગતિથી પણ આનું સમર્થન થાય છે.[૫]

---

૧. વિવરણ માટે દૃષ્ટવ્ય દ્રવ્યાનુયોગ ભાગ ૪, પૃ. ૨૩૮૦ - ૨૪૦૬

૨. "संघताभेदेभ्यः उत्पद्यन्ते" - तत्वार्थसूत्र - ५/२६

૩. "भेदादणुः" तेज. ५/२७

૪. "भेद संघाताभ्यां चाक्षुषाः" - तेज ५/२८

૫. પરમાણુ પુદ્ગલોથી લઈ અનંતપ્રદેશી સ્કંધોને પરસ્પર સ્પર્શ કર્યા સિવાય થવાવાળી ગતિ અસ્પૃશદ્ગતિ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનાંગ સૂત્રમાં ત્રણ કારણોથી પુદ્‌ગલનું વર્ણન બતાવ્યું છે - (૧) એક પરમાણુ પુદ્‌ગલ બીજા પરમાણુ પુદ્‌ગલથી ટકરાઈને પ્રતિહત થાય છે. (૨) રુક્ષ સ્પર્શથી પ્રતિહત થાય છે અને (૩) લોકાન્તમાં જઈ પ્રતિહત થાય છે.

પરમાણુના જૈનાગમોમાં ચાર પ્રકાર વર્ણિત છે - (૧) દ્રવ્ય પરમાણુ, (૨) ક્ષેત્ર પરમાણુ, (૩) કાળ પરમાણુ અને (૪) ભાવ પરમાણુ. દ્રવ્ય પરમાણુના અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય આ ચાર ભેદ કરવામાં આવ્યા છે. ક્ષેત્ર પરમાણુના અનર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ અને અવિભાજ્ય આ ચાર ભેદ થાય છે. કાળ પરમાણુના અવર્ણ, અગંધ, અરસ અને અસ્પર્શ આ ચાર ભેદ છે તથા ભાવ પરમાણુના વર્ણવાન્, ગંધવાન્, રસવાન્ અને સ્પર્શવાન્‌ના રૂપમાં ચાર પ્રકાર છે.

પુદ્‌ગલ સંખ્યાની દૃષ્ટિથી અનંત છે. એક પરમાણુ પુદ્‌ગલ અનંત છે તથા અનંત પ્રદેશી પુદ્‌ગલ પણ અનંત છે. મધ્યના સ્કંધ પણ અનંત છે.

પુદ્‌ગલ પરિણમન ત્રણ પ્રકારના વર્ણિત છે - (૧) પ્રયોગ પરિણત, (૨) વિસ્ત્રસા પરિણત અને (૩) મિશ્ર પરિણત. જીવ દ્વારા ગૃહિત પુદ્‌ગલોને 'પ્રયોગ પરિણત' પુદ્‌ગલ, સ્વભાવથી પરિણત પુદ્‌ગલોને 'વિસ્ત્રસા પરિણત' પુદ્‌ગલ તથા પ્રયોગ અને સ્વભાવ બંનેના દ્વારા પરિણત પુદ્‌ગલોને 'મિશ્ર પરિણત' પુદ્‌ગલ કહેવામાં આવે છે.

શુભ પુદ્‌ગલોનું અશુભ પુદ્‌ગલોના રૂપમાં તથા અશુભ પુદ્‌ગલોનું શુભ પુદ્‌ગલોના રૂપમાં પરિણમન થઈ શકે છે. એ જરૂરી નથી કે અશુભ પુદ્‌ગલોનું પરિણમન અશુભ રૂપમાં જ થાય અને શુભ પુદ્‌ગલોનું પરિણમન શુભરૂપમાં જ થાય.

પરિણમનના વિષયમાં મહત્ત્વપૂર્ણ વિષય એ છે કે વર્ણનું પરિણમન ક્યારેય પણ રસ, ગંધ કે સ્પર્શમાં થતું નથી. રસનું પરિણમન ક્યારેય પણ વર્ણ, ગંધ કે સ્પર્શમાં થતું નથી. એ જ પ્રમાણે ગંધનું વર્ણાદિમાં તથા સ્પર્શનું પણ વર્ણાદિમાં પરિણમન થતું નથી. પરંતુ એક વર્ણનું બીજા વર્ણમાં, એક રસનું બીજા રસમાં, એક ગંધનું બીજા ગંધમાં તથા એક સ્પર્શનું અન્ય સ્પર્શમાં પરિણમન સંભવ છે. લીલા પત્તાનું પરિણમન પીળા પત્તાના રૂપમાં થવું, એક વર્ણનું બીજા વર્ણમાં પરિણમન સિદ્ધ કરે છે. આ જ પ્રમાણે સુગંધિત વસ્તુ કાળાન્તરમાં દુર્ગંધમાં બદલાઈ જાય છે. મીઠો સ્વાદ ખાટામાં બદલાઈ જાય છે. આ જ પ્રમાણે સ્નિગ્ધનું રુક્ષમાં, ગુરુનું લઘુમાં, શીતનું ઉષ્ણમાં, મૃદુનું કઠોરમાં પરિણમન સંભવ છે.

સંસારી જીવ આઠ કર્મોથી બંધાયેલો હોવાથી પુદ્‌ગલથી પૂર્ણ રીતે સંબંધિત છે. શરીર, ઈન્દ્રિય, મન આદિ જે જીવને મળે છે તે પણ આ કારણે પૌદ્‌ગલિક છે. જીવને પરભાવમાં લઈ જનાર પ્રાણાતિપાત આદિ ૧૮ પાપ પણ આ દૃષ્ટિથી પૌદ્‌ગલિક છે તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત છે. જીવને સ્વભાવ દશામાં લઈ જનાર ગુણોમાં વર્ણાદિની સત્તા સ્વીકાર કરી નથી. જ્ઞાન, દર્શન આદિ જીવના ગુણ વર્ણાદિથી રહિત છે. લેશ્યાઓમાં દ્રવ્યલેશ્યા વર્ણાદિથી યુક્ત છે. જ્યારે ભાવલેશ્યા આનાથી રહિત છે.

પુદ્‌ગલ અને પરમાણુનું જે વર્ણન દ્રવ્યાનુયોગના પુદ્‌ગલ અધ્યયનમાં સમાયેલું છે તે ભારતીય દર્શનમાં અનોખું છે તથા વૈજ્ઞાનિકો માટે અન્વેષણ બિંદુ આપે છે.

આગમ પ્રકાશન :

ઈસવીસન્ ઓગણીસમી સદીના ઉત્તરાર્દ્ધમાં પ્રારંભ થયેલું આગમ પ્રકાશનનું કાર્ય વીસમી સદીમાં દેશ-વિદેશના વિદ્વાનોનું ધ્યાન આકૃષ્ટ કરે છે. આ કાળ આગમ સાહિત્યના અનુશીલન અને પ્રકાશનની દૃષ્ટિથી અત્યંત મહત્ત્વનું રહ્યું છે. વર્તમાનમાં અમારી સમક્ષ આગમના અનેક સંસ્કરણ ઉપલબ્ધ છે. આગમ પ્રકાશનની દિશામાં સર્વપ્રથમ સ્ટિવન્સે સન્ ૧૮૪૮ ઈ.માં કલ્પસૂત્રનું અંગ્રેજી અનુવાદ કર્યું હતું. ત્યારબાદ જર્મન વિદ્વાન્ પ્રોફેસર વેબેર સન્ ૧૮૬૫-૬૬ ઈ.માં ભગવતી સૂત્રના કેટલાક અંશનું સંપાદન કરી ટિપ્પણી લખી. ભારતમાં સર્વપ્રથમ રાયધનપતસિંહ બહાદુરસિંહ, મુર્શિદાબાદે સન્ ૧૮૭૪ ઈ.માં આગમ પ્રકાશનનું કાર્ય પ્રારંભ કર્યું. તેમને ઉપલબ્ધ ટીકા, દીપિકા, બાલાવબોધ આદિની સાથે આગમોનું સંસ્કરણ પ્રકાશિત કર્યું. લગભગ ૧૧ વર્ષોની અલ્પ અવધિમાં જ બધા મહત્ત્વપૂર્ણ આગમ પ્રકાશિત થઈ ગયા. રાયધનપતસિંહ દ્વારા પ્રકાશિત આ આગમોનો પ્રારંભમાં ઘણો જ વિરોધ થયો, પરંતુ યુગની માંગના કારણે પ્રકાશન કાર્યને નિરંતર (બળ) વેગ મળ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જ સમયે ૧૮૭૯ ઈ.માં જર્મનીના હર્મન જૈકોબી દ્વારા સંપાદિત કલ્પસૂત્ર પ્રકાશિત થયું. ૧૮૮૨ ઈ.માં તેમનું સંપાદિત આચારાંગસૂત્ર સમક્ષ આવ્યું. જૈકોબીએ "સેક્રિડ બુક્સ ઓફ ઈસ્ટર્ન સીરીજ"ના અંતર્ગત આચારાંગ, કલ્પસૂત્ર, સૂત્રકૃતાંગ અને ઉત્તરાધ્યયન સૂત્રના અંગ્રેજી અનુવાદ પ્રકાશિત કર્યા, લ્યુમને ઔપપાતિક અને આવશ્યકસૂત્રનું તથા સ્ટેન્થિલે જ્ઞાતાધર્મકથાનું સંપાદિત સંસ્કરણ પ્રકાશિત કર્યું. વાલ્ટર શુબ્રિંગે ૧૯૧૦ ઈ.સ.માં આચારાંગસૂત્રનું રોમનલિપીમાં તથા ૧૯૨૪ ઈ.સ.માં દેવનાગરી લિપીમાં પ્રકાશન કર્યું. શુબ્રિંગે સૂત્રકૃતાંગમાં કેટલાક અંશની સાથે આચારાંગનું જર્મનમાં અનુવાદ પણ કર્યું. તેના દ્વારા નિશીથસૂત્ર, બૃહત્કલ્પસૂત્ર, વ્યવહારસૂત્ર, દશવૈકાલિક સૂત્ર આદિનું પણ પ્રકાશન થયું. એ પ્રકારે વિદેશી વિદ્વાનોએ આગમોને કેટલો મહત્વ આપ્યો એથી જાણવા મળે છે કે વિદેશમાં આગમોના પ્રકાશનનો કાર્ય પ્રારંભ થયો પછી રોમન લિપીમાં પ્રકાશિત કેટલાક આગમોનું જૈન સાહિત્ય સંશોધક સમિતિ પૂનાએ દેવનાગરીમાં પરિવર્તન કર્યું.

આગમોના પ્રકાશનની દિશામાં સ્થાનકવાસી, મૂર્તિપૂજક તથા તેરાપંથી સંપ્રદાયોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આગમના મૂળપાઠવાળા સંસ્કરણો તો આજે અનેક પ્રકારના ઉપલબ્ધ છે, પરંતુ આ આગમોના હિન્દી અને ગુજરાતીમાં અનુવાદ પણ પ્રકાશિત થયા છે. આગમો પર સંસ્કૃત ટીકાનું નિર્માણ પણ થયું છે.

સ્થાનકવાસી પરંપરામાં આચાર્ય શ્રી અમોલકઋષિજી મહારાજ, આચાર્યશ્રી ઘાસીલાલજી મહારાજ, શ્રી ફુલચંદજી મહારાજ "પુપ્ફ ભિખુ", આચાર્ય શ્રી આત્મારામજી મહારાજ, આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજ વગેરે સંતોનું આ દિશામાં ઉલ્લેખનીય યોગદાન રહ્યું છે. આચાર્યશ્રી અમોલકઋષીજી મહારાજે સ્થાનકવાસી પરંપરાને માન્ય આગમોનું હિન્દીમાં અનુવાદ કર્યું. જેનું પ્રકાશન લાલા સુખદેવસહાય જ્વાલાપ્રસાદ હૈદ્રાબાદે કર્યું અને પુનરાવૃત્તિ અમોલ જ્ઞાનાલય ધુલિયાએ કર્યું. આચાર્યશ્રી ઘાસીલાલજી મહારાજે ૩૨ આગમો પર સંસ્કૃત ટીકાનું નિર્માણ કર્યું તથા તેનું હિન્દી અને ગુજરાતી અનુવાદ કર્યા. જેનું પ્રકાશન અ.ભા.શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન શાસ્ત્રોદ્ધારક સમિતિ, અમદાવાદથી થયું. શ્રી પુપ્ફભિખુજીએ ૩૨ આગમોના મૂળ પાઠનું સંક્ષિપ્ત સંસ્કરણ તૈયાર કર્યું. જે બે ભાગોમાં સૂત્રાગમ પ્રકાશન સમિતિ, ગુડગાંવથી પ્રકાશિત થયું. આચાર્યશ્રી આત્મારામજી મહારાજે ૧૯ આગમોનું હિન્દી અનુવાદ વિવેચન સહિત કર્યું હતું. જે આચાર્ય આત્મારામ જૈન પ્રકાશન સમિતિ લુધિયાનાથી પ્રકાશિત થયું. આચાર્ય શ્રી હસ્તીમલજી મહારાજે નંદીસૂત્ર પર સંસ્કૃત ટીકાનું નિર્માણ કર્યું. પ્રશ્નવ્યાકરણ અને બૃહત્કલ્પસૂત્રનું હિન્દી અનુવાદ અને વિવેચન પ્રસ્તુત કર્યું. જે વિભિન્ન સ્થાનોથી પ્રકાશિત થયા. અંતગડદશાસૂત્રની સંસ્કૃત છાયા શબ્દાર્થ અને હિન્દી અનુવાદ તૈયાર કર્યું. જે સમ્યગ્જ્ઞાન પ્રચારક મંડળ, જયપુરથી પ્રકાશિત થયું. ઉત્તરાધ્યયનસૂત્ર અને દશવૈકાલિકસૂત્રનું હિન્દી પદ્યાનુવાદની સાથે પ્રસ્તુતિ કરીને પણ આચાર્ય હસ્તીમલજી મહારાજે આગમ સાહિત્યની સેવા કરી.

ઉપાધ્યાય શ્રી કન્હૈયાલાલજી મહારાજે પણ ૧૫ આગમોના મૂળપાઠ ગુટકા સંસ્કરણ પ્રકાશિત કરાવ્યા તેમજ સ્થાનાંગ, સમવાયાંગ, ૪ છેદ સૂત્રના સંપાદન પ્રકાશનમાં સારી જહેમત ઉઠાવી.

અ.ભા.સાધુમાર્ગી જૈનસંસ્કૃતી રક્ષક સંઘ, સૈલાનાએ મૂળ આગમોનું અંગપવિઠ્ઠ અને અનંગ પવિઠ્ઠના રૂપમાં ૩૨ આગમોનું પ્રકાશન કર્યું. ભગવતી સૂત્રનું હિન્દી અનુવાદની સાથે સાત ભાગોમાં પણ આ સંસ્થાએ પ્રકાશન કર્યું. બીજા પણ ઘણા આગમ પ્રકાશિત કર્યા. અત્યારે પુનરાવૃત્તિ બ્યાવરથી થઈ રહી છે.

યુવાચાર્ય શ્રી મધુકરજી મહારાજ દ્વારા પ્રવર્તિત આગમ પ્રકાશન સમિતિ બ્યાવરનું આ દિશામાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. વિભિન્ન જૈન સંતો અને વિદ્વાનોના સહયોગથી આ સંસ્થાએ વિસ્તૃત ભૂમિકાની સાથે ૩૨ આગમોનું હિન્દી વિવેચનની સાથે સુંદર પ્રકાશન કર્યું છે. એ જ પ્રકારે ગુરૂ પ્રાણ ફાઉન્ડેશન રાજકોટથી મૂળ અનુવાદ વિવેચન સાથે ગુજરાતી ભાષામાં આગમ બત્તીસી પ્રકાશિત થઇ રહી છે. ૧૫ આગમ પ્રકાશિત પણ થઈ ગયા છે. શ્રમણી વિદ્યાપીઠ ઘાટકોપર મુંબઈથી પણ ઘણા આગમ ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત થયા છે.

તેરાપંથ સંસ્થા જૈન વિશ્વભારતી, લાડનું એ પણ આગમ પ્રકાશનની દિશામાં મહત્ત્વનું કાર્ય કર્યું છે. ગણાધિપતિ શ્રી તુલસીનું (પૂર્વમાં આચાર્ય) અને આચાર્ય મહાપ્રજ્ઞ (પહેલા મુનિ નથમલ અને યુવાચાર્ય મહાપ્રજ્ઞ)ના સંપાદનમાં અંગસુત્તાણીના ત્રણભાગ અને ઉવંગ સુત્તાણીના બે ભાગ અને નવ સુત્તાણીમાં મૂળ આગમોનું પ્રકાશન થયું છે. આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક સૂત્ર પણ હિન્દી અનુવાદ અને ટિપ્પણીની સાથે પ્રકાશિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ ગયા છે. આચાર્ય મહાપ્રજ્ઞએ હમણા જ આચારાંગ સૂત્ર પર સંસ્કૃતમાં ભાષ્યની રચના કરી છે. જે હિન્દી અનુવાદ અને પરિશિષ્ટની સાથે સન્ ૧૯૯૪ ઈ.સ.માં પ્રકાશિત થયા છે. આના પહેલા ભગવતી સૂત્ર પર ભાષ્યનો એક ભાગ પ્રકાશિત થઈ ગયો છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક સંસ્થાઓમાં આગમોદય સમિતિ સૂરત, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ અને હર્ષ પુષ્પામૃત ગ્રંથમાળા લાખાબાવલ (સૌરાષ્ટ્ર)ના નામ પ્રમુખ છે. આગમોદય સમિતિ સૂરતથી શ્રી સાગરાનંદસૂરિ દ્વારા સંપાદિત અઢાર આગમોનું સંસ્કૃત ટીકા સાથે પ્રકાશન થયું છે. હર્ષપુષ્પામૃત ગ્રંથમાળામાં "આગમ સુધા-સિંધુ" નામથી ૪૫ આગમોના મૂળ પાઠનું સંકલન સંપાદન ૧૪ ભાગમાં થયું છે. આ જ પ્રમાણે શ્રી આનંદ સાગરજીના સંપાદનમાં "આગમ રત્નમંજૂષાની" અંદર બધા આગમ પ્રકાશિત થયા છે.

મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈથી લગભગ ૨૦ આગમોનું પ્રકાશન થઈ ગયો છે. અહિથી પ્રકાશિત આગમોને પાઠ નિર્ધારણની દૃષ્ટિથી સર્વાધિક મહત્ત્વ આપવામાં આવે છે. મુનિ શ્રી પુણ્યવિજયજી, મુનિ શ્રી જંબુવિજયજી, પં.શ્રી બેચરદાસજી દોસી, પં.શ્રી દલસુખભાઈ માલવણિયા આદિ પ્રમુખ વિધ્વાનોની સૂક્ષ્મેક્ષિકાનો ઉપયોગ આ આગમોના સંપાદનમાં થયો છે. માટે આને વિદ્વત્જગતમાં અધિક પ્રામાણિક માનવામાં આવે છે.

જૈન આગમો પર શોધકાર્ય પણ થયા છે અને વર્તમાનમાં ઘણા સ્થળે થઈ રહ્યા છે. અનેક વિશ્વવિદ્યાલયોમાં વિદ્વાનોએ આગમોનો આધાર લઈ પોતાના શોધપ્રબંધ લખ્યા છે તથા પી.એચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. પરંતુ હાલ પણ આગમોના સંપાદન, સંશોધનની ઘણી જ આવશ્યકતા છે.

ઉપસંહાર :

તત્ત્વજ્ઞાનની દિશામાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ અસંદિગ્ધ છે. દ્રવ્યાનુયોગનું આ પ્રકાશન તત્વજિજ્ઞાસુઓનો તો પથપ્રદર્શન કરશે જ. પરંતુ એકવીસમી સદીમાં થવાવાળા આગમ અનુશીલનને પણ એક દિશા પ્રદાન કરશે. આગમોમાં ઉપલબ્ધ પાઠભેદ અને સંક્ષિપ્તીકરણથી થવાવાળી કઠિનાઈનું નિવારણ કરવાની દિશામાં સમુચિત પ્રયાસને બળ મળે એવી આશા છે..દિગમ્બર અને શ્વેતામ્બરોના ભેદને ભૂલી જો સમસ્ત આગમોના અધ્યયનની રૂચી જાગૃત થાય તો જ મહત્ત્વનું કાર્ય થઈ શકે છે.

આજે આવશ્યકતા છે આગમોના પ્રાણ સમજવાની તથા તેને હૃદયંગમ કરી જન-સમુદાય માટે ઉપયોગી એક પ્રેરણાદાયીરૂપમાં પ્રસ્તુત કરવાની. ભવિષ્યમાં અનુભવી સાધક વિદ્વાનો આની તરફ પોતાના ચરણ આગળ વધારશે. એવી પૂર્ણ આશા છે.

પ્રસ્તાવના લેખનમાં થયેલા વિલંબ માટે કૃપાશીલ ઉપાધ્યાય પ્રવર અનુયોગ પ્રવર્તક શ્રી કન્હૈયાલાલજી મહારાજથી ક્ષમાપ્રાર્થી છું તથા પાઠકોની જ્ઞાનવૃદ્ધિ માટે મંગલ કામના કરું છું. તેના સુજાવ અને સદ્ભાવના માટે સદૈવ સ્વાગત છે.

ડૉ. ધર્મચંદ્ર જૈન
સહાયક આચાર્ય, સંસ્કૃત વિભાગ
જયનારાયણ વ્યાસ વિશ્વવિદ્યાલય
જોધપુર - ૩૪૨૦૧૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



અનુયોગની અપૂર્વયાત્રા



શ્રુતજ્ઞાનનું ક્ષેત્ર અતિ વિસ્તૃત છે. તેને કેવળજ્ઞાનની સમકક્ષ ગણના કરવામાં આવી છે. તેના ચૌદ ભેદ-પ્રભેદમાં 'સમ્યક્શ્રુત' એક મુખ્ય ભેદ છે, જે દ્વાદશાંગ ગણિપિટકરૂપ છે. જેનો મુખ્ય હેતુ સમ્યક્ત્વ વિશુદ્ધિ, વૈરાગ્યની વૃદ્ધિ તથા ચારિત્રની શુદ્ધિ. આગમોના અભ્યાસ સિવાય આત્માની વિશુદ્ધિ કે સિદ્ધિ થતી નથી. આ પ્રકારના સતત ચિંતન, મનનના કારણે જ ગુરૂદેવના મનમાં ભાવના પ્રદિપ્ત થઈ કે **"આગમોના સ્વાધ્યાયની પરંપરા પરિપુષ્ટ થાય."** એના ફળસ્વરૂપ અનુયોગ સંકલન કાર્યનો પ્રારંભ થયો.

સર્વપ્રથમ પૂજ્ય ગુરૂદેવના વૈરાગ્યકાળનો સંક્ષિપ્ત પરિચય વાંચકોને આપવાની ઈચ્છા ધરાવું છું : -

પૂ. ગુરૂદેવને સાત વર્ષની નાની વયમાં વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો. પીહ, શાહપુરા, સરવાડ વગેરે ક્ષેત્રોમાં પ્રારંભિક અધ્યયન કર્યા બાદ ન્યાય, સાહિત્ય, વ્યાકરણ, કોષ વગેરેનું અધ્યયન કર્યું.

૧૮ વર્ષની વયે સાંડેરાવમાં વૈશાખ સુદ-૬, સંવત્ ૧૯૮૮ના રોજ જૈનાચાર્ય શ્રીસ્વામીદાસજી મ.સા.ની પરંપરાના પૂજ્ય શ્રી ફતેહચંદજી મ.સા., શ્રી પ્રતાપચંદજી મ.સા.ની પાસે દીક્ષા લીધી. તે સમયે પૂજ્ય મરૂધરકેસરીજી મ.સા., સ્વામીજીશ્રી છગનલાલજી મ.સા., પૂ.શ્રી ચાંદમલજી મ.સા., પૂ. શ્રી મોતીલાલજી મ.સા., પૂ. શ્રી શાર્દુલસિંહજી મ.સા. વગેરે અનેક મુનિરાજ બિરાજમાન હતા.

પૂજ્ય યુવાચાર્યશ્રી મધુકરમુનિજી અને આપશ્રીએ અનેક આગમોનું સાથે-સાથે અધ્યયન કર્યું. એ બંનેમાં અગાઢ સંબંધ હતો. પંડિત શોભાચંદજી ભારિલ્લ પાસે ન્યાયગ્રંથોનું અધ્યયન કર્યું. પચ્ચીસ વર્ષની વયે પંડિત બેચરદાસજી પાસે પાલીમાં ભગવતી સૂત્ર તેમજ પન્નવણા સૂત્રની ટીકા વાંચી. કારણ કે આગમોનું જ્ઞાન હોવું આવશ્યક છે.

જ્ઞાનથી જ શ્રદ્ધા સ્થિર થાય છે. મનમાં વૈરાગ્યવૃત્તિ દઢ થાય છે. કર્મ શું છે ? આત્મા શું છે ? કર્મ અને આત્માનો સંબંધ કેવો હોય છે ? આશ્રવ શું છે ? સંવર શું છે ? શુભ-અશુભ શું છે ? આદિની સમજણ જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી જ ક્રિયા સાર્થક થાય છે.

શાસ્ત્રમાં "पढमं नाणं तओ दया" કહ્યું છે. જ્ઞાનનો મૂળ આધાર આગમ છે. તેથી સર્વપ્રથમ આગમનું જ્ઞાન આવશ્યક છે. ત્યારબાદ અન્ય દર્શનોનાં અન્ય વિષયોનું જ્ઞાન હોય. પણ આગમજ્ઞાનની ઉપેક્ષા કરી અન્ય વિષયોનું જ્ઞાન ક્યારેક- ક્યારેક શ્રદ્ધા અને ચારિત્રથી પણ વિચલિત કરી આપે છે. એટલે જ્ઞાન અને અધ્યયન જે પણ હોય તેનો લક્ષ્ય આગમ જ્ઞાનને સુદઢ અને સુસ્થિર કરવાનો હોય ત્યારે જ આપણી જ્ઞાન સાધના સાર્થક થઈ શકે.

આગમ જ્ઞાનનો અર્થ માત્ર આગમના પાઠનો અર્થ કે બોધમાત્ર જ નથી પરંતુ તેનો ગૂઢાર્થ હોવો જરૂરી છે. જો આગમ જ્ઞાનની વિશેષ સમજણ હોય તો વક્તા પોતાના પ્રવચનને પ્રભાવશાળી અને રુચિકર બનાવી શકે છે. વિવેચનની ક્ષમતા, વિશ્લેષણની યોગ્યતા તે આગમના અધ્યયનથી જ આવે છે, સામાન્ય સાહિત્યથી નહીં. ગંભીર વિવેચન સ્થાયી અસર કરે છે અને આજના બુદ્ધિજીવી લોકો પર પ્રભાવ પાડી શકે છે. આગમ જ્ઞાનમાં પરિપક્વતા અને વ્યાપકતા હોય તો પ્રવચન સ્વતઃ પ્રશ્નોત્તર દ્વારા લોકભોગ્ય અને લોક રુચિકર થઈ લોકોને સંતોષ આપવામાં સમર્થ થઈ શકે છે. આ વિચારોના કારણે જ આપશ્રીની આગમજ્ઞાન પ્રતિ રૂચિ દિન-પ્રતિદિન વધતી ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭-૨૮ વર્ષની ઉંમરે આપે "શ્રમણ" માસિકમાં એક જર્મન વિદ્વાનનો લેખ વાંચ્યો તેમાં લખ્યું હતું કે - **"જૈન આગમોમાં આત્મજ્ઞાનની સાથે અણુવિજ્ઞાન, વનસ્પતિ વિજ્ઞાન આદિ વિષયની ઘણી જ સામગ્રી સંગ્રહિત છે. પરંતુ આજ દિન સુધી તેનું એવું સંસ્કરણ થયું નથી કે જે વાંચીને તે વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે."** આ લેખ વાંચી પૂજ્ય ગુરૂદેવને આગમોને આધુનિક રીતે સરળ શૈલીમાં સંપાદન કરવાનો સંકલ્પ જાગ્યો.

આગમોના શુદ્ધ સંસ્કરણ કરવાનો તેઓએ પ્રયત્ન શરૂ કર્યો. આપશ્રીની ઉત્કૃષ્ટ ભાવના હતી કે **"આત્મ જીજ્ઞાસુ સાધક આગમોનું અધિકાધિક સ્વાધ્યાય કરે તેમજ પ્રાકૃત ભાષામાં જ અર્થ સમજવા સક્ષમ બને."** તેથી જ પૂજ્ય ગુરૂદેવે આગમોના મૂળપાઠોનો હિન્દી શીર્ષકો સાથે જ સંસ્કરણ તૈયાર કર્યું. પાઠોને વ્યવસ્થિત કરવા, સહજરૂપથી સમજી શકાય તે રીતે સરળ બનાવવા, પદચ્છેદ કરવા, નાના-નાના પદચ્છેદ (ફકરા) બનાવી કાર્યનો પ્રારંભ કર્યો.

સર્વપ્રથમ **"મૂળસુત્તાણિ"**નું સંપાદન કર્યું. જે **વર્ધમાન વાણી પ્રચારક કાર્યાલય લાડપુરાથી** પ્રકાશિત થયું. તે ખૂબ જ ઉપયોગી સાબિત થયું. આ કાર્યને જોઈ પં.પૂ.શ્રી ફુલચંદજી મ.સા. "પુષ્પભિક્ખુ" પ્રભાવિત થઈ આ શૈલીને સમજીને મુંબઈ નિર્ણય સાગર પ્રેસમાં **"સુત્તાગમે"** બે ભાગમાં છપાવ્યું. પરંતુ તેમણે અનેક જગાએ પોતાની માન્યતાનુસાર પાઠોમાં પરિવર્તન કર્યું અને પદચ્છેદ વિગેરે આપ્યા નહિં જે પાઠકો માટે વિશેષ લાભદાયક સાબિત નહીં થયો.

૩૦ વર્ષની ઉંમરે આપના અંતઃકરણમાં આગમોને અનુયોગ શૈલીમાં વર્ગીકૃત કરી શોધાર્થીઓ તેમજ જીજ્ઞાસુઓ માટે સરળ બનાવવાની ઉત્કૃષ્ટ ભાવના જાગૃત થઈ. આ કાર્ય બહુ જ શ્રમ સાધ્ય, વ્યય સાધ્ય તેમજ સમૂહ સાધ્ય છે. તે જાણવા છતાં તેમાં સંલગ્ન થઈ ગયા. આપશ્રીમાં અધ્યવસાયની દૃઢતા, આગમો પ્રતિ અનન્ય શ્રદ્ધા અને લોક ઉપકારની ભાવના પ્રબળ હોવાના કારણે એકલા જ આ લક્ષ્ય પ્રતિ સમર્પિત થવા તૈયાર થયા.

અનુયોગ વર્ગીકરણનો વિશેષ લાભ એ છે કે **"આગમોનો કયો વિષય કયા વિષય સાથે સંબંધિત છે તે રૂપરેખા સ્પષ્ટરૂપથી સામે આવે છે. આ જૈન આગમોનું કોમ્પ્યુટર છે."** આજ દિન સુધી આચાર્ય તેમજ વિદ્વાનોનું આ તરફ અલ્પ પ્રમાણમાં ધ્યાન હતું. જો કે પરિશ્રમ સરળ ન હતો. છતાં પૂજ્ય ગુરૂદેવે દૃઢ સંકલ્પ કર્યો.

રાજસ્થાનની પવિત્ર ભૂમિ હરમાડા ક્ષેત્રના આંગણે પુષ્પ નક્ષત્રના પવિત્ર દિવસે વિ.સ. ૨૦૦૫માં આગમોના વિષયોને સર્વપ્રથમ રેલ્વેની ટિકીટો પર લખ્યા પછી કાગળની કાપલીઓમાં સ્થળ સહિત વિષયોનું સંકલન કર્યું. ત્યારબાદ ઊંડાણથી એક-એક વિષયને પરિશ્રમપૂર્વક શોધ કરી. ત્યારબાદ વિચાર કર્યો કે યોગ્ય શ્રુતધર પાસે તેનો પરામર્શ કરાવવો જોઈએ.

સંવત્ ૨૦૧૨ જયપુરનાં ચાતુર્માસ દરમ્યાન **ઉપાધ્યાય કવિ પૂ. શ્રી અમરચંદજી મ.સા.ને** મળી વાત રજૂ કરી. પરંતુ કવિશ્રીની તબિયત બરોબર ન હોવાથી યોગ્ય માર્ગદર્શન મળ્યું નહીં. ત્યાં જ ધાનેરા નિવાસી જયપુરના વેપારી રમણીકભાઈ મોહનલાલ શાહ એમના કાર્યથી પ્રભાવિત થઈ તેમણે યથાશક્તિ યોગદાન આપ્યું.

ચાતુર્માસ બાદ હરમાડામાં પૂ.શ્રી ચાંદમલજી મ.સા.ની દિક્ષા થઈ. પંડિત શ્રી મિશ્રીલાલજી મ.સા. "મુમુક્ષુ"ને સેવામાં રાખી પૂજ્ય ગુરૂદેવના આશીર્વાદ લઈ આપ ફરીથી કવિશ્રીની સેવામાં અનુયોગ સંપાદન માટે માર્ગદર્શન મેળવવા આગ્રા પધાર્યા.

'નિશીથ ભાષ્ય' જે મહત્વપૂર્ણ ગ્રંથ છે. તેની હસ્તલિખીત પ્રત બે જ મળતી હતી તે પણ ખૂબ જ જીર્ણ તેમજ અશુદ્ધ તેથી વાંચવામાં કષ્ટ પડતું હતું. તેના સંપાદનનું કવિશ્રીના મનમાં વિચાર આવ્યું. તેઓએ ગુરૂદેવને ચર્ચા કરી પૂજ્ય ગુરૂદેવે કવિશ્રીના નિર્દેશનમાં તેના સંપાદનનું કાર્ય તેમજ પ્રૂફરીડીંગ આદિ કાર્ય ૧૪ મહિનાના અલ્પ સમયમાં પૂર્ણ કર્યું. સંવત્ ૨૦૧૫નું ચાતુર્માસ આગ્રામાં જ કર્યું. ત્યાં પંડિત દલસુખભાઈ માલવણિયાનું આગમન થયું અને તેઓ આપશ્રીની નિષ્ઠા તેમજ કાર્યશૈલી જોઈ પ્રભાવિત થયા તેમણે કહ્યું. **"મારી પાસે હમણાં સમય નથી ક્યારેક આવીને અનુયોગ કાર્ય જોઈશ."**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરમાડાથી વારંવાર પૂ. ગુરૂદેવનાં સમાચાર આવતા ત્યાંથી વિહાર કરી ગુરૂદેવની સેવામાં પહોંચ્યાં. પથરીના ઓપરેશનનાં કારણે ૯ મહિના અજમેર હોસ્પીટલમાં તેમની સેવામાં રહ્યા. ત્યાં ફરી પંડિત દલસુખભાઈ આવ્યા. તેઓ ૧ મહિનો રોકાયા તેમણે ઉદારતાપૂર્વક પોતાના સ્વયં ખર્ચે સમગ્ર કાર્ય જોયું અને કહ્યું- **"આ કાર્ય ખૂબ જ શ્રમસાધ્ય તેમજ લાંબા સમયનું છે. તેથી આપ અમદાવાદ પધારો ત્યારે આ કામ જોઈશું તેમના માટે સમય નિકાલીશ"**

ડોકટરોની સલાહથી પૂજ્ય શ્રી ફતેહચંદજી મ.ને હરમાડા ઠાણાપતિ રાખ્યા. ત્યાં શ્રી શાંતિલાલજી દેશરલા તેમજ કુમાર સત્યદર્શી વગેરે દ્વારા આગમોને ટાઈપ કરાવ્યા, સંશોધન કર્યું તથા ફાઈલો તૈયાર કરીને **પૂજ્યશ્રી ઘાસીલાલજી મ.સા.** પાસે અમદાવાદ સરસપુરમાં માર્ગદર્શન માટે પધાર્યા. ત્યાં ચાર મહિના રોકાઈને થોડી સમજણ તેમજ આશીર્વાદ લઈ પુનઃ હરમાડામાં ગુરૂદેવની સેવામાં પધાર્યા. સંવત્ ૨૦૧૮ કારતક વદ-૭ના રોજ પૂજ્ય ગુરૂદેવ શ્રી ફતેહચંદજી મહારાજનું અવસાન થયું.

ત્યારબાદ વિહારયાત્રા પ્રારંભ થઈ ગઈ. ચાતુર્માસ કરવા, વ્યાખ્યાન આપવું, લોકોની ભીડ વિગેરેની વચ્ચે કાર્ય કેવી રીતે થઈ શકે ? છતાં સમય કાઢીને કાર્ય ચાલુ રાખ્યું.

જોધપુર તેમજ સોજતમાં ચોમાસું કરી સંવત્ ૨૦૨૨માં દિલ્હી પધાર્યા.

આચાર્યશ્રી આત્મારામજી મ.સા.નાં શિષ્ય પૂજ્ય શ્રી પ્રેમચંદજી મ., પંડિત શ્રી ફુલચંદજી મ.સા."શ્રમણ", પૂ.શ્રી રતનમુનિ મ., પૂ. કાંતિમુનિ મ.ની સાથે ચાતુર્માસ સબ્જીમંડી દિલ્હીમાં કર્યું. ચાતુર્માસ પછી કાર્યને વેગવાન્ બનાવવા એકાંતમાં કિંગ્ઝવે કેમ્પમાં બિરાજ્યા. ત્યાં શ્રી શાંતિલાલ વનમાળી શેઠ પ્રબંધક હતા. ત્યાં કાગળ ઉપર જે કાર્ય કર્યું હતું, જે વિષયસુચી તૈયાર કરી હતી તે ઉદ્યોગશાળા પ્રેસમાં છાપવામાં આપી. ગ્રંથનું નામ **"જૈનાગમ નિર્દેશિકા"** રાખવામાં આવ્યું. આ સમયે **"સમવાયાંગ સાનુવાદ"** પણ પ્રકાશિત થયું. **"સ્થાનાંગ સાનુવાદ"**નું પ્રકાશન પણ શરૂ થયું. કેમ્પમાં ચોમાસું કરીને શોરાકોઠી સબજીમંડીમાં રહ્યા અને ચરણાનુયોગનું સંપાદન શરૂ કર્યું.

૨૫૦ પાના છપાઈ ગયા. એ સમયે કોઈ વિઘ્ન સંતોષીએ ફાઈલના કાગળ અસ્તવ્યસ્ત કરી દીધા અને ખોવાઈ પણ ગયા. તેથી ગુરૂદેવનું મન થોડું ઉદાસ થઈ ગયું. એ સમયે શ્રી લાલા બનારસીદાસજીએ ગુરૂદેવને ઉત્સાહિત કર્યા. પછી તિમારપુરમાં શ્રી લાલા ગુલશનરાયજીને ત્યાં રોકાઈને ફાઈલોને વ્યવસ્થિત કરવાનો ઘણો પ્રયત્ન કર્યો. પણ તે ન થવા પર ગ્રંથનાં કાર્યને સ્થગિત કરવું પડ્યું.

પૂજ્ય મરુધરકેસરીજી મ.સા.નો મારવાડની બાજુ પધારવા માટે ઘણો આગ્રહ થયો. તેથી ત્યાંથી વિહાર કરી તેમના દીક્ષા સ્વર્ણ જયંતિ સમારંભમાં સોજત શહેર પધાર્યા. ત્યારબાદ સાંડેરાવ ચાતુર્માસ થયું. ચાતુર્માસમાં પં. શોભાચંદજી ભારિલ્લ આવ્યા. તેમણે ગણિતાનુયોગની ફાઈલો આપી, તેઓએ તેનું સંપાદન કાર્ય કર્યું.

મહાસુદ પૂનમ સંવત્ ૨૦૨૫માં મારી (વિનયમુનિ "વાગીશ") દિક્ષા થઈ. તે સમયે પૂજ્ય મરુધરકેસરીજી મ.સા. પધાર્યા. પછી અજમેર પધારી ત્યાં ચારમાસ રહ્યા. **ગણિતાનુયોગ**નું વૈદિક યંત્રાલયમાં મુદ્રણ થયું. મુદ્રણ કરાવવામાં શ્રી રૂપરાજજી કોઠારીનો સારો પ્રયત્ન રહ્યો.

મદનગંજ અને રિડના ચાતુર્માસ પછી સાદડી મારવાડમાં સંવત્ ૨૦૨૮નું ચાતુર્માસ થયું. બે વર્ષમાં **છેદ સૂત્રો**નું સંપાદન થયું.

સાદડી વર્ષાવાસમાં શ્રીચંદજી સુરાના આગ્રાથી આવ્યા તેમને કાર્ય સોંપ્યું. તે બે લિપિક લાવ્યા, ચોમાસામાં તેમણે પ્રેસ કોપી કરી. સાંડેરાવમાં રાજસ્થાન પ્રાંતીય સાધુ સંમેલન થયું. પછી ફૂલીયાંકલાં, જોધપુર, કુચેરા, વિજયનગર વગેરે ક્ષેત્રોમાં ચોમાસા થયાં. ચોમાસા પછી આજુ-બાજુના ક્ષેત્રોમાં વિચરી કોશીથલ પૂજ્ય પ્રવર્તક શ્રી અંબાલાલજી મ.ના દિક્ષા સ્વર્ણ જયંતિ સમારોહમાં પધાર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી સાદડી મારવાડ મહાવીર ભવનના ઉદ્‌ઘાટન પર પધાર્યા. પૂજ્ય મરુધરકેસરીજી મ.સા.નાં આશીર્વાદ લઈ અમદાવાદ તરફ વિહાર કર્યો. એ સમયે **પૂજ્ય મરુધરકેસરીજી મ.સા.એ વિજયરાજજી બોહરાને પ્રેરણા કરી કે- "અનુયોગનું કાર્ય કરાવવાનું ધ્યાન રાખજો."**

પૂજ્ય ગુરુદેવ આબુ પર્વત પર પધાર્યા. ત્યાં **"મહાવીર કેન્દ્ર"** માટે સ્થાન નક્કી થયું. ત્યાંથી અમદાવાદ પધાર્યા.

પં. દલસુખભાઈ માલવણિયા તે સમયે એલ.ડી.ઈસ્ટીટ્યુટમાં નિર્દેશક હતા. તેની નજીક જ ચાતુર્માસ કરવું જરૂરી હતું. તે સમયે નવરંગપુરામાં ઉપાશ્રય ન બન્યો હતો. આ પરિસ્થિતિમાં માણસા (પંજાબ)ના લાલા દેશરાજજી પૂરણચન્દજી જૈન દર્શનાર્થે આવ્યા. પૂ. શ્રી રોશનલાલજી મ.સા.નો તેમને પરિચય હતો. તેમના આગ્રહથી એમના બંગલાનાં ગેસ્ટ હાઉસમાં ચાતુર્માસ થયું.

દરિયાપુરી સંપ્રદાયનાં શ્રી તારાબાઈ મહાસતીજી પણ વાડજમાં હિંમતભાઈ શામળદાસજીને ત્યાં બિરાજમાન હતા. તેમને દર્શન આપવા પૂજ્ય ગુરુદેવે પધાર્યા. મહાસતીજી ઘણા જ પ્રસન્ન થયા. તેમની સ્વાધ્યાયમાં ઘણી જ રૂચિ હતી. તેઓએ હિંમતભાઈને પ્રેરણા આપી કે **"મહારાજજીએ જે કાર્ય કરી રહ્યા છે તે ઘણું જ ઉપયોગી છે. તેમાં સહકાર આપવો જોઈએ."** હિંમતભાઈને ત્યાં ખૂબ જ વિશાળ પુસ્તકાલય હતું. તેમાંથી સંદર્ભ ગ્રંથો લાવતા અને આ કાર્યમાં વેગ આપવામાં તેઓએ ઘણી જ રૂચિ બતાવી. મારી દિક્ષાનું ક્ષેત્ર પીહ છે જેના મૂળવતની મેઘરાજજી બંબ જે વ્યાપારના કારણે હૈદ્રાબાદ રહેતા હતા તે અમદાવાદ આવ્યા. તેમની પ્રેરણાથી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ આ કાર્યમાં જોડાયા. આ બંન્ને આ ભગીરથ કાર્યનાં પાયારૂપ બન્યા.

પં. દલસુખભાઈ રોજ બે કલાક આવતા હતા. જૂનું કાર્ય બરાબર ન લાગ્યું. તેમણે અને ગુરુદેવે વિચાર્યું કે આ અનુયોગનું કાર્ય જલ્દી કેવી રીતે થાય ? એના માટે સુત્તાગમેનાં પાઠ લેવાનું નક્કી કર્યું. તેના અલગ-અલગ કટિંગ કરીને વિષય કાઢ્યા. છતાં પણ મૂળપાઠોની વ્યવસ્થા માટે અંગસુત્તાણિના કટિંગ કરીને પાઠ લીધા. તેના પર શીર્ષક લગાવ્યા. ચાતુર્માસ પછી એલ.ડી. ઈન્સ્ટીટ્યુટમાં રહ્યા. ત્યાં સંશોધન કાર્ય કર્યું. ત્યારબાદ લક્ષ્મણભાઈ ભોજક, સાંડેરાવવાળા મોતીલાલજી પુખરાજજી સાકરિયા વિગેરેએ પ્રેસકોપી તૈયાર કરી. પછી પં. અમૃતભાઈ ભોજક જે પ્રાકૃતના સારા વિદ્વાન છે, તેમણે પ્રાકૃતનાં શીર્ષક લગાવ્યા. ગ્રંથ મૂળપાઠવાળો તૈયાર થઈ ગયો. એક ભાગમાં મૂળ અને એક ભાગમાં અનુવાદ આપવામાં આવે તેવું નક્કી થયું. અને સર્વપ્રથમ ધર્મકથાનુયોગ ગ્રંથ નવીદુનિયા પ્રેસ ઈન્દોરમાં છાપવા આપ્યું. શીઘ્ર કાર્ય ન હોવાના કારણે અમદાવાદમાં પણ પ્રેસમાં કાંઈક હિસ્સો છાપવા આપ્યો. નવરંગપુરા ઉપાશ્રયમાં ચાતુર્માસ થયું.

નવરંગપુરા ચાતુર્માસ પછી વિહાર કરી નારણપુરા બળદેવભાઈના બંગલે પધાર્યા. ત્યાં જ ચર્ચા વિચારણા પછી **"આગમ અનુયોગ ટ્રસ્ટ"**ની સ્થાપના થઈ.

અહીં એ ઉલ્લેખનીય છે કે આ અનુયોગના કાર્યની શુભ શરૂઆત હરમાડાથી થઈ. શ્રી ચંપાલાલજી ચોરડિયા, શાંતિલાલજી સંચેતી, શ્રી નૌરતમલજી સંચેતી મદનગંજ, શ્રી અમરચંદજી મારુ, શ્રી છોટમલજી મહેતા, શ્રી ગુલાબચંદજી ચોરડિયા હરમાડા, શ્રી ધર્મીચંદજી સુરાણા અજમેર વિગેરેએ આ કાર્ય વધારવામાં સારી જહેમત ઉઠાવી.

પૂજ્ય ગુરુદેવની દીક્ષા સાંડેરાવમાં થવાના કારણે તેમનું આ તરફ ધ્યાન ગયું. તેમણે **"આગમ અનુયોગ પ્રકાશન પરિષદ્‌"**ની સ્થાપના કરી. ઘણા બધા પ્રકાશન આના જ અંતર્ગત થયાં. ગણિતાનુયોગ પણ પહેલા ત્યાંથી જ છપાયું. શ્રી તારાચંદજી પ્રતાપજી, શ્રી હિંમતમલજી પ્રેમચંદજી, શ્રી વૃદ્ધિચંદજી મેઘરાજજી, શ્રી નથમલજી નિહાલચંદજી, શ્રી કેશરીમલજી સેંસમલજી, શ્રી ચંપાલાલજી હિંમતમલજી વિગેરે કાર્યકર્તાઓએ પોતાના સગા-મિત્રો, ઉદારજ્ઞાન પ્રેમીઓથી સહયોગ તથા વ્યવસ્થા સંભાળવા બહુપરિશ્રમ કર્યો. આમ કાર્ય થવાના ૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષ પછી અમદાવાદમાં આ ટ્રસ્ટની સ્થાપના થઈ. પછી સર્વપ્રથમ ધર્મકથાનુયોગના હિન્દી ભાષાંતર માટે પં.દેવકુમારજીને આપવામાં આવ્યું.

ટ્રસ્ટની સ્થાપના પછી રાજસ્થાન તરફ વિહાર યાત્રા પ્રારંભ થઈ. ઉદેપુર, પાલી થઈને આબુ માઉન્ટ મહાવીર કેન્દ્રનાં ઉદ્‌ઘાટન પર પધાર્યા. ચૈત્ર મહિનાની આયંબિલની ઓળી ત્યાં કરાવી. ફરી અમદાવાદમાં રાજસ્થાની ઉપાશ્રયમાં ચોમાસુ થયું.

ચોમાસા પછી વિહારયાત્રા મુંબઈ તરફની પ્રારંભ થઈ. મુંબઈ સાયનમાં દરિયાપુર સંપ્રદાયનાં પૂજ્ય શ્રી શાંતિલાલજી મ.સા. અને આગમ અભ્યાસી આત્માર્થી શ્રી વિરેન્દ્રમુનિજી. ગોંડલ સંપ્રદાયનાં પૂજ્ય શ્રી જસરાજજી મ.સા., બોટાદ સંપ્રદાયનાં શ્રી નવિનચન્દ્રજી મ.સા. આદિ સંતોનું મિલન થયું અને બોટાદ સંપ્રદાયનાં શ્રી અમીચંદજી મ.સા.એ અનુયોગનાં માટે વિશેષ પ્રેરણા આપી.

પૂજ્ય ગુરૂદેવની વિચારધારા સંપ્રદાયવાદી ન હોઈ સમન્વય પ્રધાન રહી છે, તે દૃષ્ટિકોણથી શ્વેતામ્બર પરંપરાના ૪૫ આગમોના આધાર લઈ કાર્ય કરી રહ્યા હતા પરંતુ કેટલાક સંકુચિત વિચારવાળા શ્રાવકોએ વિશેષ દબાણ કર્યું અને ૩૨ આગમ પ્રમાણે જ અનુયોગનો કામ કરવાનો નિર્ણય થયો.

મહાસતીજી શ્રી મુક્તિપ્રભાજી, દિવ્યપ્રભાજીનો સર્વપ્રથમ પરિચય ઘાટકોપરમાં થયો અને અનુયોગના કાર્યથી પ્રભાવિત થઈ તેમણે આ કાર્યમાં સહયોગ આપવાનું શરૂ કર્યું.

ખાર ચાતુર્માસમાં અનુયોગ ટ્રસ્ટનાં કાર્યકર્તા પહોંચ્યા, શ્રી લાલા શાદીલાલજી જૈનનાં નેતૃત્વમાં મીટીંગ થઈ અને નિર્ણય થયો કે **"એક જ કાગળ પર બે કોલમ રહે જેમાં એક બાજુ મૂળ તથા એક બાજુ હિન્દી અનુવાદ અપાય તો જ આ ગ્રંથો ઉપયોગી થાય"**, તે પ્રમાણે એક પાનાના બે કોલમમાં મૂળ-અનુવાદ વ્યવસ્થિત કરવામાં આવ્યા.

અનુવાદ પણ સારી રીતે સમજાય તેવો હોવો, મૂળના અનુસારે જ શબ્દાનુલક્ષી થવો એટલા માટે પાઠોને વિસ્તૃતથી સંક્ષિપ્ત કરવો અને સંક્ષિપ્ત પાઠને વિસ્તૃત કરવો, સમાન પાઠ એક જ વાર આપવો. બીજીવારનો પાઠ ટિપ્પણમાં ઉલ્લેખ કરવો. એવી રૂપરેખાથી મૂળ-અનુવાદ તૈયાર કરવામાં જોડાયા. પ્રાકૃત પાઠના સામે જ અનુવાદ આવવાથી શબ્દના અર્થનો બોધ પણ વાંચવાવાળાને થઈ જાય છે.

આગ્રાથી શ્રીચંદજી સુરાણાને બોલાવ્યા અને તેમને ધર્મકથાનુયોગ ફરી છાપવા આપ્યો. જે મૂળ માત્ર પહેલાં છપાયું છે તે ગુજરાતી સંસ્કરણ સાથે આપવાનું નક્કી થયું.

ચાતુર્માસ પછી કાંદાવાડીમાં મુક્તિપ્રભાજી પાસે ઉત્તમસાધનાજીને દિક્ષા આપી. પછી ગુરૂદેવનાં પ્રોસ્ટેટનાં બે ઓપરેશન શિવાજી પાર્કમાં થયા. ત્યાંથી સ્વાસ્થ્ય લાભ અને અનુયોગના લખાણના કામ માટે લોનાવલા ગયા. ત્યાં બે મહિના રોકાઈ ફરી મુંબઈ આવ્યા. સ્વાસ્થ્યના કારણે વાલકેશ્વર મુંબઈ ચોમાસું થયું. મહાસતી શ્રી મુક્તિપ્રભાજીનું ચોમાસું પણ ત્યાં હતું ધર્મકથાનુયોગ ભા.-૧ સાનુવાદનું બાકી કાર્ય કરવામાં આવ્યું.

ચોમાસા પછી શ્રી મુક્તિપ્રભાજી મ.સા. પાસે અપૂર્વસાધનાજીને દિક્ષા આપી હૈદ્રાબાદ ચાતુર્માસ માટે વિહાર થયો. ત્યાં ગણિતાનુયોગનું ફરીથી સંપાદનનું કાર્ય શરૂ થયું. વાંચકોને જણાવવાનું કે તેનું પહેલા સંસ્કરણ નીકળ્યું હતું પણ તરત જ તેની પ્રતિઓ સમાપ્ત થઈ ગઈ. ટ્રસ્ટે ફરી છાપવાનો નિર્ણય લીધો. સંશોધન થવા લાગ્યું. ઘણો પરિશ્રમ થયો લગભગ ૩૦૦ પાના વધ્યા. છતાં કેટલાક પાઠ ધ્યાનમાં આવ્યા જે દ્રવ્યાનુયોગના હિન્દીનાં ત્રીજા ભાગના પરિશિષ્ટમાં આપ્યા. તે પાઠો ગણિતાનુયોગના ગુજરાતી સંસ્કરણમાં યથાસ્થળ આપવામાં આવ્યા છે.

હૈદ્રાબાદમાં પણ સ્વાસ્થ્ય બગડ્યું. બે ઓપરેશન થયા. સ્થિતિ ગંભીર હોવાથી મુંબઈ લાવ્યા. જૈન ક્લીનીકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાખલ કર્યા. ત્રણ નાના-નાના ઓપરેશન થયા પણ સફળતા ન મળી. ડૉ. કોલાબાવાળાએ બતાવ્યું કે સ્ટિકચર બનવાથી સ્થિતિ ગંભીર છે. ઓપરેશન બહુ મોટું છે. છતાં પ્રયત્ન કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવે સાગારી સંથારો કરી લીધો. તે સમયે **પૂજ્ય ગુરૂદેવે પોતાના હૃદયની ત્રણ વાત વિશેષરૂપથી મને રજુ કરી -**

(૧) અનુયોગનું પ્રકાશન થવું. (૨) આગમોનું શુદ્ધ આધુનિક ઢંગથી ગુટકા સાઈઝમાં પ્રકાશન થવું. (૩) વૃદ્ધ સાધુ-સાધ્વીનું સેવા કેન્દ્ર થવું. આ ત્રણ ઈચ્છા બતાવી તે દિવસથી મારું (વિનયમુનિ) આ બાજુ લક્ષ્ય કેન્દ્રિત થયું. ૭ કલાક ઓપરેશનમાં લાગ્યા, ત્રણ દિવસમાં હોશમાં આવ્યા, ૪ મહિના હોસ્પિટલમાં રહ્યા, શ્રી મુક્તિપ્રભાજી મ.સા.ની વૈરાગિન 'ઉજુ'એ ખૂબ જ સેવાનો લાભ લીધો. તેમજ કાંતિભાઈ વેકરીવાળાની સેવા અનોખી રહી.

સ્વાસ્થ્ય થોડું સ્વસ્થ થયા પછી ડોકટરની સલાહથી વિશ્રામ માટે દેવલાલી પધાર્યા. ચોમાસું થયું. ત્યાંની હવા અનુકૂળ રહી ત્યાં જ **"વર્ધમાન મહાવીર સેવા કેન્દ્ર"**ની સ્થાપના થઈ. ત્યાં અનેક સાધુ-સાધ્વીની સેવા હાલ પણ થઈ રહી છે. તેમની પ્રેરણા અને આશીર્વાદથી તે કેન્દ્રએ ઘણું જ વિશાળરૂપ લીધું છે. ત્યાં એક મોટી હોસ્પિટલ પણ બનેલ છે. ટ્રસ્ટી અંબુભાઈ અને વ્યવસ્થાપક હંસમુખભાઈ વગેરેની સેવા પ્રશંસનીય છે. પૂજ્ય ગુરૂદેવનાં સ્વાસ્થ્યની અસ્વસ્થતામાં મહાસતીજી મુક્તિપ્રભાજીએ પોતાની શિષ્યાઓ સાથે ખૂબ સેવા કરી. સેવા કેન્દ્રના ઉદ્‌ઘાટન સમયે ધર્મકથાનુયોગ મૂળનું વિમોચન શ્રી તારાચંદજી પ્રતાપજી સાંડેરાવવાળાનાં વરદ્‌હસ્તે થયું.

ઉદ્‌ઘાટન પછી વિહાર કરી અમદાવાદ થઈ સોજતરોડ પૂજ્ય પ્રવર્તક શ્રી મરૂધરકેસરીજી મ.સા., સ્વામીજીશ્રી વ્રજલાલજી મ.સા. તથા યુવાચાર્ય મધુકરજી મ.સા.નાં અંતિમ દર્શન કરી આબુ પર્વત પધાર્યા. આયંબિલ ઓળી કરાવી. ત્યાં જ દીક્ષા અર્ધ-શતાબ્દી સમારોહ થયો. ધર્મકથાનુયોગ સાનુવાદ ભા.-૧નો શ્રી મેઘરાજજી મિશ્રીમલજી સાકરિયા સાંડેરાવવાળાએ વિમોચન કર્યું. ચોમાસું આબુમાં જ થયું. થોડું-થોડું લેખનકાર્ય ચાલતું હતું. **ખંભાત સંપ્રદાયનાં પં.શ્રી મહેન્દ્રઋષિજી મ.સા.** એ પણ કામમાં જોડાયા. મહારાષ્ટ્રથી વિહાર કરી મહાસતીશ્રી મુક્તિપ્રભાજી ઠાણા-૧૧ આબુ પર્વત પધાર્યા. તેવો દિલ્હી તરફ પધારી રહ્યા હતા. ત્યારે **પૂજ્ય ગુરૂદેવે ફરમાવ્યું કે "અનુયોગનું કામ વ્યવસ્થિત કરાવી આગળ વધો."** તેમણે ગુરૂદેવનાં વચનોને આત્મસાત્ કરી ચરણાનુયોગની ફાઈલો લઈને પાલી ચાતુર્માસ કર્યું અને પૂજ્યશ્રીનું સાંડેરાવ ચાતુર્માસ થયું. પછી સાદડી મારવાડમાં પૂજ્યશ્રી અને મહાસતીજી એક મહિનો રોકાયા. **ચરણાનુયોગનું** વર્ગીકરણનું કાર્ય પૂર્ણરૂપથી જોયું પણ સંતોષપ્રદ ન લાગ્યો. બધા ચરણાનુયોગના કામમાં સંલગ્ન થઈ ગયા. પછી સોજત સીટી થઈ બધા આબુ પર્વત આવ્યા. ધર્મકથાનુંયોગ સાનુવાદના બીજા ભાગનું લાલા હરીશજી જૈન ખાર મુંબઈવાળાએ વિમોચન કર્યું.

પૂજ્ય ગુરૂદેવ, મહાસતીશ્રી મુક્તિપ્રભાજી, શ્રી દિવ્યપ્રભાજી ચરણાનુયોગનાં મૂળપાઠનું સંશોધન કરતા હતા. શ્રી અનુપમાજી અને શ્રી ભવ્યસાધનાજી સુંદર અક્ષરોમાં લખતા, શ્રી રાજેશજી ભંડારી અને શ્રી રાજેન્દ્ર મહેતા ટાઈપ કરતા, શ્રી વિરતિ સાધનાજીએ પાઠ મેળવતા તેમજ સ્ફૂર્તિ હોવાના કારણે તીવ્ર ગતિથી લખતા, મને (શ્રી વિનયમુની)ને કામમાં લગાવવા માટે શ્રી દિવ્યપ્રભાજી, અનુપમાજીએ વિશેષ પ્રેરણા આપી. હું ટાઈપ કરેલાનું નિરીક્ષણ તથા પાઠ મેળવવો વિગેરે કાર્ય કરતો. વિષયોને કોપીમાં લખતો, કયો વિષય કયા અનુયોગનો છે તેનું વિવરણ તૈયાર કરતો. કાર્યમાં બધા સંકળાયેલા હોવાથી કાર્યે તીવ્ર ગતિ પકડી.

ધાનેરા બધાનું ચાતુર્માસ નક્કી થયું. ગામની બહાર વલાણી બાગમાં લખાણના કામમાં લાગ્યા. શ્રી દર્શનપ્રભાજી વિગેરે વ્યાખ્યાન આદિ કાર્ય સંભાળતા રહ્યા. આગ્રાથી ગણિતાનુયોગનું પુનઃમુદ્રણ થઈને આવ્યું. ત્યાંથી બધા અંબાજી પહોંચ્યાં. ફરી કામમાં લાગ્યા. ત્યાં **આદિનાથ ભવન** માટે જમીન લીધી અને ગુરૂદેવની પ્રેરણાથી મોટી ધર્મશાળા વગેરે પણ થયા. ત્યાં જ **શ્રી તિલોકમુનિનું પદાર્પણ** થયું. એમનો છેદ સૂત્રોનો અનુભવ સારો થવાથી ચરણાનુયોગમાં માર્ગદર્શન મળ્યું. પછી બિયાવર આગમ સમિતિ માટે છેદસૂત્રોનું સંપાદન કાર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યું. શિયાળામાં અંબાજી રહી આબુ પર્વત પર પહોંચ્યા. ચરણાનુયોગનું સંપાદન કાર્ય પૂરું થયું અને આગ્રા છાપવા મોકલી દીધું.

દ્રવ્યાનુયોગનું કાર્ય પ્રારંભ થયું અને મહાસતીજીએ જોધપુર ચાતુર્માસ માટે વિહાર કર્યો. અમારો આબુમાં જ ચાતુર્માસ થયું. પછી શિયાળામાં અંબાજી થઈ સાંડેરાવ ગયા. ત્યાંથી આબુ પર્વત આવ્યા. મહાસતીજી શ્રી મુક્તિપ્રભાજી, શ્રી દિવ્યપ્રભાજી આદિઠાણા ૧૧ પણ જોધપુરથી આબુ પર્વત પધાર્યા. ફરી દ્રવ્યાનુયોગનું કાર્ય પ્રગતિ કરવા લાગ્યું. સાદડી ચાતુર્માસ સ્થગિત કરી આબુ જ ૧૪ ઠાણાનું ચાતુર્માસ થયું. પછી સાધ્વીજી શ્રી અનુપમાજી તથા શ્રી અપૂર્વસાધનાજીના વર્ષીતપના પારણા થવાથી જોધપુર તરફ વિહાર થયો. ત્યાં પારણા પર શ્રી પુખરાજજી લુકંડ મુંબઈવાળાએ ચરણાનુયોગ ભાગ-૧નું વિમોચન કર્યું. ત્યાંથી મહાસતીજી જયપુર તરફ વિહાર કર્યો અને કાર્યની ગતિ મંદ થઈ ગઈ.

અમારું ચાતુર્માસ આબુ થયું. ત્યારબાદ પીહ, મદનગંજ વગેરે સંઘોનો આગ્રહ થવાથી વિહાર તે તરફ થયો. **મદનગંજમાં "મહાવીર કલ્યાણ કેન્દ્ર"નું ઉદ્‌ઘાટન થયું. હરમાડામાં શ્રી સંજયમુનિની દીક્ષા થઈ.** તે સમયે મહાસતીજી શ્રી મુક્તિપ્રભાજી આદિ ઠાણાનું જયપુરથી આવવાનું થયું અને ત્યારપછી તેઓએ દિલ્હી તરફ વિહાર કર્યો. ત્યાં જ ચાતુર્માસ કર્યું. ચરણાનુયોગ ભાગ-૨નું શ્રી આર.ડી.જૈન દ્વારા વિમોચન થયું.

અમે હરમાડા દીક્ષા આપી પુષ્કર પહોંચ્યા. ત્યાં ચાર મહિના રહી દ્રવ્યાનુયોગનું કાર્ય કરતા રહ્યા. સાથે-સાથે **અનુયોગ નિર્દેશિકાનું** કાર્ય પણ કરતા રહ્યા. પીહ ચાતુર્માસ થયું. પછી વિહાર કરી આબુ ઓળી પર પહોંચ્યા. ફરી જોધપુર ચાતુર્માસ માટે પધાર્યા. ડૉ. સોહનલાલજી સંચેતીએ અનુયોગના પ્રચાર કાર્યમાં જોડાયા. ચાતુર્માસ પૂર્ણ થતા જ રાવટી પધાર્યા. ત્યાં વિશેષ વસ્તી ન હતી. સેવા મંદિર હતું. જેમાં ત્યાગી વિદ્વાન્ પુરુષ શ્રી જોહરીમલજી પારેખ રહેતા હતા. પં. દેવકુમારજી બીકાનેરવાળાને કામમાં લગાવ્યા. શ્રી સુનીલ મહેતા શાહપુરાવાળા અને શ્રી ગજેન્દ્ર રાજાવત બિયાવરવાળા ટાઈપીસ્ટ રહ્યા.

શ્રી પારેખજીએ કાર્ય જોયું. તેમણે કહ્યું - **"આમાં હજુ ખામી છે, મારી પદ્ધતિથી કામ કરો."** તેમની પદ્ધતિથી કામ શરૂ થયું. બે મહિના કાર્ય ચાલ્યું. પરંતુ કાર્ય અતિ લંબાવાથી લાગ્યું કે જો આ પ્રમાણે કામ થશે તો અનુયોગના ૧૬ ભાગ થઈ જશે. જે કેટલાય વર્ષોમાં પણ પૂરું થવું કઠિન છે. તેથી ફરી જે પહેલાની પદ્ધતિ હતી તેજ પ્રણાલીથી કામ શરૂ થયું.

ત્યાંથી સૂરસાગર આવ્યા ફરી કામ ચાલ્યું, સોજત શ્રી સંજયમુનિજીનાં વર્ષીતપના પારણા પર જઈ એક માસમાં ફરી જોધપુર આવ્યા, ચાતુર્માસ સૂરસાગર જ થયું. **'અનુયોગ સમાપન સમારંભ'** થયો. આ સમય સુધી ત્રણ અનુયોગ પ્રકાશિત થઈ ગયા હતા તથા ચોથા દ્રવ્યાનુયોગનું સંપાદન કાર્ય પૂર્ણ થઈ રહ્યું હતું. સૂરસાગર સંઘ અને શ્રી મોહનલાલજી સાંડનાં અતિ આગ્રહથી આ કાર્યક્રમ રાખવામાં આવ્યો. જોધપુરમાં બિરાજમાન બધા સંપ્રદાયનાં સાધુ-સાધ્વી અહીં આવ્યા, હજારોની જનમેદની આવી. પ્રવચન થયા, અનુયોગ માટે સહયોગ એકઠો થયો. કાર્ય પૂર્ણ થવા પર ચિંતન ચાલ્યું કે- **'તેમાં કોઈ પાઠ તો નથી રહી ગયો તેથી બિયાવરની આગમ બત્રીસી લેવામાં આવી. તેના પર નિશાન કર્યા કે આ પાઠ અનુયોગનાં કયાં પાના પર લેવામાં આવ્યો છે.'** આ પ્રકારે ધ્યાન રાખવાથી અનેક પાઠ સામે આવ્યા. તેને ફરી વ્યવસ્થિત કરવામાં લાગ્યા અને જે પાઠ રહી ગયા તેને દ્રવ્યાનુયોગના ત્રીજા ભાગમાં પરિશિષ્ટમાં આપ્યા છે. હવે એક પણ પાઠ નથી રહ્યો આ વિશ્વાસ થઈ ગયો.

શિયાળામાં ત્યાં જ રહ્યા, ૧૪ માસ સૂરસાગર રહી પાવટા આવ્યા. કેટલાક દિવસ ત્યાં રહી કામ કર્યું. પછી જૈતારણ પાવનધામ પહોંચ્યા. ત્યાં એક મહિનો રોકાયા. મદનગંજ ચાતુર્માસ માટે પધાર્યા. ત્યાં પણ આ કામમાં લાગ્યા રહ્યા. ચાતુર્માસ પછી હરમાડા પહોંચ્યા, ૨ માસ ત્યાં રોકાયા, વધુપડતો શ્રમ કર્યો. શ્રી તિલોકમુનિજીએ પણ આ કામમાં સહકાર આપ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક વર્ષોથી સેવારત કુરડાયા નિવાસી શ્રી શિવજીરામજીના સુપુત્ર શ્રી માંગીલાલજી શર્મા પણ આ કાર્યમાં જોડાયા. તેમણે ખૂબ શ્રમ કર્યો. આખરે અંતિમ મુકામ પર પહોંચી ગયા. જે પ્રિય ક્ષેત્રમાં પૂજ્ય ગુરૂદેવશ્રી ફતેહચંદજી મ.સા. ૭ વર્ષ ઠાણાપતિ વિરાજ્યા હતા અને ૫૦ વર્ષ પૂર્વે જ્યાં આ અનુયોગનું કાર્ય પ્રારંભ થયેલું ત્યાં જ એ પૂર્ણ થયું.

જોધપુર જે. કે. કોમ્પ્યુટરમાં દ્રવ્યાનુયોગ છાપવા આપ્યું. ૫૦૦ પાના તૈયાર થયા, પ્રુફ જોયું પરંતુ બરાબર સેટ ન થયું. આખરે કાર્ય રદ કરવું પડયું. ફરીથી શ્રી ચંદજી સુરાનાને આગ્રાથી બોલાવ્યા. તેમની દેખભાળમાં દ્રવ્યાનુયોગનું છાપવાનું કામ શરૂ થયું.

હરમાડાથી વિહાર કરી આબુ પર્વત પહોંચ્યા. હવે પ્રુફ રીડીંગનું કામ ચાલુ થયું. શ્રી સુરાનાજી ત્રણ વાર પ્રુફ જોતાં પછી શ્રી માંગીલાલજી જોતા, ફરી હું (વિનયમુનિ) તથા પૂજ્ય ગુરૂદેવ જોતા. આ પ્રકારે ગ્રંથનું છાપવાનું કામ આગળ વધતું ગયું. ભા.-૧ તૈયાર થયો. જેનો શ્રી નવનીતભાઈ ચુનીલાલ પટેલ અમદાવાદવાળાએ વિમોચન કર્યું. સાંડેરાવ ચોમાસું થયું. પછી સાદડી, નારલાઈ, સોજત વિગેરેમાં પ્રુફરીડીંગ પરિશિષ્ટ વિગેરે કાર્ય ચાલતું રહ્યું.

સોજતમાં પૂજ્યશ્રી મરૂધરકેસરીજી મ.ની પુણ્યતિથિ પર પ્રવર્તક શ્રી રૂપચંદજી મ.નાં સાનિધ્યમાં દ્રવ્યાનુયોગના દ્વિતીય ભાગનું શ્રી નેમીચંદજી સંઘવી કુશાળપુરાવાળાએ વિમોચન કર્યું.

બધા અધ્યયનનું આમુખ ડૉ. ધર્મચંદજીએ લખ્યું. સોજતથી વિહાર કરી આબુપર્વત ઓલીતપ કરાવવા પધાર્યા. પરિશિષ્ટ, વિષયસૂચિ વિગેરેનું કામ ચાલ્યું. ત્રીજા ભાગને સંપન્ન કરવામાં લાગ્યા. અંબાજીમાં ચાતુર્માસ થયું. ચાતુર્માસમાં ઓમપ્રકાશ શર્માએ **સ્થાનાંગ સૂત્ર**ના મૂળપાઠની પ્રેસકોપી કરી. **નિરયાવલિકાદિનું** પં.રૂપેન્દ્રકુમારજીએ સંપાદન કર્યું. શ્રી બલદેવભાઈ, શ્રી નવનીતભાઈનો અતિઆગ્રહ થવાથી અમદાવાદ તરફ વિહાર થયો.

૧ જાન્યુઆરી ૧૯૯૬ના દિવસે શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈની અધ્યક્ષતામાં **'અનુયોગ લોકાર્પણ સમારંભ'** થયો. જેમાં અમદાવાદમાં વિરાજીત ઘણા મુનિરાજ, મહાસતીજી પધાર્યા. શ્રી દીપચંદભાઈ ગાર્ડી વિગેરે અનેક વિશિષ્ટ વ્યક્તિ આવ્યા. ગુજરાતી પ્રકાશનનો નિર્ણય થયો. ટ્રસ્ટને લગભગ ૨૦ લાખનું યોગદાન મલ્યું.

આ પ્રકારે ૫૦ વર્ષોના પ્રબલ પુરુષાર્થથી અને બધાના મહત્વપૂર્ણ યોગદાનથી ગુરૂદેવની ઈચ્છા પૂર્ણ થઈ. અનુયોગના હિન્દી સંસ્કરણનું કાર્ય પૂર્ણ થયું.

આ અનુયોગના કાર્યને સંપૂર્ણ કરવા માટે પૂજ્ય ગુરૂદેવે દ્વિદલનો ત્યાગ કર્યો તેમજ તેની બનેલી વસ્તુઓ મિઠાઈ, નમકીનનો ૩૦ વર્ષની યુવાવસ્થામાં ત્યાગ કર્યો, એક જ ટાઈમ અન્ન લેવું, વચમાં ઘણા વખત એક રોટલી પર રહ્યા અને છેલ્લા ૧૮ વર્ષ અન્ન-પાણીનો પણ ત્યાગ કર્યો. એકમાત્ર ગાયનું દૂધ અને ફુટ પર રહ્યા, કેટલી ઊંચી સાધનાથી આ ગ્રંથ તૈયાર થયો તેમજ ડૉ. મહાસતી મુક્તિપ્રભાજી વગેરે સાધ્વીઓએ કાર્ય ચાલ્યો ત્યાં સુધી આયંબિલ એકાસણા કરાવ્યા. કાર્યના પ્રારંભમાં જ આચારાંગ મૂળ કંઠસ્થ કરાવ્યો તેઓએ પણ વિગત્યાગ વગેરે ઘણા પચ્છખાણો કરી આ કાર્યને પૂર્ણ કરવામાં મદદરૂપ થયા. હું પણ યથાશક્તિ પચ્છખાણ કરીને સારો શ્રમ કરીને પૂર્ણ કરવામાં સમર્થ થયો છું.

અનુયોગના ગુજરાતી ભાષાંતરનું કાર્ય પ્રારંભ થયું. ધર્મકથાનુયોગ મૂળમાત્ર જે પ્રારંભમાં છપાયો હતો એ જ રાખ્યો એની વિશદ પ્રસ્તાવના ડૉ. જગદીશચંદ્ર જૈન એ અંગ્રેજીમાં લખી. ધર્મકથાનુયોગના બન્ને ભાગનું ગુજરાતી ભાષાંતર ગુજરાત યુનિવર્સિટી પ્રાકૃત વિભાગના પ્રોફેસર આર.એમ.શાહ, અમદાવાદવાળા કર્યો. બન્ને ભાગ છપાણા. પહેલા ભાગનું વિમોચન પ્રાકૃતના ઉચ્ચસ્તરીય વિદ્વાન્ ડૉ. હરીવલ્લભ ભાયાણીએ દ્વારા અને બીજા ભાગનું કે. એમ. ગાંધી મુંબઈવાળા દ્વારા થયેલ. ચરણાનુયોગનું ગુજરાતી ભાષાંતર ડૉ. મુક્તિપ્રભાજી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમની સુશિષ્યાએ કર્યું. છાપકામ પ્રારંભ થયું. ઘણા વર્ષો સુધી અટકી ગયું. કારણ કે પ્રાકૃત ભાષાનો છાપકામ અને પ્રુફરીડર સારો ન મળ્યો. જેમને કામ આપ્યું તે પણ બહુજ ધીમી ગતિમાં. દિલીપભાઈ સ્કેન-ઓ-ગ્રાફિક્સ પ્રેસવાળાનો સંપર્ક થયો. માંગીલાલ શર્માના પ્રયત્નથી કાર્યને દ્રુતગતિ મળી.

અમદાવાદથી ગુરૂદેવે આબુપર્વત ઓલીપર પધાર્યા ત્યાંથી સાંડેરાવમાં બાંકલીવાસ પોરવાળ ભવનનું ઉદ્‌ઘાટન કરાવી સાદડી મારવાડ ચાતુર્માસ માટે પધાર્યા. ત્યાંજ સંજયમુનિ બિમાર પડવાથી ચાતુર્માસ પછી ઉદયપુર થઈને આબુપર્વત પધાર્યા. છેલ્લા સાડા ત્રણ વર્ષ આબુ-અંબાજીમાં રહ્યા.

ગુરૂદેવનું સ્વાસ્થ્ય અનુયોગ (હિન્દી)નો કાર્ય પૂર્ણ થયા પછી અનુકૂલ ન રહ્યો. તેઓએ પોતાનો સંકલ્પ પૂર્ણ કરી લીધો. સન્ ૮૨માં તેઓ બિમાર પડ્યા હતા. થોડા સ્વસ્થ થઈ કામમાં જોડાયા. યથાશક્તિ કાર્ય કર્યો. એમના નિર્દેશનમાં ૧૮ વર્ષમાં હિન્દી ભાષાનો સંસ્કરણ પૂરો કરી આપ્યો. એ કાર્ય માટે જ પુનર્જન્મ મળ્યો હતો. પૂરો થતા જ સ્વાસ્થ્ય બગડી ગયો પણ છેલ્લે સુધી મને નિર્દેશ આપતા રહ્યા. કાર્યને વેગ મળ્યો.

ચરણાનુયોગ ગુજરાતી ભાષાંતરના બન્ને ભાગ છપાયા. પહેલા ભાગનો વિમોચન ટ્રસ્ટના અધ્યક્ષ નવનીતભાઈએ કર્યો અને બીજો ભાગ અર્પણ કરવાનો લાભ ગુરૂદેવની દીક્ષા તિથિના દિવસે માંગીલાલને મળ્યો. ગણિતાનુયોગનો ભાષાંતર કરવા માટે ડૉ. કનુભાઈ શેઠને આપ્યો હતો. ફરી-ફરી સંશોધન થવાના કારણે એ પણ ઘણા વર્ષો સુધી અટકી ગયો. હિન્દીના બીજા સંસ્કરણમાં પણ પાઠો છૂટવાના કારણે સંપાદન માટે પં.દેવકુમારજીને આપ્યો. ફરી ગુજરાતી અનુવાદ થયો. સંશોધન થયા પછી પ્રેસમાં છાપવા આપ્યો. ૧૦ ડિસેમ્બર-૨૦૦૦ની સાલએ ગ્રન્થ તૈયાર થઈને આવ્યો. ગોંડલ સંપ્રદાયના વાણીભૂષણશ્રી ગિરીશમુનિજીએ આબુપર્વત પધાર્યા. એમની દીક્ષા જયંતિ અને વિમોચન સમારોહ યોજ્યો. મહાવીર કેન્દ્રના સુધર્મા હોલમાં ગણિતાનુયોગનું વિમોચન કરી નવનીતભાઈ, બચુભાઈ, જયંતિભાઈ સંઘવીએ ગુરૂદેવને અર્પણ કર્યો. ગુરૂદેવ ઘણા જ ખુશ થયા. તેઓ ત્યાં કાર્યક્રમમાં લગભગ બે કલાક બેસી રહ્યા. ગ્રન્થને જોતા રહ્યા. ડૉ. દિવ્યપ્રભાજીએ તેમના ભાષણમાં **'જ્યારે કાર્ય પૂર્ણ કરાવવાનો સંકલ્પ કર્યો ત્યારે ઘણા જ ખુશ થયાં.'** એ એમનો છેલ્લો કાર્યક્રમ હતો. ૧૭ ડિસેમ્બર બપોરે ૧૨-૩૦ કલાકે સાધુવંદના વગેરે સાંભળતા અને છેલ્લે **'સિદ્ધે શરણં બોલતાં'** 'ત્યારે તેમની વધારે તબીયત બગડી ગઈ. ડૉ. મુક્તિપ્રભાજી, ડૉ. દિવ્યપ્રભાજી વગેરેની હાજરીમાં જ્યારે તેમને સંથારાના પચ્ચખાણ આપવા લાગ્યો અને એમનો હાથ પકડી પૂછ્યો ત્યારે તેઓ **આશીર્વાદરૂપે જોરથી હાથ પકડ્યો અને હુંકારો આપ્યો.** પોણાત્રણ વાગ્યા સંથારો પછખાવ્યો. સાંજે તેમને દરરોજની જેમ ઠંડી હોવાના કારણે જ્ઞાન ભંડારના ઓરડામાં સુવડાવ્યા. રાત્રે ત્રણ વાગ્યા મારે સ્વાધ્યાય સંભળાવવાનો વારો આવ્યો. સાડા ત્રણે તેઓએ મારી તરફ જોયો ત્યાં ઓરડામાં બધી બાજુ આગમના ચોપડાના અલમારા જોતા-જોતા વિલીન થઈ ગયા. એમ છેલ્લે સુધી આગમના ઉંડાણમાં જ રહ્યા. ૧૯ ડિસેમ્બર બપોરે ત્રણ વાગે હજારોની જનમેદની વચ્ચે **પ્રતાપજી કપૂરજી સાંડેરાવના પરિવારના હસ્તે 'કમલ' કન્હૈયા વિહારમાં અગ્નિ સંસ્કાર થયો.**

મારા ઉપર વધારે જવાબદારી આવી. હિમ્મતથી અનુયોગના કાર્યમાં આગળ વધ્યો. વિહારનો ક્રમ ચાલુ થઈ ગયો. ઉત્તર ગુજરાતમાં વીજાપુર સુધી જઈને ફરી આબૂ આવ્યા. ડૉ. મુક્તિપ્રભાજી, ડૉ. દિવ્યપ્રભાજી પાસે લક્ષિત સાધનાની દીક્ષા થઈ. પછી ઉદયપુર-દિલ્હીનો ઉગ્રવિહાર કરી અલવર ચાતુર્માસ કર્યો. હરમાડામાં ગુરૂદેવની પ્રથમ પુણ્યતિથિ કરી. પછી સમદડીમાં મહાસતીજી દર્શનપ્રભાજી પાસે બે દીક્ષા આપી. ગણિતાનુયોગનો સારાંશ લખવાની ભાવના જાગી. તે તૈયાર કર્યો. ગણિતાનુયોગનો બીજો ભાગ છપાયો. અમદાવાદમાં મહામંત્રી શ્રી સૌભાગ્યમુનિજી 'કુમુદ' સાથે ચૌમાસાનો પ્રવેશ કર્યો. તે સમયે જ આનો બચુભાઈ બલદેવભાઈના હસ્તે વિમોચન થયું. વ્યાખ્યાન, ગૌચરી વગેરેથી લગભગ મુક્ત થઈ દ્રવ્યાનુયોગના કાર્યમાં લાગી ગયો. દિવાળી સુધી પહેલો ભાગ થઈ ગયો. તેનું વિમોચન કૃષ્ણકાંતભાઈ પટેલ મુંબઈવાળાએ કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાંથી વિહાર કરી મુંબઈ આવ્યા. કુ. જિનેશાબેન ગોસલિયાને દીક્ષાનો પાઠ ભણાયો. તેમની દીક્ષા મહાસતીજી શ્રી દર્શનપ્રભાજી, દિવ્યપ્રભાજી, અનુપમાજી પાસે થઈ. ખાર આવ્યા. ત્યાં કાર્ય સારું થયો. પૂજ્ય ગુરૂદેવની જન્મજયંતિના દિવસે મુંબઈ મહાસંઘના પ્રમુખ વજુભાઈ ગાંધીના હસ્તે દ્રવ્યાનુયોગના બીજા ભાગનું વિમોચન થયું. ત્યાંથી પૂના ચાતુર્માસ માટે આવ્યા. સંવત્સરીના દિવસે દ્રવ્યાનુયોગના ત્રીજા ભાગનું વિમોચન શશીકાંતભાઈ કાળીદાસ કોઠારી પાલનપુરવાળાને હસ્તે થયું.

ગ્રંથ મોટો હોવાના કારણે આનો ચોથો ભાગ તૈયાર થયો એમાં પણ ઘણો જ શ્રમ થયો. ચારે ભાગનો શબ્દકોષ તૈયાર કર્યો. બીજા અનુયોગોના છૂટેલા પાઠો તૈયાર કરવામાં સંલગ્ન થયા. કમલેશભાઈ દોશી બોરીવલી અને ધીરેનદોશી ઘાટકોપરવાળાના આગ્રહથી ચરણાનુયોગ, ગણિતાનુયોગનો પણ શબ્દકોષ ગુજરાતીમાં તૈયાર કર્યો. બધી સામગ્રી ચોથા ભાગમાં આપવામાં આવી છે.

પૂનાથી ગુરૂદેવની ત્રીજી પુણ્યતિથિ ઉપર દેવલાલી (નાસિક) આવ્યા. સેવા કેન્દ્રમાં જ કાર્યક્રમ થયો. ત્યાં પણ યુવા પ્રણેતા ધીરજમુનિજી મ. પાસે એકતાકુમારીની દીક્ષામાં હાજરી આપી. ત્યાંથી વણી, સુરગાણા, વાંસદા થઈ કરચેલિયા આવ્યા, સ્થાનકનું ઉદ્‌ઘાટન કરાવ્યા પછી સુરતમાં દરિયાપુરી સંપ્રદાયની દિક્ષામાં શામિલ થઈ અમદાવાદ આવ્યા. ૧૮ ફેબ્રુઆરી-૨૦૦૪ના દિવસે નારણપુરા સંઘમાં અનુયોગ ટ્રસ્ટની રજતજયંતિ અને દ્રવ્યાનુયોગના ચોથા ભાગનું ટ્રસ્ટ પ્રમુખ નવનીતભાઈ ચુનીલાલ પટેલના શુભહસ્તે વિમોચન વિધી થઈ. એમ હિન્દીના આઠ ભાગ અને ગુજરાતીના ૧૧ ભાગોમાં આ અનુયોગનો વિશાળ કાર્ય ૫૫ વર્ષમાં પૂર્ણ થયો.

ગુરૂદેવે સન્ ૮૧માં મુંબઈમાં ઓપરેશનના સમયે જે ભાવના મને સોંપી હતી તે ફેબ્રુઆરી ૨૦૦૪માં ૨૪ વર્ષના અથાગ પરિશ્રમ દ્વારા પૂર્ણ થઈ રહી છે એનો મને ઘણો જ આહ્‌લાદ છે.

પૂજ્ય ગુરૂદેવનો સ્વાસ્થ્ય પ્રતિકૂલ હોવાના કારણે તેમજ એમનો સંકલ્પ પૂરો કરાવાની ભાવનાથી મારી બુદ્ધિ પ્રમાણે મૂળમાં, હિન્દી કે ગુજરાતી ભાષાંતરમાં સંશોધન કર્યું. મને ગુજરાતી ભાષાના વ્યાકરણની દૃષ્ટિએ જ્ઞાન નથી છતાં પણ પ્રયત્ન કર્યો છે જેથી ઘણી ભૂલો રહી ગઈ હશે જે પાઠકો સમજી વાંચે. જે પણ ભૂલો છે તે અવશ્ય જણાવે જેથી બીજા સંસ્કરણમાં સંશોધન થઈ શકે.

શ્રુતાચાર્યા ડૉ. મુક્તિપ્રભાજી, ડૉ. દિવ્યપ્રભાજી, ડૉ. અનુપમાજી, ભવ્યસાધનાજી અને શ્રી વિરતિ સાધનાજી વગેરેનો આ કાર્યમાં ઘણો શ્રમ રહ્યો, લાંબા-લાંબા વિહારના કારણે ચાતુર્માસ પ્રવચન વગેરેના કારણોથી આ વર્ષોમાં તેમને ઓછો સમય મળ્યો જેથી તેમજ બન્ને મોટા મહાસતીજી ધ્યાન સાધના અને ગુરૂદેવ દ્વારા જે અનુભવ થયો છે તે સાધનાઓ અને ગ્રંથો લખવાના કારણે સમય નહીં આપી શક્યા તેમજ અનુપમાજીએ જનસંપર્કમાં, ભવ્યસાધનાજીએ મહાસતીજી ચારૂશિલાજીની સેવામાં અને વિરતિસાધનાજી, વિરાગ સાધનાજી વગેરે અધ્યયન, પ્રવચન વગેરેમાં જોડાવવાથી આ કાર્યમાં ગુરૂદેવના ગયા પછી વધારે સમય નહીં આપી શક્યા જેથી ભાષા સંબંધી ત્રુટિઓ રહીજ હશે.

આચાર્યશ્રી દેવેન્દ્રમુનિજીએ આ કાર્યને કરવા માટે ઘણી જ પ્રેરણા આપી તેમજ બે અનુયોગમાં વિશદ ભૂમિકા લખી આપી.

મધુર વ્યાખ્યાની શ્રી ગૌતમમુનિજીનો મહત્વપૂર્ણ યોગદાન મળ્યો તેઓનો સ્વાસ્થ્ય અનુકૂલ ન હોવા છતાં પ્રવચનની બધી જવાબદારી સંભાળી લીધી જેથી આ કાર્ય કરી શક્યો તેમજ તપસ્વી સંજયમુનિજી 'મહાત્માજી' એ પણ સેવાસુશ્રુષાનો લાભ લઈ સારો સહકાર આપ્યો.

રાજુભાઈ મહેતા આબુવાળા તેમજ સેવાભાવી શિવજીરામજી શર્મા કુરડાયાવાળાએ તથા ગુલાબસિંહ અચપુરાવાળાએ પણ ખૂબ જ ગુરૂદેવની સેવા કરી છે તે કેમ ભૂલાય ? શિવજીરામજીના સુપુત્રો માંગીલાલે આબુ પર્વત રહીને પણ પ્રુફરીડીંગ વગેરેમાં સહકાર આપે છે અને મહાવીર શર્માએ જોડે રહીને પ્રુફરીડીંગ, લેખન, સંદર્ભ ગ્રંથોની વ્યવસ્થા કરવી વગેરે બધા કાર્યમાં સહકાર આપ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાંચકોને ધ્યાન રહે કે એક-એક વિષય ૫-૭ વાર લખાયો તેમજ ટાઈપ થયો. ૧૦ વાર વંચાયો હશે. પરંતુ પૂર્ણ વ્યવસ્થિત ન હોવાથી વારે-વારે સંશોધન થતું રહ્યું. જો કે પાછળનાં ૨૪ વર્ષમાં જ અર્થાત્ મુંબઈ પછી જ ચારે અનુયોગનું કાર્ય થયું છે. પૂજ્ય ગુરૂદેવનું સ્વાસ્થ્ય સારું ન હોવા છતાં અને વૃદ્ધાવસ્થા હોવા છતાં પ્રતિદિન ૭-૮ કલાક શ્રમ કરવો તેમજ નિર્દેશ કરવો એ અનુમોદનીય છે. **આપે નિશીથભાષ્ય તથા અનુયોગના સિવાય નંદીસૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર સૂત્ર, નિશીથસૂત્ર, આચારાંગ સૂત્ર (બન્ને શ્રુત.) સૂત્રકૃતાંગ સૂત્ર (પ્રથમ શ્રુત.) સમવાયાંગ સૂત્ર, સ્થાનાંગ સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર નિરયાવલિકા વગેરે પાંચ આગમ આદિના મૂળમાત્રનું સંપાદન કર્યું.**

સ્થાનાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર, સંજયાનિયંઠા વગેરેનું સાનુવાદ સંપાદન કર્યું. આયારદશા, બૃહત્કલ્પ, વ્યવહાર સૂત્રનું અનુવાદ-વિવેચન સહિત સંપાદન કર્યું છે.

જૈનાગમ નિર્દેશિકા, સદુપદેશ સુમન (૫૦૦ ઉપમા) ભાષ્ય કહાનીઓ વગેરે અનેક ગ્રંથોનું સંપાદન કર્યું. આપની વ્યાખ્યાન શૈલી ખૂબ જ લાક્ષણિક હતી. શબ્દોની વ્યુત્પતિઓ સાંભળીને શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ જતા હતા. આપ દ્વારા લખેલા લેખ પ્રમાણિક, સચોટ તથા ક્રાંતિકારી છે. આપ ખૂબ જ સરળ હતા. યશ, નામ-કામનાથી દૂર રહ્યા.

મહાસતીજીશ્રી મુક્તિપ્રભાજી, શ્રી દિવ્યપ્રભાજી તથા તેમની શિષ્યાઓએ અનેક મુશ્કેલીઓ સહન કરી જે શ્રમ કર્યો છે, તે અવિસ્મરણીય છે.

અંતર્રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પં.દલસુખભાઈ માલવણીયાજીએ પણ મહેનતાણું લીધા વગર નિસ્વાર્થ ભાવથી પોતાનો અમૂલ્ય સમય આપ્યો છે.

ડૉ. સાગરમલજી જૈન ડાયરેક્ટર પાર્શ્વનાથ ઈન્સ્ટીટ્યુટ બનારસ, જે ઉચ્ચ કક્ષાના વિદ્વાન્ છે. તેઓએ પોતાનો અમૂલ્ય સમય કાઢીને ચરણાનુયોગ ભાગ-૧ તથા દ્રવ્યાનુયોગ ભાગ-૧ની વિશાળ ભૂમિકા મહેનતાણું લીધા વગર મહેનતથી લખી છે જે પ્રશંસનીય છે.

પં. દેવકુમારજી જૈન પ્રાકૃત, સંસ્કૃતના વિદ્વાન્ છે. તેમનો પણ ખૂબ સહયોગ મળવાથી આ કાર્ય પૂર્ણ થઈ શક્યું. ચારે અનુયોગના હિન્દી સંસ્કરણનો મુદ્રણ, પ્રુફ સંશોધન વિગેરેમાં શ્રીચંદજી સુરાના આગરાનો પૂર્ણ સહકાર રહ્યો તેમજ ગુજરાતી સંસ્કરણના પ્રકાશનમાં દિલીપભાઈનો પૂર્ણ સહકાર મળ્યો.

ડૉ. ધર્મચંદજી જૈને પોતાનો કિંમતી સમય કાઢી પ્રત્યેક અધ્યયનના આમુખ તથા ભૂમિકા લખી છે.

આ યુગમાં પૈસા વગર કાંઈ થતું નથી આમાં સંપાદન, પ્રકાશનમાં અંદાજે ૫૦ લાખથી વધુ ખર્ચ થયો હશે. આ બધો યશ સાંડેરાવના કાર્યકર્તા, ટ્રસ્ટના કાર્યકર્તા તથા મંત્રીશ્રી જયંતીભાઈ સંઘવી, સહમંત્રી ડૉ. સોહનલાલજી સંચેતીને જાય છે.

નારણપુરા સ્થાનકવાસી જૈન સંઘે તેમના ઉપાશ્રયનો મોટો હોલ ચોપડા મૂકવા માટે આપ્યો. તેમજ તેના જ માનદમંત્રી જયંતિભાઈ સંઘવીએ સંઘનો વૈયાવચ્ચ, ચાતુર્માસ, ટિફિન યોજના વગેરે સંભાળવા છતાં કાળજીપૂર્વક ટ્રસ્ટનો વહીવટ સારી રીતે સંભાળ્યો અને સંઘના મહેતાજી શ્યામજીભાઈ અને અત્યારે વિજયભાઈ તેમજ સંઘના કર્મચારીઓએ પણ સારો સહકાર આપ્યો. તેમની જ્ઞાન પ્રત્યે અનુમોદના પ્રસંશનીય છે.

દિલ્લી નિવાસી શ્રી ગુલશનરાયજી જૈન, શ્રી ચંદજી જૈન "જૈન બંધુ", શ્રી પ્રભુદાસભાઈ વોરા મુંબઈ, શ્રી જયંતિભાઈ કે. પટેલ, શ્રી જયંતિભાઈ સી. પટેલ અમદાવાદ, શ્રી ઘેવરચંદજી કાનુંગા જોધપુર, શ્રી નેમીચંદજી સંઘવી કુશાળપુરા વગેરેના યોગદાનને ન ભૂલી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં-જ્યાં પૂજ્ય ગુરૂદેવના પગલાં પડ્યા, ચાતુર્માસ થયા. તે સંઘોનો તેમજ શ્રદ્ધાવંત જ્ઞાનાનુરાગી શ્રાવકોનો પણ પંડિતોના મહેનતાણા વગેરે માટે યોગદાન મળ્યું છે.

આચાર્ય શ્રી દેવેન્દ્રમુનિજી તેમજ પ્રવર્તક શ્રી રૂપચંદજી મ. તથા ઉપપ્રવર્તક શ્રી સુકનમુનિજી મ.નો પણ સમયે-સમયે માર્ગદર્શન મળ્યો.

મારા સહયોગી પં.શ્રી મિશ્રીમલજી 'મુમુક્ષુ', સેવાભાવી શ્રી ચાંદમલજી મ., પં.શ્રી રોશનલાલજી મ. 'શાસ્ત્રી' ની પણ વૈયાવચ્ચ સેવા ભુલાઈ ન શકાય.

આ પ્રકારે બધાના સહકારથી જ આ કાર્ય પૂર્ણ થઈ શક્યું. જેનો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર મળ્યો છે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

લિંબડી સંપ્રદાયના શ્રી ભાષ્કરમુનિજી મ.નું આબુર્પત પર ઓલી પર પધારવું થયું. તેમની અનુયોગ પ્રતિ વિશેષ રૂચિ રહી. તેમણે સૌરાષ્ટ્ર, કચ્છની અનેક લાઈબ્રેરીમાં સેટ મોકલ્યા. અનુયોગ સંપાદનની શરૂઆતથી જાણકારી મેળવી. તેમના પ્રેમપૂર્વક આગ્રહથી જ હું આ **'અનુયોગની અપૂર્વયાત્રા'** લખી છે.

મને પણ પૂજ્ય ગુરૂદેવની સેવા તથા આ ભાવનાને પૂર્ણ કરવાનો અવસર મળ્યો. આ મારું સૌભાગ્ય છે. આ કાર્યમાં એકાગ્રતા પ્રાપ્ત થતી, મને પોતાને ઘણી વાર અનુભવ થયો કે જ્યારે માથાનો દુખાવો કે થાકનો અનુભવ થતો ત્યારે આ કાર્યમાં બેસતો તો શાંતિનો અનુભવ થતો આ બધો ગુરૂદેવના આશીર્વાદનું જ પરિણામ છે. આ કાર્યથી મને ઘણો જ આનંદ થયો.

આ અનુયોગના કામમાં લાગ્યા રહેવાના કારણે વ્યાખ્યાન કળામાં આગળ નહીં વધી શક્યો. જે સામાજીક દૃષ્ટિથી ઘણો જ જરૂરી છે પણ હું એને પ્રાથમિકતા ન આપી કારણ કે **'આગમની સેવાથી તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન થાય છે. તેથી જ મેં અનુયોગના કાર્યને પ્રાથમિકતા આપી.'** હવે પ્રવચનની પ્રગતિમાં સંલગ્ન થઈશ. ગુરૂદેવના આશીર્વાદથી અવશ્ય મને સફળતા મળશે.

ધર્મકથાનુયોગ વગેરેની પ્રતિઓ સમાપ્ત થઈ ગઈ તેમને પુનઃમુદ્રણ કરાવવા માટે ફરી તેનો સંશોધન કરવો આવશ્યક છે તે કાર્ય કરવાની ભાવના છે.

આધુનિક યુગમાં કમ્પ્યુટર દ્વારા સમગ્ર વિશ્વમાં એને ફેલાવવાની ભાવના છે. જેથી સંશોધકોને લાભ મળશે.

ગુરૂદેવના ૩૨ આગમોના ગુટકા નિકાળવાનો જે સંકલ્પ હતો એમાં ૧૫ આગમ થયા છે બીજા આગમ પણ પ્રકાશિત કરાવવાની ભાવના છે એ કાર્ય પણ બધાના સહકારથી સફળ થાય એ જ આશા છે.

ગુરૂદેવના આશીર્વાદથી બધા જ કાર્ય પૂર્ણ થશે. ગુરૂદેવશ્રી મહાન્ હતા. તેમણે અનુયોગના રૂપમાં જે સમાજને આપ્યું તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે તેનો ખૂબ લાભ ઉઠાવીએ. પ્રચાર-પ્રસાર કરીએ. આપણે ગુરૂદેવના પગલે-પગલે નિરંતર આગળ વધતાં રહીએ, આ ભાવના સાથે પૂજ્ય ગુરૂદેવના ચરણોમાં કોટિ-કોટિ વંદન.

- વિનયમુનિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ

સહયોગી સદસ્યોની નામાવલિ

: સર્વના આભારી છીએ :

વિશિષ્ટ સહયોગી :

૧.	શ્રીમતી સૂરજબેન ચુન્નીભાઈ ધોરીભાઈ પટેલ, પાર્શ્વનાથ કોર્પોરેશન હસ્તે, સુપુત્ર શ્રી નવનીતભાઈ, પ્રવીણભાઈ, જયંતિભાઈ	અમદાવાદ
૨.	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે, શ્રી બળદેવભાઈ, બચુભાઈ, બકાભાઈ	અમદાવાદ
૩.	આઈડિયલ સીટ મેટલ સ્ટૈપિંગ એન્ડ પ્રેસિંગ પ્રા.લિ. હસ્તે, શ્રી આર.એમ.શાહ	અમદાવાદ
૪.	શ્રી આત્મારામ માણિકલાલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે, શ્રી બળવન્તલાલ, મહેન્દ્રકુમાર, શાન્તિલાલ શાહ	અમદાવાદ
૫.	શ્રી હસમુખલાલ કસ્તુરચંદભાઈ શાહ	અમદાવાદ
૬.	શ્રી પ્રેમ ગ્રુપ પીપલિયા કલાં, શ્રી પ્રેમરાજ ગણપતરાજ બોહરા હસ્તે શ્રી પૂરણચંદજી બોહરા	અમદાવાદ
૭.	શ્રી રાજમલ રિખબચંદ મેહતા ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે, શ્રી સુશીલાબેન રમણિકલાલ મહેતા, પાલનપુર	મુંબઈ
૮.	શ્રી શ્રેણીકભાઈ કસ્તુરચંદ શેઠ	અમદાવાદ
૯.	શ્રી દિપચંદભાઈ ગાર્ડી સાહેબ	મુંબઈ
૧૦.	શ્રી યુ. એન. મહેતા સાહેબ	અમદાવાદ
૧૧.	શ્રી કોકીલાબેન જંયતિલાલ કાંતિલાલ પટેલ	સાણંદ
૧૨.	એક સદ્‌ગૃહસ્થ તરફથી...હસ્તે શ્રી ભરતભાઈ શેઠ	અમદાવાદ
૧૩.	શ્રી વાલકેશ્વર સ્થા. જૈન સંઘ	મુંબઈ
૧૪.	શેઠ શ્રી ચુનીલાલ લધુભાઈ ગુંદીયાળાવાળા હસ્તે અરવિંદભાઈ	અમદાવાદ
૧૫.	શ્રી કે. ડી. શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે જગદીશભાઈ કાંતિલાલ શેઠ	અમદાવાદ
૧૬.	શ્રી રસીકલાલ શાંતિલાલ રાજેન્દ્રકુમાર	અમદાવાદ
૧૭.	શ્રી હસમુખલાલ સી. શેઠ	મુંબઈ
૧૮.	શ્રીમતી રૂપાબેન શૈલેશભાઈ મહેતા	પાલનપુર
૧૯.	શ્રી પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી નવનીતભાઈ	અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦.	શ્રી કાલુપુર કોમર્શિયલ કો.ઓ.બેંક લિ.	અમદાવાદ
૨૧.	શેઠશ્રી ચુન્નીલાલ નરભેરામ મેમોરિયલ ટ્રસ્ટ	અમદાવાદ
	હસ્તે, શ્રી મન્નુભાઈ બેકરીવાલા, રૂબી મિલ	મુંબઈ
૨૨.	શ્રી પ્રભુદાસભાઈ એન. વોરા	મુંબઈ
૨૩.	શ્રી પી. એસ. લૂંકડ ચેરિટેબલ ટ્રસ્ટ	મુંબઈ
	હસ્તે શ્રી પુખરાજજી લૂંકડ	
૨૪.	શ્રી ગાંધી પરિવાર	
	હસ્તે, અમરચન્દ રિખવચન્દ ગાંધી	હૈદરાબાદ
૨૫.	શ્રી ગુલશનરાયજી જૈન	દિલ્હી
૨૬.	શ્રીચન્દજી જૈન, જૈન બન્ધુ	દિલ્હી
૨૭.	શ્રી ધેવરચંદજી કાનુંગા, એલ્કોબક્સ પ્રા.લિ.	જોધપુર
૨૮.	શ્રીમતી તારાદેવી લાલચંદજી સિંઘવી	કુશાલપુરા
૨૯.	શ્રી થાનચંદ મેહતા ફાઉન્ડેશન	
	હસ્તે, શ્રી નારાયણચંદજી મહેતા	જોધપુર
૩૦.	શ્રીમતી ઉદયકુંવર ધર્મપત્ની શ્રી ઉમ્મેદમલજી સાંડ	
	હસ્તે, શ્રી ગણેશમલજી મોહનલાલજી સાંડ	જોધપુર
૩૧.	શ્રીમતી સોહનકંવર ધર્મપત્ની ડો. સોહનલાલજી સંચેતી તથા	
	સુપુત્ર શ્રી શાન્તિપ્રકાશ, મહાવીરપ્રકાશ, જિનેન્દ્રપ્રકાશ અને નગેન્દ્રપ્રકાશ સંચેતી	જોધપુર
૩૨.	શ્રી જેઠમલજી ચોરડિયા, મહાવીર ડ્રગ હાઉસ	બેંગ્લોર
૩૩.	શ્રી શાન્તિલાલજી નાહર	અમદાવાદ
૩૪.	શ્રી ભીમરાજજી ઝવેરચંદજી	સાંડેરાવ
૩૫.	શ્રી કમળાબેન હીરાલાલજી જીરાવાલા	અમદાવાદ
૩૬.	શ્રી જયંતીભાઈ સુંદરજીભાઈ ગોસલિયા	અમદાવાદ
૩૭.	ડૉ. શ્રી યોગેન્દ્રભાઈ શાંતિલાલ ભાવસાર	ખંભાત
૩૮.	શ્રી હિમ્મતલાલ શામળદાસ શાહ	અમદાવાદ
૩૯.	શ્રી મોહનલાલજી મુકનચંદજી બાલિયા	અમદાવાદ
૪૦.	શ્રી વિજયરાજજી બાલાબક્સજી બોહરા - સાબરમતી	અમદાવાદ
૪૧.	શ્રી અજયરાજજી કે. મહેતા - એલિસબ્રીજ	અમદાવાદ
૪૨.	શ્રી ચીમનભાઈ ડોસાભાઈ પટેલ	
	હસ્તે, નવનીતભાઈ	અમદાવાદ
૪૩.	શ્રીમતી કાંતાબેન જંયતિલાલ મનસુખલાલ લોખંડવાળા	અમદાવાદ
૪૪.	શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ (નગરશેઠનો વંડો) હસ્તે ભરતભાઈ શેઠ	અમદાવાદ
૪૫.	શ્રી સ્થા. જૈન સંઘ (નારણપુરા) અમદાવાદ	
	હસ્તે શાંતિભાઈ	અમદાવાદ
૪૬.	શ્રી સાણંદ સાર્વજનિક ટ્રસ્ટ	
	હસ્તે, શ્રી બલદેવભાઈ	અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૭. શ્રી પંજાબ જૈન ભ્રાતૃ સભા - ખાર	મુંબઈ
૪૮. શ્રી રતનકુમારજી જૈન, નિત્યાનન્દ સ્ટીલ રોલર મિલ	મુંબઈ
૪૯. શ્રી માણેકલાલજી રતનશી બગડીયા	મુંબઈ
૫૦. શ્રી હરીલાલ જયચંદ દોશી, વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટ	મુંબઈ
૫૧. શ્રી તેજરાજજી રુપરાજજી બમ્બ, ભાદવાવાળા	ઈચલકરંજી (મહારાષ્ટ્ર)
૫૨. શ્રીમતી સુગનીબાઈ મોતીલાલજી બમ્બ	
હસ્તે, શ્રી ભીમરાજજી બમ્બ પીહવાળા	હૈદરાબાદ
૫૩. શ્રી સ્થા. જૈન સંઘ, નવરંગપુરા	અમદાવાદ
૫૪. શ્રી નંદુભાઈ મહાસુખભાઈ પટેલ	અમદાવાદ
૫૫. શ્રી ભાઈલાલભાઈ હરિલાલ ગોસલિયા	અમદાવાદ
૫૬. શ્રી ધીરજલાલ ધરમશી મોરબિયા	આબુરોડ
૫૭. શ્રી સ્થા. જૈન સંઘ (સોલા)	અમદાવાદ
૫૮. શ્રી ધીરેશભાઈ ટી. શાહ	અમદાવાદ
૫૯. શ્રી બંસીભાઈ શીવલાલ કાપડિયા	અમદાવાદ
૬૦. શ્રી ગુલાબચંદજી માંગીલાલજી સુરાણા	સિકન્દ્રાબાદ
૬૧. શ્રી નેમનાથજી જૈન	ઈન્દૌર (મધ્યપ્રદેશ)
૬૨. શ્રી બાબુલાલજી ધનરાજજી મહેતા	સાદડી (મારવાડ)
૬૩. શ્રી હુકમીચંદજી મહેતા (એડવોકેટ)	જોધપુર
૬૪. શ્રી કેશરીમલજી હીરાચંદજી તાતેડ સમદડીવાળે	હુબલી
૬૫. શ્રી આર.ડી. જૈન, જૈન તાર ઉદ્યોગ	દિલ્હી
૬૬. શ્રી દેશરાજજી પૂરણચંદજી જૈન	અમદાવાદ
૬૭. શ્રી રોયલ સિન્થેટિકસ પ્રા.લિ.	મુંબઈ
હસ્તે, રમેશભાઈ કોશેલાવવાળા	
૬૮. શ્રી વિરદીચંદજી કોઠારી	કિશનગઢ
૬૯. શ્રી મદનલાલજી કોઠારી મહામંદિર	જોધપુર
૭૦. શ્રી જંવતરાજજી સોહનલાલજી બાફના	બેંગ્લોર
૭૧. શ્રી ધનરાજજી વિમલકુમારજી રુણવાલ	બૈંગ્લોર
૭૨. શ્રી જગજીવનદાસ રતનશી બગડીયા	દામનગર (ગુજરાત)
૭૩. શ્રી સુગાલ એન્ડ દામાણી	નઈ દિલ્હી
૭૪. શ્રી ભીવરાજજી હજારીમલજી સાંડેરાવવાળા	કોસમ્બા
૭૫. મે. મરુધર ઈલેકિટ્રકલ્સ	મુંબઈ
હસ્તે, શ્રી અક્ષયકુમાર પુષ્પેન્દ્રકુમાર સામસુખા - જોધપુરવાળા	
૭૬. શ્રી વિજયરાજજી મહેતા	અમદાવાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષય-સૂચી

ભાગ-૪
અધ્યયન ૩૯ થી ૪૬

અ.ક્રમ.	અધ્યયનનું નામ	પૃષ્ઠાંક
૩૯.	ગર્ભ અધ્યયન	૨૧૧૩ - ૨૧૪૪
૪૦.	યુગ્મ અધ્યયન	૨૧૪૫ - ૨૧૯૮
૪૧.	ગમ્મા અધ્યયન	૨૧૯૯ - ૨૨૯૭
૪૨.	આત્મા અધ્યયન	૨૨૯૮ - ૨૩૦૫
૪૩.	સમુદ્‌ઘાત અધ્યયન	૨૩૦૬ - ૨૩૪૩
૪૪.	ચરમાચરમ અધ્યયન	૨૩૪૪ - ૨૩૬૭
૪૫.	અજીવ - દ્રવ્ય અધ્યયન	૨૩૬૮ - ૨૩૯૧
૪૬.	પુદ્‌ગલ અધ્યયન	૨૩૯૨ - ૨૫૮૨
	પ્રકીર્ણક	૨૫૮૩ - ૨૬૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયાનુક્રમણિકા

સૂત્રાંક	વિષય	પા. નં.
	૩૯. ગર્ભ અધ્યયન	
	આમુખ :	૨૧૧૩-૨૧૧૫
૧.	ગર્ભ વગેરે પદોનું સ્વામિત્વ.	૨૧૧૬
૨.	ભવનાં ચતુર્વિધત્વનું પ્રરૂપણ.	૨૧૧૬
૩.	ગર્ભધારણનાં વિધિ-નિષેધનાં કારણોનું પ્રરૂપણ.	૨૧૧૬-૧૮
૪.	માનુષી ગર્ભના ચાર પ્રકારોનું પ્રરૂપણ.	૨૧૧૮
૫.	ગર્ભગત જીવનું નરક અને દેવોમાં ઉત્પન્ન થવાના કારણોનું પ્રરૂપણ.	૨૧૧૮-૨૦
૬.	ગર્ભમાં ઉત્પન્ન થતાં જીવનું સઈન્દ્રિય-સશરીર ઉત્પત્તિનું પ્રરૂપણ.	૨૧૨૦-૨૧
૭.	ગર્ભમાં ઉત્પન્ન થતાં જીવનાં વર્ણાદિનું પ્રરૂપણ.	૨૧૨૧
૮.	ઉદક ગર્ભનાં પ્રકાર અને સમયનું પ્રરૂપણ.	૨૧૨૧
૯.	ઉદક-તિર્યંચયોનિક-મનુષ્ય સ્ત્રીઓના ગર્ભ વગેરેની કાયસ્થિતિનું પ્રરૂપણ.	૨૧૨૧-૨૨
૧૦.	ગર્ભમાં સ્થિત જીવના અવસ્થાનનું પ્રરૂપણ.	૨૧૨૨
૧૧.	એક ભવ ગ્રહણની અપેક્ષાએ એક જીવના જનકોનું પ્રમાણ.	૨૧૨૨
૧૨.	એક ભવગ્રહણની અપેક્ષા એક જીવના પુત્રોની સંખ્યા.	૨૧૨૩
૧૩.	જીવના શરીરમાં માતા-પિતાના અંગોનું પ્રરૂપણ.	૨૧૨૩
૧૪.	માતા-પિતાના અંગોની કાયસ્થિતિનું પ્રરૂપણ.	૨૧૨૪
૧૫.	જીવ-ચોવીસ દંડકોમાં એકત્વ બહુત્વની વિગ્રહ ગતિનું પ્રરૂપણ.	૨૧૨૪
૧૬.	વિવિધ દિશાઓની અપેક્ષા એકેન્દ્રિય જીવોની વિગ્રહગતિના સમયનું પ્રરૂપણ.	૨૧૨૪-૩૮
૧૭.	અનંતરોપપન્નક એકેન્દ્રિય જીવોની વિગ્રહગતિના સમયનું પ્રરૂપણ.	૨૧૩૮
૧૮.	પરંપરોપપન્નક એકેન્દ્રિય જીવોની વિગ્રહગતિના સમયનું પ્રરૂપણ.	૨૧૩૮
૧૯.	અનંતરાવગાઢાદિ એકેન્દ્રિય જીવોની વિગ્રહગતિના સમયનું પ્રરૂપણ.	૨૧૩૮-૩૯
૨૦.	કૃષ્ણ નીલ કાપોત લેશ્યી એકેન્દ્રિય જીવોની વિગ્રહગતિના સમયનું પ્રરૂપણ.	૨૧૩૯
૨૧.	દ્વીપ સમુદ્રોમાં પરસ્પર જીવોના જન્મ-મરણનું પ્રરૂપણ.	૨૧૩૯-૪૦
૨૨.	મરણના ભેદ-પ્રભેદોનું પ્રરૂપણ.	૨૧૪૦-૪૪
૨૩.	મરણ સમયે જીવના પાંચ નિર્યાણ સ્થાન અને તન્નિમિત્તક ગતિનું પ્રરૂપણ.	૨૧૪૪
૨૪.	અંતિમ શરીરવાળાના મરણનું પ્રમાણ.	૨૧૪૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૦. યુગ્મ અધ્યયન

	આમુખ :	૨૧૪૫-૪૬
૧.	યુગ્મના ભેદ અને એના લક્ષણોનું પ્રરૂપણ.	૨૧૪૭
૨.	ચોવીસ દંડકો અને સિદ્ધોમાં યુગ્મ ભેદોનું પ્રરૂપણ.	૨૧૪૭-૪૮
૩.	જઘન્યાદિ પદની અપેક્ષા ચોવીસ દંડકોમાં અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ.	૨૧૪૮-૪૯
૪.	જઘન્યાદિ પદની અપેક્ષા સ્ત્રીઓમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ.	૨૧૪૯
૫.	દ્રવ્ય-પ્રદેશની અપેક્ષા જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિ ભેદોનું પ્રરૂપણ.	૨૧૪૯-૫૧
૬.	પ્રદેશાવગાઢની અપેક્ષા જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ.	૨૧૫૧-૫૨
૭.	સ્થિતિની અપેક્ષાએ જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ.	૨૧૫૨-૫૩
૮.	વર્ણાદિના પર્યાયોની અપેક્ષાએ જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ.	૨૧૫૩
૯.	જ્ઞાન પર્યાયોની અપેક્ષાએ જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ.	૨૧૫૩-૫૪
૧૦.	અજ્ઞાન પર્યાયોની અપેક્ષાએ જીવ-ચોવીસ દંડકોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ.	૨૧૫૫
૧૧.	દર્શન પર્યાયોની અપેક્ષાએ જીવ-ચોવીસ દંડકોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ.	૨૧૫૫
૧૨.	ક્ષુદ્ર યુગ્મોના ભેદ અને એના લક્ષણોનું પ્રરૂપણ.	૨૧૫૫-૫૬
૧૩.	ક્ષુદ્ર કૃતયુગ્માદિ નૈરયિકોના ઉત્પાદ વગેરેનું પ્રરૂપણ.	૨૧૫૬-૫૮
૧૪.	ક્ષુદ્ર કૃતયુગ્માદિની અપેક્ષાએ કૃષ્ણલેશ્યી નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૫૮-૫૯
૧૫.	ક્ષુદ્ર કૃતયુગ્માદિની અપેક્ષાએ નીલલેશ્યી નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૫૯-૬૦
૧૬.	ક્ષુદ્ર કૃતયુગ્માદિની અપેક્ષાએ કાપોતલેશ્યી નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૬૦
૧૭.	ક્ષુદ્ર કૃતયુગ્માદિ ભવસિદ્ધિક-અભવસિદ્ધિક નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૬૧-૬૨
૧૮.	ક્ષુદ્ર કૃતયુગ્માદિ સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૬૨
૧૯.	ક્ષુદ્ર કૃતયુગ્માદિ કૃષ્ણપાક્ષિક શુક્લપાક્ષિક નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૬૨
૨૦.	ક્ષુદ્ર કૃતયુગ્માદિની અપેક્ષાએ નૈરયિકોના ઉદ્વર્તનાદિનું પ્રરૂપણ.	૨૧૬૨-૬૩
૨૧.	સોળ મહાયુગ્મ અને એના લક્ષણોનું પ્રરૂપણ.	૨૧૬૪-૬૬
૨૨.	સોળ એકેન્દ્રિય મહાયુગ્મોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૬૬-૭૨
૨૩.	પ્રથમ સમયોત્પન્ન સોળ મહાયુગ્મવાળા એકેન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૭૨-૭૩
૨૪.	અપ્રથમ સમયથી ચરમાચરમ પર્યંત મહાયુગ્મવાળા એકેન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૭૩-૭૪
૨૫.	લેશ્યાઓની અપેક્ષા મહાયુગ્મવાળા એકેન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૭૫-૭૬
૨૬.	ભવસિદ્ધિક-અભવસિદ્ધિક મહાયુગ્મવાળા એકેન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૭૬-૭૭
૨૭.	સોળ બેઇન્દ્રિય મહાયુગ્મોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૭૭-૭૮
૨૮.	પ્રથમ સમયાદિ મહાયુગ્મ બેઇન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૭૮-૭૯
૨૯.	સલેશ્ય મહાયુગ્મ બેઇન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૭૯
૩૦.	ભવસિદ્ધિક-અભવસિદ્ધિક મહાયુગ્મ બેઇન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૭૯-૮૦
૩૧.	મહાયુગ્મ ત્રીન્દ્રિય જીવોના ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૮૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રાંક	વિષય	પા.નં.
૩૨.	મહાયુગ્મ ચતુરિન્દ્રિય જીવોના ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૮૦
૩૩.	મહાયુગ્મ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોના ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૮૦-૮૧
૩૪.	મહાયુગ્મવાળા સંજ્ઞી પંચેન્દ્રિયોના ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૮૧-૮૩
૩૫.	પ્રથમ સમયાદિ મહાયુગ્મ સંજ્ઞી પંચેન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૮૩-૮૪
૩૬.	સલેશ્ય મહાયુગ્મવાળા સંજ્ઞી પંચેન્દ્રિયોમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૮૪-૮૬
૩૭.	ભવસિદ્ધિક સંજ્ઞી પંચેન્દ્રિય મહાયુગ્મશતકમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૮૬-૮૭
૩૮.	અભવસિદ્ધિક સંજ્ઞી પંચેન્દ્રિય મહાયુગ્મ શતકમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૧૮૭-૮૯
૩૯.	રાશિયુગ્મના ભેદ અને એમના લક્ષણોનું પ્રરૂપણ.	૨૧૮૯
૪૦.	રાશિયુગ્મ કૃતયુગ્મવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૮૯-૯૨
૪૧.	રાશિ-યુગ્મ ત્રોજરાશિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૯૨-૯૩
૪૨.	રાશિ-યુગ્મ દ્વાપરયુગ્મવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૯૩-૯૪
૪૩.	રાશિ-યુગ્મ કલ્યોજ રાશિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૯૪
૪૪.	સલેશ્ય રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૯૪-૯૬
૪૫.	ભવસિદ્ધિક રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૯૬
૪૬.	અભવસિદ્ધિક રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૯૭
૪૭.	સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૯૭-૯૮
૪૮.	કૃષ્ણપાક્ષિક-શુક્લપાક્ષિક રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ.	૨૧૯૮

૪૧. ગમ્મા અધ્યયન

	આમુખ :	૨૧૯૯-૨૨૦૦
૧.	ચોવીસ દંડકોના ચોવીસ ઉદ્દેશકોમાં ઉપપાતાદિ વીસ દ્વારોની દ્વારગાથાઓ.	૨૨૦૧
૨.	ગતિની અપેક્ષાએ નૈરયિકોના ઉપપાતનું પ્રરૂપણ.	૨૨૦૧-૦૩
૩.	નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૦૩-૧૧
૪.	રત્નપ્રભા નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંજ્ઞી સંખ્યાત વર્ષાયુષ્ક પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૧૨-૧૭
૫.	શર્કરાપ્રભાથી તમઃપ્રભાપૃથ્વી પર્યંત નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંજ્ઞી સંખ્યાત વર્ષાયુષ્ક પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૧૭-૧૮
૬.	અધઃસપ્તમ નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૧૮-૨૧
૭.	મનુષ્ય ગતિની અપેક્ષાએ નરકમાં ઉપપાતનું પ્રરૂપણ.	૨૨૨૧-૨૨
૮.	રત્નપ્રભા નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંજ્ઞી સંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્યમાં ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૨૨-૨૪
૯.	શર્કરાપ્રભાથી તમઃપ્રભા પૃથ્વી પર્યંત નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંજ્ઞી સંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્યમાં ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૨૫-૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રાંક	વિષય	પા.નં.
૧૦.	અધઃ સપ્તમનરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંજ્ઞી સંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્યના ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૨૬-૨૭
૧૧.	ગતિની અપેક્ષાએ અસુરકુમારોના ઉપપાતનું પ્રરૂપણ.	૨૨૨૮
૧૨.	અસુરકુમારોમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકના ઉત્પાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૨૮
૧૩.	અસુરકુમારોમાં ઉત્પન્ન થનાર અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના ઉત્પાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૨૮-૩૨
૧૪.	અસુરકુમારોમાં ઉત્પન્ન થનાર સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના ઉત્પાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૨-૩૩
૧૫.	અસુરકુમારોમાં ઉત્પન્ન થનાર અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યોમાં ઉત્પાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૩-૩૪
૧૬.	અસુરકુમારોમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યોમાં ઉત્પાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૪
૧૭.	ગતિની અપેક્ષાએ નાગકુમારોના ઉપપાતનું પ્રરૂપણ.	૨૨૩૫
૧૮.	નાગકુમારોમાં ઉત્પન્ન થનાર અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૫-૩૬
૧૯.	નાગકુમારોમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૬-૩૭
૨૦.	નાગકુમારોમાં ઉત્પન્ન થનાર અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યોના ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૭-૩૮
૨૧.	નાગકુમારોમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી મનુષ્યોના ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૮
૨૨.	સુવર્ણકુમારથી સ્તનિતકુમારમાં ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૯
૨૩.	ગતિની અપેક્ષાએ પૃથ્વીકાયિકોનાં ઉપપાતનું પ્રરૂપણ.	૨૨૩૯
૨૪.	પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થનાર પૃથ્વીકાયિકના ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૩૯-૪૨
૨૫.	પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થનાર અપ્કાયિકોના ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ.	૨૨૪૩-૪૪
'યુગ્મ' જૈનદર્શનનો એક પારિભાષિક શબ્દ છે. તે ચારની સંખ્યાનો દ્યોતક છે. ચારની સંખ્યાના આધારે યુગ્મનો વિચાર કરવામાં આવે છે. પ્રાયઃ ગણિતશાસ્ત્રમાં સમસંખ્યાને યુગ્મ અને વિષમ સંખ્યાને ઓજ કહેવામાં આવે છે. આ યુગ્મ અને ઓજ સંખ્યાનો વિચાર જ્યારે યુગ્મની ચાર સંખ્યાને આધારે કરવામાં આવે છે ત્યારે યુગ્મના ચાર ભેદ થાય છે - ૧. કૃતયુગ્મ, ૨. ઓજ, ૩. દ્વાપરયુગ્મ અને ૪. કલ્યોજ. એમાંથી બે યુગ્મ અર્થાત્ સમરાશિઓ છે તથા બે ઓજ અર્થાત્ વિષમરાશિઓ છે. આ બધાનો વિચાર ચારની સંખ્યાને આધારે કરવાથી એને યુગ્મરાશિઓ કહેવામાં આવે છે. તેમના સ્વરૂપનું નિરૂપણ પ્રસ્તુત અધ્યયનમાં થયેલું છે. તે અનુસાર જે રાશિમાંથી ચાર-ચાર કાઢવાથી છેવટે ચાર શેષ રહે તે **'કૃતયુગ્મ'** છે, જેમકે - ૮, ૧૨, ૧૬, ૨૦, ૨૪ વગેરે સંખ્યાઓ. જે રાશિમાંથી ચાર-ચાર કાઢ વાથી છેવટે ત્રણ શેષ રહે તે **'ત્યોજ'** કહેવાય છે, જેમકે - ૭, ૧૧, ૧૫ વગેરે સંખ્યાઓ. તે જ પ્રકારે જે રાશિમાંથી ચાર-ચાર ઘટાડવાથી છેવટે બે શેષ રહે તે **'દ્વાપરયુગ્મ'** અને જેમાં એક શેષ રહે તે **'કલ્યોજ'** કહેવાય છે, જેમકે - ૬, ૧૦, ૧૪, ૧૮ વગેરે સંખ્યાઓ દ્વાપરયુગ્મ અને ૫, ૯, ૧૩, ૧૭ વગેરે સંખ્યાઓ કલ્યોજ છે.

આ કૃતયુગ્મ આદિ ભેદોનું ૨૪ દંડકોના જીવો અને સિદ્ધોમાં નિરૂપણ થયું છે. જે અનુસાર વનસ્પતિકાય સિવાયના સમસ્ત જીવોમાં ચાર પ્રકારના યુગ્મ મળી આવે છે. વનસ્પતિકાય અને સિદ્ધોમાં કદાચિત્ કૃતયુગ્મ, કદાચિત્ ત્યોજ, કદાચિત્ દ્વાપર યુગ્મ અને કદાચિત્ કલ્યોજ યુગ્મ કહેવાય છે. જઘન્ય, ઉત્કૃષ્ટ અને અજઘન્યોત્કૃષ્ટ દૃષ્ટિથી પણ આ યુગ્મોનો વિભિન્ન જીવોમાં વિચાર કરવામાં આવ્યો છે. સ્ત્રીઓમાં પૃથક્ (અલગ) રીતે વિચાર કરવામાં આવ્યો છે. દ્રવ્યાર્થની દૃષ્ટિએ એક જીવ કલ્યોજરૂપે હોય છે. કૃતયુગ્મ, ત્યોજ અને દ્વાપરયુગ્મરૂપે હોતો નથી. આ નિયમ એક જીવની અપેક્ષાએ સમસ્ત ચોવીસ દંડકોમાં લાગુ પડે છે. અનેક જીવોની અપેક્ષા ઓઘાદેશથી તેઓ કૃતયુગ્મ છે, વિધાનાદેશથી તેઓ કલ્યોજરૂપે છે. પ્રદેશની અપેક્ષાએ જીવ કૃતયુગ્મ છે તથા શરીરપ્રદેશોની અપેક્ષાએ તે કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજરૂપ છે. કદાચિત્ એક જીવ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ પ્રદેશાવગાઢ છે. આ જ પ્રકારે નૈરયિકથી માંડીને વૈમાનિક દંડક પર્યંત વિધાન છે.

સ્થિતિની અપેક્ષાએ એક જીવ કૃતયુગ્મ સમયની સ્થિતિવાળો છે. નૈરયિક વગેરે એક જીવ કદાચિત્ કૃતયુગ્મ સમયની સ્થિતિવાળો **-યાવત્-** કદાચિત્ કલ્યોજ સમયની સ્થિતિવાળો માનવામાં આવ્યો છે.

પ્રસ્તુત અધ્યયન વિવિધ જાણકારીઓથી સંપન્ન છે. તેમાં સામાન્યજીવ, ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું નિરૂપણ વર્ણાદિ પર્યાયોની અપેક્ષા, જ્ઞાન પર્યાયો, અજ્ઞાનપર્યાયો અને દર્શન પર્યાયોની અપેક્ષાએ પણ થયેલું છે. એટલું જ નહીં એમાં યુગ્મને ક્ષુદ્રયુગ્મ અને મહાયુગ્મરૂપે પણ નિરૂપિત કરતાં વિભિન્ન દ્વારો વડે એનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

એ વૈશિષ્ટ્ય છે કે ક્ષુદ્રયુગ્મ અંતર્ગત માત્ર નૈરયિકો અને મહાયુગ્મની અંતર્ગત એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ક્ષુદ્રયુગ્મનો આશય છે લઘુ સંખ્યાવાળી રાશિ તથા મહાયુગ્મનો આશય છે મોટી સંખ્યાવાળી રાશિ.

ક્ષુદ્રયુગ્મના પણ એ જ ચાર ભેદ છે - ૧. કૃતયુગ્મ, ૨. ત્યોજ, ૩. દ્વાપરયુગ્મ અને ૪. કલ્યોજ. તેઓનું પણ એ જ લક્ષણ છે જે યુગ્મના ભેદોનું છે. ક્ષુદ્રકૃતયુગ્માદિરાશિમાં નૈરયિકોના ઉપપાત વગેરેનું નિરૂપણ છે. નૈરયિકોમાં પણ કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણપાક્ષિક અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુક્લપાક્ષિકની અપેક્ષાએ વિસ્તૃત નિરૂપણ છે. ઉપપાતની જેમ ઉદ્વર્તનનું પણ વર્ણન છે. આ સંદર્ભમાં કરવામાં આવેલ અધિકાંશ નિરૂપણ વ્યુત્ક્રાંતિ (વુક્કંતિ) અધ્યયન સાથે મેળખાય છે.

મહાયુગ્મના ૧૬ ભેદ કહેવામાં આવ્યા છે - ૧. કૃતયુગ્મ-કૃતયુગ્મ, ૨. કૃતયુગ્મ - ત્યોજ, ૩. કૃતયુગ્મ - દ્વાપરયુગ્મ, ૪. કૃતયુગ્મ - કલ્યોજ, ૫. ત્યોજ - કૃતયુગ્મ, ૬. ત્યોજ - ત્યોજ, ૭. ત્યોજ - દ્વાપરયુગ્મ, ૮. ત્યોજ - કલ્યોજ, ૯. દ્વાપરયુગ્મ - કૃતયુગ્મ, ૧૦. દ્વાપરયુગ્મ - ત્યોજ, ૧૧. દ્વાપરયુગ્મ - દ્વાપરયુગ્મ, ૧૨. દ્વાપરયુગ્મ - કલ્યોજ, ૧૩. કલ્યોજ - કૃતયુગ્મ, ૧૪. કલ્યોજ - ત્યોજ, ૧૫. કલ્યોજ - દ્વાપરયુગ્મ અને ૧૬. કલ્યોજ - કલ્યોજ. આ ૧૬ ભેદ એના મૂળ ચાર ભેદોના જ વિભિન્ન અંગોનું પરિણામ છે. આ ભેદોના સ્વરૂપનો આધાર પણ પૂર્વવત્ ચારની સંખ્યા જ છે. ઉદાહરણ સ્વરૂપે કૃતયુગ્મ-કૃતયુગ્મનો અર્થ છે - કોઈ રાશિમાંથી ચાર-ચારની સંખ્યાનો અપહાર કરવાથી ચાર શેષ રહે, પરંતુ તે રાશિનો પુનઃ અપહાર કરવાથી કૃતયુગ્મ (ચાર) શેષ રહે તો એ કૃતયુગ્મ-કૃતયુગ્મ કહેવાશે.

મહાયુગ્મોની અંતર્ગત એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના ઉત્પાત વગેરે ૩૨ દ્વારો દ્વારા નિરૂપણ થયેલું છે. તે ૩૨ દ્વાર છે - ૧. ઉપપાત, ૨. પરિમાણ, ૩. અપહાર, ૪. અવગાહના, ૫. બન્ધક, ૬. વેદ, ૭. ઉદય, ૮. ઉદીરણા, ૯. લેશ્યા, ૧૦. દૃષ્ટિ, ૧૧. જ્ઞાન, ૧૨. યોગ, ૧૩. અયોગ, ૧૪. વર્ણરસાદિ, ૧૫. ઉચ્છ્વાસ, ૧૬. આહારક, ૧૭. વિરતિ, ૧૮. ક્રિયા, ૧૯. બન્ધક, ૨૦. સંજ્ઞા, ૨૧. કષાય, ૨૨. સ્ત્રીવેદાદિ, ૨૩. બન્ધ, ૨૪. સંજ્ઞી, ૨૫. ઈન્દ્રિય, ૨૬. અનુબન્ધ, ૨૭. સંવેધ, ૨૮. આહાર, ૨૯. સ્થિતિ, ૩૦. સમુદ્ઘાત, ૩૧. ચ્યવન અને ૩૨. સર્વજીવોના મૂલાદિમાં ઉપપાત. આ વર્ણન પણ ૧૧ ઉદ્દેશકોમાં થયેલું છે. જેમાં ઔધિક, પ્રથમ સમયોત્પન્ન અને અપ્રથમ સમયોત્પન્નથી ચરમાચરમ સમય સુધીના ત્રણ વિભાજન પ્રમુખ છે. લેશ્યા, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક વગેરેના આધારે પણ આ જીવોને મહાયુગ્મની અંતર્ગત નિરૂપિત કરવામાં આવ્યા છે. સમસ્ત વર્ણન ઉપપાત વગેરે ૩૨ દ્વારોમાં સમાયેલું છે.

અંતમાં રાશિયુગ્મના કૃતયુગ્મ, ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ ભેદ કરતાં ૨૪ દંડકોમાં ઉપપાત વગેરેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેનું પણ લેશ્યા, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિક વગેરે અપેક્ષાઓથી વિસ્તૃત નિરૂપણ ઉપલબ્ધ છે.

આ પ્રકારે રાશિનાં કૃતયુગ્મ વગેરે ભેદોને આધારિત વિવિધ દંડકોમાં કરવામાં આવેલા આ ઉપપાત વગેરે દ્વારો વડે કરેલું વર્ણન અત્યંત ઉપયોગી અને જ્ઞાનવર્ધક છે.

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४०. जुम्मऽज्झयणं

सुत्तं -

१. **जुम्मस्स भेया तेसिं लक्खणाण य परूवणं-**

प. कइ णं भंते ! जुम्मा पण्णत्ता ?

उ. गोयमा ! चत्तारि जुम्मा पण्णत्ता, तं जहा-

१. कडजुम्मे, २. तेयोए,

३. दावरजुम्मे, ४. कलियोए ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

'कडजुम्मे **-जाव-** कलियोए ?'

उ. गोयमा ! १. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे चउपज्जवसिए, से तं कडजुम्मे ।

२. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे तिपज्जवसिए, से तं तेयोए ।

३. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे दुपज्जवसिए, से तं दावरजुम्मे ।

४. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे एगपज्जवसिए, से तं कलियोए ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"कडजुम्मे **-जाव-** कलियोए" ।[1]

-विया.स. १८, उ.४, सु.४

२. **चउवीसदंडएसु सिद्धेसु य जुम्म भेय परूवणं-**

प. **दं. १.** नेरइयाणं भंते ! कइ जुम्मा पण्णत्ता ?

उ. गोयमा ! चत्तारि जुम्मा पण्णत्ता, तं जहा-

१. कडजुम्मे **-जाव-** ४. कलियोए ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"नेरइयाणं चत्तारि जुम्मा पण्णत्ता, तं जहा-

१. कडजुम्मे **-जाव-** ४. कलियोए ।"

उ. गोयमा ! ***अट्ठो तहेव ।***

दं. २-१५. ***एवं -जाव- वाउकाइयाणं ।***

४०. युग्म-अध्ययन

सूत्र :

१. **युग्मना भेद अने एना लक्षणोनुं प्ररूपण :**

प्र. भंते ! युग्म केटला प्रकारना कहेवामां आव्या छे ?

उ. गौतम ! युग्म चार प्रकारना कहेवामां आव्या छे, जेमके -

१. कृतयुग्म, २. त्र्योज,

३. द्वापरयुग्म, ४. कल्योज.

प्र. भंते ! कया कारणथी एम कहेवाय छे के -

('युग्म चार प्रकारना छे) कृतयुग्म **-यावत्-** कल्योज ?'

उ. गौतम ! १. जे राशिमांथी चार-चार काढवाथी अंतमां चार शेष रहे, ते राशि "कृतयुग्म" छे.

२. जे राशिमांथी चार-चार काढवाथी अंतमां त्रण शेष रहे, ते राशि "त्र्योज" छे.

३. जे राशिमांथी चार-चार काढवाथी अंतमां बे शेष रहे, ते राशि "द्वापरयुग्म" छे.

४. जे राशिमांथी चार-चार काढवाथी अंतमां एक शेष रहे, ते राशि "कल्योज" छे.

आ कारणथी गौतम ! एम कहेवाय छे के -

"युग्म चार छे - कृतयुग्म **-यावत्-** कल्योज"

२. **चोवीस दंडको अने सिद्धोमां युग्म भेदोनुं प्ररूपण :**

प्र. **दं.१.** भंते ! नैरयिकोमां केटला युग्म कहेवामां आव्या छे ?

उ. गौतम ! तेमां चार युग्म कहेवामां आव्या छे, जेमके -

१. कृतयुग्म **-यावत्-** ४. कल्योज.

प्र. भंते ! कया कारणथी एम कहेवाय छे के -

"नैरयिकोमां चार युग्म होय छे, जेमके -

१. कृतयुग्म **-यावत्-** ४. कल्योज.

उ. गौतम ! ***कारण पूर्ववत् जाणवुं जोईए.***

दं. २-१५. ***आ प्रकारे वायुकायिक पर्यंत जाणवा जोईए.***

---

१. विया. स. २५, उ. ४, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. **दं. १६.** वणस्सइकाइया णं भंते ! कइ जुम्मा पण्णत्ता ?

उ. गोयमा ! वणस्सइकाइया सिय कडजुम्मा, सिय तेओया, सिय दावरजुम्मा, सिय कलिओया ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"वणस्सइकाइया सिय कडजुम्मा **-जाव-** कलिओया ?"

उ. गोयमा ! उववायं पडुच्च ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"वणस्सइकाइया सिय कडजुम्मा -**जाव-** सिय कलिओया ।"

दं. १७. ***बेइंदिया जहा नेरइयाणं ।***

दं.१८-२४. ***एवं -जाव- वेमाणियाणं[1] ।***

सिद्धाणं जहा वणस्सइकाइयाणं ।

-विया. स. २५, उ. ४, सु. २-७

३. जहण्णाइ पयं पडुच्च चउवीसदंडएसु सिद्धेसु य कडजुम्माइ परूवणं-

प. **दं. १.** नेरइया णं भंते ! किं १. कडजुम्मा, २. तेओया, ३. दावरजुम्मा, ४. कलिओया ?

उ. गोयमा ! जहन्नपए कडजुम्मा,

उक्कोसपए तेओया,

अजहन्नमणुक्कोसपदे सिय कडजुम्मा **-जाव-** सिय कलिओया ।

दं. २-११. ***एवं असुरकुमारा -जाव- थणियकुमारा ।***

प. **दं. १२.** पुढविकाइया णं भंते ! किं कडजुम्मा **-जाव-** कलिओया ?

उ. गोयमा ! जहन्नपए कडजुम्मा,

उक्कोसपए दावरजुम्मा,

अजहन्नमणुक्कोसपए सिय कडजुम्मा **-जाव-** सिय कलिओया ।

૩. જઘન્યાદિ પદની અપેક્ષા ચોવીસ દંડકોમાં અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ :

પ્ર. **દં.૧૬.** ભંતે ! વનસ્પતિકાયિકોમાં કેટલા યુગ્મ કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! વનસ્પતિકાયિક કદાચિત્ કૃતયુગ્મ હોય છે, કદાચિત્ ત્યોજ હોય છે, કદાચિત્ દ્વાપરયુગ્મ હોય છે અને કદાચિત્ કલ્યોજ હોય છે.

પ્ર. ભંતે ! કયા કારણથી એમ કહેવાય છે કે -

"વનસ્પતિકાયિક કદાચિત્ કૃતયુગ્મ હોય છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ હોય છે ?"

ઉ. ગૌતમ ! ઉપપાત (જન્મ)ની અપેક્ષાએ એમ કહેવાય છે.

એ કારણથી ગૌતમ ! એમ કહેવાય છે કે -

"વનસ્પતિકાયિક કદાચિત્ કૃતયુગ્મ હોય છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ હોય છે.

દં.૧૭. ***બે ઈન્દ્રિયજીવોનું કથન નૈરયિકોની સમાન છે.***

દં. ૧૮-૨૪. ***આ પ્રકારે વૈમાનિકો પર્યંત કહેવું જોઈએ.***

સિદ્ધોનું કથન વનસ્પતિકાયિકોની સમાન છે.

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિક શું ૧. કૃતયુગ્મ છે, ૨. ત્યોજ છે, ૩. દ્વાપરયુગ્મ છે અથવા ૪. કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્યપદમાં કૃતયુગ્મ છે,

ઉત્કૃષ્ટ પદમાં ત્યોજ છે,

તથા અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચિત્ કૃત્યુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ છે.

દં. ૨-૧૧. ***આ પ્રકારે અસુરકુમારોથી સ્તનિતકુમારો પર્યંત જાણવું જોઈએ.***

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિક જીવ શું કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્યપદમાં કૃતયુગ્મ છે,

ઉત્કૃષ્ટ પદમાં દ્વાપરયુગ્મ છે,

પરંતુ અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચિત્ કૃત્યુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ છે.

---

૧. ઠાણં. અ.૪, ઉ.૩, સુ. ૩૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દં. ૧૩-૧૫. *एवं -जाव- वाउकाइया।*

પ. **દં. ૧૬.** वणस्सइकाइया णं भंते ! किं कडजुम्मा **-जाव-** कलिओया ?

ઉ. गोयमा ! १. जहन्नपए अपदा, २. उक्कोसपए अपदा, ३. अजहन्नमणुक्कोसपए सिय कडजुम्मा **-जाव-** सिय कलिओया।

दं. १७-१९. *बेइंदिया -जाव- चउरिंदिया जहा पुढविकाइया।*

दं. २०-२४. *पंचिंदियतिरिक्खजोणिया -जाव- वेमाणिया जहा नेरइया।*

सिद्धा जहा वणस्सइकाइया।

-विया. स. १८, उ.४, सु. ५-१२

દં. ૧૩-૧૫. *આ પ્રકારે વાયુકાયિક પર્યંત કહેવું જોઈએ.*

પ્ર. **દં.૧૬.** ભંતે ! વનસ્પતિકાયિક જીવ શું કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્યપદમાં અપદ છે અને ઉત્કૃષ્ટપદમાં પણ અપદ છે, પરંતુ અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ છે.

દં. ૧૭-૧૯. *બેઈન્દ્રિયથી ચતુરિન્દ્રિય પર્યંત પૃથ્વીકાયિકોની સમાન છે.*

દં. ૨૦-૨૪. *પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી વૈમાનિકો સુધીનું કથન નૈરયિકોની સમાન કરવું જોઈએ.*

સિદ્ધોનું કથન વનસ્પતિકાયિકોની સમાન જાણવું જોઈએ.

૪. जहण्णाइपयं पडुच्च इत्थीसु कडजुम्माइ परूवणं-

૪. જઘન્યાદિ પદની અપેક્ષા સ્ત્રીઓમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ :

પ. इत्थीओ णं भंते ! किं कडजुम्माओ **-जाव-** कलिओयाओ ?

ઉ. गोयमा ! जहन्नपदे कडजुम्माओ, उक्कोसपदे वि कडजुम्माओ,

अजहन्नमणुक्कोसपदे सिय कडजुम्माओ **-जाव-** सिय कलिओयाओ।

एवं असुरकुमारित्थीओ वि -जाव- थणियकुमारित्थीओ।

एवं तिरिक्खजोणित्थीओ।

एवं मणुस्सित्थीओ।

एवं -जाव- वाणमंतर-जोइसिए-वेमाणियदेवित्थीओ।

-विया.स. १८, उ.४, सु. १३-१७

પ્ર. ભંતે ! શું સ્ત્રીઓ કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્યપદમાં કૃતયુગ્મ છે અને ઉત્કૃષ્ટપદમાં પણ કૃતયુગ્મ છે.

પરંતુ અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ છે.

અસુરકુમાર સ્ત્રીઓ (દેવીઓ)થી સ્તનિતકુમાર સ્ત્રીઓ પર્યંત આ પ્રકારે જાણવું જોઈએ.

તિર્યંચયોનિક સ્ત્રીઓનું કથન પણ આ પ્રકારે સમજવું જોઈએ.

મનુષ્ય-સ્ત્રીઓ માટે પણ આ પ્રકારે કહેવું જોઈએ.

વાણવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની દેવીઓના વિષયે પણ આ પ્રકારે કહેવું જોઈએ.

૫. दव्व-पएसं पडुच्च जीव-चउवीसदंडएसु सिद्धेसु य कडजुम्माइ भेय परूवणं-

૫. દ્રવ્ય-પ્રદેશની અપેક્ષા જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિ-ભેદોનું પ્રરૂપણ :

પ. जीवे णं भंते ! दव्वट्ठयाए किं कडजुम्मे **-जाव-** कलियोए ?

ઉ. गोयमा ! नो कडजुम्मे, नो तेयोए, नो दावरजुम्मे, कलियोए।

પ્ર. ભંતે ! (એક) જીવ શું દ્રવ્યાર્થરૂપથી કૃતયુગ્મ **-યાવત્-** કલ્યોજરૂપ છે ?

ઉ. ગૌતમ ! કૃતયુગ્મ, ત્રયોજ અને દ્વાપરયુગ્મરૂપ નથી પરંતુ કલ્યોજરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દં. ૧-૨૪. ***एवं णेरइए -जाव- वेमाणिए।***

एवं सिद्धे वि।

પ. जीवा णं भंते ! दव्वट्ठयाए किं कडजुम्मा **-जाव-** कलिओया ?

ઉ. गोयमा ! ओघादेसेणं कडजुम्मा, नो तेओया, नो दावरजुम्मा, नो कलिओया।

विहाणादेसेणं नो कडजुम्मा, नो तेओया, नो दावर जुम्मा, कलिओया।

પ. **दं. १.** नेरइया णं भंते ! दव्वट्ठयाए किं कडजुम्मा **-जाव-** कलिओया ?

ઉ. गोयमा ! १. ओघादेसेणं सिय कडजुम्मा **-जाव-** सिय कलिओया।

२. विहाणादेसेणं नो कडजुम्मा, नो तेओया, नो दावरजुम्मा, कलिओया।

दं. २-२४. ***एवं -जाव- वेमाणिया।***

एवं सिद्धा वि।

પ. जीवे णं भंते ! पएसट्ठयाए किं कडजुम्मे **-जाव-** कलियोए ?

ઉ. गोयमा ! जीवपएसे पडुच्च कडजुम्मे, नो तेओए, नो दावरजुम्मे, नो कलिओए।

सरीरपएसे पडुच्च सिय कडजुम्मे **-जाव-** सिय कलिओए।

दं. १-२४. ***एवं नेरइए -जाव- वेमाणिए।***

પ. सिद्धे णं भंते ! पएसट्ठयाए किं कडजुम्मे **-जाव-** कलियोए ?

ઉ. गोयमा ! कडजुम्मे, नो तेओए, नो दावरजुम्मे, नो कलिओए।

પ. जीवा णं भंते ! पएसट्ठयाए किं कडजुम्मा **-जाव-** कलिओया ?

ઉ. गोयमा ! जीवपएसे पडुच्च ओघादेसेण वि, विहाणादेसेण वि कडजुम्मा,

नो तेओया, नो दावरजुम्मा, नो कलिओया।

દં. ૧-૨૪. ***આ પ્રકારે (એક) નૈરયિકથી વૈમાનિક પર્યંત જાણવું જોઈએ.***

આ પ્રકારે સિદ્ધને માટે પણ જાણવું જોઈએ.

પ્ર. ભંતે ! શું (અનેક) જીવ દ્રવ્યાર્થરૂપથી કૃતયુગ્મ **-યાવત્-** કલ્યોજરૂપ છે ?

ઉ. ગૌતમ ! તે ઓઘાદેશ (સામાન્ય)થી કૃતયુગ્મ છે, પરંતુ ત્રયોજ, દ્વાપરયુગ્મ અથવા કલ્યોજરૂપ નથી.

વિધાનાદેશ (વિશેષ)થી તે કૃતયુગ્મ, ત્રયોજ તથા દ્વાપરયુગ્મ નથી, પરંતુ કલ્યોજરૂપ છે.

પ્ર. **દં.૧.** ભંતે ! શું નૈરયિક દ્રવ્યાર્થરૂપથી કૃતયુગ્મ **-યાવત્-** કલ્યોજરૂપ છે ?

ઉ. ગૌતમ ! તે ૧. ઓઘાદેશથી કદાચિત્ કૃતયુગ્મરૂપ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજરૂપ છે.

૨. વિધાનાદેશથી તે કૃતયુગ્મ, ત્રયોજ અને દ્વાપરયુગ્મરૂપ નથી, પરંતુ કલ્યોજરૂપ છે.

દં. ૨-૨૪. ***આ પ્રકારે વૈમાનિકો પર્યંત (દ્રવ્યાર્થરૂપથી) જાણવું જોઈએ.***

આ પ્રકારે સિદ્ધોને માટે પણ જાણવું જોઈએ.

પ્ર. ભંતે ! શું (એક) જીવ પ્રદેશાર્થરૂપથી કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! જીવ પ્રદેશની અપેક્ષા કૃતયુગ્મ છે કિન્તુ ત્રયોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજરૂપ નથી.

શરીર પ્રદેશોની અપેક્ષા જીવ કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજરૂપ છે.

દં. ૧-૨૪. ***આ પ્રકારે નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! સિદ્ધ શું પ્રદેશાર્થરૂપથી કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે કૃતયુગ્મ છે, પરંતુ ત્રયોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજરૂપ નથી.

પ્ર. ભંતે ! શું (અનેક) જીવ પ્રદેશોની અપેક્ષા શું કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજરૂપ છે ?

ઉ. ગૌતમ ! જીવ પ્રદેશોની અપેક્ષા ઓઘાદેશ અને વિધાનાદેશથી કૃતયુગ્મ છે,

પરંતુ ત્રયોજ, દ્વાપરયુગ્મ અથવા કલ્યોજરૂપ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सरीरपएसे पडुच्च ओघादेसेणं सिय कडजुम्मा **-जाव-** सिय कलिओया,

विहाणादेसेणं कडजुम्मा वि **-जाव-** कलिओया वि।

दं. १-२४. ***एवं नेरइया -जाव- वेमाणिया।***

શરીરપ્રદેશોની અપેક્ષા જીવ ઓઘાદેશથી કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજરૂપ છે.

વિધાનાદેશથી તે કૃતયુગ્મ પણ છે **-યાવત્-** કલ્યોજ પણ છે.

દં. ૧-૨૪. ***આ પ્રકારે નૈરયિકોથી વૈમાનિકો પર્યંત કહેવું જોઈએ.***

પ. सिद्धा णं भंते ! किं कडजुम्मा **-जाव-** कलिओया ?

પ્ર. ભંતે ! શું સિદ્ધ પ્રદેશોની અપેક્ષા કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

उ. गोयमा ! ओघादेसेण वि, विहाणादेसेण वि कडजुम्मा, नो तेओया, नो दावरजुम्मा, नो कलिओया।

- विया.स. २५, उ.४, सु.२८-४०

ઉ. ગૌતમ ! તે ઓઘાદેશ અને વિધાનાદેશથી કૃતયુગ્મ છે, પરંતુ ત્યોજ, દ્વાપરયુગ્મ અથવા કલ્યોજ નથી.

६. पएसोगाढं पडुच्च जीव-चउवीसदंडएसु सिद्धेसु य कडजुम्माइ परूवणं-

૬. પ્રદેશાવગાઢની અપેક્ષા જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ :

પ. जीवे णं भंते ! किं कडजुम्मपएसोगाढे **-जाव-** सिय कलियोगपएसोगाढे ?

પ્ર. ભંતે ! શું (એક) જીવ કૃતયુગ્મ - પ્રદેશાવગાઢ છે **-યાવત્-** કલ્યોજ-પ્રદેશાવગાઢ છે ?

उ. गोयमा ! सिय कडजुम्मपएसोगाढे **-जाव-** सिय कलियोगपएसोगाढे।

ઉ. ગૌતમ ! તે કદાચિત્ કૃતયુગ્મ - પ્રદેશાવગાઢ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ પ્રદેશાવગાઢ છે.

दं. १-२४. ***एवं नेरइए -जाव- वेमाणिए।***

દં. ૧-૨૪. ***આ પ્રકારે નૈરયિકથી વૈમાનિક પર્યંત જાણવું જોઈએ.***

एवं -जाव- सिद्धे।

આ પ્રકારે સિદ્ધ પર્યંત જાણવું જોઈએ.

પ. जीवा णं भंते ! किं कडजुम्मपएसोगाढा **-जाव-** कलिओय पएसोगाढा ?

પ્ર. ભંતે ! શું (અનેક) જીવ કૃતયુગ્મ - પ્રદેશાવગાઢ છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાવગાઢ છે ?

उ. गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा,

नो तेओयपएसोगाढा, नो दावरजुम्मपएसोगाढा, नो कलिओयपएसोगाढा।

विहाणादेसेणं कडजुम्मपएसोगाढा वि **-जाव-** कलिओयपएसोगाढा वि।

ઉ. ગૌતમ ! તે ઓઘાદેશથી કૃતયુગ્મ - પ્રદેશાવગાઢ છે,

પરંતુ ત્યોજ પ્રદેશાવગાઢ, દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ અને કલ્યોજ પ્રદેશાવગાઢ નથી.

તે વિધાનાદેશથી કૃતયુગ્મ - પ્રદેશાવગાઢ પણ છે **-યાવત્-** કલ્યોજ - પ્રદેશાવગાઢ પણ છે.

પ. **दं. १.** नेरइया णं भंते ! किं कडजुम्मपएसोगाढा **-जाव-** कलिओयपएसोगाढा ?

પ્ર. **દં.૧.** ભંતે ! શું (અનેક) નૈરયિક કૃતયુગ્મ - પ્રદેશાવગાઢ છે **-યાવત્-** કલ્યોજ - પ્રદેશાવગાઢ છે ?

उ. गोयमा ! १. ओघादेसेणं सिय कडजुम्मपएसोगाढा **-जाव-** सिय कलिओएपएसोगाढा।

ઉ. ગૌતમ ! ૧. તે ઓઘાદેશથી કદાચિત્ કૃતયુગ્મ - પ્રદેશાવગાઢ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ - પ્રદેશાવગાઢ છે.

२. विहाणादेसेणं कडजुम्मपएसोगाढा वि **-जाव-** कलिओयपएसोगाढा वि।

૨. વિધાનાદેશથી કૃતયુગ્મ - પ્રદેશાવગાઢ પણ છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાવગાઢ પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दं. २-११, १७-२४. ***एवं एगिंदिय-सिद्धवज्जा -जाव- वेमाणिया।***

दं. १२-१६. ***सिद्धा एगिंदिया य जहा जीवा।***

- विया. स.२५, उ.४, सु. ४१-४६

ઇ. ૨-૧૧, ૧૭-૨૪, ***એકેન્દ્રિય જીવો અને સિદ્ધો સિવાય બાકીના બધા દંડક વૈમાનિક પર્યંત પૂર્વવત્ (નૈરયિકોની સમાન) જાણવા જોઈએ.***

ઇ. ૧૨-૧૬. ***સિદ્ધો અને એકેન્દ્રિય જીવોનું કથન સામાન્યજીવોની સમાન છે.***

૭. **ठिई पडुच्च जीव-चउवीसदंडएसु सिद्धेसु य कडजुम्माइ परूवणं-**

૭. **સ્થિતિની અપેક્ષાએ જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ :**

प. जीवे णं भंते ! किं कडजुम्मसमयट्ठिईए **-जाव-** कलिओगसमयट्ठिईए ?

પ્ર. ભંતે ! શું (એક) જીવ કૃતયુગ્મ સમયની સ્થિતિવાળો છે **-યાવત્-** કલ્યોજ સમયની સ્થિતિવાળો છે ?

उ. गोयमा ! कडजुम्मसमयट्ठिईए, नो तेयोगसमयट्ठिईए, नो दावरजुम्मसमयट्ठिईए, नो कलिओगसमयट्ठिईए,

ઉ. ગૌતમ ! તે કૃતયુગ્મ સમયની સ્થિતિવાળો છે, પરંતુ ત્યોજ-સમય, દ્વાપરયુગ્મ - સમય અથવા કલ્યોજ સમયની સ્થિતિવાળો નથી.

प. **दं. १.** नेरइए णं भंते ! किं कडजुम्मसमयट्ठिईए **-जाव-** कलिओगसमयट्ठिईए ?

પ્ર. **દં.૧.** ભંતે ! શું (એક) નૈરયિક કૃતયુગ્મ - સમયની સ્થિતિવાળો છે **-યાવત્-** કલ્યોજ સમયની સ્થિતિવાળો છે ?

उ. गोयमा ! सिय कडजुम्मसमयट्ठिईए **-जाव-** सिय कलिओगसमयट्ठिईए।

ઉ. ગૌતમ ! તે કદાચિત્ કૃતયુગ્મ સમયની સ્થિતિવાળો છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ સમયની સ્થિતિવાળો છે.

दं. २-२४. ***एवं -जाव- वेमाणिए।***

ઇ. ૨-૨૪. ***એ પ્રકારે વૈમાનિક પર્યંત જાણવું જોઈએ.***

सिद्धे जहा जीवे।

સિદ્ધ (એક)નું કથન (ઔધિક) જીવના સમાન છે.

प. जीवा णं भंते ! किं कडजुम्मसमयट्ठिईया **-जाव-** कलिओगसमयट्ठिईया ?

પ્ર. ભંતે ! (અનેક) જીવ કૃતયુગ્મ-સમયની સ્થિતિવાળા છે **-યાવત્-** કલ્યોજ સમયની સ્થિતિવાળા છે ?

उ. गोयमा ! ओघादेसेण वि, विहाणादेसेण वि कडजुम्मसमयट्ठिईया,

नो तेयोगसमयट्ठिईया, नो दावरजुम्मसमयट्ठिईया, नो कलिओगसमयट्ठिईया।

ઉ. ગૌતમ ! તે ઓઘાદેશથી તથા વિધાનાદેશથી કૃતયુગ્મ સમયની સ્થિતિવાળા છે,

પરંતુ ત્યોજ સમય, દ્વાપરયુગ્મ - સમય અથવા કલ્યોજ સમયની સ્થિતિવાળા નથી.

प. **दं. १.** नेरइया णं भंते ! किं कडजुम्मसमयट्ठिईया **-जाव-** कलिओगसमयट्ठिईया ?

પ્ર. **દં.૧.** ભંતે ! (અનેક) નૈરયિક કૃતયુગ્મ સમયની સ્થિતિવાળા છે **-યાવત્-** કલ્યોજ સમયની સ્થિતિવાળા છે ?

उ. गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मसमयट्ठिईया **-जाव-** सिय कलिओगसमयट्ठिईया,

विहाणादेसेणं कडजुम्मसमयट्ठिईया वि **-जाव-** कलिओगसमयट्ठिईया वि।

ઉ. ગૌતમ ! ઓઘાદેશથી તે કદાચિત્ કૃતયુગ્મ સમયની સ્થિતિવાળા છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ સમયની સ્થિતિવાળા છે.

વિધાનાદેશથી તે કૃતયુગ્મ સમયની સ્થિતિવાળા પણ છે **-યાવત્-** કલ્યોજ સમયની સ્થિતિવાળા પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दं. २-२४. *एवं -जाव- वेमाणिया।*

सिद्धा जहा जीवा।

-विया.स. २५, उ.४, सु. ४७-५४

८. **वण्णाइ पज्जवेहिं पडुच्च जीव-चउवीसदंडएसु सिद्धेसु य कडजुम्माइ परूवणं-**

प. जीवे णं भंते ! कालवण्णपज्जवेहिं किं कडजुम्मे **-जाव-** कलिओए ?

उ. गोयमा ! जीवपएसे पडुच्च नो कडजुम्मे **-जाव-** नो कलिओए।

सरीरपएसे पडुच्च सिय कडजुम्मे **-जाव-** सिय कलिओए।

दं. १-२४. *एवं नेरइए -जाव- वेमाणिए।*

सिद्धा ण चेव पुच्छिज्जंति।

प. जीवा णं भंते ! कालवण्णपज्जवेहिं किं कडजुम्मा **-जाव-** कलिओया ?

उ. गोयमा ! जीवपएसे पडुच्च ओघादेसेण वि, विहाणादेसेण वि नो कडजुम्मा **-जाव-** नो कलिओया।

सरीरपएसे पडुच्च ओघादेसेणं सिय कडजुम्मा **-जाव-** सिय कलिओया,

विहाणादेसेणं कडजुम्मा वि **-जाव-** कलिओया वि।

दं. १-२४. *एवं नेरइया -जाव- वेमाणिया।*

एवं नीलवण्णपज्जवेहि वि दंडओ भाणियव्वो एगत्त-पुहत्तेणं।

एवं -जाव- लुक्खफासपज्जवेहिं।

- विया.स. २५, उ.४, सु. ५५-६१

९. **नाणपज्जवेहिं पडुच्च जीव-चउवीसदंडएसु सिद्धेसु य कडजुम्माइ परूवणं-**

प. जीवे णं भंते ! आभिणिबोहिय-नाणपज्जवेहिं किं कडजुम्मे **-जाव-** कलिओए ?

दं. २-२४. *આ પ્રકારે વૈમાનિકો પર્યંત જાણવું જોઈએ.*

સિદ્ધોનું કથન સામાન્ય જીવોના સમાન છે.

૮. **વર્ણાદિના પર્યાયોની અપેક્ષાએ જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! શું (એક) કૃષ્ણવર્ણવાળો જીવ પર્યાયોની અપેક્ષાએ કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! જીવ પ્રદેશોની અપેક્ષાએ કૃતયુગ્મ **-યાવત્-** કલ્યોજ નથી.

પરંતુ શરીર પ્રદેશોની અપેક્ષાએ કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ છે.

દં. ૧-૨૪. આ પ્રકારે નૈરયિકથી વૈમાનિક પર્યંત કહેવું જોઈએ.

(અરૂપી હોવાને કારણે) અહીંયા સિદ્ધના વિષયમાં પ્રશ્ન નહીં કરવો જોઈએ.

પ્ર. ભંતે ! શું (અનેક) જીવ કૃષ્ણવર્ણ પર્યાયોની અપેક્ષાએ કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! જીવપ્રદેશોની અપેક્ષા ઓઘાદેશથી અને વિધાનાદેશથી કૃતયુગ્મ **-યાવત્-** કલ્યોજ નથી.

શરીર પ્રદેશોની અપેક્ષા ઓઘાદેશથી કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ છે,

વિધાનાદેશથી તેઓ કૃતયુગ્મ પણ છે **-યાવત્-** કલ્યોજ પણ છે.

દં. ૧-૨૪. આ પ્રકારે નૈરયિકોથી વૈમાનિકો પર્યંત કહેવું જોઈએ.

આ પ્રકારે એકવચન અને બહુવચનથી નીલવર્ણના પર્યાયોની અપેક્ષાએ પણ કહેવું જોઈએ.

આ પ્રકારે રૂક્ષ સ્પર્શ પર્યાયો પર્યંત (શેષ વર્ણ, ગંધ, રસ,. સ્પર્શ પર્યાયોની અપેક્ષાએ) પણ પૂર્વવત્ કહેવું જોઈએ.

૯. **જ્ઞાન પર્યાયોની અપેક્ષાએ જીવ ચોવીસ દંડકો અને સિદ્ધોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! શું (એક) જીવ આભિનિબોધિક જ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ. गोयमा ! सिय कडजुम्मे **-जाव-** सिय कलिओए ।

एवं एगिंदियवज्जं -जाव- वेमाणिए ।

ઉ. ગૌતમ ! તે કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ છે.

આ પ્રકારે એકેન્દ્રિય સિવાય વૈમાનિક પર્યંત કહેવું જોઈએ.

પ. जीवा णं भंते ! आभिणिबोहिय-नाणपज्जवेहिं किं कडजुम्मा **-जाव-** कलिओगा ?

પ્ર. ભંતે ! શું (અનેક) જીવ આભિનિબોધિક જ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. गोयमा ! १. ओघादेसेणं सिय कडजुम्मा **-जाव-** सिय कलिओगा,

२. विहाणादेसेणं कडजुम्मा वि **-जाव-** कलिओया वि ।

एवं एगिंदियवज्जं -जाव- वेमाणिया ।

ઉ. ગૌતમ ! ૧. ઓઘાદેશથી તેઓ કદાચિત્ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચિત્ કલ્યોજ છે.

૨. વિધાનાદેશથી કૃતયુગ્મ પણ છે **-યાવત્-** કલ્યોજ પણ છે.

આ પ્રકારે એકેન્દ્રિયો સિવાય વૈમાનિકો પર્યંત જાણવું જોઈએ.

एवं सुयनाणपज्जवेहि वि ।

આ પ્રકારે શ્રુતજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ પણ સમજવું જોઈએ.

ओहिनाणपज्जवेहि वि एवं चेव ।

અવધિજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ પણ આ પ્રકારે કહેવું જોઈએ.

णवरं-विगलिंदियाणं नत्थि ओहिनाणं ।

मणपज्जवनाणं पि एवं चेव ।

વિશેષ - વિકલેન્દ્રિયોમાં અવધિજ્ઞાન હોતું નથી.

મનઃપર્યવજ્ઞાનના પર્યાયો માટે પણ આ પ્રકારે કહેવું જોઈએ.

णवरं-जीवाणं मणुस्साण य, सेसाणं नत्थि ।

વિશેષ - જીવ અને મનુષ્યોમાં જ મનઃપર્યવજ્ઞાન હોય છે, શેષ જીવોમાં પ્રાપ્ત થતું નથી.

પ. जीवे णं भंते ! केवलनाणपज्जवेहिं किं कडजुम्मे **-जाव-** कलिओए ?

પ્ર. ભંતે ! શું (એક) જીવ કેવલજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. गोयमा ! कडजुम्मे, नो तेयोए, नो दावरजुम्मे, नो कलियोए ।

ઉ. ગૌતમ ! તે કૃતયુગ્મ છે, પરંતુ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ નથી.

एवं मणुस्से वि ।

આ પ્રકારે મનુષ્ય માટે પણ જાણવું જોઈએ.

एवं सिद्धे वि ।

આ પ્રકારે સિદ્ધ માટે પણ જાણવું જોઈએ.

પ. जीवा णं भंते ! केवलनाणपज्जवेहिं कडजुम्मा **-जाव-** कलिओगा ?

પ્ર. ભંતે ! શું (અનેક) જીવ કેવળજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. गोयमा ! ओघादेसेण वि, विहाणादेसेण वि कडजुम्मा । नो तेयोगा, नो दावरजुम्मा, नो कलिओगा ।

ઉ. ગૌતમ ! ઓઘાદેશથી અને વિધાનાદેશથી તેઓ કૃતયુગ્મ છે, પરંતુ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ નથી.

एवं मणुस्सा वि ।

આ પ્રકારે મનુષ્યો માટે પણ કહેવું જોઈએ.

एवं सिद्धा वि ।

આ પ્રકારે સિદ્ધો માટે પણ કહેવું જોઈએ.

-विया.स. २५, उ.४, सु. ६२-७४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. अन्नाणपज्जवेहिं पडुच्च जीव चउवीसदंडएसु कडजुम्माइ परूवणं-

પ. जीवे णं भंते ! मइअन्नाणपज्जवेहिं किं कडजुम्मे **-जाव-** कलिओए ?

ઉ. गोयमा ! ***जहा आभिणिबोहियनाणपज्जवेहिं तहेव दो दण्डगा ।***

एवं सुयअन्नाणपज्जवेहि वि ।

एवं विभंगनाणपज्जवेहि वि ।

- विया.स.२५, उ.४, सु. ७५-७७

૧૦. અજ્ઞાન પર્યાયોની અપેક્ષાથી જીવ-ચોવીસ દંડકોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! શું (એક) જીવ મતિઅજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ કૃતયુગ્મ છે **-યાવત્-** કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! ***આભિનિબોધિક જ્ઞાનના પર્યાયોની સમાન અહીંયા પણ (એકવચન-બહુવચનની અપેક્ષાએ) બે દંડક કહેવું જોઈએ.***

આ પ્રકારે શ્રુતઅજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ પણ કહેવું જોઈએ.

આ પ્રકારે વિભંગજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ પણ કહેવું જોઈએ.

૧૧. दंसण पज्जवेहिं पडुच्च जीव चउवीसदंडएसु कडजुम्माइ परूवणं-

चक्खुदंसण-अचक्खुदंसण-ओहिदंसणपज्जवेहि वि एवं चेव ।

णवरं-जस्स जं अत्थि तं भाणियव्वं ।

केवलदंसणपज्जवेहिं जहा केवलनाणपज्जवेहिं ।

- विया.स.२५, उ.४, सु.७८-७९

૧૧. દર્શનપર્યાયોની અપેક્ષાએ જીવ-ચોવીસ દંડકોમાં કૃતયુગ્માદિનું પ્રરૂપણ :

ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શનના પર્યાયો માટે પણ આ પ્રકારે જાણવું જોઈએ.

વિશેષ-જ્યાં જે મળી આવે છે તે કહેવું જોઈએ.

કેવલદર્શનના પર્યાયોનું કથન કેવલજ્ઞાનના પર્યાયોની સમાન જાણવું જોઈએ.

૧૨. खुड्डजुम्मस्स भेया तेसिं लक्खणाण य परूवणं-

પ. कइ णं भंते ! खुड्डाजुम्मा पण्णत्ता ?

ઉ. गोयमा ! चत्तारि खुड्डाजुम्मा[1] पण्णत्ता, तं जहा-

१. कडजुम्मे, २. तेयोए, ३. दावरजुम्मे, ४. कलियोए ।

પ. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

चत्तारि खुड्डा जुम्मा पण्णत्ता, तं जहा-

"कडजुम्मे **-जाव-** कलियोए ?"

ઉ. गोयमा ! १. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे चउपज्जवसिए । से तं खुड्डागकडजुम्मे ।

२. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे तिपज्जवसिए । से तं खुड्डागतेयोए ।

३. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे दुपज्जवसिए । से तं खुड्डागदावरजुम्मे ।

४. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे एगपज्जवसिए । से तं खुड्डागकलियोए ।

૧૨. ક્ષુદ્રયુગ્મોના ભેદ અને એના લક્ષણોનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! ક્ષુદ્રયુગ્મ કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! ક્ષુદ્રયુગ્મ ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. કૃતયુગ્મ, ૨. ત્યોજ, ૩. દ્વાપરયુગ્મ, ૪. કલ્યોજ.

પ્ર. ભંતે ! કયા કારણથી એમ કહેવાય છે કે -

ક્ષુદ્રયુગ્મ ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

'કૃતયુગ્મ **-યાવત્-** કલ્યોજ ?'

ઉ. ગૌતમ ! ૧. જે રાશિમાંથી ચાર-ચાર બાદ કરતાં અંતે ચાર શેષ રહે તે 'ક્ષુદ્રકૃતયુગ્મ' છે.

૨. જે રાશિમાંથી ચાર-ચાર બાદ કરતાં અંતે ત્રણ શેષ રહે તે 'ક્ષુદ્રત્યોજ' છે.

૩. જે રાશિમાંથી ચાર-ચાર બાદ કરતાં અંતે બે શેષ રહે તે 'ક્ષુદ્રદ્વાપરયુગ્મ' છે.

૪. જે રાશિમાંથી ચાર-ચાર બાદ કરતાં અંતે એક શેષ રહે તે 'ક્ષુદ્ર કલ્યોજ' છે.

---

૧. ઓછી સંખ્યાવાળી રાશિ વિશેષ 'ક્ષુદ્રયુગ્મ' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
चत्तारि खुड्डाजुम्मा, तं जहा-
"कडजुम्मे **-जाव-** कलियोए ।"

-विया.स. ३१, उ.१, सु.२

આ કારણે ગૌતમ ! એમ કહેવાય છે કે -
ક્ષુદ્રયુગ્મ ચાર પ્રકારના છે, જેમકે -
"કૃતયુગ્મ **-યાવત્-** કલ્યોજ."

१३. खुड्डागकडजुम्माइ नेरइयाणं उववायाईणं परूवणं-

૧૩. ક્ષુદ્રકૃતયુગ્માદિ નૈરયિકોના ઉત્પાદ વગેરેનું પ્રરૂપણ :

प. खुड्डागकडजुम्म नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?
किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મ - રાશિવાળા નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?
શું તે નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય છે -યાવત્- દેવોથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! नो नेरइएहिंतो उववज्जंति,
तिरिक्खजोणिएहिंतो उववज्जंति,
मणुस्सेहिंतो उववज्जंति,
नो देवेहिंतो उववज्जंति ।

एवं नेरइयाणं उववाओ जहा वक्कंतीए तहा भाणियव्वो[1] ।

ઉ. ગૌતમ ! નૈરયિકોમાંથી આવીને ઉત્પન્ન થતાં નથી,
તિર્યંચયોનિકોમાંથી આવીને ઉત્પન્ન થાય છે,
મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય છે,
દેવોમાંથી આવીને ઉત્પન્ન થતાં નથી.

જે પ્રકારે વ્યુત્ક્રાન્તિપદમાં નૈરયિકોના ઉત્પાદ કહ્યા છે તે બધું જ અહીંયા પણ કહેવું જોઈએ.

प. ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ?

પ્ર. ભંતે ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! चत्तारि वा, अट्ठ वा, बारस वा, सोलस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति ।

ઉ. ગૌતમ ! તેઓ ચાર, આઠ, બાર, સોળ, સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

प. ते णं भंते ! जीवा कहं उववज्जंति ?

પ્ર. ભંતે ! તે જીવો કેવી રીતે ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! से जहानामए-पवए पवमाणे अज्झवसाणनिवत्तिएणं करणोवाएणं सेयकाले तं ठाणं विप्पजहित्ता पुरिमं ठाणं उवसंपज्जित्ताणं विहरइ, एवामेव ते वि जीवा, पवओ विव पवमाणा अज्झवसाण निव्वत्तिएणं करणोवाएणं सेयकाले तं भवं विप्पजहित्ता पुरिमं भवं उवसंपज्जित्ताणं विहरंति[2] ।

ઉ. ગૌતમ ! જેવી રીતે કુદકો મારનાર પુરુષ કુદકો મારતા અધ્યવસાય નિષ્પન્ન ક્રિયાસાધન દ્વારા તે સ્થાનને છોડીને ભવિષ્યકાળમાં આગળના સ્થાનને પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે જીવ પણ કુદકો મારનારની જેમ કુદતાં-કુદતાં પ્રયત્નથી નિર્વર્તિત અર્થાત્ પાછા ફરતાં ક્રિયાસાધન (કર્મો) દ્વારા પૂર્વભવને છોડીને આગામી ભવને પ્રાપ્ત કરી ઉત્પન્ન થાય છે.

प. ते णं भंते ! जीवा किं आयप्पयोगेणं उववज्जंति, परप्पयोगेणं उववज्जंति ?

પ્ર. ભંતે ! તે જીવો પોતાના પ્રયોગ (આત્મવ્યાપાર)થી ઉત્પન્ન થાય છે કે પરપ્રયોગથી ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! आयप्पयोगेणं उववज्जंति, नो परप्पयोगेणं उववज्जंति ।

ઉ. ગૌતમ ! તેઓ પોતાના પ્રયોગ (આત્મવ્યાપાર)થી ઉત્પન્ન થાય છે, પર પ્રયોગથી ઉત્પન્ન થતાં નથી.

---

૧. પણ્ણ. પ. ૬, સુ. ૬૩૯ (૧-૨૬)

૨. આ બાબતમાં (વિયા. સ. ૨૫, ઉ. ૮, સુ. ૩)નું વિશેષ વર્ણન વ્યુત્ક્રાંતિ અધ્યયનમાં જુઓ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. रयणप्पभापुढवि-खुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं जहा ओहियनेरइयाणं वत्तव्वया सच्चेव रयणप्पभाए वि भाणियव्वा -जाव- नो परप्पयोगेणं उववज्जंति ।***

एवं -जाव- अहेसत्तमाए[1] ।

एवं उववाओ जहा वक्कंतीए ।

प. खुड्डागतेयोए नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! नो नेरइएहिंतो उववज्जंति,
तिरिक्खजोणिएहिंतो उववज्जंति,
मणुस्सेहिंतो उववज्जंति,
नो देवेहिंतो उववज्जंति,
उववाओ जहा वक्कंतीए ।

प. ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ?

उ. गोयमा ! तिन्नि वा, सत्त वा, एक्कारस वा, पन्नरस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति ।
सेसं जहा कडजुम्मस्स ।

एवं -जाव- अहेसत्तमाए ।

प. खुड्डागदावरजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं जहेव खुड्डागकडजुम्मे,***

णवरं-परिमाणं, दो वा, छ वा, दस वा, चोद्दस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति ।
सेसं तं चेव -जाव-[2] अहेसत्तमाए ।

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મ - રાશિવાળા રત્નપ્રભાપૃથ્વીના નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***નૈરયિકોને માટે જે ઔધિક (ઔત્સર્ગિક) વર્ણન કરવામાં આવ્યું છે તે જ રત્નાપ્રભા પૃથ્વીના નૈરયિકોને માટે પરપ્રયોગ દ્વારા ઉત્પન્ન થતાં નથી પર્યંત કહેવું જોઈએ.***

આ રીતે અધઃસપ્તમપૃથ્વી પર્યંત જાણવું જોઈએ.

વ્યુત્ક્રાન્તિ અધ્યયનમાં કહ્યા પ્રમાણે ઉપપાત (દેવ અથવા નારકજીવની ઉત્પત્તિનું) કહેવું જોઈએ.

પ્ર. ભંતે ! ક્ષુદ્રત્યોજ નૈરયિક કયાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું (તેઓ) નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થતાં નથી.
તેઓ તિર્યંચયોનિઓથી આવી ઉત્પન્ન થાય છે,
મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે.
દેવોથી આવીને પણ ઉત્પન્ન થતાં નથી.
તેના ઉપપાતનું વિશેષ વર્ણન વ્યુત્ક્રાન્તિપદ અનુસાર સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! તે જીવ એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! તે એક સમયમાં ત્રણ, સાત, અગિયાર, પંદર, સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે.
શેષ સર્વ કથન કૃતયુગ્મ નૈરયિક સમાન સમજવું જોઈએ.

આ જ પ્રકારે અધઃસપ્તમપૃથ્વી પર્યંત સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! ક્ષુદ્રદ્વાપરયુગ્મ - રાશિવાળા નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***ક્ષુદ્રકૃતયુગ્મરાશિ અનુસાર એનું ઉત્પાદ (ઉત્પત્તિ) સમજવું જોઈએ.***

વિશેષ - પરિણામમાં, બે, છ, દસ, ચૌદ, સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે.
શેષ કથન પૂર્વવત્ અધઃસપ્તમપૃથ્વી પર્યંત સમજવું જોઈએ.

૧-૨. પણ્ણ. પ. ૬, સુ. ૬૪૦-૬૪૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. खुड्डागकलिओए नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं जहेव खुड्डागकडजुम्मे,***

णवरं-परिमाणं एक्को वा, पंच वा, नव वा, तेरस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति ।

सेसं तं चेव । एवं -जाव- अहेसत्तमाए ।

-विया. स.३१, उ.१, सु. ३-१४

१४. खुड्डागकडजुम्माइं पडुच्च कण्हलेस्स नेरइयाणं उववायाइ परूवणं-

प. कण्हलेस्सखुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं चेव जहा ओहियगमो -जाव- नो परप्पयोगेणं उववज्जंति,***

णवरं-उववाओ जहा वक्कंतीए धूमप्पभापुढवि नेरइया णं,

सेसं तं चेव ।

प. धूमप्पभापुढवि कण्हलेस्स खुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं चेव निरवसेसं ।***

एवं तमाए वि, अहेसत्तमाए वि ।

णवरं-उववाओ सव्वत्थ जहा वक्कंतीए ।

प. कण्हलेस्सखुड्डागतेयोगनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति,

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***जहा ओहियगमो एवं चेव ।***

પ્र. ભંતે ! ક્ષુદ્રકલ્યોજ - રાશિવાળા નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***ક્ષુદ્રકૃતયુગ્મરાશિ અનુસાર એની ઉત્પત્તિ સમજવી જોઈએ.***

વિશેષ - પરિમાણમાં એક, પાંચ, નવ, તેર, સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે,

શેષ વર્ણન પૂર્વવત્ છે. આ પ્રકારે અધઃ સપ્તમ પૃથ્વીપર્યંત સમજવું જોઈએ.

૧૪. ક્ષુદ્રકૃતયુગ્માદિની અપેક્ષાએ કૃષ્ણલેશ્યી નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા કૃષ્ણલેશ્યી નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***પૂર્વોક્ત ઔધિકગમકના અનુસારે પરપ્રયોગથી ઉત્પન્ન થતાં નથી સુધી અહીંયા પણ કહેવું જોઈએ.***

વિશેષ - ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિકોના ઉપપાત વ્યુત્ક્રાન્તિપદના અનુસાર અહીંયા કહેવું જોઈએ.

શેષ - સર્વ કથન પૂર્વવત્ સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! ધૂમપ્રભાપૃથ્વીના ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા કૃષ્ણલેશ્યી નૈરયિક ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***એને માટે સમગ્ર વર્ણન પૂર્વવત્ સમજવું જોઈએ.***

આ પ્રકારે તમઃપ્રભા અને અધઃસપ્તમપૃથ્વીનું સમજવું જોઈએ.

વિશેષ - ઉપપાત સર્વત્ર વ્યુત્ક્રાન્તિપદના અનુસાર સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! ક્ષુદ્રત્યોજ રાશિવાળા કૃષ્ણલેશ્યી નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***ઔધિકગમકના અનુસાર અહિંયા પણ સમજવું જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णवरं-तिण्णि वा, सत्त वा, एक्कारस वा, पण्णरस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति। ***सेसं तं चेव।***

एवं -जाव- अहेसत्तमाए वि।

વિશેષ - પરિમાણમાં ત્રણ, સાત, અગિયાર, પંદર, સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે એમ કહેવું જોઈએ. **શેષ પૂર્વવત્ છે. આ પ્રકારે અધઃસપ્તમપૃથ્વી પર્યંત સમજવું જોઈએ.**

પ. कण्हलेस्सखुड्डागदावरजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं चेव जहा ओहियगमो।***

णवरं- दो वा, छ वा, दस वा, चोद्दस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति। ***सेसं तं चेव।***

एवं धूमप्पभाए वि -जाव- अहेसत्तमाए।

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યી ક્ષુદ્રદ્વાપરયુગ્મ રાશિવાળા નૈરયિક કયાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***ઔધિકગમકના અનુસાર શેષ વર્ણન સમજવું જોઈએ.***

વિશેષ - પરિમાણમાં બે, છ, દસ અથવા ચૌદ, સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે એમ સમજવું જોઈએ. **શેષ વર્ણન પૂર્વવત્ છે.**

આ પ્રકારે ધૂમપ્રભાથી અધઃસપ્તમપૃથ્વી પર્યંત સમજવું જોઈએ.

પ. कण्हलेस्सखुड्डागकलिओएनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति,

उ. गोयमा ! ***एवं चेव जहा ओहियगमो।***

णवरं-एक्को वा, पंच वा, नव वा, तेरस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति। ***सेसं तं चेव।***

एवं धूमप्पभाए वि, तमाए वि, अहेसत्तमाए वि।

-विया.स. ३१, उ.२, सु. १-९

પ્ર. ભંતે ! ક્ષુદ્રકલ્યોજરાશિવાળા કૃષ્ણલેશ્યી નૈરયિક કયાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***ઔધિકગમકના અનુસાર શેષ વર્ણન સમજવું જોઈએ.***

વિશેષ-પરિમાણમાં - એક, પાંચ, નવ, તેર, સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે એમ સમજવું જોઈએ. **શેષ વર્ણન પૂર્વવત્ છે.**

આ પ્રકારે ધૂમપ્રભા, તમઃપ્રભા અને અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકો માટે સમજવું જોઈએ.

१५. खुड्डाग कडजुम्माइं पडुच्च नीललेस्स नेरइयाणं उववायाइ परूवणं-

૧૫. ક્ષુદ્રકૃતયુગ્માદિની અપેક્ષા નીલલેશ્યી નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ. नीललेस्स खुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं जहेव कण्हलेस्सखुड्डागकडजुम्मा,***

णवरं-उववाओ जहा वालुयप्पभाए। ***सेसं तं चेव।***

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા નીલલેશ્યી નૈરયિક કયાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***કૃષ્ણલેશ્યી ક્ષુદ્રકૃતયુગ્મ નૈરયિકોની સમાન એનું પણ કથન કરવું જોઈએ.***

વિશેષ - એનો ઉપપાત વાલુકાપ્રભા પૃથ્વીની સમાન છે, **શેષ વર્ણન પૂર્વવત્ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. वालुयप्पभापुढवि-नीललेस्स-खुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं चेव।***

एवं पंकप्पभाए वि, एवं धूमप्पभाए वि।

एवं चउसु वि जुम्मेसु,

णवरं-परिमाणं जहा कण्हलेस्सुद्देसए।

सेसं तं चेव। -विया. स. ३१, उ.३, सु.१-४

प्र. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા નીલલેશ્યી વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **એનો ઉપપાત પૂર્વવત્ જાણવો જોઈએ.**

આ જ પ્રકારે પંકપ્રભા અને ધૂમપ્રભાના નૈરયિકોના માટે પણ સમજવું જોઈએ.

આ જ પ્રકારે ચારે યુગ્મોના વિષયમાં પણ સમજવું જોઈએ.

વિશેષ - જે પ્રકારે કૃષ્ણલેશ્યી ઉદ્દેશકમાં પરિમાણ (માત્રા) કહી છે તે જ પ્રકારે અહીંયા પણ સમજવી જોઈએ.

શેષ વર્ણન પૂર્વવત્ છે.

१६. खुड्डागकडजुम्माइं पडुच्च काउलेस्स नेरइयाणं उववायाइ परूवणं-

પ. काउलेस्स-खुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं जहेव कण्हलेस्सखुड्डागकडजुम्म तहेव भाणियव्वं।***

णवरं-उववाओ जे रयणप्पभाए।

सेसं तं चेव।

१६. ક્ષુદ્રકૃતયુગ્માદિની અપેક્ષાએ કાપોતલેશ્યી નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા કાપોતલેશ્યી નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **એનો ઉપપાત પણ કૃષ્ણલેશ્યી ક્ષુદ્રકૃત-યુગ્મરાશિવાળા નૈરયિકોની સમાન જાણવું જોઈએ.**

વિશેષ - એનો ઉપપાત રત્નપ્રભાપૃથ્વીમાં થાય છે.

શેષ વર્ણન પૂર્વવત્ છે.

પ. रयणप्पभापुढवि-काउलेस्सखुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं चेव !***

एवं सक्करप्पभाए वि, एवं वालुयप्पभाए वि।

एवं चउसु वि जुम्मेसु,

णवरं-परिमाणं जहा कण्हलेस्सुद्देसए।

सेसं तं चेव। - विया.स. ३१, उ.४, सु. १-४

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા કાપોતલેશ્યી રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **એનું વર્ણન પણ પૂર્વવત્ સમજવું જોઈએ.**

આ જ પ્રકારે શર્કરાપ્રભા અને વાલુકાપ્રભાના નૈરયિકોનું વર્ણન પણ કરવું જોઈએ.

ચારે યુગ્મોમાં પણ આ જ પ્રકારે સમજવું જોઈએ.

વિશેષ - કૃષ્ણલેશ્યા ઉદ્દેશકના અનુસાર માત્રા અલગ- અલગ સમજવી જોઈએ.

શેષ સર્વ વર્ણન પૂર્વવત્ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭. खुड्डागकडजुम्माइ भवसिद्धिय अभवसिद्धिय नेरइयाणं उववायाइ परूवणं-

प. भवसिद्धियखुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं जहेव ओहिओ गमओ तहेव निरवसेसं -जाव- नो परप्पयोगेणं उववज्जंति ।***

प. रयणप्पभापुढवि-भवसिद्धिय-खुड्डागकडजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं चेव निरवसेसं ।***

एवं -जाव- अहेसत्तमाए ।

एवं भवसिद्धिय-खुड्डागतेयोए नेरइया वि,

एवं -जाव- कलिओगा वि,

णवरं-परिमाणं पुव्वभणियं जहा पढमुद्देसए ।

-विया. स. ३१, उ. ५, सु. १-४

प. कण्हलेस्स-भवसिद्धिय-खुड्डागकडजुम्मनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं जहेव ओहिओ कण्हलेस्स उद्देसओ तहेव निरवसेसं चउसु वि जुम्मेसु भाणियव्वो -जाव-***

प. अहेसत्तमपुढविकण्हलेस्स-भवसिद्धिय-खुड्डाग-कलियोगनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***तहेव ।***

- विया. स. ३१, उ. ६, सु. १-२

नीललेस्स-भवसिद्धिय-चउसु वि जुम्मेसु तहेव भाणियव्वा जहा ओहियनीललेस्सउद्देसए ।

- विया. स. ३१, उ.७, सु. १

काउलेस्स-भवसिद्धिय चउसु वि जुम्मेसु तहेव उववाएयव्वा जहेव ओहिए काउलेस्सउद्देसए ।

-विया. स. ३१, उ. ८, सु. १

૧૭. ક્ષુદ્રકૃતયુગ્માદિ ભવસિદ્ધિક-અભવસિદ્ધિક નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા ભવસિદ્ધિક નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **એનું સમસ્ત કથન ઔધિકગમકની સમાન પરપ્રયોગથી ઉત્પન્ન થતું નથી ત્યાં સુધી સમજવું જોઈએ.**

પ્ર. ભંતે ! રત્નપ્રભા પૃથ્વીના ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા ભવસિદ્ધિક નૈરયિક ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **એનું સમગ્ર વર્ણન પૂર્વવત્ સમજવું જોઈએ.**

આ જ પ્રકારે અધઃસપ્તમપૃથ્વી પર્યંત કહેવું જોઈએ.

આ જ પ્રકારે ભવસિદ્ધિક ક્ષુદ્રત્र્યોજરાશિવાળા નૈરયિકના માટે પણ સમજવું જોઈએ.

આ જ પ્રકારે કલ્યોજ પર્યંત જાણવું જોઈએ.

વિશેષ - પ્રથમ ઉદ્દેશકમાં દર્શાવેલ માત્રાનુસાર એની અલગ-અલગ માત્રા સમજવી જોઈએ.

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મવાળા કૃષ્ણલેશ્યી નૈરયિક ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **કૃષ્ણલેશ્યી ઔધિક ઉદ્દેશકમાં દર્શાવ્યાનુસાર ચારે યુગ્મો પર્યંત એનું સમગ્ર વર્ણન કરવું જોઈએ -યાવત્-**

પ્ર. ભંતે ! અધઃસપ્તમ પૃથ્વીના કૃષ્ણલેશ્યી ક્ષુદ્રકલ્યોજ-રાશિવાળા નૈરયિક ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ સમજવું જોઈએ.**

નીલલેશ્યી ભવસિદ્ધિક નૈરયિકના ચારેય (ક્ષુદ્ર) યુગ્મોના ઉત્પાતાદિનું વર્ણન ઔધિક નીલલેશ્યી ઉદ્દેશકના અનુસાર સમજવું જોઈએ.

કાપોતલેશ્યી-ભવસિદ્ધિક નૈરયિકના ચારેય યુગ્મોના ઉત્પાતાદિનું વર્ણન ઔધિક-નીલલેશ્યી-ઉદ્દેશકના અનુસાર સમજવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा भवसिद्धिएहिं चत्तारि उद्देसगा भणिया,

एवं अभवसिद्धिएहि वि चत्तारि उद्देसगा भाणियव्वा -जाव- काउलेस्सउद्देसओ त्ति ।

-विया. स. ३१, उ. ९-१२, सु. १

જે પ્રકારે ભવસિદ્ધિકના ચારે ઉદ્દેશકોમાં દર્શાવ્યું

તે જ પ્રકારે અભવસિદ્ધિકના પણ કાપોતલેશ્યી પર્યંત ચારેય ઉદ્દેશક સમજવા જોઈએ.

૧૮. **खुड्डागकडजुम्माइ सम्मद्दिट्ठि-मिच्छद्दिट्ठि नेरइयाणं उववायाइ परूवणं-**

एवं सम्मद्दिट्ठीहि वि लेस्सासंजुत्तेहिं चत्तारि उद्देसगा कायव्वा,

णवरं-सम्मद्दिट्ठी पढम-बिइएसु दोसु वि उद्देसएसु अहेसत्तमपुढवीए न उववाएयव्वो ।

सेसं तं चेव ।

-विया. स. ३१, उ. १३-१६, स. १

मिच्छद्दिट्ठीहि वि चत्तारि उद्देसगा कायव्वा जहा भवसिद्धियाणं ।

- विया.स. ३१, उ. १७-२०, सु. १

૧૮. **ક્ષુદ્રકૃતયુગ્માદિ સમ્યગ્દૃષ્ટિ - મિથ્યાદૃષ્ટિ નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ :**

આ પ્રકારે લેશ્યા સહિત સમ્યગ્દૃષ્ટિના ચાર ઉદ્દેશક કહેવા જોઈએ.

વિશેષ - સમ્યગ્દૃષ્ટિના પ્રથમ અને દ્વિતીય આ બે ઉદ્દેશકોમાં સમ્યગ્દૃષ્ટિનો ઉપપાત અધઃસપ્તમ પૃથ્વી પર્યંત સમજવો નહીં જોઈએ.

શેષ સમગ્ર વર્ણન પૂર્વવત્ છે.

ભવસિદ્ધિકોની સમાન મિથ્યાદૃષ્ટિના પણ ચાર ઉદ્દેશકો સમજવા જોઈએ.

૧૯. **खुड्डागकडजुम्माइ कण्हपक्खिय-सुक्कपक्खिय नेरइयाणं उववायाइ परूवणं-**

एवं कण्हपक्खिएहि वि लेस्सा संजुत्ता चत्तारि उद्देसया कायव्वा जहेव भवसिद्धिएहिं ।

-विया. स. ३१, उ. २१-२४, सु. १

सुक्कपक्खिएहिं एवं चेव चत्तारि उद्देसगा भाणियव्वा -जाव-

प. वालुयप्पभापुढवि-काउलेस्स-सुक्कपक्खिय-खुड्डागकलियोगनेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! *एवं जहेव ओहिओ गमओ तहेव निरवसेसं -जाव- नो परप्पयोगेणं उववज्जंति ।*

सव्वे वि एए अट्ठावीसं उद्देसगा ।

-विया. स. ३१, उ. २५-२८, सु. १

૧૯. **ક્ષુદ્રકૃતયુગ્માદિ કૃષ્ણપાક્ષિક શુક્લપાક્ષિક નૈરયિકોના ઉત્પાતાદિનું પ્રરૂપણ :**

ભવસિદ્ધિકોના ચાર ઉદ્દેશકોની સમાન લેશ્યાઓ સહિત કૃષ્ણપાક્ષિકના પણ ચાર ઉદ્દેશક આ પ્રકારે સમજવા જોઈએ.

આ જ પ્રકારે શુક્લપાક્ષિકના પણ લેશ્યા-સહિત ચાર ઉદ્દેશક સમજવા જોઈએ -યાવત્-

પ્ર. ભંતે ! ક્ષુદ્રકલ્યોજ રાશિવાળા વાલુકાપ્રભા પૃથ્વીના કાપોતલેશ્યી શુક્લપાક્ષિક નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! *એનું સમગ્ર વર્ણન ઔધિકગમકની સમાન પરપ્રયોગથી ઉત્પન્ન થતું નથી ત્યાં સુધી કહેવું જોઈએ.*

આ બધાં મળીને અઠ્યાવીસ ઉદ્દેશક થયા.

૨૦. **खुड्डाग कडजुम्माइ पडुच्च नेरइयाणं उव्वट्टणाइ परूवणं-**

प. खुड्डागकडजुम्मनेरइया णं भंते ! अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति, कहिं उववज्जंति ?

૨૦. **ક્ષુદ્રકૃતયુગ્માદિની અપેક્ષાએ નૈરયિકોના ઉદ્વર્તનાદિનું પરૂપણ :**

પ્ર. ભંતે ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિવાળા નૈરયિક કયાંથી ઉદ્વર્તિત થાય છે અર્થાત્ મરીને કયાં જાય છે અને કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

किं नेरइएसु उववज्जंति -**जाव-** देवेसु उववज्जंति ?

શું તેઓ નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય છે -**યાવત્-** દેવોથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! ***उववट्टणा जहा वक्कंतीए ।***

ઉ. ગૌતમ ! ***એનું ઉદ્વર્તન વ્યુત્ક્રાંતિ પદાનુસાર સમજવું જોઈએ.***

प. ते णं भंते ! जीवा एगसमए णं केवइया उव्वट्टंति ?

પ્ર. ભંતે ! તે જીવો એક સમયમાં કેટલા ઉદ્વર્તિત થાય છે ?

उ. गोयमा ! चत्तारि वा, अट्ठ वा, बारस वा, सोलस वा, संखेज्जा वा, असंखेज्जा वा उव्वट्टंति ।

ઉ. ગૌતમ ! (તેઓ એક સમયમાં) ચાર, આઠ, બાર, સોળ, સંખ્યાત અથવા અસંખ્યાત ઉદ્વર્તિત થાય છે.

प. ते णं भंते ! जीवा कहं उव्वट्टंति ?

પ્ર. ભંતે ! તે જીવો કેવી રીતે ઉદ્વર્તિત થાય છે ?

उ. गोयमा ! से जहानामए पवए पवमाणे अज्झवसाण निवत्तिएणं करणोवाएणं सेयकाले तं ठाणं विप्पजहित्ता पुरिमं ठाणं उवसंपज्जित्ताणं विहरइ,

ઉ. ગૌતમ ! જેવી રીતે કોઈ કૂદકો મારનાર પુરુષ કૂદકો મારતાં પ્રયત્નથી પરિપક્વ ક્રિયા સાધન દ્વારા તે સ્થાનને છોડીને ભવિષ્યકાળમાં આગળના સ્થાનને પ્રાપ્ત કરે છે.

एवामेव ते वि जीवा पवओविव पवमाणा अज्झवसाणनिव्वत्तिएणं करणोवाएणं सेयकाले तं भवं विप्पजहित्ता पुरिमं भवं उवसंपज्जित्ताणं विहरंति ।

તેવી જ રીતે જીવ પણ કૂદકો મારનારની જેમ કૂદતાં-કૂદતાં પ્રયત્નથી પરિપક્વ ક્રિયાસાધન દ્વારા પૂર્વભવને છોડીને આગામી ભવને પ્રાપ્ત કરી ઉત્પન્ન થાય છે.

एवं सो चेव गमओ -जाव- आयप्पयोगेणं उव्वट्टंति, नो परप्पयोगेणं उव्वट्टंति ।

આ પ્રકારનો આલાપક (સંવાદ) તેઓ આત્મપ્રયોગથી ઉદ્વર્તિત થાય છે પરપ્રયોગથી નથી થતો ત્યાં સુધી સમજવું જોઈએ.

प. रयणप्पभापुढवि खुड्डागकडजुम्मनेरइया णं भंते ! एगसमएणं केवइया उव्वट्टंति ?

પ્ર. ભંતે ! ક્ષુદ્ર કૃતયુગ્મ - રાશિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિક એક સમયમાં કેટલા ઉદ્વર્તિત થાય છે ?

उ. गोयमा ! चत्तारि वा, अट्ठ वा, बारस वा, सोलस वा, संखेज्जा वा, असंखेज्जा वा उव्वट्टंति ।

ઉ. ગૌતમ ! (તેઓ એક સમયમાં) ચાર, આઠ, બાર, સોળ, સંખ્યાત અથવા અસંખ્યાત ઉદ્વર્તિત થાય છે.

एवं -जाव- अहेसत्तमाए ।

આ પ્રકારે અધઃસપ્તમપૃથ્વી પર્યંત ઉદ્વર્તન સમજવું જોઈએ.

खुड्डागतेयोग-खुड्डागदावरजुम्म-खुड्डागकलियोगे वि एवं चेव ।

ક્ષુદ્રત્ર્યોજ, ક્ષુદ્રદ્વાપરયુગ્મ અને ક્ષુદ્રકલ્યોજના માટે પણ આ જ પ્રકારે સમજવું જોઈએ.

णवरं-परिमाणं जाणियव्वं ।

વિશેષ - એની માત્રા પૂર્વવત્ અલગ-અલગ સમજવી જોઈએ.

सेसं तं चेव । -विया. स. ३२, उ. १, सु. १-६

શેષ - સમગ્ર વર્ણન પૂર્વવત્ છે.

एवं एएणं कमेणं जहेव भगवइए उववायसए अट्ठावीसं उद्देसगा भणिया, तहेव उव्वट्टणासए वि अट्ठावीसं उद्देसगा भाणियव्वा निरवसेसा ।

આ જ પ્રકારે એ જ ક્રમથી પૂર્વોક્ત ભગવતીના ઉપપાતશતકના અઠ્યાવીસ ઉદ્દેશકોની સમાન ઉદ્વર્તનશતકના પણ અઠ્યાવીસ ઉદ્દેશક સંપૂર્ણ સમજવા જોઈએ.

णवरं-उव्वट्टंति त्ति अभिलावो भाणियव्वो ।

વિશેષ - 'ઉત્પન્ન થાય છે' તે સ્થાને 'ઉદ્વર્તન કરે છે' એમ સમજવું જોઈએ.

सेसं तं चेव । -विया. स. ३२, उ. २-२८

શેષ સમગ્ર વર્ણન પૂર્વવત્ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧. सोलस महाजुम्मा तेसिं लक्खणाणि य परूवणं-

પ. कइ णं भंते ! महाजुम्मा[1] पण्णत्ता ?

ઉ. गोयमा ! सोलस महाजुम्मा पण्णत्ता, तं जहा-

१. कडजुम्मकडजुम्मे, २. कडजुम्मतेओए,
३. कडजुम्मदावरजुम्मे, ४. कडजुम्मकलियोए,
५. तेओयकडजुम्मे, ६. तेओयतेओए,
७. तेओयदावरजुम्मे, ८. तेओयकलियोए,
९. दावरजुम्मकडजुम्मे, १०. दावरजुम्मतेओए,
११. दावरजुम्मदावरजुम्मे,
१२. दावरजुम्मकलियोए,
१३. कलिओयकडजुम्मे, १४. कलिओयतेओए,
१५. कलिओयदावरजुम्मे, १६. कलिओयकलिओए ।

પ. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"सोलस महाजुम्मा पण्णत्ता", तं जहा-
१. कडजुम्मकडजुम्मे **-जाव-** १६. कलिओयकलिओए ?

ઉ. गोयमा ! **१.** जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे चउपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया कडजुम्मा, से तं कडजुम्मकडजुम्मे ।

२. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे तिपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया कडजुम्मा, से तं कडजुम्मतेओये ।

३. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे दुपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया कडजुम्मा, से तं कडजुम्मदावरजुम्मे ।

४. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे एगपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया कडजुम्मा, से तं कडजुम्मकलियोए ।

५. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे चउपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया तेओया, से तं तेओयकडजुम्मे ।

६. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे तिपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया तेओया, से तं तेओयतेयोए ।

૨૧. સોળ મહાયુગ્મ અને એના લક્ષણોનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! મહાયુગ્મ કેટલા પ્રકારના કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! મહાયુગ્મ સોળ પ્રકારના કહેવામાં આવે છે, જેમકે -

(૧) કૃતયુગ્મ-કૃતયુગ્મ, (૨) કૃતયુગ્મત્ર્યોજ,
(૩) કૃતયુગ્મ દ્વાપરયુગ્મ, (૪) કૃતયુગ્મ કલ્યોજ,
(૫) ત્ર્યોજકૃતયુગ્મ, (૬) ત્ર્યોજ - ત્ર્યોજ,
(૭) ત્ર્યોજ દ્વાપરયુગ્મ, (૮) ત્ર્યોજ કલ્યોજ,
(૯) દ્વાપરયુગ્મ કૃતયુગ્મ, (૧૦) દ્વાપરયુગ્મત્ર્યોજ,
(૧૧) દ્વાપરયુગ્મ - દ્વાપરયુગ્મ,
(૧૨) દ્વાપરયુગ્મ કલ્યોજ,
(૧૩) કલ્યોજકૃતયુગ્મ, (૧૪) કલ્યોજ ત્ર્યોજ,
(૧૫) કલ્યોજ દ્વાપરયુગ્મ, (૧૬) કલ્યોજ-કલ્યોજ.

પ્ર. ભંતે ! કયા કારણથી એમ કહેવાય છે કે -
'મહાયુગ્મ સોળ પ્રકારના કહેવામાં આવે છે', જેમકે-
૧. કૃતયુગ્મ-કૃતયુગ્મ **-યાવત્-** (૧૬) કલ્યોજ-કલ્યોજ ?

ઉ. ગૌતમ ! **૧.** ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી ચાર શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહારસમયે પણ કૃતયુગ્મ (ચાર) હોય તો તે સંખ્યા 'કૃતયુગ્મ-કૃતયુગ્મ' કહેવાય છે.

૨. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી ત્રણ શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહાર સમયે કૃતયુગ્મ હોય તો તે રાશિ 'કૃતયુગ્મ-ત્ર્યોજ' કહેવાય છે.

૩. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી બે શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહાર સમયે કૃતયુગ્મ હોય તો તે રાશિ 'કૃતયુગ્મ-દ્વાપરયુગ્મ' કહેવાય છે.

૪. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી એક શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહારસમયે કૃતયુગ્મ હોય તો તે રાશિ 'કૃતયુગ્મ-કલ્યોજ' કહેવાય છે.

૫. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી ચાર શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહાર સમયે ત્ર્યોજ (ત્રણ) હોય તો તે રાશિ 'ત્ર્યોજ-કૃતયુગ્મ' કહેવાય છે.

૬. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી ત્રણ શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહાર સમયે ત્ર્યોજ (ત્રણ) હોય તો તે રાશિ 'ત્ર્યોજ-ત્ર્યોજ' કહેવાય છે.

---

૧. મોટી સંખ્યાવાળી રાશિને "મહાયુગ્મ" કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे दुपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया तेओया, से तं तेओयदावरजुम्मे ।

૭. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી બે શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહાર સમયે ત્યોજ હોય તો તે રાશિ 'ત્યોજ-દ્વાપરયુગ્મ' કહેવાય છે.

૮. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे एगपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया तेओया, से तं तेओयकलियोए ।

૮. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી એક શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહાર સમયે ત્યોજ (ત્રણ) હોય તો તે રાશિ 'ત્યોજ-કલ્યોજ' કહેવાય છે.

૯. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे चउपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया दावरजुम्मा, से तं दावरजुम्म कडजुम्मे ।

૯. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી ચાર શેષ રહે પરંતુ તે સંખ્યાના અપહાર સમયે દ્વાપરયુગ્મ (બે) હોય તો તે સંખ્યા 'દ્વાપરયુગ્મ-કૃતયુગ્મ' કહેવાય છે.

૧૦. जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे तिपज्जवसिए, जे णं तस्स रासिस्स अवहारसमया दावरजुम्मा, से तं दावरजुम्मतेओए ।

૧૦. ચારની સંખ્યા વડે બાદ કરતાં જે સંખ્યામાંથી ત્રણ શેષ રહે પરંતુ તે રાશિના અપહાર સમયે દ્વાપર યુગ્મ (બે) હોય તો તે સંખ્યા 'દ્વાપરયુગ્મ-ત્યોજ' કહેવાય છે.

પ. ભંતે ! સવ્વપાણા **-જાવ-** સવ્વસત્તા પુવ્વોવવન્ના ?

ઉ. ગોયમા ! ણો ઇણટ્ઠે સમટ્ઠે । ***સેસં તં ચેવ ।***
-વિયા. સ. ૪૦, ૧૧-૧૪/સ.પં., ઉ. ૧-૧૧

૩૮. અભવસિદ્ધિય સન્નિપંચેંદિય મહાજુમ્મસએસુ ઉવવાયાઇ બત્તીસદારાણં પરૂવણં-

પ. અભવસિદ્ધિય-કડજુમ્મ-કડજુમ્મ-સન્નિ-પંચેંદિયા ણં ભંતે ! કઓહિંતો ઉવવજ્જંતિ ?

ઉ. ગોયમા ! ***ઉવવાઓ તહેવ અણુત્તરવિમાણવજ્જો ।***

પરિમાણં, અવહારો, ઉચ્ચત્તં, બંધો, વેદો, વેદણં, ઉદયી, ઉદીરણા ય જહા કણ્હલેસ્સસએ ।

કણ્હલેસ્સા વા **-જાવ-** સુક્કલેસ્સા વા ।

નો સમ્મદિટ્ઠી, મિચ્છાદિટ્ઠી, નો સમ્મમિચ્છાદિટ્ઠી ।

નો નાણી, અન્નાણી ।

એવં જહા કણ્હલેસ્સસએ,

ણવરં-નો વિરયા, અવિરયા, નો વિરયાવિરયા

સંચિટ્ઠણા, ઠિઈ ય જહા ઓહિયુદ્દેસએ ।

સમુગ્ઘાયા આઇલ્લગા પંચ ।

ઉવ્વટ્ટણા તહેવ અણુત્તરવિમાણવજ્જં ।

પ. ભંતે ! સવ્વપાણા **-જાવ-** સવ્વસત્તા પુવ્વોવવન્ના ?

ઉ. ગોયમા ! ણો ઇણટ્ઠે સમ્મટ્ઠે,

સેસં જહા કણ્હલેસ્સસએ -જાવ- અણંતક્ખુત્તો ।

એવં સોલસસુ વિ જુમ્મેસુ ।

પ. પઢમસમય-અભવસિદ્ધિય-કડજુમ્મ-કડજુમ્મ-સન્નિ-પંચેંદિયા ણં ભંતે ! કઓહિંતો ઉવવજ્જંતિ ?

ઉ. ગોયમા ! ***જહા સન્નીણં પઢમસમયુદ્દેસએ તહેવ,***

૩૮. અભવસિદ્ધિક સંજ્ઞી પંચેન્દ્રિય મહાયુગ્મ શતકમાં ઉત્પાતાદિ બત્રીસ દ્વારોનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! અભવસિદ્ધિક - કૃતયુગ્મ - કૃતયુગ્મ રાશિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***અનુત્તરવિમાન સિવાય શેષ સર્વ સ્થાનોમાં પૂર્વવત્ ઉપપાત સમજવો જોઈએ.***

એનું પરિમાણ, અપહાર, ઊંચાઈ, બંધ, વેદ, વેદન, ઉદય અને ઉદીરણા કૃષ્ણલેશ્યાશતકના સમાન છે.

તેઓ કૃષ્ણલેશ્યીથી શુક્લલેશ્યી પર્યંત છએ લેશ્યાવાળા હોય છે.

તેઓ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતાં નથી, માત્ર મિથ્યાદૃષ્ટિ હોય છે.

તેઓ જ્ઞાની હોતાં નથી, અજ્ઞાની હોય છે.

આ પ્રકારે સર્વકથન કૃષ્ણલેશ્યી શતકના સમાન છે.

વિશેષ - તેઓ વિરત અને વિરતાવિરત હોતાં નથી, પરંતુ અવિરત હોય છે.

એનો સંચિટ્ઠણાકાળ અને સ્થિતિ ઔધિક ઉદ્દેશક અનુસાર સમજવો જોઈએ.

એનામાં આરંભના પાંચ સમુદ્ઘાત મળી આવે છે.

અનુત્તર વિમાન સિવાય પૂર્વવત્ ઉદ્વર્તના સમજવી જોઈએ.

પ્ર. ભંતે ! શું સર્વપ્રાણ **-યાવત્-** સર્વ સત્વ પૂર્વે ઉત્પન્ન થયેલાં છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

શેષ કૃષ્ણલેશ્યા શતકની સમાન અનંતવાર ઉત્પન્ન થયાં છે પર્યંત સમજવું જોઈએ

આ પ્રકારે સોળે યુગ્મો માટે સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! પ્રથમ સમયોત્પન્ન અભવસિદ્ધિક કૃતયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા સંજ્ઞી પંચેન્દ્રિયજીવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***પ્રથમ સમયના સંજ્ઞી ઉદ્દેશકના અનુસાર સર્વત્ર સમજવો જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णवरं-सम्मत्तं, सम्मामिच्छत्तं, नाणं च सव्वत्थ नत्थि ।

सेसं तहेव ।

एवं एत्थ वि एक्कारस उद्देसगा कायव्वा,

पढम-तइय-पंचमा एक्कगमा ।

सेसा अट्ठ वि एक्कगमा ।

- विया. स. ४०, १५/स.पं., उ. १-११

વિશેષ : સમ્યક્ત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને જ્ઞાન સર્વત્ર હોતું નથી.

શેષ કથન પૂર્વવત્ છે.

આ પ્રકારે આ શતકમાં પણ અગિયાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

એમાંથી પ્રથમ, તૃતીય અને પંચમ આ ત્રણે ઉદ્દેશક સમાન પાઠવાળા છે.

શેષ આઠ ઉદ્દેશકો પણ એક સમાન છે.

૫. कण्हलेस्स-भवसिद्धिय-कडजुम्म-कडजुम्म-सन्नि-पंचेंदिया णं भंते ! कओहिंतो उववज्जंति ?

૫. ભંતે ! કૃષ્ણલેશ્યી - અભવસિદ્ધિક કૃતયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા સંજ્ઞી પંચેન્દ્રિયજીવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

૩. गोयमा ! ***जहा एएसिं चेव ओहियसयं तहा कण्हलेस्ससयंपि, णवरं -***

૩. ગૌતમ ! ***જે પ્રકારે એનું ઔધિક શતક કહ્યું છે તે જ પ્રકારે કૃષ્ણલેશ્યી શતક સમજવું જોઈએ. વિશેષ -***

૫. ते णं भंते ! जीवा कण्हलेस्सा ?

૫. ભંતે ! શું તે જીવો કૃષ્ણલેશ્યાવાળા છે ?

૩. हंता, गोयमा ! कण्हलेसा ।

૩. હા, ગૌતમ ! તે કૃષ્ણલેશ્યાવાળા છે.

ठिई संचिट्ठणा य जहा कण्हलेस्ससए । सेसं तं चेव ।

-विया. स. ४०, १६ / स.पं., उ. १-११

એમની સ્થિતિ અને સંચિટ્ઠણાકાળ કૃષ્ણલેશ્યા શતકના સમાન છે, શેષ કથન પૂર્વવત્ છે.

एवं छहि वि लेसाहिं छ सया कायव्वा जहा कण्हलेस्ससयं,

જે પ્રકારે કૃષ્ણલેશ્યી શતક કહ્યું, તે જ પ્રકારે છયે લેશ્યા સંબંધિત છયે શતક સમજવા જોઈએ.

णवरं-संचिट्ठणा, ठिई य जहेव ओहिएसु तहेव भाणियव्वा,

વિશેષ - સંચિટ્ઠણાકાળ અને સ્થિતિનું કથન ઔધિક શતકના સમાન સમજવું જોઈએ.

णवरं-सुक्कलेसाए उक्कोसेणं एक्कतीसं सागरोवमाइं अंतोमुहुत्तमब्भहियाइं,

વિશેષ - શુક્લલેશ્યાના ઉત્કૃષ્ટ સંચિટ્ઠણાકાળ અન્તર્મુહૂર્ત અધિક એકત્રીસ સાગરોપમ છે.

ठिई एवं चेव ।

સ્થિતિ પણ આ જ પ્રકારે છે.

णवरं-अंतोमुहुत्तो नत्थि, **जहन्नगं तहेव,**

વિશેષ - ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્તથી અધિક નહીં કહેવી જોઈએ. ***જઘન્ય એ જ પ્રકારે સમજવું જોઈએ.***

सव्वत्थ सम्मत्तं, नाणाणि नत्थि ।

એનામાં સર્વત્ર સમ્યક્ત્વ અને જ્ઞાન હોતું નથી,

विरई, विरयाविरई, अणुत्तरविमाणोववत्ती एयाणि नत्थि ।

એની વિરતિ, વિરતાવિરતિ અને અનુત્તરવિમાનોમાં ઉત્પત્તિ હોતી નથી.

૫. भंते ! सव्वपाणा **-जाव-** सव्व सत्ता पुव्वोववन्ना ?

૫. ભંતે ! સર્વ પ્રાણ **-યાવત્-** સર્વ સત્વ પૂર્વમાં ઉત્પન્ન થયેલાં છે ?

૩. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

૩. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

एवं एयाणि सत्त अभवसिद्धीय-महाजुम्मसयाणि भवंति ।

-विया. स. ४०, १७-२१ / स.पं., उ. १-११

આ પ્રકારે એ સાત અભવસિદ્ધિક મહાયુગ્મશતક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं एयाणि एक्कवीसं सन्निमहाजुम्मसयाणि ।

सव्वाणि वि एक्कासीइं महाजुम्मसयाणि ।

- विया. स. ४०, सु. १

આ પ્રકારે આ સંજ્ઞી પંચેન્દ્રિયના એકવીસ મહાયુગ્મશતક થયા.

બધાં મળીને મહાયુગ્મ-સંબંધિત એકાસી શતક સંપૂર્ણ થયા.

३९. रासिजुम्मस्स भेया तेसिं लक्खणाणि य परूवणं-

प. कइ णं भंते ! रासीजुम्मा पण्णत्ता ?

उ. गोयमा ! चत्तारि रासीजुम्मा पण्णत्ता, तं जहा-

१. कडजुम्मे **-जाव-** ४. कलिओए ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"चत्तारि रासीजुम्मा पण्णत्ता, तं जहा-

१. कडजुम्मे **-जाव-** ४. कलिओए ?"

उ. गोयमा ! जेणं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे चउपज्जवसिए, से तं रासीजुम्म कडजुम्मे **एवं-जाव-** जेणं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे एगपज्जवसिए, से तं रासीजुम्म कलिओए ।

से तेणट्ठेणं गोयमा । एवं वुच्चइ-

"चत्तारि रासीजुम्मा पण्णत्ता, तं जहा-

१. कडजुम्मे **-जाव-** ४. कलिओए ।"

-विया. स. ४१, उ. १, सु. १

૩૯. રાશિયુગ્મના ભેદ અને એમના લક્ષણોનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! રાશિયુગ્મ કેટલા કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! રાશિયુગ્મ ચાર કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. કૃતયુગ્મ **-યાવત્-** ૪. કલ્યોજ.

પ્ર. ભંતે ! કયા કારણથી એમ કહેવાય છે કે -

"રાશિયુગ્મ ચાર છે, જેમકે -

૧. કૃતયુગ્મ **-યાવત્-** ૪. કલ્યોજ."

ઉ. ગૌતમ ! જે રાશિમાંથી ચાર-ચાર અપહાર (બાદ) કરતાં અંતમાં ચાર શેષ રહે, તે રાશિ યુગ્મ 'કૃતયુગ્મ' કહેવાય છે. **આ પ્રકારે -યાવત્-** જે રાશિમાંથી ચાર-ચાર અપહાર (બાદ) કરતાં અંતમાં એક શેષ રહે, તે રાશિયુગ્મ 'કલ્યોજ' કહેવાય છે.

આ કારણથી ગૌતમ ! એમ કહેવાય છે કે -

રાશિયુગ્મ ચાર છે, જેમકે -

૧. કૃતયુગ્મ **-યાવત્-** ૪. કલ્યોજ.

४०. रासीजुम्म कडजुम्मेसु चउवीसदंडएसु उववायाइ परूवणं-

प. **दं. १.** रासीजुम्म-कडजुम्म नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***उववाओ जहा वक्कंतीए ।***

प. ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ?

उ. गोयमा ! चत्तारि वा, अट्ठ वा, बारस वा, सोलस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति ।

प. ते णं भंते ! जीवा किं संतरं उववज्जंति, निरंतरं उववज्जंति ?

उ. गोयमा ! संतरं पि उववज्जंति, निरंतरं पि उववज्जंति ।

संतरं उववज्जमाणा जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं असंखेज्जे समये अंतरं कट्टु उववज्जंति ।

૪૦. રાશિયુગ્મ કૃતયુગ્મવાળા ચોવીસદંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ્ર. **દં.૧.** ભંતે ! રાશિયુગ્મ કૃતયુગ્મવાળા નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***એનો ઉપપાત (દેવ અથવા નારકજીવની ઉત્પત્તિ) વ્યુત્ક્રાંતિપદના અનુસાર સમજવો જોઈએ.***

પ્ર. ભંતે ! તે જીવો એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! તેઓ ચાર, આઠ, બાર, સોળ, સંખ્યાત અથવા અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

પ્ર. ભંતે ! તે જીવો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરન્તર ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! તે જીવો સાન્તર પણ ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે.

સાન્તર ઉત્પન્ન થાય ત્યારે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયનું અંતર રાખીને ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निरंतरं उववज्जमाणा जहण्णेणं दो समया, उक्कोसेणं असंखेज्जा समया अणुसमयं अविरहियं निरंतरं उववज्जंति ।

નિરંતર ઉત્પન્ન થાય ત્યારે જઘન્ય બે સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમય સુધી નિરંતર પ્રતિસમય અવિરહિતરૂપે ઉત્પન્ન થાય છે.

प. ते णं भंते ! जीवा जं समयं कडजुम्मा तं समयं तेओया ?

जं समयं तेओया तं समयं कडजुम्मा ?

પ્ર. ભંતે ! તે જીવો જે સમયે કૃતયુગ્મરાશિવાળા હોય છે, તે જ સમયે શું ત્યોજરાશિવાળા પણ હોય છે ?

જે સમયે ત્યોજરાશિવાળા હોય છે, તે જ સમયે શું કૃતયુગ્મરાશિવાળા પણ હોય છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

प. जं समयं कडजुम्मा तं समयं दावरजुम्मा, जं समयं दावरजुम्मा तं समयं कडजुम्मा ?

પ્ર. ભંતે ! તે જીવો જે સમયે કૃતયુગ્મવાળા હોય છે, તે જ સમયે શું દ્વાપરયુગ્મવાળા હોય છે, જે સમયે તેઓ દ્વાપરયુગ્મવાળા હોય છે, તે જ સમયે શું કૃતયુગ્મવાળા હોય છે ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

प. जं समयं कडजुम्मा तं समयं कलिओया, जं समयं कलिओया तं समयं कडजुम्मा ?

પ્ર. ભંતે ! તે જીવો જે સમયે કૃતયુગ્મવાળા હોય છે, તે જ સમયે શું કલ્યોજ હોય છે, જે સમયે કલ્યોજવાળા હોય છે, તે જ સમયે શું કૃતયુગ્મરાશિવાળા હોય છે ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

प. ते णं भंते ! जीवा कहं उववज्जंति ?

પ્ર. ભંતે ! તે જીવો (નૈરયિક) કેવી રીતે ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! से जहानामए पवए पवमाणे अज्झवसाण निवत्तिएणं करणोवाएणं सेयकाले तं ठाणं विप्पजहित्ता पुरिमठाणं उवसंपज्जित्ताणं विहरइ, एवामेव ते वि जीवा पवओविव पवमाणा अज्झवसाणं निव्वत्तिएणं करणोवाएणं सेयकाले तं भवं विप्पजहित्ता पुरिमं भवं उवसंपज्जित्ताणं विहरंति **-जाव-** आयप्पयोगेणं उववज्जंति, नो परप्पयोगेणं उववज्जंति ।

ઉ. ગૌતમ ! જેવી રીતે કોઈ કૂદનાર પુરુષ કૂદતાં-કૂદતાં અધ્યવસાય (પુરુષાર્થ) નિષ્પન્ન ક્રિયા સાધન દ્વારા પોતાના પૂર્વસ્થાનને છોડી ભવિષ્યકાળમાં આગળના સ્થાનને પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે તે જીવો પણ કૂદનારની જેમ કૂદતાં-કૂદતાં અધ્યવસાય નિષ્પન્ન ક્રિયા સાધન દ્વારા પૂર્વભવને ત્યજીને આગામીભવને પ્રાપ્ત કરી ઉત્પન્ન થાય છે **-યાવત્-** તેઓ આત્મપ્રયોગ દ્વારા ઉત્પન્ન થાય છે, પર-પ્રયોગ દ્વારા ઉત્પન્ન થતાં નથી.

प. ते णं भंते ! जीवा किं आयजसेणं उववज्जंति, आय अजसेणं उववज्जंति ?

પ્ર. ભંતે ! તે જીવો આત્મ-યશ (આત્મ-સંયમ) દ્વારા ઉત્પન્ન થાય છે કે આત્મ-અયશ (આત્મ-અસંયમ) દ્વારા ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! नो आयजसेणं उववज्जंति, आयअजसेणं उववज्जंति ।

ઉ. ગૌતમ ! તે આત્મ-યશ દ્વારા ઉત્પન્ન નથી થતા પરંતુ આત્મ-અયશ દ્વારા ઉત્પન્ન થાય છે.

प. जइ आयअजसेणं उववज्जंति किं आयजसं उवजीवंति, आयअजसं उवजीवंति ?

પ્ર. જો તે જીવો આત્મ-અયશ દ્વારા ઉત્પન્ન થાય છે તો તેઓ શું આત્મ-યશ દ્વારા જીવનનિર્વાહ કરે છે કે આત્મ-અયશ દ્વારા જીવનનિર્વાહ કરે છે ?

उ. गोयमा ! नो आयजसं उवजीवंति, आयअजसं उवजीवंति ।

ઉ. ગૌતમ ! તે જીવો આત્મ-યશ દ્વારા જીવનનિર્વાહ નથી કરતાં, પરંતુ આત્મ-અયશ દ્વારા જીવનનિર્વાહ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जइ आयअजसं उवजीवंति किं सलेस्सा, अलेस्सा ?

उ. गोयमा ! सलेस्सा, नो अलेस्सा ।

प. जइ सलेस्सा किं सकिरिया, अकिरिया ?

उ. गोयमा ! सकिरिया, नो अकिरिया ।

प. जइ सकिरिया तेणेव भवग्गहणेणं सिज्झंति **-जाव-** सव्वदुक्खाणं अंत करेंति ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

प. दं. २. रासीजुम्म-कडजुम्म-असुरकुमारा णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***जहेव नेरइया तहेव निरवसेसं ।***

प्र. જો તેઓ આત્મ-અયશ દ્વારા જીવનનિર્વાહ કરે છે, તો તે સલેશ્યી હોય છે કે અલેશ્યી હોય છે ?

ઉ. ગૌતમ ! તેઓ સલેશ્યી હોય છે, અલેશ્યી હોતાં નથી.

પ્ર. જો તેઓ સલેશ્યી હોય છે તો ક્રિયાસહિત હોય છે કે ક્રિયારહિત હોય છે ?

ઉ. ગૌતમ ! તેઓ સક્રિય હોય છે, અક્રિય હોતાં નથી.

પ્ર. જો તેઓ સક્રિય હોય છે તો શું આ ભવને ગ્રહણ કરીને સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વદુઃખોનો અંત કરે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. **દં.૨.** ભંતે ! રાશિયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા અસુરકુમાર કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રકારે નૈરયિકના વિષયમાં સમજાવવામાં આવ્યું છે, તે જ પ્રકારે અહિંયા પણ સંપૂર્ણરીતે સમજવું જોઈએ.***

दं. ३-२०. *एवं -जाव- पंचेंदिय-तिरिक्खजोणिया,*

णवरं-वणस्सइकाइया **-जाव-** असंखेज्जा वा, अणंता वा उववज्जंति ।

सेसं तं चेव ।

दं. २१. *मणुस्सा वि एवं चेव -जाव- नो आयजसेणं उववज्जंति, आयअजसेणं उववज्जंति ।*

દં.૩-૨૦. *આ પ્રકારે પંચેન્દ્રિયતિર્યંચયોનિક પર્યંત સર્વકથન સમજવું જોઈએ.*

વિશેષ - વનસ્પતિકાયિક જીવ-**યાવત્-** અસંખ્યાત કે અનંત ઉત્પન્ન થાય છે.

શેષ સર્વ કથન પૂર્વ સમાન છે.

દં.૨૧. *મનુષ્યોનું કથન પણ આ પ્રકારે તે આત્મ-યશ દ્વારા ઉત્પન્ન નથી થતાં, પરંતુ આત્મ-અયશ દ્વારા ઉત્પન્ન થાય છે પર્યંત સમજવું જોઈએ.*

प. जइ आयअजसेणं उववज्जंति किं आयजसं उवजीवंति, आयअजसं उवजीवंति ?

उ. गोयमा ! आयजसं पि उवजीवंति, आयअजसं पि उवजीवंति ।

प. जइ आयजसं उवजीवंति किं सलेस्सा, अलेस्सा ?

उ. गोयमा ! सलेस्सा वि, अलेस्सा वि ।

प. जइ अलेस्सा किं सकिरिया, अकिरिया ?

उ. गोयमा ! नो सकिरिया, अकिरिया ।

પ્ર. જો તે (મનુષ્ય) આત્મ-અયશ દ્વારા ઉત્પન્ન થાય છે તો શું તે આત્મ-યશ દ્વારા જીવન-નિર્વાહ કરે છે કે આત્મ-અયશ દ્વારા જીવનનિર્વાહ કરે છે ?

ઉ. ગૌતમ ! તે આત્મ-યશ દ્વારા જીવન-નિર્વાહ કરે છે અને આત્મ-અયશ દ્વારા પણ જીવનનિર્વાહ કરે છે.

પ્ર. જો તેઓ આત્મયશ દ્વારા જીવન-નિર્વાહ કરે છે તો સલેશ્યી હોય છે કે અલેશ્યી હોય છે ?

ઉ. ગૌતમ ! તેઓ સલેશ્યી પણ હોય છે અને અલેશ્યી પણ હોય છે.

પ્ર. જો તેઓ અલેશ્યી હોય છે તો સક્રિય હોય છે કે અક્રિય હોય છે ?

ઉ. ગૌતમ ! તેઓ સક્રિય નથી હોતાં, પરંતુ અક્રિય હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. जइ अकिरिया तेणेव भवग्गहणेणं सिज्जंति **-जाव-** सव्वदुक्खाणं अंतं करेंति ?

પ્ર. જો તે અક્રિય હોય છે તો શું એ જ ભવને ગ્રહણ કરી સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વદુઃખોનો અંત કરે છે ?

उ. हंता, गोयमा ! सिज्झंति **-जाव-** सव्वदुक्खाणं अंतं करेंति ।

ઉ. હા, ગૌતમ ! તેઓ એ જ ભવમાં સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વદુઃખોનો અંત કરે છે.

પ. जइ सलेस्सा किं सकिरिया, अकिरिया ?

પ્ર. જો તેઓ સલેશ્યી હોય છે તો સક્રિય હોય છે કે અક્રિય હોય છે ?

उ. गोयमा ! सकिरिया, नो अकिरिया ।

ઉ. ગૌતમ ! તેઓ સક્રિય હોય છે, અક્રિય હોતાં નથી.

પ. जइ सकिरिया तेणेव भवग्गहणेणं सिज्जंति **-जाव-** सव्वदुक्खाणं अंतं करेंति ?

પ્ર. જો તેઓ સક્રિય હોય છે તો શું એ જ ભવને ગ્રહણ કરી સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વદુઃખોનો અંત કરે છે ?

उ. गोयमा ! अत्थेगइया तेणेव भवग्गहणेणं सिज्झंति **-जाव-** सव्वदुक्खाणं अंतं करेंति, अत्थेगइया नो तेणेव भवग्गहणेणं सिज्झंति **-जाव-** नो सव्वदुक्खाणं अंतं करेंति ।

ઉ. ગૌતમ ! કેટલાક (મનુષ્ય) એ જ ભવમાં સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વદુઃખોનો અંત કરે છે, કેટલાક મનુષ્ય એ જ ભવમાં સિદ્ધ નથી થતા **-યાવત્-** સર્વદુઃખોનો અંત કરતાં નથી.

પ. जइ आयअजसं उवजीवंति किं सलेस्सा, अलेस्सा ?

પ્ર. જો તેઓ આત્મ-અયશ દ્વારા જીવન-નિર્વાહ કરે છે તો સલેશ્યી હોય છે કે અલેશ્યી હોય છે ?

उ. गोयमा ! सलेस्सा, नो अलेस्सा ।

ઉ. ગૌતમ ! તેઓ સલેશ્યી હોય છે, અલેશ્યી હોતાં નથી.

પ. जइ सलेस्सा किं सकिरिया अकिरिया ?

પ્ર. જો તેઓ સલેશ્યી હોય છે તો શું સક્રિય હોય છે કે અક્રિય હોય છે ?

उ. गोयमा ! सकिरिया, नो अकिरिया ।

ઉ. ગૌતમ ! તેઓ સક્રિય હોય છે, અક્રિય હોતાં નથી.

પ. जइ सकिरिया तेणेव भवग्गहणेणं सिज्झंति **-जाव-** सव्वदुक्खाणं अंतं करेंति ?

પ્ર. જો તેઓ સક્રિય હોય છે તો શું એ જ ભવમાં સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

दं. २२-२४. ***वाणमंतर-जोइसिय-वेमाणिया जहा नेरइया ।***

દં.૨૨-૨૪. ***વાણવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનું કથન નૈરયિકોના સમાન છે.***

-विया. स. ४१, उ. १, सु. २-११

४१. रासीजुम्मतेएसु चउवीसदंडएसु उववायाइ परूवणं-

૪૧. રાશિ-યુગ્મ ત્ર્યોજરાશિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ. **दं. १.** रासीजुम्मतेओय-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

પ્ર. **દં.૧.** ભંતે ! રાશિયુગ્મ-ત્ર્યોજરાશિવાળા નૈરયિક ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! ***उववाओ जहा वक्कंतिए ।***

ઉ. ગૌતમ ! ***એનો ઉપપાત વ્યુત્ક્રાંતિ પદના અનુસાર સમજવો જોઈએ.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णवरं-परिमाणं--तिण्णि वा, सत्त वा, एक्कारस वा, पन्नरस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति।

संतरं तहेव।

प. ते णं भंते ! जीवा जं समयं तेओया तं समयं कडजुम्मा ?

जं समयं कडजुम्मा तं समयं तेओया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ते णं भंते ! जीवा जं समयं तेओया तं समयं दावरजुम्मा ?

जं समयं दावरजुम्मा तं समयं तेओया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

एवं कलिओएण वि समं।

दं. २-२४. ***सेसं तं चेव -जाव- वेमाणिया,***

णवरं-उववाओ सव्वेसिं जहा वक्कंतिए।

-विया. स. ४१, उ. २, सु. १-३

विशेष - परिमाण त्रण, सात, अगियार, पंदर संख्यात के असंख्यात उत्पन्न थाय छे.

सान्तर निरंतरनुं कथन पूर्ववत् समजवुं जोईओ.

प्र. भंते ! ते जीव जे समये त्र्योजराशिवाळा होय छे तो शुं ओ समये (तेओ) कृतयुग्मराशिवाळा होय छे ?

जे समये कृतयुग्मराशिवाळा होय छे, शुं ओ समये त्र्योजराशिवाळा होय छे ?

उ. गौतम ! आ अर्थ समर्थ नथी.

प्र. भंते ! जे समये ते जीवो त्र्योजराशिवाळा होय छे तो शुं ओ समये द्वापरयुग्मराशिवाळा होय छे ?

जे समये तेओ द्वापरयुग्मराशिवाळा होय छे तो शुं ओ समये तेओ त्र्योजराशिवाळा होय छे ?

उ. गौतम ! आ अर्थ समर्थ नथी.

कल्योजराशिनी साथे कृतयुग्मादिराशिनुं कथन पण आ ज प्रकारे समजवुं जोईओ.

दं.२-२४. ***शेष सर्व कथन पूर्ववत् वैमानिक पर्यंत समजवुं जोईओ.***

विशेष - सर्वनो उपपात व्युत्क्रांति पदानुसार समजवो जोईओ.

४२. रासीजुम्मदावर जुम्मेसु चउवीसदंडएसु उववायाइ परूवणं -

४२. राशियुग्म-द्वापरयुग्मवाळा चोवीसं दंडकोमां उत्पातादिनुं प्ररूपण :

प. **दं.१.** रासीजुम्म-दावरजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***उववाओ जहा वक्कंतिए।***

णवरं-परिमाणं दो वा, छ वा, दस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति।

प. ते णं भंते ! जीवा जं समयं दावरजुम्मा तं समयं कडजुम्मा ? जं समयं कडजुम्मा तं समयं दावरजुम्मा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

एवं तेयोएण वि समं।

प्र. **दं.१.** भंते ! राशियुग्म-द्वापरयुग्मराशिवाळा नैरयिक क्यांथी आवीने उत्पन्न थाय छे ?

शुं तेओ नैरयिकोथी आवीने उत्पन्न थाय छे **-यावत्-** देवोथी आवीने उत्पन्न थाय छे ?

उ. गौतम ! ***एनो उपपात व्युत्क्रांतिपदना अनुसार समजवो जोईओ.***

विशेष-परिमाण बे, छ, दस, संख्यात के असंख्यात उत्पन्न थाय छे.

प्र. भंते ! ते जीवो जे समये द्वापरयुग्मवाळा होय छे तो शुं ते समये कृतयुग्मवाळा होय छे ? जे समये कृतयुग्मवाळा होय छे तो शुं ते समये द्वापरयुग्म-वाळा होय छे ?

उ. गौतम ! आ अर्थ समर्थ नथी.

आ ज प्रकारे त्र्योजराशिवाळा साथे पण समजवुं जोईओ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं कलिओएण वि समं ।

આ જ પ્રકારે કલ્યોજરાશિવાળા સાથે પણ સમજવું જોઈએ.

दं. २-२४. *सेसं जहा पढमुद्देसए -जाव- वेमाणिया ।*
- विया. स. ४१, उ. ३, सु. १-३

દં.૨-૨૪. *શેષ સર્વ કથન વૈમાનિકો પર્યંત પ્રથમ ઉદ્દેશકના સમાન છે.*

४३. रासीजुम्मकलिओएसु चउवीसदंडएसु उववायाइ परूवणं-

४૩. રાશિયુગ્મ-કલ્યોજરાશિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ :

प. दं. १. जइ रासीजुम्म-कलिओय-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति **-जाव-** देवेहिंतो उववज्जंति ?

પ્ર. દં.૧. ભંતે ! રાશિયુગ્મ-કલ્યોજરાશિવાળા નૈરયિક ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

શું તેઓ નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય છે **-યાવત્-** દેવોથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! *उववाओ जहा वक्कंतीए ।*

ઉ. ગૌતમ ! *એનો ઉપપાત વ્યુત્ક્રાંતિપદના અનુસાર સમજવો જોઈએ.*

णवरं-परिमाणं एक्को वा, पंच वा, नव वा, तेरस वा, संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति ।

વિશેષ - પરિમાણ એક, પાંચ, નવ, તેર, સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

प. ते णं भंते ! जीवा जं समयं कलिओया तं समयं कडजुम्मा ?

जं समयं कडजुम्मा, तं समयं कलिओया ?

પ્ર. ભંતે ! તે જીવો જે સમયે કલ્યોજ છે તો શું તે જ સમયે કૃતયુગ્મવાળા હોય છે ?

જે સમયે કૃતયુગ્મ છે, શું તે જ સમયે કલ્યોજવાળા હોય છે ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे ।

एवं तेओयेण वि समं ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

એ જ પ્રકારે ત્યોજની સાથે કૃતયુગ્માદિનું કથન સમજવું જોઈએ.

एवं दावरजुम्मेण वि समं ।

દ્વાપરયુગ્મની સાથે કૃતયુગ્માદિનું કથન પણ એ જ પ્રકારે સમજવું જોઈએ.

दं. २-२४. *सेसं जहा पढमुद्देसए -जाव- वेमाणिया ।*
- विया. स. ४१, उ. ४, सु. १-३

દં. ૨-૨૪. *શેષ સર્વકથન પ્રથમ ઉદ્દેશકના સમાન વૈમાનિક પર્યંત સમજવું જોઈએ.*

४४. सलेस्स रासीजुम्म कडजुम्माइ चउवीसदंडएसु उववायाइ परूवणं-

४૪. સલેશ્ય રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ :

प. कण्हलेस्स-रासीजुम्म-कडजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યી રાશિયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા નૈરયિક ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! *उववाओ जहा धूमप्पभाए ।*

ઉ. ગૌતમ ! *એનો ઉપપાત ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિકોના સમાન સમજવો જોઈએ.*

सेसं जहा पढमुद्देसए ।

શેષ સર્વ કથન પ્રથમ ઉદ્દેશકના અનુસાર સમજવું જોઈએ.

असुरकुमाराणं तहेव एवं -जाव- वाणमंतराणं ।

અસુરકુમારોના વિષયમાં પણ આ જ પ્રકારે વાણવ્યન્તરો પર્યંત સમજવું જોઈએ.

मणुस्साण वि जहेव नेरइयाणं ।

મનુષ્યના વિષયમાં પણ નૈરયિકોની સમાન કથન કરવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आयअजसं उवजीवंति ।

તેઓ આત્મ-અયશ (અસંયમ) પૂર્વક જીવન-નિર્વાહ કરે છે.

अलेस्सा अकिरिया, तेणेव भवग्गहणेणं सिज्झंति एवं न भाणियव्वं ।

અલેશ્યી અક્રિય તથા એ જ ભવમાં સિદ્ધ થવાનું કથન નહીં કરવું જોઈએ.

सेसं जहा पढमुद्देसए ।

શેષ સર્વકથન પ્રથમોદ્દેશકના સમાન છે.

-विया. स. ४१, उ. ५, सु. १-३

कण्हलेस्सतेयोएहि वि एवं चेव उद्देसओ ।

કૃષ્ણલેશ્યી ત્ર્યોજરાશિ નૈરયિકનું ઉદ્દેશક પણ આ જ પ્રકારે સમજવું જોઈએ.

-विया. स. ४१, उ. ६, सु. १

कण्हलेस्सदावरजुम्मेहि वि एवं चेव उद्देसओ ।

કૃષ્ણલેશ્યી દ્વાપરયુગ્મરાશિવાળા નૈરયિકનું ઉદ્દેશક પણ આ જ પ્રકારે સમજવો જોઈએ.

-विया. स. ४१, उ. ७, सु. १

कण्हलेस्सकलिओएहि वि एवं चेव उद्देसओ ।

કૃષ્ણલેશ્યી કલ્યોજરાશિવાળા નૈરયિકોનું ઉદ્દેશક પણ આ જ પ્રકારે સમજવો જોઈએ.

परिमाणं संवेहो य जहा ओहिएसु उद्देसएसु ।

એનું પરિમાણ અને સંવેધ ઔધિક ઉદ્દેશકના અનુસાર સમજવું જોઈએ.

-विया. स. ४१, उ. ८, सु. १

जहा कण्हलेस्सेहिं एवं नीललेस्सेहि वि चत्तारि उद्देसगा भाणियव्वा निरवसेसा,

જે પ્રકારે કૃષ્ણલેશ્યાના ચાર ઉદ્દેશક કહ્યા એ જ પ્રકારે નીલલેશ્યાના પણ સમગ્રરૂપે ચાર ઉદ્દેશક સમજવા જોઈએ.

णवरं-नेरइयाणं उववाओ जहा वालुयप्पभाए ।

વિશેષ - નૈરયિકોના ઉપપાતનું કથન વાલુકાપ્રભાની સમાન સમજવું જોઈએ.

सेसं तं चेव ।

શેષ સર્વ કથન પૂર્વવત્ છે.

-विया. स. ४१, उ. ९-१२, सु. १

काउलेस्से वि एवं चेव चत्तारि उद्देसगा कायव्वा ।

આ જ પ્રકારે કાપોતલેશ્યાના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

णवरं-नेरइयाणं उववाओ जहा रयणप्पभाए ।

વિશેષ - નૈરયિકોનો ઉપપાત રત્નપ્રભા પૃથ્વીના સમાન સમજવો જોઈએ.

सेसं तं चेव ।

શેષ સર્વ કથન પૂર્વવત્ છે.

-विया. स. ४१, उ. १३-१६, सु. १

प. तेउलेस्सरासीजुम्म-कडजुम्म-असुरकुमारा णं भंते ! कओहिंतो उववज्जंति ?

પ્ર. ભંતે ! તેજોલેશ્યાવાળા રાશિયુગ્મ-કૃતયુગ્મરૂપ અસુરકુમાર કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! ***एवं चेव ।***

णवरं-जेसु तेउलेस्सा अत्थि तेसु भाणियव्वं ।

ઉ. ગૌતમ ! ***એનું કથન પૂર્વવત્ સમજવું જોઈએ.***

વિશેષ - જેનામાં તેજોલેશ્યા હોય છે એના માટે જ સમજવું જોઈએ.

एवं एए वि कण्हलेस्ससरिसा चत्तारि उद्देसगा कायव्वा ।

આ પ્રકારે એના પણ કૃષ્ણલેશ્યા સદૃશ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

-विया. स. ४१, उ. १७-२०, सु. १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं पम्हलेस्साए वि चत्तारि उद्देसगा कायव्वा ।

આ જ પ્રકારે પદ્મલેશ્યાના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

पंचेंदियतिरिक्खजोणियाणं, मणुस्साणं, वेमाणियाण य एएसिं पम्हलेस्सा, सेसाणं नत्थि ।

પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્ય અને વૈમાનિકોમાં પદ્મલેશ્યા હોય છે. બાકીમાં હોતી નથી.

-विया. स. ४१, उ. २१-२४, सु. १

जहा पम्हलेस्साए एवं सुक्कलेस्साए वि चत्तारि उद्देसगा कायव्वा,

જે પ્રકારે પદ્મલેશ્યાના ચાર ઉદ્દેશક કહ્યા છે તે જ પ્રકારે શુક્લલેશ્યાના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

णवरं-मणुस्साणं गमओ जहा ओहिय उद्देसएसु, *सेसं तं चेव ।*

વિશેષ - મનુષ્યોને માટે ઔધિક ઉદ્દેશકના અનુસાર સમજવું જોઈએ. **શેષ સર્વ કથન પૂર્વવત્ છે.**

एवं एए छसु लेस्सासु चउवीसं उद्देसगा भवंति ।

આ જ પ્રકારે આ છ લેશ્યાઓના ચોવીસ ઉદ્દેશક હોય છે.

ओहिया चत्तारि ।

ચાર ઔધિક ઉદ્દેશક છે.

सव्वेए अट्ठावीसं उद्देसगा भवंति ।

આ બધાં મળીને અઠ્યાવીસ ઉદ્દેશક થાય છે.

-विया. स. ४१, उ. २५-२८, सु. १-२

४५. भवसिद्धीय रासीजुम्म कडजुम्माइ चउवीसदंडएसु उववायाइ परूवणं-

૪૫. ભવસિદ્ધિક રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ :

प. भवसिद्धीय-रासीजुम्म-कडजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

પ્ર. ભંતે ! ભવસિદ્ધિક રાશિયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! *जहा ओहिया पढमगा चत्तारि उद्देसगा तहेव निरवसेसं एए चत्तारि उद्देसगा ।*

ઉ. ગૌતમ ! *જે પ્રકારે ઔધિક ચાર ઉદ્દેશક કહ્યા છે, તેજ અનુસારે એના પણ સંપૂર્ણ ચારે ઉદ્દેશક સમજવાં જોઈએ.*

प. कण्हलेस्स-भवसिद्धीय-रासीजुम्म-कडजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યી ભવસિદ્ધિક રાશિયુગ્મ- કૃતયુગ્મ-રાશિવાળા નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! *जहा कण्हलेस्साए चत्तारि उद्देसगा तहा इमे वि भवसिद्धीय कण्हलेस्सेहिं चत्तारि उद्देसगा कायव्वा ।*

ઉ. ગૌતમ ! *જે પ્રકારે કૃષ્ણલેશ્યાના ચાર ઉદ્દેશક કહ્યા છે, તે જ પ્રકારે ભવસિદ્ધિક કૃષ્ણલેશ્યી જીવોના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.*

एवं नीललेस्सभवसिद्धिएहि वि चत्तारि उद्देसगा ।

એ જ પ્રકારે નીલલેશ્યી ભવસિદ્ધિક જીવોના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

एवं काउलेस्सेहि वि चत्तारि उद्देसगा ।

એ જ પ્રકારે કાપોતલેશ્યી ભવસિદ્ધિક જીવોના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

तेउलेस्सेहि वि चत्तारि उद्देसगा ओहियसरिसा ।

તેજોલેશ્યી ભવસિદ્ધિક જીવોના પણ ઔધિકના સમાન ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

पम्हलेस्सेहि वि चत्तारि उद्देसगा ।

પદ્મલેશ્યી ભવસિદ્ધિક જીવોના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

सुक्कलेस्सेहि वि चत्तारि उद्देसगा ओहियसरिसा ।

શુક્લલેશ્યી ભવસિદ્ધિક જીવોના પણ ઔધિકના સમાન ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

एवं एए वि भवसिद्धिएहिं अट्ठावीसं उद्देसगा भवंति ।

આ જ પ્રકારે ભવસિદ્ધિક જીવોના પણ અઠ્યાવીસ ઉદ્દેશક હોય છે.

-विया. स. ४१, उ. २९-५६, सु. १-८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૬. અભવસિદ્ધીય રાસીજુમ્મ કડજુમ્માઇ ચઉવીસદંડએસુ ઉવવાયાઇ પરૂવણં-

પ. અભવસિદ્ધીય-રાસીજુમ્મ-કડજુમ્મ-નેરઇયા ણં ભંતે ! કઓહિંતો ઉવવજ્જંતિ ?

ઉ. ગોયમા ! ***જહા પઢમો ઉદ્દેસગો,***

ણવરં-મણુસ્સા નેરઇયા ય સરિસા ભાણિયવ્વા। ***સેસં તહેવ।***

એવં ચઉસુ વિ જુમ્મેસુ ચત્તારિ ઉદ્દેસગા।

પ. કણ્હલેસ્સ-અભવસિદ્ધીય-રાસીજુમ્મ-કડજુમ્મ-નેરઇયા ણં ભંતે ! કઓહિંતો ઉવવજ્જંતિ ?

ઉ. ગોયમા ! ***એવં ચેવ ચત્તારિ ઉદ્દેસગા।***

એવં નીલલેસ્સ-અભવસિદ્ધીએહિ વિ ચત્તારિ ઉદ્દેસગા।

એવં કાઉલેસ્સેહિ વિ ચત્તારિ ઉદ્દેસગા।

એવં તેઉલેસ્સેહિ વિ ચત્તારિ ઉદ્દેસગા।

પમ્હલેસ્સેહિ વિ ચત્તારિ ઉદ્દેસગા।

સુક્કલેસ્સ-અભવસિદ્ધિએહિ વિ ચત્તારિ ઉદ્દેસગા।

એવં એએસુ અટ્ઠાવીસાએ વિ અભવસિદ્ધીય ઉદ્દેસએસુ મણુસ્સા નેરઇયગમેણં નેયવ્વા।

-વિયા. સ. ૪૧, ઉ. ૫૭-૮૪, સુ. ૧-૯

૪૭. સમ્મદ્દિદ્દિટ્ઠમિચ્છાદિદ્દિટ્ઠ રાસીજુમ્મકડજુમ્માઇં ચઉવીસદંડએસુ ઉવવાયાઇ પરૂવણં-

પ. સમ્મદ્દિટ્ઠિ-રાસીજુમ્મ-કડજુમ્મ-નેરઇયા ણં ભંતે ! કઓહિંતો ઉવવજ્જંતિ ?

ઉ. ગોયમા ! ***એવં જહા પઢમો ઉદ્દેસઓ।***

એવં ચઉસુ વિ જુમ્મેસુ ચત્તારિ ઉદ્દેસગા ભવસિદ્ધિયસરિસા કાયવ્વા।

૪૫. અભવસિદ્ધિક રાશિયુગ્મ-કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! અભવસિદ્ધિક-રાશિયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **પ્રથમ ઉદ્દેશકના સમાન આ ઉદ્દેશકનું કથન કરવું જોઈએ.**

વિશેષ - મનુષ્યો અને નૈરયિકોનું કથન સમાન સમજવું જોઈએ. **શેષ કથન પૂર્વવત્ છે.**

આ જ પ્રકારે ચારે યુગ્મોના ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યી - અભવસિદ્ધિક - રાશિયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **એનાં પણ પૂર્વવત્ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.**

એ જ પ્રકારે નીલલેશ્યાવાળા અભવસિદ્ધિક જીવોના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

એ જ પ્રકારે કાપોતલેશ્યાવાળા અભવસિદ્ધિક જીવોના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

તેજોલેશ્યી અભવસિદ્ધિક જીવોના પણ આ જ પ્રકારે ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

પદ્મલેશ્યી અભવસિદ્ધિક જીવોના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

શુક્લલેશ્યાવાળા અભવસિદ્ધિક જીવોના પણ ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.

આ જ પ્રકારે આ અઠ્યાવીસ અભવસિદ્ધિક ઉદ્દેશકોમાં મનુષ્યો સંબંધી કથન નૈરયિકોનાં આલાપકના સમાન સમજવું જોઈએ.

૪૭. સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! સમ્યગ્દૃષ્ટિ - રાશિયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! **પ્રથમ ઉદ્દેશકના સમાન આ ઉદ્દેશક સમજવું જોઈએ.**

એ જ પ્રકારે ચારે યુગ્મોમાં ભવસિદ્ધિકના સમાન ચારે ઉદ્દેશક સમજવાં જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. कण्हलेस्स-सम्मद्दिट्ठि-रासीजुम्म-कडजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एए वि कण्हलेस्ससरिसा चत्तारि उद्देसगा कायव्वा ।***

एवं सम्मद्दिट्ठिसु वि भवसिद्धियसरिसा अट्ठावीसं उद्देसगा कायव्वा ।

-विया. स. ४१, उ. ८५-११२, सु. १-४

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યી સમ્યગ્દૃષ્ટિ રાશિયુગ્મ-કૃતયુગ્મ-રાશિવાળાં નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***અહીંયા પણ કૃષ્ણલેશ્યાના ચાર ઉદ્દેશકના સમાન ચાર ઉદ્દેશક સમજવાં જોઈએ.***

આ જ પ્રકારે સમ્યગ્દૃષ્ટિ જીવોનાં પણ ભવસિદ્ધિક જીવોના સમાન (પ્રત્યેક લેશ્યા સંબંધિત ચાર-ચાર ઉદ્દેશક હોવાથી એના ૨૦ ઉદ્દેશક મળવાથી કુલ) અઠ્યાવીસ ઉદ્દેશક સમજવાં જોઈએ.

પ. मिच्छद्दिट्ठि-रासीजुम्म-कडजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं एत्थ वि मिच्छद्दिट्ठिअभिलावेणं अभवसिद्धियसरिसा अट्ठावीसं उद्देसगा कायव्वा ।***

-विया. स. ४१, उ. ११३-१४०, सु. १

પ્ર. ભંતે ! મિથ્યાદૃષ્ટિ-રાશિયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા નૈરયિક જીવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***મિથ્યાદૃષ્ટિના અભિલાપ (સંભાષણ)થી અહીંયા પણ અભવસિદ્ધિક ઉદ્દેશકોના સમાન અઠ્યાવીસ ઉદ્દેશક સમજવાં જોઈએ.***

૪૮. कण्हपक्खिए सुक्कपक्खिए रासीजुम्म कडजुम्माइ चउवीसदंडएसु उववायाइ परूवणं-

૪૮. કૃષ્ણપાક્ષિક-શુક્લપાક્ષિક રાશિયુગ્મ કૃતયુગ્માદિવાળા ચોવીસ દંડકોમાં ઉત્પાતાદિનું પ્રરૂપણ :

પ. कण्हपक्खिय-रासीजुम्म-कडजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

उ. गोयमा ! ***एवं एत्थ वि अभवसिद्धियसरिसा अट्ठावीसं उद्देसगा कायव्वा ।***

-विया. स. ४१, उ. १४१-१६८, सु. १

પ્ર. ભંતે ! કૃષ્ણપાક્ષિક-રાશિયુગ્મ-કૃતયુગ્મરાશિવાળા નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! ***અહીંયા પણ અભવસિદ્ધિક ઉદ્દેશકોના સમાન અઠ્યાવીસ ઉદ્દેશક સમજવાં જોઈએ.***

પ. सुक्कपक्खिय-रासीजुम्म-कडजुम्म-नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति,

પ્ર. ભંતે ! શુક્લપાક્ષિક - રાશિયુગ્મ - કૃતયુગ્મરાશિ - નૈરયિક કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! ***एवं एत्थ वि भवसिद्धियसरिसा अट्ठावीसं उद्देसगा भवंति ।***

ઉ. ગૌતમ ! ***અહીંયા પણ ભવસિદ્ધિક ઉદ્દેશકોના સમાન અઠ્યાવીસ ઉદ્દેશક હોય છે.***

પ. ***भंते ! एवं एए सव्वे वि छण्णउयं उद्देसगं भवइ रासीजुम्मसय -जाव- सुक्कलेस्ससुक्कपक्खिय-रासीजुम्म- कडजुम्मकलियोग वेमाणिया -जाव- जइ सकिरिया तेणेव भवग्गहणेणं सिज्झंति -जाव- अंतं करेंति ?***

પ્ર. ***ભંતે ! આ બધા મળીને ૧૯૬ ઉદ્દેશકોનું રાશિયુગ્મ શતક થાય છે -યાવત્- શુક્લલેશ્યવાળા શુક્લપાક્ષિક રાશિયુગ્મ-કૃતયુગ્મ-કલ્યોજરાશિવાળા વૈમાનિક -યાવત્- જો સક્રિય છે તો શું તેઓ આ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થાય છે -યાવત્- સર્વ દુઃખોનો અંત કરે છે ?***

ઉ. गोयमा ! ***नो इणट्ठे समट्ठे ।***

-विया. स. ४१, उ. १६९-१९६, सु. १-२

ઉ. ગૌતમ ! ***આ અર્થ સમર્થ નથી.***

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૧. ગમ્મા અધ્યયન

આ એક વિશિષ્ટ અધ્યયન છે જેમાં ૨૪ દંડકોના જીવોના પારસ્પરિક-ગમનાગમન (ગતિ-આગતિ)ના આધારિત ઉત્પાદ ઇત્યાદિ ૨૦ (વીસ) દ્વારોનું વર્ણન છે. આ અધ્યયન મુખ્યતઃ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના ૨૪માં શતક પર આધારિત છે. આ અધ્યયનને સમજવા માટે ગતિ, વ્યુત્ક્રાંતિ, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, કષાય, ઈન્દ્રિય, સમુદ્‌ઘાત, વેદ વગેરે અધ્યયન (સહાયક) મદદરૂપ છે. આથી આ અધ્યયનના વિષયને સમજવા માટે વાંચક ઉપર્યુક્ત અધ્યયનોની વિષય-સામગ્રીનો આધાર (આલંબન) લઈ શકે છે.

ચોવીસ દંડક છે - નૈરયિકોનું એક, દસ ભવનવાસી દેવોના ૧૦, પાંચ સ્થાવરોના ૫, વિકલેન્દ્રિયોના ૩, તિર્યંચ પંચેન્દ્રિયોનું ૧, મનુષ્યનું ૧, વાણવ્યંતર દેવોનું ૧, જ્યોતિષ્ક દેવોનું ૧ અને વૈમાનિક દેવોનું ૧. આ ચોવીસ દંડકોમાં પરસ્પર ગતિ-આગતિ અથવા વ્યુત્ક્રાંતિના આધાર પર ક્રમશઃ નિમ્નાંકિત ૨૦ દ્વારો વડે નિરૂપણ જ આ અધ્યયનનો પ્રમુખ પ્રતિપાદ્ય છે. આ ૨૦ દ્વાર છે : ૧. ઉપપાત, ૨. પરિમાણ (સંખ્યા), ૩. સંહનન, ૪. ઉચ્ચત્વ (અવગાહના), ૫. સંસ્થાન, ૬. લેશ્યા, ૭, દૃષ્ટિ, ૮. જ્ઞાન-અજ્ઞાન, ૯. યોગ, ૧૦. ઉપયોગ, ૧૧. સંજ્ઞા, ૧૨. કષાય, ૧૩. ઈન્દ્રિય, ૧૪. સમુદ્‌ઘાત, ૧૫. વેદના, ૧૬. વેદ, ૧૭. આયુષ્ય, ૧૮. અધ્યવસાય, ૧૯. અનુબંધ અને ૨૦. કાયસંવેધ.

ઉપપાત દ્વારના અંતર્ગત વિચાર કરવામાં આવ્યો છે કે અમુક દંડકનો જીવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ? પરિણામ દ્વારમાં એની ઉત્પત્તિના સંદર્ભમાં વિચાર કરવામાં આવ્યો છે. સંહનન દ્વારના અંતર્ગત અમુક દંડકમાં ઉત્પન્ન થનાર (પરંતુ અધુના **-યાવત્-** અનુત્પન્ન) જીવના સંહનનોની ચર્ચા છે. ઉચ્ચત્વ દ્વારમાં વર્તમાનભવની અવગાહના (અવસ્થિતિ)નું વર્ણન કરવામાં આવ્યું છે. સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન-અજ્ઞાન, યોગ, ઉપયોગ, સંજ્ઞા, કષાય, ઈન્દ્રિય અને સમુદ્‌ઘાત દ્વારોમાં પણ ઉત્પદ્યમાન જીવ અને એને સંબંધિત પ્રરૂપણા છે. વેદના દ્વારમાં સાતા અને અસાતા વેદનાનું તથા વેદ દ્વારમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસક વેદનો વિચાર કરવામાં આવ્યો છે. આયુષ્યદ્વારના અંતર્ગત 'સ્થિતિ'ની ચર્ચા છે. અધ્યવસાય બે પ્રકારના હોય છે - પ્રશસ્ત અને અપ્રશસ્ત. જો જીવ જે દંડકમાં ઉત્પન્ન થનાર હોય છે એને અનુસાર જ એના પ્રશસ્ત (શુભ) અથવા અપ્રશસ્ત (અશુભ) અધ્યવસાય (ભાવ) પ્રાપ્ત થાય છે. અનુબંધ અને કાયસંવેધ એ બે દ્વાર આ અધ્યયનમાં સર્વથા વિશિષ્ટ પ્રતીત થાય છે. અનુબંધનું તાત્પર્ય છે વિવક્ષિત (અપેક્ષિત) પર્યાયનું અવિચ્છિન્ન (નિરંતર) બની રહેવું તથા કાયસંવેધનું તાત્પર્ય છે વર્ણ્યમાન કાયથી અન્યકાયમાં અથવા તુલ્યકાયમાં જઈ પુનઃ એ જ કાયમાં પાછું ફરવું. કાયસંવેધ દ્વારનો વિચાર ભવાદેશ અને કાલાદેશની અપેક્ષાએ બે પ્રકારે છે.

ઉપર્યુક્ત ૨૦ દ્વારોના માધ્યમ દ્વારા પ્રત્યેક દંડકના વિવિધ પ્રકારના જીવોની જે જાણકારી આ અધ્યયનમાં સંકલ્પિત છે તે અત્યંત સૂક્ષ્મ અને યુક્તિસંગત છે. આ અધ્યયનનું અનુશીલન કરવાથી અનેક ગુત્થિયાં (ગુંચો) ઉકેલાઈ જાય છે, કારણ કે આમાં જે પ્રતિપાદન છે તે વિસ્તૃત હોવાને કારણે સૂક્ષ્મતા અને ઊંડાણ સુધી લઈ જાય છે.

પ્રારંભમાં ગતિની અપેક્ષાએ નૈરયિકોના ઉપપાતનું વર્ણન છે, જેનાથી એ સ્પષ્ટ થાય છે કે નરકમાં તિર્યંચ અને મનુષ્ય ગતિના જ જીવો આવીને ઉત્પન્ન થાય છે, નૈરયિકો અને દેવોના નહીં. તિર્યંચમાં પણ પંચેન્દ્રિયના અસંજ્ઞી તથા સંજ્ઞીના પર્યાપ્તક જીવો જ નરકમાં ઉત્પન્ન થાય છે. રત્નપ્રભા, શર્કરાપ્રભાથી તમઃપ્રભા પર્યંત અને અધઃસપ્તમ નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંજ્ઞી સંખ્યાત વર્ષાયુષ્ક પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનો ઉપપાત વગેરે ૨૦ દ્વારોમાં વિસ્તૃત નિરૂપણ છે. આ પ્રકારે આ નરકોમાં પર્યાપ્ત સંજ્ઞી સંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્યોનો ૨૦ દ્વારોથી વર્ણન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારે અસુરકુમાર, નાગકુમાર અને અન્ય ભવનવાસી દેવોમાં ઉત્પદ્યમાન પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, સંખ્યાત અને અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, સંખ્યાત અને અસંખ્યાત વર્ષાયુષ્ક મનુષ્યોનું પણ ૨૦ દ્વારોથી નિરૂપણ છે. પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થનાર ૨૩ દંડકો (નરક સિવાય) તથા અપ્કાય અને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થનાર ૨૩ દંડકો (નરક સિવાય) તથા અપ્કાય અને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થનાર ૨૩ દંડકોનું પણ ૨૦ દ્વારોથી નિરૂપણ થયેલું છે. તૈજસ્કાય અને વાયુકાયમાં ઉત્પદ્યમાન ઔદારિકના ૧૦ દંડકો (૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય, તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્ય)નું પણ ઉપપાત વગેરે દ્વારોથી નિરૂપણ ઉપલબ્ધ છે. બેઈન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયમાં પણ ઔદારિકના ૧૦ દંડકોના જીવ જ ઉત્પન્ન થાય છે. એનું પણ આ જ પ્રકારે વીસ દ્વારોથી સૂક્ષ્મ વર્ણન થયેલું છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ૨૪ જ દંડકના જીવ ઉત્પન્ન થાય છે, પરંતુ વૈમાનિકોમાં સહસ્ત્રાર દેવલોક (આઠમા) સુધીના દેવો જ તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. આ બધાનો પણ ઉપપાત વગેરેનો ૨૦ દ્વારોથી વિચાર કરવામાં આવ્યો છે. મનુષ્યના દંડકમાં ઉત્પન્ન થનાર ૨૨ દંડકો (તૈજસ્ અને વાયુકાય સિવાય)નું એ જ ૨૦ દ્વારોથી નિરૂપણ મહત્વપૂર્ણ છે. રત્નપ્રભાથી તમઃપ્રભા પૃથ્વી પર્યંતના નૈરયિકો, તિર્યંચયોનિકો અને મનુષ્યો, કલ્પોપપન્નક વૈમાનિક પર્યંત દેવો અને કલ્પાતીત વૈમાનિક દેવોની મનુષ્યરૂપે ઉત્પત્તિ દર્શાવવામાં આવી છે. સાતમી નરકના નૈરયિકો મનુષ્યરૂપે ઉત્પન્ન થતા નથી.

વાણવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના દંડકોમાં ઉત્પદ્યમાન તિર્યંચ અને મનુષ્યોનું પણ ઉત્પાદ વગેરે દ્વારોના માધ્યમ વડે નિરૂપણ થયેલું છે. વૈમાનિકોની અંતર્ગત સૌધર્મ દેવોમાં ઉત્પન્ન થનાર સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને મનુષ્યોનું ભિન્ન રીતે વર્ણન છે તથા ઈશાનથી સહસ્ત્રાર પર્યંત ઉત્પદ્યમાન તિર્યંચયોનિકો અને મનુષ્યોનું એકી સાથે વર્ણન છે. આનતથી અચ્યુત સુધી તથા કલ્પાતીત દેવો (નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાન)માં ઉત્પન્ન થનાર મનુષ્યોનું ૨૦ દ્વારોમાં પૃથક્રૂપેણ વર્ણન છે.

આ અધ્યયનમાં નિરૂપિત વર્ણન વિભિન્ન દંડકોના જીવોની વિશેષતાઓને અભિવ્યક્ત કરવાની સાથે તેમની અન્યત્ર થનાર ઉત્પત્તિથી સંબંધિત વિશેષતાઓને પણ પ્રદર્શિત કરે છે. એના દ્વારા જીવોની વિભિન્ન અવસ્થાઓનું જ્ઞાન થાય છે. ૨૦ દ્વારોના નિરૂપણમાં યત્ર-તત્ર નવ ગમકોનો પણ પ્રયોગ થયેલો છે. આ નવ ગમક ઓધ, જઘન્ય અને મધ્યમ સ્થિતિઓના કારણે બનેલ છે.

જે તત્ત્વજિજ્ઞાસુ આ અધ્યયનમાં વર્ણિત વિષયસામગ્રી સંબંધિત વિશેષ જાણવા ઈચ્છે તેઓ ભગવતીસૂત્રના ચોવીસમા શતકની ટીકા અથવા વૃત્તિનું અનુશીલન (ઊંડો અભ્યાસ) કરે તે યોગ્ય (ઉપયુક્ત) થશે.

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४१. गम्माऽज्झयणं

सुत्तं -

१. **चउवीसदंडएसु चउवीसुद्देसगेसु य उववायाइ वीस-दाराणं दार गाहाओ -**

१. उववाय, २. परिमाणं,
३-४. संघयणुच्चत्तमेव, ५. संठाणं,
६. लेस्सा, ७. दिट्ठि,
८. नाणे-अन्नाणे, ९. जोगे,
१०. उवओगे, ॥१॥
११. सण्णा, १२. कसाय,
१३. इंदिय, १४. समुग्घाए,
१५. वेदणा य, १६. वेदे य,
१७. आउं, १८. अज्झवसाणा,
१९. अणुबंधो, २०. कायसंवेहो । ॥२॥

जीव पए जीव पए जीवाणं, दंडगम्मि उद्देसो ।
चउवीसइमम्मि सए, चउवीसं होंति उद्देसा ॥३॥

- विया. स. २४, उ. १, गा. १-३

२. **गइं पडुच्च नेरइए उववाय परूवणं-**

प. नेरइया णं भंते ! कओहिंतो उववज्जंति ?

किं नेरइएहिंतो उववज्जंति ?
तिरिक्खजोणिएहिंतो उववज्जंति ?
मणुस्सेहिंतो उववज्जंति ?
देवेहिंतो उववज्जंति ?

उ. गोयमा ! नो नेरइएहिंतो उववज्जंति,
तिरिक्खजोणिएहिंतो उववज्जंति,
मणुस्सेहिंतो वि उववज्जंति,
नो देवेहिंतो उववज्जंति ।

प. भंते ! जइ तिरिक्खजोणिएहिंतो उववज्जंति किं -

१. एगिंदिय तिरिक्खजोणिएहिंतो उववज्जंति,

२. बेइंदिय तिरिक्खजोणिएहिंतो उववज्जंति,

૪૧. ગમ્મા–અધ્યયન

સૂત્ર :

૧. **ચોવીસ દંડકોના ચોવીસ ઉદ્દેશકોમાં ઉપપાતાદિ વીસ દ્વારોની દ્વારગાથાઓ :**

૧. ઉપપાત, ૨. પરિમાણ,
૩. સંહનન, ૪. ઉચ્ચત્વ, ૫. સંસ્થાન,
૬. લેશ્યા, ૭. દૃષ્ટિ,
૮. જ્ઞાન-અજ્ઞાન, ૯. યોગ,
૧૦. ઉપયોગ,
૧૧. સંજ્ઞા, ૧૨. કષાય,
૧૩. ઈન્દ્રિય, ૧૪. સમુદ્ઘાત,
૧૫. વેદના, ૧૬. વેદ,
૧૭. આયુષ્ય, ૧૮. અધ્યવસાય,
૧૯. અનુબંધ, ૨૦. કાયસંવેધ (આ વીસ દ્વાર છે.)

પ્રત્યેક દંડકના જીવોનું કથન કરનાર એક-એક ઉદ્દેશક છે. એથી ચોવીસમા શતકના આ ચોવીસ ઉદ્દેશક છે.

૨. **ગતિની અપેક્ષાએ નૈરયિકોના ઉપપાતનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! નૈરયિક જીવ કયાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

શું તે નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય છે ?
તિર્યંચયોનિકોથી આવીને ઉત્પન્ન થાય છે,
મનુષ્યોથી આવીને ઉત્પન્ન થાય છે કે
દેવોથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! તે નૈરયિકોથી આવીને ઉત્પન્ન થતાં નથી,
તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે,
મનુષ્યોથી આવીને પણ ઉત્પન્ન થાય છે.
દેવોથી આવીને ઉત્પન્ન થતાં નથી.

પ્ર. ભંતે ! જો (નૈરયિક જીવ) તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે તો શું -

૧. તે એકેન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે,

૨. બેઈન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. तेइंदिय तिरिक्खजोणिएहिंतो उववज्जंति,

૩. ત્રેઇન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે,

४. चउरिंदिय तिरिक्खजोणिएहिंतो उववज्जंति,

૪. ચતુરિન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે,

५. पंचिंदिय तिरिक्खजोणिएहिंतो उववज्जंति ?

૫. કે પંચેન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! १. नो एगिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति,

૩. ગૌતમ ! ૧. તે એકેન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થતાં નથી,

२. नो बेइंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति,

૨. બેઇન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થતાં નથી,

३. नो तेइंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति,

૩. ત્રેઇન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થતાં નથી,

४. नो चउरिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति,

૪. ચતુરિન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થતાં નથી,

५. पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ।

૫. પંચેન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

प. भंते ! जइ पंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति, किं -

પ્ર. ભંતે ! જો તેઓ પંચેન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે તો શું -

सण्णिपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ?

સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે કે -

असण्णिपंचिंदियतिरिक्खजोणिएहिंतो उववज्जंति ?

અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવી ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! सण्णिपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति,

૩. ગૌતમ ! તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિમાંથી પણ આવીને ઉત્પન્ન થાય છે.

असण्णिपंचिंदियतिरिक्खजोणिएहिंतो वि उववज्जंति ।

અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિમાંથી પણ આવીને ઉત્પન્ન થાય છે.

प. भंते ! जइ सण्णिपंचिंदिय तिरिक्खजोणिएहिंतो उववज्जंति,

પ્ર. ભંતે ! જો તેઓ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે -

किं जलचरेहिंतो उववज्जंति ?

તો શું જલચરોથી આવીને ઉત્પન્ન થાય છે ?

थलचरेहिंतो उववज्जंति,

સ્થળચરોથી આવીને ઉત્પન્ન થાય છે.

खहचरेहिंतो उववज्जंति ?

કે ખેચરોથી આવીને ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! जलचरेहिंतो वि उववज्जंति,

૩. ગૌતમ ! તેઓ જલચરોથી પણ આવીને ઉત્પન્ન થાય છે,

थलचरेहिंतो वि उववज्जंति,

સ્થળચરોથી પણ આવીને ઉત્પન્ન થાય છે.

खहचरेहिंतो वि उववज्जंति ।

ખેચરોથી પણ આવીને ઉત્પન્ન થાય છે.

प. भंते ! जइ जलचर-थलचर-खहचरेहिंतो उववज्जंति,

પ્ર. ભંતે ! જો તેઓ જલચર, સ્થળચર અને ખેચર જીવોથી આવીને ઉત્પન્ન થાય છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

किं पज्जत्तएहिंतो उववज्जंति ?

अपज्जत्तएहिंतो उववज्जंति ?

उ. गोयमा ! पज्जत्तएहिंतो उववज्जंति,

नो अपज्जत्तएहिंतो उववज्जंति ।

-विया. स. २४, उ. १, सु. ३ (१-५)

તો શું તે પર્યાપ્તકોથી આવીને ઉત્પન્ન થાય છે કે-

અપર્યાપ્તકોથી આવીને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! તે પર્યાપ્તકોથી આવીને ઉત્પન્ન થાય છે,

અપર્યાપ્તકોથી આવીને ઉત્પન્ન થતાં નથી.

३. नरय उववज्जंतेसु पज्जत्त असन्नि पंचेंदिय तिरिक्खजोणिएसु उववायाइ वीसं दारं परूवणं-

૩. નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉપપાતાદિ વીસ દ્વારોનું પ્રરૂપણ :

प. १. पज्जत्ताअसण्णिपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! जे भविए नेरइएसु उववज्जित्तए, से णं भंते ! कतिसु पुढवीसु उववज्जेज्जा ?

प्र. ૧. ભંતે ! પર્યાપ્ત - અસંજ્ઞી પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવ જે નૈરયિકોમાં ઉત્પન્ન થવા યોગ્ય છે તો ભંતે ! તે કેટલી નરક પૃથ્વીઓમાં ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! एगाए रयणप्पभाए पुढवीए उववज्जेज्जा ।

ઉ. ગૌતમ ! તે એક રત્નપ્રભાપૃથ્વીમાં ઉત્પન્ન થાય છે.

प. पज्जत्ता असण्णिपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! जे भविए रयणप्पभाए पुढवीए नेरइएसु उववज्जित्तए से णं भंते ! केवइकालट्ठिईएसु उववज्जेज्जा ?

પ્ર. ભંતે ! પર્યાપ્ત - અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ જે રત્નપ્રભાપૃથ્વીમાં ઉત્પન્ન થવા યોગ્ય છે તો ભંતે ! તે કેટલા કાળની સ્થિતિવાળા (નૈરયિકો)માં ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! जहण्णेणं दसवाससहस्सट्ठिईएसु, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागट्ठिईएसु उववज्जेज्जा ।

ઉ. ગૌતમ ! તે જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિવાળા (નૈરયિકો)માં ઉત્પન્ન થાય છે.

प. २. ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ?

પ્ર. ૨. ભંતે ! તે (પર્યાપ્ત - અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ રત્નપ્રભા પૃથ્વીમાં) એક સમયે કેટલા ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति ।

ઉ. ગૌતમ ! તેઓ (એકસમયે) જઘન્ય એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

प. ३. तेसि णं भंते ! जीवाणं सरीरगा किं संघयणा पण्णत्ता ?

પ્ર. ૩. ભંતે ! એ જીવોના શરીર કયા સંહનનયુક્ત કહેવામાં આવે છે ?

उ. गोयमा ! छेवट्ठसंघयणा पण्णत्ता ।

ઉ. ગૌતમ ! એ સેવાર્ત સંહનનયુક્ત કહેવામાં આવે છે.

प. ४. तेसि णं भंते ! जीवाणं केमहालिया सरीरोगाहणा पण्णत्ता ?

પ્ર. ૪. ભંતે ! એ જીવોના શરીરોની અવગાહના (અવસ્થિતિ) કેટલી ઊંચી કહેવામાં આવી છે ?

उ. गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं जोयणसहस्सं ।

ઉ. ગૌતમ ! જઘન્ય અંગુળના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ એક હજાર યોજનની કહેવામાં આવી છે.

प. ५. तेसि णं भंते ! जीवाणं सरीरगा किं संठिया पण्णत्ता ?

પ્ર. ૫. ભંતે ! એ જીવોના શરીરોનું સંસ્થાન કેવું કહેવામાં આવ્યું છે ?

उ. गोयमा ! हुंडसंठाणसंठिया पण्णत्ता ।

ઉ. ગૌતમ ! એમનું હુંડક સંસ્થાન કહેવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. ૬. तेसि णं भंते ! जीवाणं कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा-

१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा ।

પ. ૭. ते णं भंते ! जीवा किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?

उ. गोयमा ! नो सम्मदिट्ठी, मिच्छादिट्ठी, नो सम्मामिच्छादिट्ठी ।

પ. ૮. ते णं भंते ! जीवा किं नाणी, अण्णाणी ?

उ. गोयमा ! नो नाणी, अण्णाणी,
नियमा दुअण्णाणी, तं जहा-
१. मइअण्णाणी य, २. सुयअण्णाणी य ।

પ. ૯. ते णं भंते ! जीवा किं मणजोगी, वइजोगी, कायजोगी ?

उ. गोयमा ! नो मणजोगी, वइजोगी वि, कायजोगी वि ।

પ. ૧૦. ते णं भंते ! जीवा किं सागारोवउत्ता अणागारोवउत्ता ?

उ. गोयमा ! सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ।

પ. ૧૧. तेसि णं भंते ! जीवाणं कति सण्णाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! चत्तारि सण्णाओ पण्णत्ताओ, तं जहा-

१. आहारसण्णा **-जाव-** ४. परिग्गहसण्णा ।

પ. ૧૨. तेसि णं भंते ! जीवाणं कति कसाया पण्णत्ता ?

उ. गोयमा ! चत्तारि कसाया पण्णत्ता, तं जहा-

१. कोहकसाए **-जाव-** ४. लोभकसाए ।

પ. ૧૩. तेसि णं भंते ! जीवाणं कइ इंदिया पण्णत्ता ?

उ. गोयमा ! पंचेंदिया पण्णत्ता, तं जहा-

१. सोइंदिए **-जाव-** ५. फासिंदिए ।

પ્ર. ૬. ભંતે ! એ જીવોની કેટલી લેશ્યાઓ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! તેમની ત્રણ લેશ્યાઓ કહેવામાં આવી છે, જેમકે -

૧. કૃષ્ણલેશ્યા, ૨. નીલલેશ્યા, ૩. કાપોતલેશ્યા.

પ્ર. ૭. ભંતે ! તે જીવ શું સમ્યગ્દૃષ્ટિ હોય છે, મિથ્યાદૃષ્ટિ હોય છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોય છે ?

ઉ. ગૌતમ ! તેઓ સમ્યગ્દૃષ્ટિ નથી હોતાં, મિથ્યાદૃષ્ટિ હોય છે પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતાં નથી.

પ્ર. ૮. ભંતે ! તે જીવ જ્ઞાની હોય છે કે અજ્ઞાની હોય છે ?

ઉ. ગૌતમ ! તેઓ જ્ઞાની નથી હોતાં, અજ્ઞાની હોય છે.
નિયમતઃ તેઓને બે અજ્ઞાન હોય છે, જેમકે -
૧. મતિઅજ્ઞાન, ૨. શ્રુતઅજ્ઞાન.

પ્ર. ૯. ભંતે ! તે જીવ શું મનોયોગી હોય છે, વચનયોગી હોય છે કે કાયયોગી હોય છે ?

ઉ. ગૌતમ ! તેઓ મનોયોગી નથી હોતા (પરંતુ) વચનયોગી અને કાયયોગી હોય છે.

પ્ર. ૧૦. ભંતે ! તે જીવ શું સાકારોપયોગ - યુક્ત હોય છે કે અનાકારોપયોગ યુક્ત હોય છે ?

ઉ. ગૌતમ ! તેઓ સાકારોપયોગ-યુક્ત પણ છે અને અનાકારોપયોગ-યુક્ત પણ છે.

પ્ર. ૧૧. ભંતે ! તે જીવોની કેટલી સંજ્ઞાઓ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! તેમની ચાર સંજ્ઞાઓ કહેવામાં આવી છે, જેમકે -

૧. આહારસંજ્ઞા **-યાવત્-** ૪. પરિગ્રહસંજ્ઞા.

પ્ર. ૧૨. ભંતે ! તે જીવોના કેટલા કષાય કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! તેમના ચાર કષાય કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. ક્રોધકષાય **-યાવત્-** ૪. લોભકષાય.

પ્ર. ૧૩. ભંતે ! તે જીવોની કેટલી ઈન્દ્રિયો કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! એમને પાંચ ઈન્દ્રિયો કહેવામાં આવી છે, જેમકે-

૧. શ્રોત્રેન્દ્રિય **-યાવત્-** ૫. સ્પર્શેન્દ્રિય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. १४. तेसि णं भंते ! जीवाणं कइ समुग्घाया पण्णत्ता ?

उ. गोयमा ! तओ समुग्घाया पण्णत्ता, तं जहा-

१. वेयणासमुग्घाए, २. कसायसमुग्घाए,

३. मारणंतियसमुग्घाए ।

प. १५. ते णं भंते ! जीवा किं सायावेयगा, असायावेयगा ?

उ. गोयमा ! सायावेयगा वि, असायावेयगा वि ।

प. १६. ते णं भंते ! जीवा किं इत्थीवेदगा, पुरिसवेदगा, नपुसंगवेदगा ?

उ. गोयमा ! नो इत्थीवेदगा, नो पुरिसवेदगा, नपुसंगवेदगा ।

प. १७. तेसि णं भंते ! जीवाणं केवइयं कति ठिई पण्णत्ता ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।

प. १८. तेसि णं भंते ! जीवाणं केवइया अज्झवसाणा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा अज्झवसाणा पण्णत्ता ।

प. ते णं भते ! किं पसत्था, अपसत्था ?

उ. गोयमा ! पसत्था वि, अपसत्था वि ।

प. १९. से णं भंते ! पज्जत्ताअसण्णिपंचिंदियतिरिक्खजोणिए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।

प. २०. से णं भंते ! पज्जत्ताअसण्णिपंचिंदियतिरिक्खजोणिए रयणप्पभाए पुढवीए नेरइए, पुणरविपज्जत्ताअसण्णिपंचिंदियतिरिक्खजोणिए त्ति केवइयं कालं सेवेज्जा, केवइयं कालं गतिरागतिं करेज्जा ?

प्र. १४. ભંતે ! તે જીવોના કેટલા સમુદ્‌ઘાત કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! તેમના ત્રણ સમુદ્‌ઘાત કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. વેદના સમુદ્‌ઘાત, ૨. કષાય સમુદ્‌ઘાત,

૩. મારણાન્તિક સમુદ્‌ઘાત.

પ્ર. ૧૫. ભંતે ! તે જીવ શું સાતાવેદક છે કે અસાતાવેદક છે ?

ઉ. ગૌતમ ! તેઓ સાતાવેદક પણ છે અને અસાતાવેદક પણ છે.

પ્ર. ૧૬. ભંતે ! તે જીવ શું સ્ત્રીવેદક છે, પુરુષવેદક છે કે નપુંસકવેદક છે ?

ઉ. ગૌતમ ! તેઓ સ્ત્રીવેદક નથી, પુરુષવેદક નથી પરંતુ નપુંસકવેદક છે.

પ્ર. ૧૭. ભંતે ! તે જીવોની કેટલા કાળની સ્થિતિ કહેવામાં આવી છે ?

ઉ. ગૌતમ ! તેમની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિની કહેવામાં આવી છે.

પ્ર. ૧૮. ભંતે ! તે જીવોના અધ્યવસાય-સ્થાન કેટલા કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! તેમના અધ્યવસાય - સ્થાન અસંખ્યાત કહેવામાં આવ્યા છે.

પ્ર. ભંતે ! તેમના તે અધ્યવસાય - સ્થાન પ્રશસ્ત છે કે અપ્રશસ્ત છે ?

ઉ. ગૌતમ ! તેઓ પ્રશસ્ત પણ છે અને અપ્રશસ્ત પણ છે.

પ્ર. ૧૯. ભંતે ! તે જીવ પર્યાપ્ત - અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! તેઓ જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ સુધી (એ જ અવસ્થામાં) રહે છે.

પ્ર. ૨૦. ભંતે ! તે પર્યાપ્ત - અસંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ રત્નપ્રભાપૃથ્વીમાં નૈરયિક થઈ પુનઃ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય - તિર્યંચયોનિકના રૂપે ઉત્પન્ન થાય તો કેટલો કાળ પસાર કરે છે અને કેટલા કાળ સુધી ગતિ-આગતિ (ગમનાગમન) કરે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! भवादेसेणं दो भवग्गहणाइं, कालादेसेणं जहण्णेणं दसवाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पुव्वकोडिमब्भहियं, एवइयं कालं सेवेज्जा, एवइयं कालं गतिरागतिं करेज्जा (१ पढमो गमओ)

ઉ. ગૌતમ ! તે ભવાદેશથી બે ભવ ગ્રહણ કરે છે અને કાલાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસહજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ વ્યતીત કરે છે અને એટલા જ કાળ સુધી ગમનાગમન પણ કરે છે. (આ પ્રથમ ગમક છે.)

प. १. पज्जत्ता असण्णिपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! जे भविए जहण्णकालट्ठिईएसु रयणप्पभापुढविनेरइएसु उववज्जित्तए, से णं भंते ! केवइयकालट्ठिईएसु उववज्जेज्जा ?

પ્ર. ૧. ભંતે ! જો પર્યાપ્ત - અસંજ્ઞી પંચેન્દ્રિય - તિર્યંચયોનિક જીવ જઘન્યકાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તો ભંતે ! તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! जहण्णेणं दसवाससहस्सट्ठिईएसु, उक्कोसेण वि दसवाससहस्सट्ठिईएसु उववज्जेज्जा ।

ઉ. ગૌતમ ! તે જઘન્ય દસહજાર વર્ષની અને ઉત્કૃષ્ટ પણ દસ હજારવર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે.

प. २. ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ?

પ્ર. ૨. ભંતે ! તેઓ રત્નપ્રભાપૃથ્વીમાં (અસંજ્ઞી-પંચેન્દ્રિય-તિર્યંચયોનિક) જીવ એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा उक्कोसेणं संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति ।

ઉ. ગૌતમ ! તેઓ જઘન્ય એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

३-१९. ***एवं सच्चेवपढमगमगवत्तव्वया निरवसेसा भाणियव्वा -जाव- अणुबंधो त्ति ।***

૩-૧૯. ***આ જ પ્રકારે અનુબંધ પર્યંત સમગ્ર કથન પ્રથમ ગમકના અનુરૂપ સમજવું જોઈએ.***

प. २०. से णं भंते ! पज्जत्ता असण्णिपंचिंदियतिरिक्खजोणिए जहण्णकालट्ठिईयरयणप्पभापुढविनेरइए, पुणरवि पज्जत्ताअसण्णिपंचिंदियतिरिक्खजोणिए त्ति केवइय कालं सेवेज्जा, केवइयं कालं गतिरागतिं करेज्जा ?

પ્ર. ૨૦. ભંતે ! તે પર્યાપ્ત - અસંજ્ઞીપંચેન્દ્રિય - તિર્યંચયોનિક જીવ જઘન્યકાળની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીમાં નૈરયિક થઈ પુનઃપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય - તિર્યંચયોનિકના રૂપે ઉત્પન્ન થાય તો કેટલા કાળ (સમય) વ્યતીત કરે છે અને કેટલા કાળ સુધી ગતિ - આગતિ (ગમનાગમન) કરે છે ?

उ. गोयमा ! भवादेसेणं दो भवग्गहणाइं, कालादेसेणं जहण्णेणं दसवाससहस्साइं अंतोमुहुत्तमब्भहियाइं, उक्कोसेणं पुव्वकोडी दसहिं वाससहस्सेहिं अब्भहिया, एवइयं कालं सेवेज्जा, एवइयं कालं गतिरागतिं करेज्जा । (२ बिइओ गमओ)

ઉ. ગૌતમ ! તેઓ ભવાદેશથી બે ભવગ્રહણ કરે છે અને કાલાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસહજાર વર્ષ, ઉત્કૃષ્ટ દસહજાર વર્ષ અધિક પૂર્વકોટિકાળ વ્યતીત કરે છે અને એટલા જ કાળસુધી ગમનાગમન પણ કરે છે. (આ બીજું ગમક છે)

प. १. पज्जत्ता असण्णिपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! जे भविए उक्कोसकालट्ठिईएसु रयणप्पभापुढविनेरइएसु उववज्जेज्जा ?

પ્ર. ૧. ભંતે ! જે પર્યાપ્ત-અસંજ્ઞી પંચેન્દ્રિય-તિર્યંચયોનિક જીવ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તો તે કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ?

उ. गोयमा ! जहण्णेणं पलिओवमस्स असंखेज्जइभागट्ठिईएसु, उक्कोसेण वि पलिओवमस्स असंखेज्जइभागट्ठिईएसु उववज्जेज्जा ।

ઉ. ગૌતમ ! તે જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિવાળા નૈરયિકોમાં અને ઉત્કૃષ્ટ પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. २. ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति।

३-१९. ***सेसं तं चेव -जाव- अणुबंधो त्ति भाणियव्वो।***

પ. २०. ते णं भंते ! पज्जत्ताअसण्णिपंचिंदियतिरिक्खजोणिए उक्कोसकालट्ठिईयरयणप्पभापुढविनेरइए पुणरवि पज्जत्ता असण्णिपंचिंदियतिरिक्खजोणिए त्ति केवइयं कालं सेवेज्जा, केवइयं कालं गतिरागतिं करेज्जा ?

उ. गोयमा ! भवादेसेणं दो भवग्गहणाइं, कालादेसेणं जहण्णेणं पलिओवमस्स असंखेज्जइभागं अंतोमुहुत्तमब्भहियं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पुव्वकोडिमब्भहियं, एवइयं कालं सेवेज्जा, एवइयं कालं गतिरागतिं करेज्जा ॥ (३ तइओ गमओ)

પ. १. जहण्णकालट्ठिईपज्जत्ताअसण्णिपंचिंदिय तिरिक्खजोणिए णं भंते ! जे भविए रयणप्पभापुढविनेरइएसु उववज्जित्तए, से णं भंते ! केवइयकालट्ठिईएसु उववज्जेज्जा ?

उ. गोयमा ! जहण्णेणं दसवाससहस्सट्ठिईएसु, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागट्ठिईएसु उववज्जेज्जा।

પ. ते णं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा, असंखेज्जा वा उववज्जंति।

अवसेसं तं चेव।

णवरं-इमाइं तिण्णि नाणत्ताइं-आउं, अज्झवसाणा, अणुबंधो य। ठिई जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं।

પ. तेसि णं भंते ! जीवाणं केवइया अज्झवसाणा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा अज्झवसाणा पण्णत्ता।

પ્ર. ૨. ભંતે ! તે અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એકસમયમાં કેટલા ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક, બે કે ત્રણ ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

૩-૧૯. **અનુબંધ પર્યંત શેષ કથન પૂર્વવત્ સમજવું જોઈએ.**

१०४. ओगाहणा-ठिई-वण्णाइपज्जव जुत्ताणं परमाणु-पोग्गलाणं खंधाण य कडजुम्माइ परूवणं-

૧૦૪. પરમાણુ-પુદ્ગલ અને સ્કંધોની અવગાહના સ્થિતિ વર્ણાદિ પર્યવયુક્ત કૃતયુગ્મ વગેરેનું પ્રરૂપણ :

प. परमाणुपोग्गले णं भंते ! किं कडजुम्मपएसोगाढे **-जाव-** कलिओगपएसोगाढे ?

उ. गोयमा ! नो कडजुम्मपएसोगाढे, नो तेओगपएसोगाढे, नो दावर जुम्मपएसोगाढे, कलिओगपएसोगाढे ।

प. दुपएसिए णं भंते ! खंधे किं कडजुम्मपएसोगाढे **-जाव-** कलिओगपएसोगाढे ?

उ. गोयमा ! नो कडजुम्मपएसोगाढे, नो तेओगपएसोगाढे, सिय दावर जुम्मपएसोगाढे, सिय कलिओगपएसोगाढे ।

प. तिपएसिए णं भंते ! खंधे किं कडजुम्मपएसोगाढे **-जाव-** कलिओगपएसोगाढे ?

उ. गोयमा ! नो कडजुम्मपएसोगाढे, सिय तेओगपएसोगाढे, सिय दावरजुम्मपएसोगाढे, सिय कलिओगपएसोगाढे ।

प. चउप्पएसिए णं भंते ! खंधे किं कडजुम्मपएसोगाढे **-जाव-** कलिओगपएसोगाढे ?

उ. गोयमा ! सिय कडजुम्मपएसोगाढे **-जाव-** सिय कलिओगपएसोगाढे,
एवं -जाव- अणंतपएसिए ।

प. परमाणुपोग्गला णं भंते ! किं कडजुम्मपएसोगाढा **-जाव-** कलिओगपएसोगाढा ?

પ્ર. ભંતે ! શું (એક) પરમાણુ-પુદ્ગલ કૃતયુગ્મ - પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત છે ?

ઉ. ગૌતમ ! તે કૃતયુગ્મ, ત્યોજ અને દ્વાપરયુગ્મ પ્રદેશાશ્રિત નથી પરંતુ કલ્યોજ પ્રદેશાશ્રિત છે,

પ્ર. ભંતે ! દ્વિપ્રદેશી સ્કંધ શું કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત છે ?

ઉ. ગૌતમ ! તે કૃતયુગ્મ અને ત્યોજ પ્રદેશાશ્રિત નથી, પરંતુ કદાચ દ્વાપરયુગ્મ અને કદાચ કલ્યોજ પ્રદેશાશ્રિત છે.

પ્ર. ભંતે ! ત્રિપ્રદેશી સ્કંધ શું કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત છે ?

ઉ. ગૌતમ ! તે કૃતયુગ્મ પ્રદેશાશ્રિત નથી, પરંતુ કદાચ ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાશ્રિત છે.

પ્ર. ભંતે ! ચતુષ્પ્રદેશી સ્કંધ શું કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત છે ?

ઉ. ગૌતમ ! તે કદાચ કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કદાચ કલ્યોજ પ્રદેશાશ્રિત છે.

આ જ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધ પર્યંત સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! શું (ઘણાં) પરમાણુ-પુદ્ગલ કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! ओघादेसेणं-कडजुम्मपएसोगाढा, नो तेओगपएसोगाढा, नो दावरजुम्मपएसोगाढा, नो कलिओगपएसोगाढा,

विहाणादेसेणं नो कडजुम्मपएसोगाढा, नो तेओगपएसोगाढा, नो दावरजुम्मपएसोगाढा, कलिओगपएसोगाढा ।

प. दुपएसिया णं भंते ! खंधा किं कडजुम्मपएसोगाढा **-जाव-** कलिओगपएसोगाढा ?

उ. गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा, नो तेओगपएसोगाढा, नो दावरजुम्मपएसोगाढा, नो कलिओगपएसोगाढा,

विहाणादेसेणं नो कडजुम्मपएसोगाढा, नो तेओगपएसोगाढा, दावरजुम्मपएसोगाढा वि, कलिओगपएसोगाढा वि ।

प. तिपएसिया णं भंते ! खंधा किं कडजुम्मपएसोगाढा **-जाव-** कलिओगपएसोगाढा ?

उ. गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा, नो तेओगपएसोगाढा, नो दावरजुम्मपएसोगाढा, नो कलिओगपएसोगाढा,

विहाणादेसेणं नो कडजुम्मपएसोगाढा, तेओगपएसोगाढा वि, दावरजुम्मपएसोगाढा वि, कलिओगपएसोगाढा वि,

प. चउप्पएसिया णं भंते ! खंधा किं कडजुम्मपएसोगाढा **-जाव-** कलिओगपएसोगाढा ?

उ. गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा, नो तेओगपएसोगाढा, नो दावरजुम्मपएसोगाढा, नो कलिओगपएसोगाढा,

विहाणादेसेणं कडजुम्मपएसोगाढा वि **-जाव-** कलिओगपएसोगाढा वि ।

एवं -जाव- अणंतपएसिया ।

प. परमाणुपोग्गले णं भंते ! किं कडजुम्मसमयट्ठिईए **-जाव-** कलिओगसमयट्ठिईए ?

उ. गोयमा ! सिय कडजुम्मसमयट्ठिईए **-जाव-** सिय कलिओगसमयट्ठिईए,

एवं -जाव- अणंतपएसिए ।

प. परमाणुपोग्गला णं भंते ! किं कडजुम्मसमयट्ठिईया **-जाव-** कलिओगसमयट्ठिईया ?

ઉ. ગૌતમ ! સામાન્યાદેશ વડે કૃતયુગ્મ-પ્રદેશાશ્રિત છે પરંતુ ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાશ્રિત નથી.

વિશેષાદેશ વડે કૃતયુગ્મ, ત્યોજ અને દ્વાપરયુગ્મ પ્રદેશાશ્રિત નથી પરંતુ કલ્યોજ પ્રદેશાશ્રિત છે.

પ્ર. ભંતે ! શું (ઘણાં) દ્વિપ્રદેશી સ્કંધ કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત છે ?

ઉ. ગૌતમ ! સામાન્યાદેશ વડે કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે પરંતુ ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાશ્રિત નથી.

વિશેષાદેશ વડે કૃતયુગ્મ પ્રદેશાશ્રિત અને ત્યોજ પ્રદેશાશ્રિત નથી પરંતુ દ્વાપરયુગ્મ પ્રદેશાશ્રિત અને કલ્યોજ પ્રદેશાશ્રિત છે.

પ્ર. ભંતે ! શું (ઘણાં) ત્રિપ્રદેશી સ્કંધ કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત છે ?

ઉ. ગૌતમ ! સામાન્યાદેશ વડે કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે પરંતુ ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાશ્રિત નથી.

વિશેષાદેશ વડે કૃતયુગ્મ પ્રદેશાશ્રિત નથી પરંતુ ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાશ્રિત છે.

પ્ર. ભંતે ! શું (ઘણાં) ચતુષ્પ્રદેશી સ્કંધ કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત છે ?

ઉ. ગૌતમ ! સામાન્યાદેશ વડે કૃતયુગ્મ પ્રદેશાશ્રિત છે, પરંતુ ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ પ્રદેશાશ્રિત નથી.

વિશેષાદેશ વડે કૃતયુગ્મ પ્રદેશાશ્રિત પણ છે **-યાવત્-** કલ્યોજ પ્રદેશાશ્રિત પણ છે.

આ જ પ્રમાણે અનંત પ્રદેશી સ્કંધો પર્યંત સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! શું (એક) પરમાણુ-પુદ્ગલ કૃતયુગ્મ સમયની સ્થિતિયુક્ત છે **-યાવત્-** કલ્યોજ સમયની સ્થિતિયુક્ત છે ?

ઉ. ગૌતમ ! કદાચ કૃતયુગ્મ સમયની સ્થિતિયુક્ત છે **-યાવત્-** કદાચ કલ્યોજ સમયની સ્થિતિયુક્ત છે.

આ જ પ્રમાણે અનંતપ્રદેશી સ્કંધ પર્યંત સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! શું (ઘણાં) પરમાણુ-પુદ્ગલ કૃતયુગ્મ સમયની સ્થિતિયુક્ત છે **-યાવત્-** કલ્યોજ સમયની સ્થિતિયુક્ત છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉ. गोयमा ! ओघादेसेणं-सिय कडजुम्मसमयट्ठिईया **-जाव-** सिय कलिओगसमयट्ठिईया,

विहाणादेसेणं कडजुम्मसमयट्ठिईया वि **-जाव-** कलिओगसमयट्ठिईया वि,

एवं -जाव- अणंतपएसिया ।

ઉ. ગૌતમ ! સામાન્યાદેશ વડે કદાચ કૃતયુગ્મ સમયની સ્થિતિયુક્ત છે **-યાવત્-** કદાચ કલ્યોજ સમયની સ્થિતિયુક્ત છે.

વિશેષાદેશ વડે કૃતયુગ્મ સમયની સ્થિતિયુક્ત પણ છે **-યાવત્-** કલ્યોજ સમયની સ્થિતિયુક્ત પણ છે.

આ જ પ્રમાણે અનંત પ્રદેશી સ્કંધો પર્યંત સમજવું જોઈએ.

પ. परमाणुपोग्गले णं भंते ! कालवण्णपज्जवेहिं किं कडजुम्मे, तेओगे, दावरजुम्मे, कलिओगे ?

ઉ. गोयमा ! ***जहा ठिईए वत्तव्वया एवं वण्णेसु वि सव्वेसु, गंधेसु वि ।***

एवं रसेसु वि -जाव- महुरो रसो त्ति ।

પ્ર. ભંતે ! (એક) પરમાણુ-પુદ્ગલ કૃષ્ણવર્ણ પર્યાયોની અપેક્ષાએ શું કૃતયુગ્મ, ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે સ્થિતિનું કહેવામાં આવ્યું છે, એ જ પ્રમાણે સમગ્ર વર્ણો અને ગંધોને માટે પણ સમજવું જોઈએ.***

આ જ પ્રમાણે મધુરરસ પર્યંત સમગ્ર રસોને માટે પણ સમજવું જોઈએ.

પ. अणंतपएसिए णं भंते ! खंधे कक्खडफासपज्जवेहिं किं कडजुम्मे, तेओगे, दावरजुम्मे, कलिओगे ?

ઉ. गोयमा ! सिय कडजुम्मे **-जाव-** सिय कलिओगे ।

પ્ર. ભંતે ! (એક) અનંતપ્રદેશી સ્કંધ કર્કશ સ્પર્શ પર્યાયોની અપેક્ષાએ શું કૃતયુગ્મ, ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! તે કદાચ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચ કલ્યોજ છે.

પ. अणंतपएसिया णं भंते ! खंधा कक्खडफासपज्जवेहिं किं कडजुम्मा, तेओगा, दावरजुम्मा, कलिओगा ?

ઉ. गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मा **-जाव-** सिय कलिओगा,

विहाणादेसेणं कडजुम्मा वि **-जाव-** कलिओगा वि ।

एवं मउय-गरूय-लहुया वि भाणियव्वा,

सीय-उसिण-निद्ध-लुक्खा जहा वण्णा ।

-विया. स. २५, उ. ४, सु. १५४-१७३

પ્ર. ભંતે ! (ઘણાં) અનંતપ્રદેશી સ્કંધ કર્કશ સ્પર્શ પર્યાયોની અપેક્ષાએ શું કૃતયુગ્મ, ત્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ છે ?

ઉ. ગૌતમ ! સામાન્યાદેશ વડે કદાચ કૃતયુગ્મ છે **-યાવત્-** કદાચ કલ્યોજ છે.

વિશેષાદેશ વડે કૃતયુગ્મ પણ છે **-યાવત્-** કલ્યોજ પણ છે.

આ જ પ્રમાણે મૃદુ, ગુરુ, લઘુ સ્પર્શ સંબંધી વર્ણન પણ સમજવું જોઈએ.

શીત-ઠંડા, ઉષ્ણ-ગરમ, સ્નિગ્ધ-ચિકણા અને રુક્ષ-લુખા સ્પર્શોનું કથન વર્ણોને અનુરૂપ સમજવું જોઈએ.

૧૦૫. अण्णउत्थियाणं खंधस्स साहण्ण भेयस्स धारणा निराकरण परूवणं-

अण्णउत्थिया णं भंते ! एवमाइक्खंति **-जाव-** एवं परूवेंति-

दो परमाणु पोग्गला एगयओ न साहण्णंति ।

૧૦૫. અન્યતીર્થિકોના સ્કંધના સંયોગ અને વિયોગની ધારણા-નિરાકરણનું પ્રરૂપણ :

ભંતે ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે -

'બે પરમાણુ પુદ્ગલ' એકી સાથે ચોંટતા નથી.

પ. कम्हा दो परमाणु पोग्गला एगयओ न साहण्णंति ?

પ્ર. બે પરમાણુ પુદ્ગલ એકીસાથે કેમ ચોંટતા નથી ?

ઉ. दोण्हं परमाणुपोग्गलाणं नत्थि सिणेहकाए,

तम्हा दो परमाणु पोग्गला एगयओ न साहण्णंति,

ઉ. બે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ (ચીકણાપણું) નથી.

એથી બે પરમાણુ પુદ્ગલ એકી સાથે ચોંટતા (ચીપકતાં) નથી.

तिण्णि परमाणु पोग्गला एगयओ साहण्णंति ।

ત્રણ પરમાણુ-પુદ્ગલ એકી સાથે ચોંટે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. कम्हा तिण्णि परमाणु पोग्गला एगयओ साहण्णंति ?

उ. तिण्हं परमाणुपोग्गलाणं अत्थि सिणेहकाए,
तम्हा तिण्णि परमाणुपोग्गला एगयओ साहण्णंति,
ते भिज्जमाणा दुहा वि, तिहा वि कज्जंति ।

दुहा कज्जमाणा,
एगयओ दिवड्ढे परमाणु पोग्गले भवइ,
एगयओ वि दिवड्ढे परमाणु पोग्गले भवइ ।
तिहा कज्जमाणा-
तिण्णि परमाणु पोग्गला भवंति,
एवं चत्तारि ।

पंच परमाणु पोग्गला एगयओ साहण्णंति ।
एगयओ साहण्णित्ता दुक्खत्ताए कज्जंति ।

दुक्खे वि य णं सासए सया समियं उवचिज्जइ य
अवचिज्जइ य ।

પ્ર. ત્રણ પરમાણુ પુદ્ગલ એકી સાથે કેમ ચોંટે છે ?

ઉ. ત્રણ પરમાણુ-પુદ્ગલોમાં ચીકાશ (ચીકણાપણું) છે.
આથી ત્રણ પરમાણુ-પુદ્ગલ એકી સાથે ચોંટે છે.
ત્રણ પરમાણુ-પુદ્ગલોના બે વિભાગ પણ હોય છે અને ત્રણ વિભાગ પણ હોય છે.
બે વિભાગ કરવામાં આવે તો,
એક તરફ દોઢ પરમાણુ પુદ્ગલ હોય છે,
બીજી તરફ પણ દોઢ પરમાણુ પુદ્ગલ હોય છે.
ત્રણ વિભાગ કરવામાં આવે તો-
જુદા-જુદા ત્રણ પરમાણુ-પુદ્ગલ થઈ જાય છે.
આ જ પ્રમાણે ચાર પરમાણુ-પુદ્ગલો સંબંધિત પણ કહેવું જોઈએ.
પાંચ પરમાણુ પુદ્ગલ એકી સાથે ચોંટી જાય છે,
એકી સાથે ચોંટી જઈને તેઓ દુઃખમાં પરિણમિત થાય છે,
તે દુઃખ શાશ્વત છે અને સર્વદા સમ્યક્પ્રકારે ઉપચય (વૃદ્ધિ) તથા અપચય (હાનિ)ને પ્રાપ્ત કરે છે.

પ. से कहमेयं भंते ! एवं ?

उ. गोयमा ! जं णं ते अण्णउत्थिया एवमाइक्खंति
-जाव- एवं परूवेंति-
दो परमाणु पोग्गला एगयओ न साहण्णंति **-जाव-**
दुक्खे वि य णं सासए सया समियं उवचिज्जइ य
अवचिज्जइ य ।
जे ते एवमाहंसु मिच्छा ते एवमाहंसु,
अहं पुण एवमाइक्खामि **-जाव-** एवं परूवेमि-

'दो परमाणु पोग्गला एगयओ साहण्णंति ।'

પ્ર. ભંતે ! અન્ય (સંપ્રદાયવાળાઓ)નું આ કથન કેવું છે ?

ઉ. ગૌતમ ! અન્યતીર્થિક જે આ પ્રમાણે કહે છે **-યાવત્-** આ પ્રમાણે નિરૂપણ કરે છે કે -
બે પરમાણુ પુદ્ગલ એકી સાથે ચોંટતા નથી **-યાવત્-**
તે દુઃખ શાશ્વત છે, હંમેશા સમ્યક્ પ્રકારે ઉપચય (વૃદ્ધિ) તથા અપચય (હાનિ)ને પ્રાપ્ત કરે છે.
તેઓએ જે આ પ્રમાણે કહે છે તે મિથ્યા છે.
(ગૌતમ !) હું આ પ્રમાણે કહું છું **-યાવત્-** પ્રરૂપણા કરું છું કે -
'બે પરમાણુ-પુદ્ગલ એકી સાથે ચોંટી જાય છે.'

પ. कम्हा दो परमाणु पोग्गला एगयओ साहण्णंति ?

उ. दोण्हं परमाणु पोग्गलाणं अत्थि सिणेहकाए,
तम्हा दो परमाणु पोग्गला एगयओ साहण्णंति,

ते भिज्जमाणा दुहा कज्जंति,
दुहा कज्जमाणा-
एगयओ परमाणु पोग्गले,
एगयओ परमाणु पोग्गले भवइ ।

પ્ર. બે પરમાણુ-પુદ્ગલ એકી સાથે કેમ ચોંટી જાય છે ?

ઉ. બંને પરમાણુ-પુદ્ગલોમાં ચીકાસ (ચીકણાપણું) છે,
એટલા માટે બે પરમાણુ પુદ્ગલ એકી સાથે ચોંટી જાય છે,
તે બે પરમાણુ-પુદ્ગલોના બે ભાગ કરી શકાય છે,
બે વિભાગ કરવામાં આવે તો,
એક તરફ એક પરમાણુ-પુદ્ગલ રહે છે.
એક તરફ એક પરમાણુ-પુદ્ગલ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिण्णि परमाणु पोग्गला एगयओ साहण्णंति ।

प. कम्हा तिण्णि परमाणु पोग्गला एगयओ साहण्णंति ?

उ. तिण्हं परमाणु पोग्गलाणं अत्थि सिणेहकाए,
तम्हा तिण्णि परमाणु पोग्गला एगयओ साहण्णंति ।

ते भिज्जमाणा दुहा वि, तिहा वि कज्जंति ।

दुहा कज्जमाणा-
एगयओ परमाणु पोग्गले,
एगयओ दुपएसिए खंधे भवइ ।
तिहा कज्जमाणा-
तिण्णि परमाणु पोग्गला भवंति,
एवं चत्तारि ।

पंच परमाणु पोग्गला एगयओ साहण्णंति,
एगयओ साहण्णित्ता खंधत्ताए कज्जंति,
खंधे वि य णं से असासए सया समियं उवचिज्जइ य
अवचिज्जइ य ।

- विया. स. १, उ. १०, सु. १

ત્રણ પરમાણુ-પુદ્ગલ એકી સાથે ચોંટી જાય છે.

પ્ર. ત્રણ પરમાણુ-પુદ્ગલ એકી સાથે કેમ ચોંટી જાય છે ?

ઉ. ત્રણે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ છે,
એટલા માટે ત્રણ પરમાણુ-પુદ્ગલ એકી સાથે ચોંટી જાય છે.

ત્રણ પરમાણુ-પુદ્ગલોના બે વિભાગ પણ થાય છે અને ત્રણ વિભાગ પણ થાય છે,
બે વિભાગ કરવામાં આવે તો -
એક તરફ એક પરમાણુ પુદ્ગલ રહે છે.
એક તરફ એક દ્વિપ્રદેશી સ્કંધ હોય છે.
ત્રણ વિભાગ કરવામાં આવે તો -
ત્રણ પરમાણુ- પુદ્ગલ થાય છે.
આ જ પ્રમાણે ચાર પરમાણુ-પુદ્ગલો સંબંધિત પણ સમજવું જોઈએ.

પાંચ પરમાણુ-પુદ્ગલ એકી સાથે ચોંટી જાય છે.
એકી સાથે ચોંટીને સ્કંધ બને છે,
તે સ્કંધ અશાશ્વત છે અને તે સર્વદા સમ્યક્ પ્રકારે ઉપચય (બુદ્ધિ) તથા અપચય (હાનિ)ને પ્રાપ્ત કરે છે.

१०६. निक्खेव विहिणा खंधस्स परूवणं-

प. से किं तं खंधे ?

उ. खंधे चउव्विहे पण्णत्ते, तं जहा-
१. नामखंधे, २. ठवणाखंधे,
३. दव्वखंधे, ४. भावखंधे ।

प. से किं तं नाम खंधे ?

उ. नामखंधे जस्स णं जीवस्स वा अजीवस्स वा **-जाव-** खंधे ति णामं कज्जइ, से तं णामखंधे ।

प. से किं तं ठवणाखंधे ?

उ. ठवणाखंधे जण्णं कट्ठकम्मे वा **-जाव-** वराडे इ वा एगो वा अणेगा वा सब्भावठवणाए वा असब्भावठवणाए वा खंधे इ ठवणा ठविज्जइ, से तं ठवणाखंधे ।

प. णाम-ठवणाणं को पइविसेसो ?

उ. नामं आवकहियं ठवणा इत्तरिया वा होज्जा आवकहिया वा ।

૧૦૬. નિક્ષેપ (ન્યાસ) વિધિ વડે સ્કંધનું પ્રરૂપણ :

પ્ર. સ્કંધનું શું સ્વરૂપ છે ?

ઉ. સ્કંધ ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -
૧. નામસ્કંધ, ૨. સ્થાપના સ્કંધ,
૩. દ્રવ્યસ્કંધ, ૪. ભાવસ્કંધ.

પ્ર. નામ સ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. જ્યારે કોઈ જીવ અથવા અજીવનું **-યાવત્-** 'સ્કંધ' એમ નામ રાખવામાં આવે તો એ નામસ્કંધ કહેવાય છે.

પ્ર. સ્થાપના સ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. કાષ્ઠકર્મ **-યાવત્-** કોડીમાં એક અથવા અનેક સ્કંધની સદ્ભાવરૂપે કે અસદ્ભાવરૂપે સ્થાપના કરવામાં આવે છે તે સ્થાપના સ્કંધ છે.

પ્ર. નામ અને સ્થાપના વચ્ચે શું અંતર છે ?

ઉ. **નામ**-વસ્તુના દીર્ઘકાલીન અસ્તિત્વ સુધી કાયમ રહે છે પરંતુ **સ્થાપના**-અલ્પકાલીન અને દીર્ઘકાલીન બંને પ્રકારની હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. से किं तं दव्वखंधे ?

ઉ. दव्वखंधे दुविहे पण्णत्ते, तं जहा-

१. आगमओ य,

२. नो आगमओ य ।

પ. से किं तं आगमओ दव्वखंधे ?

ઉ. आगमओ दव्वखंधे जस्स णं खंधे इ पयं सिक्खियं, ठियं, जियं, मियं **-जाव-** णेगमस्स एगे अणुवउत्तं आगमओ एगे दव्वखंधे,

दो अणुवउत्ता आगमओ दोण्णि दव्वखंधाइं,

तिण्णि अणुवउत्ता आगमओ तिण्णि दव्वखंधाइं,

एवं जावइया अणुवउत्ता तावइया ताइं दव्वखंधाइं ।

एवमेव ववहारस्स वि ।

संगहस्स एगो वा अणेगा वा अणुवउत्तो वा, अणुवउत्ता वा दव्वखंधे वा दव्वखंधाणि वा से एगे दव्वखंधे ।

उज्जुसुयस्स एगो अणुवउत्तो आगमओ एगे दव्वखंधे, पुहत्तं णेच्छइ ।

तिण्हं सद्दणयाणं जाणए अणुवउत्ते अवत्थू, कम्हा जइ जाणए कहं अणुवउत्ते भवइ ।

से त्तं आगमओ दव्वखंधे ।

પ. से किं तं णो आगमओ दव्वखंधे ?

ઉ. णो आगमओ दव्वखंधे तिविहे पण्णत्ते, तं जहा-

१. जाणगसरीरदव्वखंधे, २. भवियसरीरदव्वखंधे,

३. जाणगसरीरभवियसरीरवइरित्ते दव्वखंधे ।

પ. से किं तं जाणगसरीरदव्वखंधे ?

ઉ. जाणगसरीरदव्वखंधे-खंधे इ पयत्थाहिगार जाणगस्स जं सरीरयं ववगय चुयचावित चत्त देहं जीव विप्पजढं सेज्जागयं वा संथारगयं वा सिद्धसिलातलगयं वा पासित्ताणं कोइ भणेज्जा- अहो ! णं इमेणं सरीरं समुस्सएणं जिणदिट्ठेणं भावेणं खंधे त्ति पयं आघवियं पण्णवियं परूवियं दंसियं निदंसियं उवदंसियं ।

પ્ર. દ્રવ્ય સ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. દ્રવ્ય સ્કંધ બે પ્રકારનાં કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. આગમ વડે દ્રવ્ય સ્કંધ,

૨. નો આગમ વડે દ્રવ્ય સ્કંધ.

પ્ર. આગમ દ્રવ્ય સ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. **આગમ**-જેણે સ્કંધપદને શીખ્યું છે, સ્થિત કર્યું છે, જીતમિત કર્યું છે **-યાવત્-** નૈગમનયની અપેક્ષાએ એક અનુપયુક્ત આત્મા આગમ વડે એક દ્રવ્ય સ્કંધ છે,

બે અનુપયુક્ત આત્માઓ આગમ વડે બે દ્રવ્ય સ્કંધ છે,

ત્રણ અનુપયુક્ત આત્માઓ આગમ વડે ત્રણ દ્રવ્ય સ્કંધ છે,

આ જ પ્રમાણે જેટલી પણ અનુપયુક્ત આત્માઓ છે, એટલા જ આગમ દ્રવ્ય સ્કંધ સમજવા જોઈએ.

આ જ પ્રમાણે વ્યવહારનય પણ આગમ સ્કંધના ભેદ સ્વીકાર કરે છે.

સંગ્રહનય એક અનુપયુક્ત આત્માને એક દ્રવ્ય સ્કંધ અને અનેક અનુપયુક્ત આત્માઓને અનેક દ્રવ્યસ્કંધ માનતા નથી પરંતુ સમગ્રને એક જ દ્રવ્ય સ્કંધ માને છે.

ઋજુ સૂત્રનય એક અનુપયુક્ત આત્મા એક આગમ દ્રવ્યસ્કંધ માને છે તે ભેદોને સ્વીકાર કરતા નથી.

ત્રણે શબ્દનય અનુપયુક્ત જ્ઞાયકને અવસ્તુ માને છે.

કારણ કે જે જ્ઞાયક છે તે અનુપયુક્ત કેવી રીતે થઈ શકે છે ?

આ આગમ દ્રવ્યસ્કંધનું સ્વરૂપ છે.

પ્ર. નોઆગમ દ્રવ્યસ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. નોઆગમ દ્રવ્યસ્કંધ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. જ્ઞાયક શરીર દ્રવ્યસ્કંધ, ૨. ભવ્યશરીર દ્રવ્યસ્કંધ,

૩. જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યસ્કંધ.

પ્ર. જ્ઞાયક શરીર દ્રવ્યસ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. સ્કંધ પદના અર્થાધિકારના જાણકાર (જાણવા-વાળા)ના ચૈતન્યરહિત, પ્રાણરહિત, ત્યાજ્ય (ત્યાગી દીધેલો) દેહ જીવ વિપ્રમુક્ત શરીરને શૈય્યાગત, સંસ્તારકગત, સિદ્ધશિલાગત જોઈને કોઈ કહે - 'અહો' આ શરીરપિંડ વડે (જિનોપદેશિત ભાવથી) સ્કંધપદનું અધ્યયન કર્યું હતું, પ્રજ્ઞાપિત, પ્રરૂપિત, દર્શિત, નિદર્શિત અને ઉપદર્શિત કર્યું હતું, તે જ્ઞાયક શરીર દ્રવ્ય સ્કંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा को दिट्ठंतो ?

अयं महुकुंभे आसी, अयं घयकुंभे आसी, से त्तं जाणग सरीर दव्वखंधे।

प. से किं तं भवियसरीरदव्वखंधे ?

उ. भवियसरीरदव्वखंधे-जे जीवे जोणिजम्मणनिक्खंते इमेणं चेव सरीरसमुस्सएणं आदत्तएणं जिणोव-इट्ठेणं खंधे इ पयं से य काले सिक्खिस्सइ ण ताव सिक्खइ।

प. जहा को दिट्ठंतो ?

उ. अयं महुकुंभे भविस्सइ, अयं घयकुम्भे भविस्सइ, से त्तं भवियसरीर दव्वखंधे।

प. से किं तं जाणगसरीर-भवियसरीरवइरित्ते दव्वखंधे ?

उ. जाणगसरीर-भवियसरीरवइरित्ते दव्वखंधे तिविहे पण्णत्ते, तं जहा-

१. सचित्ते, २. अचित्ते, ३. मीसए।

प. से किं तं सचित्तदव्वखंधे ?

उ. सचित्तदव्वखंधे अणेगविहे पण्णत्ते, तं जहा-

१. हयखंधे, २. गयखंधे,
३. किन्नरखंधे, ४. किंपुरिसखंधे,
५. महोरगखंधे, ६. उसभखंधे।

से तं सचित्त दव्वखंधे।

प. से किं तं अचित्तदव्वखंधे ?

उ. अचित्तदव्वखंधे अणेगविहे पण्णत्ते, तं जहा-

दुपएसिए खंधे, तिपएसिए खंधे **-जाव-** दसपएसिए खंधे, संखेज्जपएसिए खंधे, असंखेज्जपएसिए खंधे, अणंतपएसिए खंधे, से त्तं अचित्तदव्वखंधे।

प. से किं तं मीसदव्वखंधे ?

उ. मीसदव्वखंधे अणेगविहे पण्णत्ते, तं जहा-

सेणाए अग्गिमखंधे, सेणाए मज्झिमखंधे, सेणाए पच्छिमखंधे, से त्तं मीसदव्वखंधे।

अहवा जाणगसरीर-भवियसरीरवइरित्ते दव्वखंधे तिविहे पण्णत्ते, तं जहा-

એનું કોઈ દૃષ્ટાંત છે ?

આ મધુકુંભ હતો, આઘૃત (ઘી) કુંભ હતો, આ જ્ઞાયક શરીર દ્રવ્ય સ્કંધનું સ્વરૂપ છે.

પ્ર. ભવ્યશરીર દ્રવ્ય સ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. સમયાવધિપૂર્ણ થતાં યથોચિત સમયે કોઈ યોનિસ્થાનથી બહાર નીકળે અને તે આ પ્રાપ્ત કરેલ શરીર સંઘાત વડે ભવિષ્યમાં જિનોપદેશિત ભાવાનુસાર સ્કંધ પદને શીખશે પરંતુ હમણાં કોઈ શીખતાં નથી તે ભવ્ય શરીર દ્રવ્ય સ્કંધ છે.

પ્ર. એને માટે કહ્યું દૃષ્ટાંત છે ?

ઉ. આ મધુકુંભ હશે કે ઘૃતકુંભ હશે એવું કહેવામાં આવે છે, આ ભવ્યશરીર દ્રવ્ય સ્કંધનું સ્વરૂપ છે.

પ્ર. જ્ઞાયકશરીર ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યસ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. જ્ઞાયક શરીર - ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્ય સ્કંધ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. સચિત્ત, ૨. અચિત્ત, ૩. મિશ્ર.

પ્ર. સચિત્ત દ્રવ્યસ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. સચિત્ત દ્રવ્યસ્કંધ અનેક પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. હય (અશ્વ) સ્કંધ, ૨. ગજ (હાથી) સ્કંધ,
૩. કિન્નર સ્કંધ, ૪. કિંપુરુષસ્કંધ,
૫. મહોરગ સ્કંધ, ૬. વૃષભ (બળદ) સ્કંધ.

આ સચિત્ત દ્રવ્યસ્કંધનું સ્વરૂપ છે.

પ્ર. અચિત્ત દ્રવ્યસ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. અચિત્ત દ્રવ્યસ્કંધ અનેક પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

દ્વિપ્રદેશી સ્કંધ, ત્રિપ્રદેશી સ્કંધ **-યાવત્-** દસપ્રદેશી સ્કંધ, સંખ્યાત પ્રદેશી સ્કંધ, અસંખ્યાત પ્રદેશી સ્કંધ, અનંતપ્રદેશી સ્કંધ, આ અચિત્ત દ્રવ્યસ્કંધનું સ્વરૂપ છે.

પ્ર. મિશ્ર દ્રવ્યસ્કંધનું સ્વરૂપ શું છે ?

ઉ. મિશ્ર દ્રવ્યસ્કંધ અનેક પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

સેનાનો અગ્રિમસ્કંધ, સેનાનો મધ્યમસ્કંધ, સેનાનો અંતિમસ્કંધ, આ મિશ્ર દ્રવ્ય સ્કંધનું સ્વરૂપ છે.

અથવા જ્ઞાયક શરીર - ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્ય સ્કંધના ત્રણ પ્રકાર છે, જેમકે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. कसिणखंधे, २. अकसिणखंधे,
३. अणेगदवियखंधे ।

१. કૃત્સ્ન સ્કંધ, ૨. અકૃત્સ્નસ્કંધ,
૩. અનેકદ્રવ્ય સ્કંધ.

प. से किं तं कसिणखंधे ?

પ્ર. કૃત્સ્નસ્કંધનું સ્વરૂપ શું છે ?

उ. कसिणखंधे-से चेव हयक्खंधे गयक्खंधे **-जाव-** उसभखंधे, से त्तं कसिणखंधे ।

ઉ. અશ્વ (હય) સ્કંધ, હાથી (ગજ) સ્કંધ **-યાવત્-** બળદ (વૃષભ) સ્કંધ. જે આગળ (પૂર્વે) કહેવામાં આવ્યા છે એ જ કૃત્સ્નસ્કંધ છે. આ કૃત્સ્નસ્કંધનું સ્વરૂપ છે.

प. से किं तं अकसिणखंधे ?

પ્ર. અકૃત્સ્નસ્કંધનું સ્વરૂપ શું છે ?

उ. अकसिणखंधे-से चेव दुपएसियाई खंधे **-जाव-** अणंतपएसिए खंधे ।
से त्तं अकसिणखंधे ।

ઉ. અકૃત્સ્નસ્કંધ-જે આગળ (પૂર્વે) કહેવામાં આવ્યા છે તે દ્વિપ્રદેશી સ્કંધ **-યાવત્-** અનંતપ્રદેશી સ્કંધ છે,
આ અકૃત્સ્નસ્કંધનું સ્વરૂપ છે.

प. से किं तं अणेगदवियखंधे ?

પ્ર. અનેક દ્રવ્યસ્કંધનું સ્વરૂપ શું છે ?

उ. अणेगदविय खंधे-तस्सेव देसे अवचिए तस्सेव देसे उवचिए, से त्तं अणेगदवियखंधे ।

ઉ. એક દેશ અપચિત (વિભક્ત) અને એક દેશ ઉપચિત (સંયુક્ત) ભાગ બન્ને મળીને જે સમુદાય (વર્ગ) બને છે તે અનેક દ્રવ્યસ્કંધ છે. આ અનેક દ્રવ્ય સ્કંધનું સ્વરૂપ છે.

से त्तं जाणगसरीर-भवियसरीरवइरित्ते दव्वखंधे ।
से त्तं नोआगमओ दव्वखंधे ।

આ જ્ઞાયક શરીર - ભવ્ય શરીર - વ્યતિરિક્ત દ્રવ્ય સ્કંધનું કથન થયું. આ નોઆગમ દ્રવ્ય સ્કંધનું વર્ણન પૂર્ણ થયું.

से त्तं दव्वखंधे ।

આ દ્રવ્ય સ્કંધનું વર્ણન પૂર્ણ થયું.

प. से किं तं भाव खंधे ?

પ્ર. ભાવસ્કંધનું સ્વરૂપ શું છે ?

उ. भाव खंधे-दुविहे पण्णत्ते, तं जहा-
१. आगमओ य, २. नो आगमओ य ।

ઉ. ભાવસ્કંધ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-
૧. આગમ ભાવસ્કંધ, ૨. નો આગમભાવ સ્કંધ.

प. से किं तं आगमओ भाव खंधे ?

પ્ર. આગમ ભાવસ્કંધનું સ્વરૂપ શું છે ?

उ. आगमओ भाव खंधे जाणए उवउत्ते ।

ઉ. સ્કંધપદના અર્થનો ઉપયોગ યુક્તજ્ઞાતા આગમભાવ સ્કંધ છે.

से त्तं आगमओ भावखंधे ।

આ આગમસ્કંધનું સ્વરૂપ છે.

प. से किं तं नो आगमओ भावखंधे ?

પ્ર. નો આગમભાવ સ્કંધનું સ્વરૂપ શું છે ?

उ. नो आगमओ भावखंधे-एएसिं चेव सामाइयमाइयाणं छण्हं अज्झयणाणं समुदयसमिइसमागमेणं निप्फन्ने आवस्सयसुयक्खंधे भाव खंधे त्ति लब्भइ, से त्तं नो आगमओ भावखंधे ।

ઉ. પરસ્પર સંબંધિત સામાયિક વગેરે છ અધ્યયનોના સમુદાયના મિલનથી નિષ્પન્ન (ઉત્પન્ન થતો) આવશ્યક શ્રુતસ્કંધ ભાવસ્કંધ કહેવાય છે, આ નોઆગમ ભાવસ્કંધનું સ્વરૂપ છે.

से त्तं भावखंधे ।

આ ભાવસ્કંધનું અધ્યયન છે.

तस्स णं इमे एगट्ठिया नाणाघोसा नाणावंजणा नामधेज्जा भवंति, तं जहा-

આ ભાવસ્કંધના વિવિધ ઘોષ અને વ્યંજનયુક્ત પર્યાયવાચી નામ આ પ્રમાણે છે, જેમકે -

गाहा-गण काय निकाय खंध वग्ग रासी पुंजे य पिंड नियरे य । संघाय आकुल समूह भावखंधस्स पज्जाया ।

(ગાથાર્થ) ગણ, કાય, નિકાય, સ્કંધ, વર્ગ, રાશિ, પુંજ, પિંડ, નિકર, સંઘાત (સંયોગ), આકુલ (વ્યાપ્ત) અને સમૂહ આ બધા ભાવસ્કંધના પર્યાય છે.

से त्तं खंधे । - अणु. सु. ५२-७२

આ સ્કંધનું કથન પૂર્ણ થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૭. सद्दस्स भेयप्पभेया-

दसविहे सद्दे पण्णत्ते, तं जहा-

१. णीहारि,

२. पिंडिमे,

३. लुक्खे,

४. भिण्णे,

५. जज्जरिए इ य,

६. दीहे,

७. रहस्से,

८. पुहत्ते य,

९. काकणी,

१०. खिंखिणिस्सरे। - ठाणं. अ. १०, सु. ७०५

दुविहे सद्दे पण्णत्ते, तं जहा-

१. भासासद्दे चेव, २. नो भासासद्दे चेव।

भासासद्दे दुविहे पण्णत्ते, तं जहा-

१. अक्खरसंबद्धे चेव,

२. नो अक्खरसंबद्धे चेव।

नो भासासद्दे दुविहे पण्णत्ते, तं जहा-

१. आउज्जसद्दे चेव,

२. नो आउज्जसद्दे चेव।

आउज्जसद्दे दुविहे पण्णत्ते, तं जहा-

१. तते चेव, २. विततते चेव,

तते दुविहे पण्णत्ते, तं जहा-

१. घणे चेव, २. झुसिरे चेव,

एवं विततते वि।

नो आउज्जसद्दे दुविहे पण्णत्ते, तं जहा-

१. भूसणसद्दे चेव, २. नो भूसणसद्दे चेव।

नो भूसणसद्दे दुविहे पण्णत्ते, तं जहा-

१. तालसद्दे चेव, २. लत्तियासद्दे चेव।

- ठाणं. अ. २, उ. २, सु. ७३ (१-८)

૧૦૭. શબ્દોના ભેદ-પ્રભેદ :

શબ્દ દસ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. **નિર્હારી** - ઘોષ (અવાજ) ઉત્પન્ન કરતો શબ્દ, જેમકે- ઘંટનો.

૨. **પિંડિમ-ઘોષ** (અવાજ) વર્જિત શબ્દ, જેમકે- નંગારાંનો,

૩. **શુષ્ક** કર્કશ શબ્દ - જેમકે- કાગડાનો,

૪. **ભિન્ન** (ફાટેલ) વસ્તુના તૂટી જવાથી થતો અવાજ.

૫. **જર્જરિત** - તારયુક્ત બાજાનો અવાજ.

૬. **દીર્ઘ** - જે દૂર સુધી સંભળાઈ શકે, જેવી રીતે - વાદળાંનો અવાજ.

૭. **હ્રસ્વ** - સૂક્ષ્મ અવાજ, જેવી રીતે - વીણાંનો.

૮. **પૃથકૃત્વ** (અલગ-અલગ પ્રકારનો) અનેક વાજાનો સંયુક્ત શબ્દ.

૯. **કાકણી** (સૂક્ષ્મ સ્વર) સૂક્ષ્મ કંઠોની ગીતધ્વનિ.

૧૦. **ખિંખિણી** (રુમઝુમ ધ્વનિ) સ્વર-ઘૂંઘરુ (પાયલ)ની ધ્વનિ.

શબ્દ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. ભાષા શબ્દ, ૨. નોભાષા શબ્દ.

ભાષા શબ્દ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. અક્ષર સંબદ્ધ (સાથે જોડાયેલાં) - વર્ણાત્મક

૨. નો અક્ષર સંબદ્ધ.

નોભાષા શબ્દ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. વાદ્ય (આતોદ્ય) શબ્દ.

૨. વાદ્યરહિત (નોઆતોદ્ય) શબ્દ.

વાદ્ય (આતોદ્ય) શબ્દ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. તત, (તંતુમય), ૨. વિતત (વિસ્તૃત)

તત શબ્દ બે પ્રકારના કહેવામાં આવ્યા છે.

૧. ઘન, ૨. ઝુસિર (પોલું).

આ જ પ્રમાણે વિતત શબ્દનાં પણ બે પ્રકાર કહેવામાં આવ્યા છે.

વાદ્યરહિત (નોઆતોદ્ય) શબ્દના બે પ્રકાર કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. ભૂષણ શબ્દ, ૨. નોભૂષણ શબ્દ.

નોભૂષણ શબ્દ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે-

૧. તાલ (લય) શબ્દ, ૨. લત્તિક (વાદ્યવિશેષ) શબ્દ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૮. સદ્દુપ્પત્તિ નિમિત્તાણિ-

દોહિં ઠાણેહિં સદ્દુપ્પાએ સિયા, તં જહા-

૧. સાહન્નંતાણં ચેવ પોગ્ગલાણં સદ્દુપ્પાએ સિયા,

૨. ભિજ્જંતાણં ચેવ પોગ્ગલાણં સદ્દુપ્પાએ સિયા।

- ઠાણં. અ. ૨, ઉ. ૨, સુ. ૭૩ (૯)

૧૦૮. શબ્દોની ઉત્પત્તિના નિમિત્ત :

બે કારણો વડે શબ્દની ઉત્પત્તિ થાય છે, જેમકે -

૧. પુદ્ગલોના સંયોગ (એકત્રિત) થવાથી શબ્દોની ઉત્પત્તિ થાય છે.

૨. પુદ્ગલોના ભેદ (વિયોગ) થવાથી શબ્દોની ઉત્પત્તિ થાય છે.

૧૦૯. સદ્દાદિણં પોગ્ગલ રૂવત્ત પરૂવણં-

સદ્દંધયાર ઉજ્જોઓ, પહા છાયા તવે ઇ વા।
વણ્ણ-રસ-ગંધ-ફાસા, પોગ્ગલાણં તુ લક્ખણં ॥

એગત્તં ચ પુહત્તં ચ, સંખા સંઠાણમેવ ય।
સંજોગા ય વિભાગા ય, પજ્જવાણં તુ લક્ખણં।

- ઉત્ત. અ. ૨૮, ગા. ૧૨-૧૩

૧૦૯. શબ્દાદિના પુદ્ગલ રુપત્વનું પ્રરૂપણ :

શબ્દ, અંધકાર, ઉદ્યોત (પ્રકાશ), પ્રભા, છાયા અને આતપ તથા વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ આ પુદ્ગલનાં લક્ષણ છે.

એકત્વ (એકીકરણ) પૃથકૃત્વ (ભિન્નત્વ), સંખ્યા, સંસ્થાન (આકાર) સંયોગ અને વિભાગ (વિયોગ) (પુદ્ગલ) આ પર્યાયોનાં લક્ષણ છે.

૧૧૦. સદ્દાઈણં એગત્તં-

એગે સદ્દે, એગે રૂવે, એગે ગંધે, એગે રસે, એગે ફાસે।

એગે સુબ્ભિસદ્દે, એગે દુબ્ભિસદ્દે।

એગે સુરૂવે, એગે દુરૂવે।

એગે દીહે, એગે હસ્સે।

એગે વટ્ટે, એગે તંસે, એગે ચઉરંસે, એગે પિહુલે, એગે પરિમંડલે।

એગે કિણ્હે, એગે નીલે, એગે લોહિએ, એગે હાલિદ્દે, એગે સુક્કિલ્લે।

એગે સુબ્ભિગંધે, એગે દુબ્ભિગંધે।

એગે તિત્તે, એગે કડુએ, એગે કસાએ, એગે અંબિલે, એગે મહુરે।

એગે કક્ખડે -જાવ- એગે લુક્ખે।

- ઠાણં. અ. ૧, સુ. ૩૮

૧૧૦. શબ્દાદિનું એકત્વ :

એક શબ્દ, એક રુપ, એક ગંધ, એક રસ, એક સ્પર્શ,

એક શુભ શબ્દ, એક અશુભ શબ્દ.

એક સુરુપ (સૌંદર્ય યુક્ત), એક કુરુપ

એક દીર્ઘ, એક હ્રસ્વ.

એક વૃત્ત (ગોળ,) એક ત્રંસ્ત્ર (ત્રિકોણ), એક ચતુરસ્ત્ર (ચોરસ), એક પૃથુલ (પહોળું), એક પરિમંડળ (વર્તુળાકાર).

એક કાળો, એક નીલો, એક લાલ, એક પીળો, એક સફેદ,

એક સુગંધ, એક દુર્ગંધ.

એક તીખો, એક કડવો, એક તૂરો, એક ખાટો, એક મીઠો (મધુર).

એક કર્કશ -યાવત્- એક રુક્ષ (શુષ્ક).

૧૧૧. સદ્દાઈણં વિવિહપયારેણ ભેય પરૂવણં-

દુવિહા સદ્દા પણ્ણત્તા, તં જહા-

૧. અત્તા ચેવ, ૨. અણત્તા ચેવ।

એવં ઇટ્ઠા -જાવ- મણામા।

દુવિહા રૂવા પણ્ણત્તા, તં જહા-

૧. અત્તા ચેવ, ૨. અણત્તા ચેવ।

એવં ઇટ્ઠા -જાવ- મણામા।

એવં ગંધા, રસા, ફાસા।

૧૧૧. શબ્દાદિ પુદ્ગલોના વિવિધ પ્રકાર વડે ભેદોનું પ્રરૂપણ :

શબ્દ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. આત્ત (ગ્રહીત), ૨. અનાત્ત (અગ્રહીત).

આ જ પ્રમાણે ઈષ્ટ (હિતકારી) -યાવત્- મનામ (મણામ) બે-બે પ્રકારના સમજવા જોઈએ.

રુપ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. આત્ત (ગ્રહીત), ૨. અનાત્ત (અગ્રહીત).

આ જ પ્રમાણે ઈષ્ટ (હિતકારી) -યાવત્- મનામ (મણામ) બે-બે પ્રકારના સમજવાં જોઈએ.

આ જ પ્રમાણે ગંધ, રસ અને સ્પર્શના ભેદ સમજવાં જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवमिक्किक्के छ-छ आलावगा भाणियव्वा।

- ठाणं. अ. २, उ. ३, सु. ७५

११२. पयोगबंध-वीससाबंधनाम बंधभेया-

प. कइविहे णं भंते ! बंधे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे बंधे पण्णत्ते, तं जहा-

१. पयोगबंधे य,

२. वीससाबंधे य।

- विया. स. ८, उ. ९, सु. १

११३. वीससाबंधस्स वित्थरओ परूवणं-

प. वीससाबंधे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-

१. साईयवीससाबंधे य,

२. अणाईयवीससा बंधे य।

प. अणाईयवीससाबंधे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा-

१. धम्मत्थिकायअन्नमन्नअणाईयवीससाबंधे,

२. अधम्मत्थिकायअन्नमन्नअणाईयवीससाबंधे,

३. आगासत्थिकायअन्नमन्नअणाईयवीससाबंधे।

प. धम्मत्थिकाय-अन्नमन्न-अणाईयवीससाबंधे णं भंते ! किं देसबंधे ? सव्वबंधे ?

उ. गोयमा ! देसबंधे, नो सव्वबंधे।

एवं अधम्मत्थिकायअन्नमन्नअणाईयवीससाबंधेवि,

एवं आगासत्थिकायअन्नमन्नअणाईयवीससाबंधे वि।

प. धम्मत्थिकायअन्नमन्नअणाईयवीससाबंधे णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वद्धं।

एवं अधम्मत्थिकाए, एवं आगासत्थिकाए।

प. साईयवीससाबंधे णं भंते ! कइविहे पण्णत्ते ?

આ જ પ્રમાણે પ્રત્યેકના છ-છ આલાપક (ગમક) સમજવાં જોઈએ.

૧૧૨. પ્રયોગબંધ-વિશ્રસાબંધ નામના બે બંધ ભેદ :

પ્ર. ભંતે ! બંધ કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! બંધ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. પ્રયોગ બંધ (પ્રયોગ વડે થનાર બંધ),

૨. વિશ્રસાબંધ (સ્વાભાવિક રૂપ વડે થનાર બંધ).

૧૧૩. વિશ્રસાબંધનું વિસ્તારપૂર્વક પ્રરૂપણ :

પ્ર. ભંતે ! વિશ્રસાબંધ કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. સાદિક વિશ્રસાબંધ,

૨. અનાદિક વિશ્રસાબંધ.

પ્ર. ભંતે ! અનાદિક વિશ્રસાબંધ કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! તે ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. ધર્માસ્તિકાયના અન્યોન્ય-અનાદિક વિશ્રસાબંધ,

૨. અધર્માસ્તિકાયના અન્યોન્ય-અનાદિક વિશ્રસાબંધ,

૩. આકાશાસ્તિકાયના અન્યોન્ય-અનાદિક વિશ્રસાબંધ.

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાયના અન્યોન્ય-અનાદિક વિશ્રસાબંધ શું દેશબંધ છે કે સર્વબંધ છે ?

ઉ. ગૌતમ ! તે દેશબંધ છે, સર્વબંધ નથી.

આ જ પ્રમાણે અધર્માસ્તિકાયના અન્યોન્ય-અનાદિક વિશ્રસાબંધને માટે પણ સમજવું જોઈએ.

આ જ પ્રમાણે આકાશાસ્તિકાયના અન્યોન્ય-અનાદિક વિશ્રસાબંધને માટે પણ સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! ધર્માસ્તિકાયના અન્યોન્ય-અનાદિક વિશ્રસાબંધ કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! સર્વકાળ (હંમેશને માટે) રહે છે.

આ જ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના (અન્યોન્ય-અનાદિ-વિશ્રસાબંધ) માટે પણ સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! સાદિક-વિશ્રસાબંધ કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा-

१. बंधणपच्चइए, २. भायणपच्चइए,

३. परिणामपच्चइए ।

ઉ. ગૌતમ ! તે ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. બંધન પ્રત્યયિક (પ્રત્યય યુક્ત), ૨. ભાજન પ્રત્યયિક (પ્રત્યય યુક્ત),

૩. પરિણામ પ્રત્યયિક (પ્રત્યય યુક્ત),

प. से किं तं भंते ! बंधणपच्चइए ?

પ્ર. ભંતે ! બંધન-પ્રત્યયિક (સાદિ વિશ્રસાબંધ) કોને કહેવાય છે ?

उ. गोयमा ! बंधणपच्चइए-जं णं परमाणुपोग्गला दुपएसिय-ति-पएसिय **-जाव-** दसपएसिए संखेज्ज-पएसिय-असंखेज्जपएसिय-अणंतपएसियाणं खंधाणं-वेमायनिद्धयाए वेमायलुक्खयाए वेमायनिद्ध-लुक्खयाए बंधणपच्चइएणं बंधे समुप्पज्जइ,

से जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं असंखेज्जं कालं,

से त्तं बंधणपच्चइए ।

ઉ. ગૌતમ ! પરમાણુ પુદ્ગલ દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક **-યાવત્-** દશપ્રદેશિક, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક અને અનંત પ્રદેશિક પુદ્ગલ-સ્કંધોની વિષમ સ્નિગ્ધતા (તૈલીપણું), વિષમ રુક્ષતા અને વિષમ સ્નિગ્ધ-રુક્ષતા વડે જે બંધ થાય છે એને બંધન પ્રત્યયિક બંધ કહેવામાં આવે છે.

તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ સુધી રહે છે.

આ બંધન-પ્રત્યયિક (સાદિ-વિશ્રસાબંધ)નું સ્વરૂપ છે.

प. से किं तं भंते ! भायणपच्चइए ?

પ્ર. ભંતે ! ભાજન-પ્રત્યયિક (સાદિ-વિશ્રસાબંધ) કોને કહેવાય છે ?

उ. गोयमा ! भायणपच्चइए-जं णं जुण्णसुरा-जुण्णगुल-जुण्ण-तंदुलाणं भायणपच्चइएणं बंधे समुप्पज्जइ,

से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जं कालं,

से त्तं भायणपच्चइए ।

ઉ. ગૌતમ ! જૂની મદિરા (દારુ,), જૂનો ગોળ અને જૂના ચોખાના પાત્રના નિમિત્ત વડે જે બંધ થાય છે એને ભાજન-પ્રત્યયિક બંધ કહેવામાં આવે છે.

તે જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સુધી રહે છે.

આ ભાજન-પ્રત્યયિક (સાદિ-વિશ્રસાબંધ)નું સ્વરૂપ છે.

प. से किं तं भंते ! परिणामपच्चइए ?

પ્ર. ભંતે ! પરિમાણ પ્રત્યયિક (સાદિ વિશ્રસાબંધ) કોને કહેવાય છે ?

उ. गोयमा ! परिणामपच्चइए-जं णं अब्भाणं अब्भरुक्खाणं **-जाव-** अमोहाणं परिणामपच्चइएणं बंधे समुप्पज्जइ,
से जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं छम्मासा ।

ઉ. ગૌતમ ! વાદળો, અભ્રવૃક્ષ (આકાશીવૃક્ષ) **-યાવત્-** અમોઘો વગેરેનું પરિણામ-પ્રત્યયિક બંધ થાય છે.

તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ સુધી રહે છે.

से त्तं परिणामपच्चइए ।

તે પરિણામ-પ્રત્યયિક વિશ્રસાબંધનું સ્વરૂપ છે.

से त्तं साईयवीससाबंधे ।

તે સાદિ-વિશ્રસાબંધનું સ્વરૂપ છે.

से त्तं वीससाबंधे ।

આ વિશ્રસાબંધનું કથન થયું.

- विया. स. ८, उ. ९, सु. २-११

११४. पयोगबंधस्स भेय-प्पभेय परूवणं-

૧૧૪. પ્રયોગ બંધના ભેદ-પ્રભેદોનું પ્રરૂપણ :

प. से किं तं भंते ! पयोगबंधे ?

પ્ર. ભંતે ! પ્રયોગ બંધ કેટલા પ્રકારના છે ?

उ. गोयमा ! पयोगबंधे तिविहे पण्णत्ते, तं जहा-

ઉ. ગૌતમ ! પ્રયોગ બંધ ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

१. अणाईए वा अप्पज्जवसिए,

૧. અનાદિ - અપર્યવસિત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. साईए वा अपज्जवसिए,

३. साईए वा सपज्जवसिए ।

१. तत्थ णं जे से अणाईए अपज्जवसिए से णं अट्ठण्हं जीवमज्झपएसाणं ।

तत्थ वि णं तिण्हं-तिण्हं अणाईए अपज्जवसिए, सेसाणं साईए ।

२. तत्थ णं जे से साईए अपज्जवसिए से णं सिद्धाणं,

३. तत्थ णं जे से साईए सपज्जवसिए से णं चउव्विहे पण्णत्ते, तं जहा-

१. आलावणबंधे, २. अल्लियावणबंधे,

३. सरीरबंधे, ४. सरीरप्पयोगबंधे ।

प. १. से किं तं भंते ! आलावणबंधे ?

उ. गोयमा ! आलावणबंधे-जं णं तणभाराण वा, कट्ठ-भाराण वा, पत्तभाराण वा, पलालभाराण वा, वेल्लभाराण वा वेत्तलया-वाग-वरत्त-रज्ज-वल्लि-कुस- दब्भमादिएहिं आलावणबंधे समुप्पज्जइ,

से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जं कालं ।

से त्तं आलावणबंधे ।

प. २. से किं तं भंते ! अल्लियावणबंधे ?

उ. गोयमा ! अल्लियावणबंधे चउव्विहे पण्णत्ते, तं जहा-

१. लेसणाबंधे, २. उच्चयबंधे,

३. समुच्चयबंधे, ४. साहण्णबंधे ।

प. १. से किं तं भंते ! लेसणाबंधे ?

उ. गोयमा ! लेसणाबंधे-जं णं कुड्डाणं कुट्टिमाणं खंधाणं पासायाणं कट्ठाणं चम्माणं घडाणं पडाणं कडाणं छुहा-चिक्खल्लसिलेस लक्ख-महुसित्थ-माइएहिं लेसणएहिं बंधे समुप्पज्जइ,

से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जं कालं,

से त्तं लेसणाबंधे ।

प. २. से किं तं भंते ! उच्चयबंधे ?

उ. गोयमा ! उच्चयबंधे, जं णं तणरासीण वा, कट्ठरासीण वा, पत्तरासीण वा, तुसरासीण वा, भुसरासीण वा, गोमयरासीण वा, अवगररासीण वा उच्चएणं बंधे समुप्पज्जइ,

२. સાદિ - અપર્યવસિત,

૩. સાદિ - સપર્યવસિત.

૧. આમાંથી જે અનાદિ-અપર્યવસિત છે, તે જીવના આઠ મધ્યપ્રદેશોનો હોય છે.

એમાં પણ ત્રણ-ત્રણ પ્રદેશોનો અનાદિ-અપર્યવસિત બંધ છે, શેષનો સાદિ (અપર્યવસિત) બંધ છે.

૨. આ ત્રણેમાં જે સાદિ-અપર્યવસિત બંધ છે તે સિદ્ધોનો હોય છે.

૩. જે સાદિ-સપર્યવસિત બંધ છે, તે ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. આલાપન બંધ, ૨. અલ્લિકાપન બંધ,

૩. શરીર બંધ, ૪. શરીર પ્રયોગ બંધ.

પ્ર. ૧. ભંતે ! આલાપન બંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! ઘાસ, લાકડું, પાંદડા, પલાલ અને વેલના ભારાને, નેતરની છાલ, લતાઓથી ચામડાંનું બનેલું મોટું દોરડું, રજ્જુ (દોરડું), વેલ, કુશ, નાળિયેરની ચોટલી (જટા) વગેરે વડે બાંધવાને આલાપન બંધ કહેવાય છે.

આ બંધ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સમય સુધી રહે છે.

આ આલાપન બંધનું સ્વરૂપ છે.

પ્ર. ૨. ભંતે ! અલ્લિકાપન બંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! અલ્લિકાપન બંધ ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. શ્લેષણા બંધ, ૨. ઉચ્ચય બંધ,

૩. સમુચ્ચય બંધ, ૪. સંહનન બંધ.

પ્ર. ૧. ભંતે ! શ્લેષણા બંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! ભીંત, આંગણું, થાંભલાઓ, મહેલો, લાકડું, ચામડું, ઘડા (માટીના વાસણ), વસ્ત્ર અને ચટાઈઓને, ચૂનો, કીચડ (કાદવ), લેપ, લાખ, મીણ વગેરે દ્રવ્યો વડે વિલેપન કરવું એને શ્લેષણાબંધ કહેવાય છે.

આ બંધ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સુધી રહે છે.

આ શ્લેષણાબંધનું સ્વરૂપ છે.

પ્ર. ૨. ભંતે ! ઉચ્ચયબંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! ઘાસનો ઢગલો, લાકડાંનો ઢગલો, પાંદડાનો ઢગલો, તુષ (ડાંગરનું ફોતરું)નો ઢગલો, ભૂષાનો ઢગલો, ગોમય (ઘોડાની લીદનો) ઢગલો, ઉકરડાંનો ઊંચો ઢગલો કરવામાં આવે છે એને ઉચ્ચયબંધ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जं कालं,

से त्तं उच्चयबंधे।

આ બંધ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સુધી રહે છે.

આ ઉચ્ચયબંધનું સ્વરૂપ છે.

प. ३. से किं तं भंते ! समुच्चयबंधे ?

उ. गोयमा ! समुच्चयबंधे-जं णं अगड़-तड़ाग-नदी-दह-वावी-पुक्खरणी-दीहियाणं-गुंजालियाणं सराणं सरपंतियाणं सरसरपंतियाणं बिलं बिलपंतियाणं देवकुल-सभा-पवा-थूभ-खाइयाणं फरिहाणं पागारट्टालग-चरिय-दार-गोपुर-तोरणाणं पासाय-घर-सरण-लेण-आवणाणं सिंघाडग-तिय चउक्क- चच्चर- चउम्मुह-महाप-हमादीणं छुहा-चिक्खल्ल- सिलेससमुच्चएणं बंधे समुप्पज्जइ,

से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जं कालं,

से त्तं समुच्चयबंधे।

પ્ર. ૩. ભંતે ! સમુચ્ચયબંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! કુવા, તળાવ, નદી, દ્રહ, વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સરોવરની હારમાળા, મોટા સરોવરની હારમાળા, બિલ (દર), બિલોની હારમાળા, મંદિર (દેવકુલ), સભા, પરબ (પ્યાઉ), સ્તૂપ, ખાઈ, પરિખા (પાણીની ખાઈ,) પ્રાકાર (કિલ્લો) અટ્ટાલક (અટારી) ચરિકા-ગઢ અને નગરની વચ્ચેનો માર્ગ, દ્વાર (દરવાજા), ગોપુર, તોરણ, મહેલ, ઘર, આશ્રયસ્થાન, લયન (ગૃહવિશેષ), દુકાન (હાટ), શ્રૃંગાટક (સિંગોડા આકારનો માર્ગ), ત્રિક (ત્રણ રસ્તા), ચતુષ્ક (ચાર રસ્તા) ચત્વર (ચોક), ચર્તુમુખી માર્ગ અને રાજમાર્ગ વગેરેને ચૂના, માટી, કીચડ (કાદવ) અને લેપ વગેરે વડે વિલેપન કરવાને સમુચ્ચયબંધ કહેવાય છે.

આ બંધ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સુધી રહે છે.

આ સમુચ્ચયબંધનું સ્વરૂપ છે.

प. ४. से किं तं भंते ! साहणणाबंधे ?

उ. गोयमा ! साहणणा बंधे दुविहे पण्णत्ते, तं जहा-

१. देससाहणणाबंधे य, २. सव्वसाहणणाबंधे य।

प. १. से किं तं भंते ! देससाहणणाबंधे ?

उ. गोयमा ! देससाहणणाबंधे-जं णं सगड-रह-जाण-जुग-गिल्लि-थिल्लि-सीय-संदमाणिया-लोही-लोह- कडाह-कडच्छुअ-आसण-सयण-खंभ-भंड-मत्त- उवगरणमाईणं देससाहणणाबंधे समुप्पज्जइ,

से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जं कालं,

से त्तं देससाहणणाबंधे।

પ્ર. ૪. ભંતે ! સંહનનબંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! સંહનનબંધ બે પ્રકારનો કહેવામાં આવે છે, જેમકે -

૧. દેશસંહનન બંધ, ૨. સર્વસંહનન બંધ.

પ્ર. ૧. ભંતે ! દેશ સંહનન બંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! શકટ (ગાડી), રથ, યાન (વાહન), યુગ્ય, (અંબાડી) ગિલ્લિ, (પલાણ) થિલ્લિ, (પાલખી) શિબિકા, સ્યન્દમાનિકા (પુરુષ પ્રમાણ વાહન વિશેષ), લોઢી, લોખંડની તાવડી, કડછી (ચમચો), આસન, શયન, સ્તંભ, ભાંડ (માટીનાં વાસણો), પાત્ર, નાના ઉપકરણો (સાધનો) વગેરે પદાર્થો સાથે જે સંબંધ હોય છે, તે દેશસંહનન બંધ છે.

આ બંધ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ સુધી રહે છે.

આ દેશ સંહનનબંધનું સ્વરૂપ છે.

प. २. से किं तं भंते ! सव्वसाहणणाबंधे ?

उ. गोयमा ! सव्वसाहणणाबंधे-से णं खीरोदग-माईणं,

से त्तं सव्वसाहणणाबंधे,

પ્ર. ૨. ભંતે ! સર્વસંહનનબંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! દૂધ અને પાણીની જેમ જે એકરૂપ (મિશ્ર) થઈ જાય છે, એને સર્વ સંહનનબંધ કહેવાય છે.

આ સર્વ સંહનનબંધનું સ્વરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से त्तं साहणणाबंधे ।

से त्तं अल्लियावणबंधे ।

આ સંહનનનું સ્વરૂપ છે.

આ અલ્લિકાપન બંધનું કથન થયું.

प. से किं तं भंते ! सरीरबंधे ?

उ. गोयमा ! सरीरबंधे दुविहे पण्णत्ते, तं जहा-

१. पुव्वप्पओगपच्चइए य,

२. पडुप्पन्नप्पओगपच्चइए य ।

પ્ર. ભંતે ! શરીરબંધ કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! શરીરબંધ બે પ્રકારનાં કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. પૂર્વપ્રયોગ પ્રત્યયિક,

૨. પ્રત્યુત્પન્ન પ્રયોગ - પ્રત્યયિક.

प. से किं तं भंते ! पुव्वप्पओगपच्चइए ?

उ. गोयमा ! पुव्वप्पओगपच्चइए-जं णं नेरइयाणं संसारत्थाणं सव्वजीवाणं तत्थ-तत्थ तेसु-तेसु कारणेसु समोहन्नमाणाणं जीवप्पदेसाणं बंधे समुप्पज्जइ,

से त्तं पुव्वप्पयोगपच्चइए ।

પ્ર. ભંતે ! પૂર્વપ્રયોગ - પ્રત્યયિક (શરીર બંધ) કોને કહેવાય છે ?

ઉ. ગૌતમ ! જ્યાં-જ્યાં જે-જે કારણો વડે સમુદ્ઘાત (કર્મ-નિર્જરા) કરતાં થકા નૈરયિક વગેરે સર્વ સંસારી જીવોના જીવપ્રદેશોનો જે બંધ થાય છે, એને પૂર્વપ્રયોગ પ્રત્યયિક બંધ કહેવાય છે.

આ પૂર્વપ્રયોગ - પ્રત્યયિક બંધનું સ્વરૂપ છે.

प. से किं तं भंते ! पडुप्पन्नप्पओगपच्चइए ?

उ. गोयमा ! पडुप्पन्नप्पओगपच्चइए-जं णं केवल-नाणिस्स अणगारस्स केवलिसमुग्घाएणं समोहयस्स, ताओ समुग्घायाओ पडिनियत्तमाणस्स अंतरामंथे वट्टमाणस्स तेया-कम्माणं बंधे समुप्पजइ ।

પ્ર. ભંતે ! પ્રત્યુત્પન્ન-પ્રયોગ-પ્રત્યયિક બંધ કોને કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! કેવલી સમુદ્ઘાત (કર્મ-નિર્જરા) કરતાં-કરતાં અને તે સમુદ્ઘાતથી પ્રતિનિવૃત્ત થતાં (પાછા ફરતાં) વચ્ચે (મધ્યમાં) (મન્થાનાવસ્થા)માં રહેલા કેવળજ્ઞાની અણગારના તૈજસ્ અને કાર્મણ શરીરનો જે બંધ થાય છે, એને પ્રત્યુત્પન્ન-પ્રયોગ-પ્રત્યયિક બંધ કહેવાય છે.

प. किं कारणं ?

उ. ताहे से पएसा एगत्तीगया भवंतीति,

से त्तं पडुप्पन्नप्पयोगपच्चइए,

से त्तं सरीरबंधे ।

- विया. स. ८, उ. ९, सु. १२-२३

પ્ર. (તૈજસ્ અને કાર્મણ શરીરનો બંધ થવાનું) શું કારણ હોય છે ?

ઉ. કારણ તે સમયે તે પ્રદેશ એકત્રિત થઈ રહેતા હોય છે.

આ પ્રત્યુત્પન્નપ્રયોગ પ્રત્યયિક બંધનું સ્વરૂપ છે.

આ શરીર બંધનું કથન છે.

११५. सरीरप्पयोगबंधस्स भेया-

૧૧૫. શરીર પ્રયોગબંધના ભેદ :

प. से किं तं भंते ! सरीरप्पयोगबंधे ?

उ. गोयमा ! सरीरप्पयोगबंधे पंचविहे पण्णत्ते, तं जहा-

१. ओरालियसरीरप्पयोगबंधे,

२. वेउव्वियसरीरप्पयोगबंधे,

३. आहारगसरीरप्पयोगबंधे,

४. तेयगसरीरप्पयोगबंधे,

५. कम्मगसरीरप्पयोगबंधे ।

- विया. स. ८, उ. ९, सु. २४,

પ્ર. ભંતે ! શરીર પ્રયોગ બંધ કેટલા પ્રકારનો કહેવામાં આવ્યો છે ?

ઉ. ગૌતમ ! શરીર પ્રયોગ બંધ પાંચ પ્રકારનો કહેવામાં આવ્યો છે, જેમકે -

૧. ઔદારિક શરીર પ્રયોગ બંધ,

૨. વૈક્રિય શરીર પ્રયોગ બંધ,

૩. આહારક શરીર પ્રયોગ બંધ,

૪. તૈજસ્ શરીર પ્રયોગ બંધ,

૫. કાર્મણ શરીર પ્રયોગ બંધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११६. ओरालियसरीरप्पयोगबंधस्स वित्थरओ परूवणं-

प. ओरालियसरीरप्पयोगबंधे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-

१. एगिंदियओरालियसरीरप्पयोगबंधे,
२. बेइंदियओरालियसरीरप्पयोगबंधे,
३. तेइंदियओरालियसरीरप्पयोगबंधे,
४. चउरिंदियओरालियसरीरप्पयोगबंधे,
५. पंचिंदियओरालियसरीरप्पयोगबंधे ।

प. एगिंदियओरालियसरीरप्पयोगबंधे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-

पुढविक्काइयएगिंदियओरालियसरीरप्पयोगबंधे, एवं एएणं अभिलावेणं भेदा जहा ओगाहणसंठाणे ओरालियसरीरस्स तहा भाणियव्वा -जाव- पज्जत्तगब्भवक्कंतियमणुस्सपंचिंदियओरालियसरीरप्पयोगबंधे य, अपज्जत्तगब्भवक्कंतियमणुस्सपंचिंदिय-ओरालियसरीरप्पयोगबंधे य ।

प. ओरालियसरीरप्पयोगबंधे णं भंते ! कस्स कम्मस्स उदएणं ?

उ. गोयमा ! वीरियसजोगसद्दव्वयाए पमादपच्चया कम्मं च जोगं च भवं च आउयं च पडुच्च ओरालियसरीरप्पयोगनामकम्मस्स उदएणं ओरालियसरीरप्पयोगबंधे ।

प. एगिंदियओरालियसरीरप्पयोगबंधे णं भंते ! कस्स कम्मस्स उदएणं ?

उ. गोयमा ! ***एवं चेव ।***

पुढविक्काइयएगिंदियओरालियसरीरप्पयोगबंधे एवं चेव ।

एवं -जाव- वणस्सइकाइया । एवं बेइंदिया । एवं तेइंदिया । एवं चउरिंदिया ।

प. तिरिक्खजोणियपंचिंदियओरालियसरीरप्पओगबंधे णं भंते ! कस्स कम्मस्स उदएणं ?

११६. औदारिक शरीर प्रयोग बंधनुं विस्तारथी प्ररूपण :

प्र. भंते ! औदारिक शरीर प्रयोग बंध केटला प्रकारनो कहेवामां आव्यो छे ?

उ. गौतम ! ते पांच प्रकारनो कहेवामां आव्यो छे, जेमके -

१. एकेन्द्रिय - औदारिक शरीर प्रयोग बंध,
२. द्वीन्द्रिय - औदारिक शरीर प्रयोग बंध,
३. त्रिन्द्रिय - औदारिक शरीर प्रयोग बंध,
४. चतुरिन्द्रिय - औदारिक शरीर प्रयोग बंध,
५. पंचेन्द्रिय - औदारिक शरीर प्रयोग बंध.

प्र. भंते ! एकेन्द्रिय - औदारिक शरीर प्रयोग बंध केटला प्रकारनो कहेवामां आव्यो छे ?

उ. गौतम ! ते पांच प्रकारनो कहेवामां आव्यो छे, जेमके -

प्रज्ञापनासूत्रना एकवीसमा पदमां अवगाहना संस्थान (आकार)नी अपेक्षाए औदारिक शरीरना जे भेद कहेवामां आव्या छे एवा ज अहींया पृथ्वीकायिक एकेन्द्रिय - औदारिक शरीर प्रयोग बंध वडे पर्याप्त गर्भज - मनुष्य पंचेन्द्रिय - औदारिक शरीर प्रयोग बंध अने अपर्याप्त गर्भज - मनुष्य - पंचेन्द्रिय - औदारिक शरीर प्रयोगबंध पर्यंत समजवा जोईए.

प्र. भंते ! औदारिक शरीर - प्रयोगबंध कया कर्मना उदय वडे थाय छे ?

उ. गौतम ! सवीर्यता, सयोग्यता अने सद्द्रव्यता वडे तेमज प्रमादना कारणे, कर्म, योग, भव अने आयुष्य वगेरे हेतुओनी अपेक्षाए औदारिक शरीर प्रयोग नामकर्मना उदय वडे औदारिक शरीर प्रयोग बंध थाय छे.

प्र. भंते ! एकेन्द्रिय औदारिक शरीर प्रयोग बंध कया कर्मना उदय वडे थाय छे ?

उ. गौतम ! ***पूर्वोक्त कथनानुसार अहींया पण समजवुं जोईए.***

आ ज प्रमाणे पृथ्वीकायिक एकेन्द्रिय-औदारिक शरीर प्रयोगबंधने माटे पण समजवुं जोईए.

आ ज प्रमाणे वनस्पतिकायिक एकेन्द्रिय-औदारिक शरीर प्रयोगबंध पर्यंत तथा द्वीन्द्रिय-त्रीन्द्रिय अने चतुरिन्द्रिय-औदारिक शरीर प्रयोग बंधने माटे पण समजवुं जोईए.

प्र. भंते ! तिर्यंचयोनिक-पंचेन्द्रिय-औदारिक शरीर प्रयोगबंध कया कर्मना उदयने कारणे थाय छे ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! **एवं चेव ।**

प. मणुस्सपंचिंदियओरालियसरीरप्पयोगबंधे णं भंते ! **कस्स कम्मस्स उदएणं ?**

उ. गोयमा ! **वीरियसजोगसद्दव्वयाए पमादपच्चया कम्मं च जोगं च भवं च आउयं च पडुच्च मणुस्स-पंचिंदियओरालियसरीरप्पयोगनामाए कम्मस्स उदएणं मणुस्सपंचिंदिय-ओरालिय सरीरप्पयोगबंधे।**

प. ओरालियसरीरप्पयोगबंधे णं भंते ! किं देसबंधे सव्वबंधे ?

उ. गोयमा ! देसबंधे वि, सव्वबंधे वि ।

एवं पुढविकाइया ।

एवं -जाव-

प. मणुस्सपंचिंदियओरालियसरीरप्पयोगबंधे णं भंते ! किं देसबंधे सव्वबंधे ?

उ. गोयमा ! देसबंधे वि, सव्वबंधे वि ।

- विया. स. ८, उ. ९, सु. २५-३६

११७. ओरालिय सरीरप्पयोग बंधस्स ठिई परूवणं -

प. ओरालियसरीरप्पयोगबंधे णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वबंधे एक्कं समयं, देसबंधे जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं समयूणाइं ।

प. एगिंदियओरालियसरीरप्पयोगबंधे णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वबंधे एक्कं समयं, देसबंधे जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं बावीसं वाससहस्साइं समयूणाइं ।

प. पुढविकाइयएगिंदिय ओरालिय सरीरप्पयोगबंधे णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वबंधे एक्कं समयं, देसबंधे जहन्नेणं खुड्डागभवग्गहणं तिसमयूणं, उक्कोसेणं बावीसं वाससहस्साइं समयूणाइं ।

ઉ. ગૌતમ ! ***પૂર્વોક્ત કથનાનુસાર અહીંયા પણ સમજવું જોઈએ.***

પ્ર. ભંતે ! મનુષ્ય-પંચેન્દ્રિય-ઔદારિક શરીર પ્રયોગ બંધ કયા કર્મના ઉદયને કારણે થાય છે ?

ઉ. ગૌતમ ! સવીર્યતા, સયોગ્યતા અને સદ્દ્રવ્યતા વડે, પ્રમાદને કારણે, કર્મ, યોગ, ભવ અને આયુષ્યની અપેક્ષાએ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર નામકર્મના ઉદય વડે મનુષ્ય પંચેન્દ્રિય - ઔદારિક શરીર પ્રયોગ બંધ થાય છે.

પ્ર. ભંતે ! ઔદારિક શરીર - પ્રયોગ બંધ શું દેશબંધ છે કે સર્વબંધ છે ?

ઉ. ગૌતમ ! તે દેશબંધ પણ છે અને સર્વબંધ પણ છે.

પ્ર. ભંતે ! એકેન્દ્રિય - ઔદારિક શરીર પ્રયોગ બંધ શું દેશબંધ છે કે સર્વબંધ છે ?

ઉ. ગૌતમ ! તે દેશબંધ પણ છે અને સર્વબંધ પણ છે.

આ જ પ્રમાણે પૃથ્વીકાયિક (એકેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગબંધ)ને માટે પણ સમજવું જોઈએ.

આ જ પ્રમાણે -યાવત્-

પ્ર. ભંતે ! મનુષ્ય-પંચેન્દ્રિય-ઔદારિક શરીર પ્રયોગ બંધ શું દેશબંધ છે કે સર્વબંધ છે ?

ઉ. ગૌતમ ! તે દેશબંધ પણ છે અને સર્વબંધ પણ છે.

૧૧૭. ઔદારિક શરીર પ્રયોગ બંધની સ્થિતિનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! ઔદારિક શરીર-પ્રયોગ બંધ કાળની અપેક્ષાએ કેટલા કાળ સુધી હોય છે ?

ઉ. ગૌતમ ! સર્વબંધ એક સમય અને દેશબંધ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ એક સમય કમ ત્રણ પલ્યોપમ સુધીનો હોય છે.

પ્ર. ભંતે ! એકેન્દ્રિય ઔદારિક શરીર પ્રયોગ બંધ કાળની અપેક્ષાએ કેટલા કાળ સુધી હોય છે ?

ઉ. ગૌતમ ! સર્વબંધ એક સમય અને દેશબંધ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ એક સમય કમ બાવીસ હજાર વર્ષ સુધીનો હોય છે.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક - એકેન્દ્રિય - ઔદારિક શરીર-પ્રયોગબંધ કાળની અપેક્ષાએ કેટલા કાળ સુધી હોય છે ?

ઉ. ગૌતમ ! સર્વબંધ એક સમય અને દેશબંધ જઘન્ય ત્રણ સમય કમ ક્ષુલ્લક ભવ-ગ્રહણ પર્યંત તથા ઉત્કૃષ્ટ એક સમય કમ બાવીસ હજાર વર્ષ સુધીનો હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं सव्वेसिं सव्वबंधो एक्कं समयं,

देसबंधो जेसिं नत्थि वेउव्वियसरीरं तेसिं जहन्नेणं खुड्डागं भवग्गहणं तिसमयूणं, उक्कोसेणं जा जस्स उक्कोसिया ठिई सा समयूणा कायव्वा ।

जेसिं पुण अत्थि वेउव्वियसरीरं तेसिं देसबंधो जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं जा जस्स ठिई सा समयूणा कायव्वा ।

एवं -जाव- मणुस्साणं देसबंधे जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं तिण्णिपलिओवमाइं समयूणाइं ।

- विया. स. ८, उ. ९, सु. ३७-४०

११८. ओरालियसरीरप्पयोग बंधंतरं काल परूवणं-

प. ओरालियसरीरबंधंतरं णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वबंधंतरं जहन्नेणं खुड्डागं भवग्गहणं तिसमयूणं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं पुव्वकोडि समयाहियाइं ।

देसबंधंतरं जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं तिसमयाहियाइं ।

प. एगिंदियओरालियसरीरबंधंतरं णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वबंधंतरं जहन्नेणं खुड्डागं भवग्गहणं तिसमयूणं, उक्कोसेणं बावीसं वाससहस्साइं समयाहियाइं ।

देसबंधंतरं जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं ।

प. पुढविक्काइयएगिंदिय ओरालियसरीरबंधंतरं णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! ***सव्वबंधंतरं जहेव एगिंदियस्स तहेव भाणियव्वं ।***

देसबंधंतरं जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं तिण्णि समया ।

जहा पुढविक्काइयाणं एवं -जाव- चउरिंदियाणं वाउक्काइयवज्जाणं ।

णवरं-सव्वबंधंतरं उक्कोसेणं जा जस्स ठिई सा समयाहिया कायव्वा ।

આ જ પ્રમાણે સમગ્ર જીવોનો સર્વ બંધ એક સમય સુધી હોય છે.

જેને વૈક્રિય શરીર હોતું નથી એમનો દેશબંધ જઘન્ય ત્રણ સમય કમ ક્ષુલ્લક ભવગ્રહણ - પર્યંત અને ઉત્કૃષ્ટ જેને જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે એમાં એક સમય ઓછી હોય છે.

જેનો વૈક્રિય શરીર છે, એમનો દેશબંધ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ જેની જેટલી સ્થિતિ છે, એમાંથી એક સમય ઓછી હોય છે.

આ જ પ્રમાણે -યાવત્- મનુષ્યોનો દેશબંધ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ એક સમય કમ ત્રણ પલ્યોપમ સુધી સમજવો જોઈએ.

૧૧૮. ઔદારિક શરીરપ્રયોગ બંધના અંતરકાળનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! ઔદારિક શરીરના બંધનો અંતરકાળ કેટલો છે ?

ઉ. ગૌતમ ! એના સર્વબંધનું અંતર જઘન્ય ત્રણ સમય કમ ક્ષુલ્લકભવ-ગ્રહણ છે અને ઉત્કૃષ્ટ સમયાધિક પૂર્વકોટિ સહિત તેત્રીસ સાગરોપમ છે.

દેશબંધનું અંતર જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ત્રણ સમય વિશેષ તેત્રીસ સાગરોપમ છે.

પ્ર. ભંતે ! એકેન્દ્રિય-ઔદારિક-શરીરબંધનો અંતરકાળ કેટલો છે ?

ઉ. ગૌતમ ! એના સર્વબંધનું અંતર જઘન્ય ત્રણ સમય કમ ક્ષુલ્લક ભવ-ગ્રહણ છે અને ઉત્કૃષ્ટ એક સમય વિશેષ બાવીસ હજાર વર્ષ છે.

દેશબંધનો અંતરકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્તનો છે.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક - એકેન્દ્રિય - ઔદારિક શરીરબંધનો અંતરકાળ કેટલો છે ?

ઉ. ગૌતમ ! **એના સર્વબંધ કાળનું અંતર જે પ્રમાણે એકેન્દ્રિય વિષયક કહેવામાં આવ્યું છે, એ જ પ્રમાણે સમજવું જોઈએ.**

દેશબંધનું અંતર જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ત્રણ સમયનું છે.

જે પ્રમાણે પૃથ્વીકાયિક જીવોના શરીરબંધનું અંતર કહેવામાં આવ્યું છે, એ જ પ્રમાણે વાયુકાયિક જીવો સિવાય ચતુરિન્દ્રિય પર્યંત સમગ્ર જીવોના શરીરબંધનું અંતર સમજવું જોઈએ.

વિશેષ - ઉત્કૃષ્ટ સર્વબંધનું અંતર જે જીવની જેટલી સ્થિતિ છે એના કરતાં એક સમય વિશેષ સમજવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वाउक्काइयाणं सव्वबंधंतरं जहन्नेणं खुड्डागभवग्गहणं तिसमयूणं, उक्कोसेणं तिण्णि वाससहस्साइं समयाहियाइं।

देसबंधंतरं जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं।

वायुकायिक जीवोना सर्वबंधनुं अंतर जघन्य त्रण समय कम क्षुल्लकभव ग्रहण अने उत्कृष्ट समयाधिक त्रण हजार वर्ष छे.

देशबंधनुं अंतर जघन्य एक समय अने उत्कृष्ट अंतर्मुहूर्त छे.

प. पंचिंदियतिरिक्खजोणियओरालियसरीरबंधंतरं णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वबंधंतरं जहन्नेणं खुड्डागभवग्गहणं तिसमयूणं, उक्कोसेणं पुव्वकोडी समयाहिया।

देसबंधंतरं जहा एगिंदियाणं तहा पंचिंदियतिरिक्खजोणियाणं।

एवं मणुस्साण वि निरवसेसं भाणियव्वं -जाव- उक्कोसेणं अंतोमुहुत्तं।

प्र. भंते ! पंचेन्द्रिय - तिर्यंचयोनिक - औदारिक शरीर बंधने केटला काळनुं अंतर होय छे ?

उ. गौतम ! सर्वबंधनुं अंतर जघन्य त्रण समय कम क्षुल्लक भवग्रहण छे अने उत्कृष्ट समयाधिक पूर्वकोटिनुं छे.

देशबंधनुं अंतर जे प्रमाणे एकेन्द्रिय जीवोनुं कहेवामां आव्युं छे, ए ज प्रमाणे समग्र पंचेन्द्रिय तिर्यंचयोनिकोनुं समजवुं जोईए.

आ ज प्रमाणे मनुष्योना शरीरबंध अंतरना विषयमां पण पूर्ववत् उत्कृष्ट अन्तर्मुहूर्त पर्यंत समजवुं जोईए.

प. जीवस्स णं भंते ! एगिंदियत्ते णो एगिंदियत्ते पुणरवि एगिंदियत्ते एगिंदियओरालियसरीरप्पओगबंधंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वबंधंतरं जहन्नेणं दो खुड्डागभवग्गहणाइं तिसमयूणाइं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासमब्भहियाइं,

देसबंधंतरं जहन्नेणं खुड्डागभवग्गहणं समयाहियं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासमब्भहियाइं।

प्र. भंते ! एकेन्द्रिय-अवस्थागत जीव एकेन्द्रियावस्थामां उत्पन्न थईने पुनः एकेन्द्रियरूपे आवे तो एकेन्द्रिय-औदारिक-शरीर-प्रयोगबंधने केटलाकाळनुं अंतर होय छे ?

उ. गौतम ! (एवा जीवनो) सर्वबंधान्तर जघन्य त्रण समय कम क्षुल्लक भवग्रहणकाळ अने उत्कृष्ट संख्यात वर्ष विशेष बे हजार सागरोपमनो होय छे.

देशबंधनुं अंतर जघन्य समयाधिक क्षुल्लक भवग्रहण अने उत्कृष्ट संख्यातवर्ष अधिक बे हजार सागरोपमनो होय छे.

प. जीवस्स णं भंते ! पुढविकाइयत्ते णो पुढविकाइयत्ते पुणरवि पुढविकाइयत्ते पुढविकाइयएगिंदियओरालियसरीरप्पयोगबंधंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सव्वबंधंतरं जहन्नेणं दो खुड्डाइं भवग्गहणाइं तिसमयूणाइं, उक्कोसेणं अणंतं कालं, अणंता उस्सप्पिणी-ओसप्पिणीओ कालओ,

खेत्तओ अणंता लोगा, असंखेज्जा पोग्गलपरियट्टा, ते णं पोग्गलपरियट्टा आवलियाए असंखेज्जइभागो।

देसबंधंतरं जहन्नेणं खुड्डागभवग्गहणं समयाहियं, उक्कोसेणं अणंतं कालं **-जाव-** आवलियाए असंखेज्जइभागो।

प्र. भंते ! पृथ्वीकायिक-अवस्थागत जीव पृथ्वीकायिक अवस्थामां उत्पन्न थईने पुनःपृथ्वीकायिक स्वरूपे आवे तो पृथ्वीकायिक-एकेन्द्रिय औदारिक शरीर प्रयोग बंधने केटला काळनुं अंतर होय छे ?

उ. गौतम ! (एवा जीवनो) सर्वबंधान्तर जघन्य त्रण समय कम बे क्षुल्लक भवग्रहण काळ अने उत्कृष्ट अनंतकाळ छे, जे काळ थकी अनंत उत्सर्पिणी अवसर्पिणी प्रमाणे छे.

क्षेत्र थकी अनंत लोक प्रमाण अने असंख्यात पुद्गल परावर्तन छे. तेओ पुद्गल-परावर्तन आवलिकाना असंख्यातमा भाग प्रमाण छे. (अर्थात् आवलिकाना असंख्यातमा भागमां जेटला समय छे एटला पुद्गल परावर्तन छे.)

देशबंधनुं अंतर जघन्य समयाधिक क्षुल्लकभव ग्रहण अने उत्कृष्ट अनंतकाळ **-यावत्-** आवलिकाना असंख्यातमा भाग-प्रमाण छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहा पुढविकाइयाणं एवं वणस्सइकाइयवज्जाणं -जाव- मणुस्साणं।

જે પ્રમાણે પૃથ્વીકાયિક જીવોના ઔદારિક શરીર પ્રયોગ બંધાન્તર કહેવામાં આવ્યું છે, એ જ પ્રમાણે વનસ્પતિકાયિક જીવો સિવાય મનુષ્યો પર્યંત સમજવું જોઈએ.

वणस्सइकाइयाणं दोण्णि खुड्डाइं एवं चेव,

વનસ્પતિકાયિક જીવોના સર્વબંધનું અંતર જઘન્ય બે ક્ષુલ્લકભવ ગ્રહણ વગેરે પૂર્વવત્ સમજવું જોઈએ.

उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा।

ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ પ્રમાણ છે. જે કાળથકી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી અને ક્ષેત્ર થકી અસંખ્યાત લોક પ્રમાણ છે.

एवं देसबंधंतरं पि उक्कोसेणं पुढवीकालो।

આ જ પ્રમાણે દેશબંધનું અંતર પણ જઘન્ય સમયાધિક ક્ષુલ્લક ભવ ગ્રહણ છે અને ઉત્કૃષ્ટ પૃથ્વીકાયના સ્થિતિકાળને બરાબર છે.

- विया. स. ८, उ. ९, सु. ४१-४९

११९. ओरालियसरीरबंधगाबंधगाणं अप्पाबहुयं-

૧૧૯. ઔદારિક શરીરના બંધક અબંધકોનું અલ્પબહુત્વ :

प. एएसि णं भंते ! जीवाणं ओरालियसरीरस्स देसबंधगाणं सव्वबंधगाणं अबंधगाण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! ઔદારિક શરીરના આ દેશબંધક, સર્વબંધક અને અબંધક જીવોમાં કોણ કોનાથી અલ્પ -યાવત્- વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा ओरालियसरीरस्स सव्वबंधगा,

૩. ગૌતમ ! ૧. સૌથી અલ્પ ઔદારિક શરીરના સર્વબંધક જીવ છે,

२. अबंधगा विसेसाहिया,

૨. (એનાથી) અબંધક જીવ વિશેષાધિક છે,

३. देसबंधगा असंखेज्जगुणा।

૩. (એનાથી) દેશબંધક જીવ અસંખ્યાતગણા છે.

- विया. स. ८, उ. ९, सु. ५०

१२०. वेउव्वियसरीरप्पयोगबंधस्स वित्थरओ परूवणं-

૧૨૦. વૈક્રિય શરીરપ્રયોગ બંધનું વિસ્તારપૂર્વક પ્રરૂપણ :

प. वेउव्वियसरीरप्पयोगबंधे णं भंते ! कइविहे पण्णत्ते ?

જૈનદર્શનમાં પ્રાયઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ચર્ચા તો મળે જ છે, પરંતુ એમાં પુરુષાર્થ ચતુષ્ટય વિષયક કહેવામાં આવ્યું નથી. અહીંયા વિનિશ્ચય (જાણવા યોગ્યના અર્થ)ના ત્રણ ભેદ દર્શાવવામાં આવ્યા છે - ૧. અર્થ, ૨. ધર્મ અને ૩. કામ. શૂરવીર ચાર પ્રકારનાં હોય છે - ૧. ક્ષમાશૂર, ૨. તપઃશૂર, ૩. દાન-શૂર અને ૪. યુદ્ધ-શૂર. ચાર કારણો વડે વિદ્યમાન (અસ્તિત્વમાં રહેલ) ગુણોનો નાશ થતો હોવાનું મનાય છે, તે ચાર કારણ છે - ૧. ક્રોધ, ૨. ઈર્ષ્યા, ૩. અકૃતજ્ઞતા અને ૪. દુરાગ્રહ. વ્યાધિના વાત, પિત્ત, કફ અને એનો સન્નિપાત આ ચાર ભેદ હોય છે.

સત્યના ચાર પ્રકાર હોય છે - ૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય અને ૪. ભાવ. વિકથાના ચાર પ્રકાર પ્રખ્યાત છે - ૧. સ્ત્રીકથા, ૨. ભક્ત કથા, ૩. દેશકથા અને ૪. રાજકથા. એના ચાર-ચાર ઉપભેદોનું કથન પ્રસ્તુત અધ્યયનમાં થયેલું છે. દંડના પાંચ પ્રકાર હોય છે - ૧. અર્થ દંડ, ૨. અનર્થ દંડ, ૩. હિંસા દંડ, ૪. અકસ્માત્ દંડ અને ૫. દૃષ્ટિ વિપર્યાસ (મિથ્યાજ્ઞાન) દંડ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિધિ (ભંડાર)નો અર્થ માત્ર ધન જ એટલો નથી. નિધિના પાંચ પ્રકાર છે - ૧. પુત્રનિધિ, ૨. મિત્રનિધિ, ૩. શિલ્પનિધિ, ૪. ધનનિધિ અને ૫. ધાન્યનિધિ. સુતેલો મનુષ્ય પાંચ કારણો વડે જાગૃત થાય છે - ૧. શબ્દ વડે, ૨. સ્પર્શ વડે, ૩. ભૂખ વડે, ૪. નિદ્રાના ક્ષય વડે અને ૫. સ્વપ્ન-દર્શન વડે. તુલ્ય (સમાન)નું આ અધ્યયનમાં સવિસ્તાર પ્રરૂપણ કરવામાં આવેલું છે. તુલ્ય છ પ્રકારના કહેવામાં આવ્યા છે - ૧. દ્રવ્ય તુલ્ય, ૨. ક્ષેત્ર તુલ્ય, ૩. કાળ તુલ્ય, ૪. ભેદ તુલ્ય, ૫. ભાવતુલ્ય અને ૬. સંસ્થાન તુલ્ય. આ તુલ્યતા (સમાનતા) આપેક્ષિક (નિર્ભરિત) હોય છે. જેવી રીતે એક પરમાણુ પુદ્‌ગલ બીજા પરમાણુ પુદ્‌ગલ સાથે દ્રવ્યરૂપે સમાન (તુલ્ય) હોય છે. એક પ્રદેશાશ્રિત પુદ્‌ગલ બીજા એક પ્રદેશાશ્રિત પુદ્‌ગલ સાથે ક્ષેત્ર રૂપે તુલ્ય છે.

વચનના સાત વિકલ્પ કહેવામાં આવ્યા છે - ૧. આલાપ (વાર્તાલાપ), ૨. અનાલાપ (મૌન), ૩. ઉલ્લાપ (ટેડુ બોલવું), ૪. અનુલ્લાપ, ૫. સંલાપ (સંવાદ), ૬. પ્રલાપ (નિરર્થક બોલવો) અને ૭. વિપ્રલાપ (વ્યર્થ વિસંવાદ). ભયના સાત સ્થાન કહેવામાં આવ્યા છે - ૧. ઈહલોક, ૨. પરલોક, ૩. આદાનભય, ૪. અકસ્માત ભય, ૫. આજીવભય, ૬. મરણભય અને ૭. અશ્લોક ભય.

દાનના દસ પ્રકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે - ૧. અનુકંપા દાન, ૨. સંગ્રહ દાન, ૩. ભયદાન, ૪. કારુણ્ય દાન, ૫. લજ્જા દાન, ૬. ગૌરવ દાન, ૭. અધર્મ દાન, ૮. ધર્મદાન, ૯. કરિષ્યતિ દાન (ભવિષ્યમાં તે મને આપશે માટે આપવું) અને ૧૦. કૃતમિતિ દાન (એણે પહેલા આપ્યું છે માટે આપવું).

કેટલાક મહત્વપૂર્ણ બિંદુઓ (ઘટકો) પર પણ અહીં આ અધ્યયનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રશ્ન ઉપસ્થિત થયો કે 'જીવ કોના વડે ભયભીત થાય છે ?' ભગવાને પ્રત્યુત્તર આપ્યો - 'જીવ દુઃખ વડે ભયભીત થાય છે. તે દુઃખ પણ જીવોના પ્રમાદ વડે ઉત્પન્ન થાય છે.' એક પ્રશ્ન ઉપસ્થિત થયો કે 'દેવલોકમાં ઉત્પન્ન થનારા છદ્મસ્થ મનુષ્ય અંતસમયે ક્ષીણ ભોગી થવાથી ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષ પરાક્રમ વડે વિપુલ ભોગોપભોગને ભોગવવામાં સમર્થ છે કે નહીં ?' સમાધાન કરવામાં આવ્યું કે 'તેઓ ભોગવવામાં સમર્થ છે.' આવા પ્રકારના બીજા પણ પ્રશ્નો અહીંયા લેવામાં આવ્યા છે.

પ્રસ્તુત દ્રવ્યાનુયોગનું આ અંતિમ અધ્યયન હોવાથી એમાં એના ઉપસંહારરૂપે કહેવામાં આવ્યું છે કે -

इय जीवमजीवे य, सोच्चा सद्दहिऊं ण य ।
सव्वनयाणमणुमए रमेज्ज संजमे मुणी ॥

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पइण्णग

सुत्तं -

१. **अव्वोच्छित्तिनय दिट्ठया अत्थिकायादीणं एगत्त परूवणं-**

एगे धम्मे,
एगे अधम्मे,
एगे मोक्खे,
एगे पुण्णे, एगे पावे,
एगे आसवे, एगे संवरे। -ठाणं. अ. १, सु. ६-९

२. **वियच्चादीणं एगत्त परूवणं-**

एगा वियच्चा, - ठाणं. अं. १, सु. १६
एगा तक्का, - ठाणं. अ. १, सु. १९
एगा मण्णा, - ठाणं. अं. १, सु. २१
एगा विण्णू, - ठाणं. अं. १, सु. २२
एगे छेयणे,
एगे भेयणे, . - ठाणं. अं. १, सु. २४-२५
एगे संसुद्धे अहाभूए पत्ते,
एगे दुक्ख जीवाणं एगभूए,
एगा अहम्मपडिमा, जं से आया परिकिलेसइ।

एगा धम्मपडिमा जं से आया पज्जवजाए।
- ठाणं. अ. १, सु. २७-३०

एगे उट्ठाण-कम्म-बल-वीरिय-पुरिसकार परक्कमे,
देवासुर-मणुयाणं तंसि-तंसि समयंसि।
- ठाणं. अ. १, सु. ३४
एगे णाणे, एगे दंसणे, एगे चरित्ते,
- ठाणं. अ. १, सु. ३५
एगे समए, एगे पएसे, -ठाणं. अ. १, सु. ३६
एगे दंडे, एगे अदंडे, - सम. सम. १, सुं. ६-७
एगा सिद्धी, एगे सिद्धे,
एगे परिणिव्वाणे, एगे परिणिव्वुए।
- ठाणं. अ. १, सु. ३७

३. **अव्वोच्छित्ति नय दिट्ठया पावट्ठाण णामाणि-**

१. एगे पाणाइवाए, २. एगे मुसावाए,
३. एगे अदिण्णादाणे, ४. एगे मेहुणे,

प्रकीर्णक

सूत्र :

१. **द्रव्यार्थिक नय दृष्टिએ अस्तिकाय વગેરેના એકત્વનું પ્રરૂપણ :**

ધર્મ (ધર્માસ્તિકાય) એક છે,
અધર્મ (અધર્માસ્તિકાય) એક છે,
મોક્ષ એક છે,
પુણ્ય એક છે, પાપ એક છે,
આશ્રવ એક છે, સંવર એક છે.

२. **ચિત્તવૃત્યાદિના એકત્વનું પ્રરૂપણ :**

વિશિષ્ટ વિભૂષા એક છે,
તર્ક એક છે,
મતિ એક છે,
વિશિષ્ટજ્ઞાન એક છે,
છેદન એક છે,
ભેદન એક છે,
જે સંપૂર્ણ શુદ્ધ યથાભૂત પાત્ર છે, તે એક છે.
પ્રત્યેક જીવનું દુઃખ એક છે અને એકભૂત છે.
અધર્મ પ્રતિમા એક છે, જેના વડે આત્માને દુઃખ (પરિક્લેશ) પ્રાપ્ત થાય છે.
ધર્મપ્રતિમા એક છે, જેના વડે આત્મા પર્યવજાત (પુષ્ટ) થાય છે અર્થાત્ જ્ઞાન વગેરેની વિશેષ શુદ્ધિને પ્રાપ્ત કરે છે.
દેવ-અસુર અને મનુષ્યોમાં એક જ સમયે સમાનરૂપે ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર અથવા પરાક્રમ હોય છે.
જ્ઞાન એક છે, દર્શન એક છે, ચારિત્ર એક છે,
સમય એક છે, પ્રદેશ એક છે.
દંડ એક છે, અદંડ એક છે,
સિદ્ધિ એક છે, સિદ્ધ એક છે.
પરિનિર્વાણ એક છે, પરિનિર્વૃત્ત એક છે.

૩. **દ્રવ્યાર્થિક નય દૃષ્ટિએ અઢાર પાપસ્થાનોના નામ :**

૧. પ્રાણાતિપાત એક છે, ૨. મૃષાવાદ એક છે,
૩. અદત્તાદાન એક છે, ૪. મૈથુન એક છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. एगे परिग्गहे, ६. एगे कोहे,
७. एगे माणे, ८. एगे माया,
९. एगे लोभे,[1] १०. एगे पेज्जे,
११. एगे दोसे, १२. एगे कलहे,
१३. एगे अब्भक्खाणे,
१४. एगे पेसुण्णे, १५. एगे परपरिवाए,
१६. एगा अरइरई, १७. एगे मायामोसे,
१८. एगे मिच्छादंसणसल्ले।

- ठाणं. अ. १, सु. ३९(१)

४. अव्वोच्छित्ति नयदिट्ठया पावट्ठाण विरमण णामाणि-

१. एगे पाणाइवाय-वेरमणे,
२. एगे मुसावाय-वेरमणे,
३. एगे अदिण्णादाण-वेरमणे,
४. एगे मेहुण-वेरमणे,
५. एगे परिग्गह-वेरमणे,
६. एगे कोह-विवेगे,
७. एगे माण-विवेगे,
८. एगे माया-विवेगे,
९. एगे लोभ-विवेगे,
१०. एगे पेज्ज-विवेगे
११. एगे दोस-विवेगे,
१२. एगे कलह-विवेगे,
१३. एगे अब्भक्खाण-विवेगे,
१४. एगे पेसुण्ण-विवेगे,
१५. एगे परपरिवाय-विवेगे,
१६. एगे अरइरई-विवेगे,
१७. एगे मायामोस-विवेगे,
१८. एगे मिच्छादंसणसल्ल-विवेगे।

- ठाणं. अ. १, सु. ३९ (२)

५. गुणप्पमाणस्स दुविहत्तं-

प. से किं तं गुणप्पमाणे ?

उ. गुणप्पमाणे दुविहे पण्णत्ते, तं जहा-

१. जीवगुणप्पमाणे, २. अजीवगुणप्पमाणे य।

- अणु. सु. ४२८

५. પરિગ્રહ એક છે, ૬. ક્રોધ એક છે,
૭. માન એક છે, ૮. માયા એક છે,
૯. લોભ એક છે, ૧૦. પ્રેય (પ્રેમરાગ) એક છે,
૧૧. દ્વેષ એક છે, ૧૨. કલહ (કજીયો) એક છે,
૧૩. અભ્યાખ્યાન (અસત્ય દોષારોપણ) એક છે,
૧૪. પૈશુન્ય એક છે, ૧૫. પરપરિવાદ એક છે,
૧૬. અરતિ-રતિ એક છે, ૧૭. માયામૃષા એક છે,
૧૮. મિથ્યાદર્શનશલ્ય એક છે.

૪. દ્રવ્યાર્થિક નય દૃષ્ટિએ અઢાર પાપસ્થાન વિરમણના નામ :

૧. પ્રાણાતિપાત - વિરમણ એક છે,
૨. મૃષાવાદ - વિરમણ એક છે,
૩. અદત્તાદાન - વિરમણ એક છે,
૪. મૈથુન - વિરમણ એક છે,
૫. પરિગ્રહ - વિરમણ એક છે,
૬. ક્રોધ - વિવેક એક છે,
૭. માન - વિવેક એક છે,
૮. માયા - વિવેક એક છે,
૯. લોભ - વિવેક એક છે,
૧૦. પ્રેય (પ્રેમ-રાગ) - વિવેક એક છે,
૧૧. દ્વેષ - વિવેક એક છે,
૧૨. કલહ (કજીયો) - વિવેક એક છે,
૧૩. અભ્યાખ્યાન - વિવેક એક છે,
૧૪. પૈશુન્ય - વિવેક એક છે,
૧૫. પરપરિવાદ - વિવેક એક છે,
૧૬. અરતિ-રતિ - વિવેક એક છે,
૧૭. માયામૃષા - વિવેક એક છે,
૧૮. મિથ્યાદર્શન શલ્ય - વિવેક એક છે,

૫. ગુણ પ્રમાણના બે પ્રકાર :

પ્ર. ગુણ પ્રમાણ શું છે ?

ઉ. ગુણ પ્રમાણ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. જીવગુણ પ્રમાણ, ૨. અજીવગુણ પ્રમાણ.

---

१. ठाणं. अ सु. ६७७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. **भाव संखा सरूव परूवणं-**

प. से किं तं भावसंखा ?

उ. जे इमे जीवा संखगइनामगोत्ताइं कम्माइं वेदेंति ।

से त्तं भावसंखा । - अणु. सु. ५२०

૭. **चउवीसदंडएसु ओहेण दंडसंखा परूवणं-**

दो दंडा पण्णत्ता, तं जहा-

१. अट्ठादंडे य, २. अणट्ठादंडे य ।

दं. १. णेरइयाणं दो दंडा पण्णत्ता, तं जहा-

१. अट्ठादंडे य, २. अणट्ठादंडे य ।

दं. २-२४. ***एवं चउवीसदंडओ -जाव- वेमाणियाणं ।***

- ठाणं. अ. २, उ. २, सु. ५८

૮. **आसीविसभेयाणं वित्थरओ परूवणं-**

प. कइविहा णं भंते ! आसीविसा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा आसीविसा पन्नत्ता, तं जहा-

१. जाति आसीविसा य, २. कम्मआसीविसा य ।

चत्तारि जातिआसीविसा पण्णत्ता, तं जहा-

१. विच्छुय जाति आसीविसे,

२. मंडुक्कजातिआसीविसे,

३. उरगजातिआसीविसे,

४. मणुस्सजातिआसीविसे ।

प. **१.** विच्छुयजातिआसीविसस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! पभू णं विच्छुयजातिआसीविसे अद्धभरहप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिणतं विसट्टमाणिं करित्तए ।

विसए से विसट्ठताए, णो चेव णं संपत्तीए करेंसु वा, करेंति वा, करिस्संति वा ।

प. २. मंडुक्कजातिआसीविसस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! पभू णं मंडुक्कजातिआसीविसे भरहप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिणतं विसट्टमाणिं करित्तए ।

विसए से विसट्ठताए, णो चेव णं संपत्तीए करेंसु वा, करेंति वा, करिस्संति वा ।

૬. **ભાવશંખના સ્વરૂપનું પ્રરૂપણ :**

પ્ર. ભાવશંખનું સ્વરૂપ શું છે ?

ઉ. આ લોકમાં જે જીવ શંખગતિનામ - ગોત્ર કર્માદિની વેદના ભોગવી રહ્યા છે તેઓ ભાવ શંખ છે.

આ ભાવ શંખ છે.

૭. **ચોવીસ દંડકોમાં સામાન્યથી દંડ સંખ્યાનું પ્રરૂપણ :**

દંડ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. અર્થ દંડ, ૨. અનર્થ દંડ.

દં.૧. નૈરયિકોમાં બે પ્રકારના દંડ કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. અર્થ દંડ, ૨. અનર્થ દંડ.

દં.૨-૨૪. ***આ જ પ્રમાણે વૈમાનિકો પર્યંત ચોવીસ દંડકોમાં બે-બે દંડ સમજવા જોઈએ.***

૮. **આશીવિષ ભેદોનું વિસ્તારથી પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! આશીવિષ કેટલા પ્રકારના કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! આશીવિષ બે પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. જાતિ (જન્મથી) આશીવિષ, ૨. કર્મ આશીવિષ.

ચાર પ્રકારના જાતિ-આશીવિષ (દાઢમાં વિષયુક્ત) કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. જાતિ-આશીવિષ, વૃશ્ચિક (વીંછી),

૨. જાતિ આશીવિષ, મંડૂક (દેડકો),

૩. જાતિ-આશીવિષ, ઉરગ (સર્પ),

૪. જાતિ-આશીવિષ, મનુષ્ય.

પ્ર. **૧.** ભંતે ! વૃશ્ચિક જાતિ-આશીવિષના વિષનો પ્રભાવ કેટલા ક્ષેત્રમાં કહેવામાં આવ્યો છે ?

ઉ. ગૌતમ ! વૃશ્ચિક જાતિ-આશીવિષ પોતાના વિષના પ્રભાવથી અર્ધભરત પ્રમાણ શરીરને (લગભગ બસો ત્રેસઠ યોજન) વિષપરિણત અને વિષૈલુ કરી શકે છે.

આ તેની વિષાત્મક ક્ષમતા છે પરંતુ આટલા ક્ષેત્રમાં તેને પોતાની ક્ષમતાનો ક્યારેય ઉપયોગ કર્યો નથી, કરતા નથી અને ક્યારેક કરશે પણ નહિ.

પ્ર. **૨.** ભંતે ! મંડુક જાતિ આશીવિષના વિષનો પ્રભાવ કેટલા ક્ષેત્રમાં કહેવામાં આવ્યો છે ?

ઉ. ગૌતમ ! મંડુક જાતિ આશીવિષ પોતાના વિષના પ્રભાવથી ભરત પ્રમાણ શરીરને વિષપરિણત અને વિષૈલુ કરી શકે છે.

આ તેની વિષાત્મક ક્ષમતા છે પરંતુ આટલા ક્ષેત્રમાં તેને પોતાની ક્ષમતાનો ક્યારેય ઉપયોગ કર્યો નથી, કરતા નથી અને ક્યારેક કરશે પણ નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. ૩. उरगजातिआसीविसस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! पभू णं उरगजातिआसीविसे जंबुद्दीव-पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिणतं विसट्टमाणिं करित्तए ।

विसए से विसट्ठताए, णो चेव णं संपत्तीए करेंसु वा, करेंति वा, करिस्संति वा ।

પ્ર. ૩. ભંતે ! ઉરગજાતિ આશીવિષના વિષનો પ્રભાવ કેટલાં ક્ષેત્રમાં કહેવામાં આવ્યો છે ?

ઉ. ગૌતમ ! ઉરગજાતિ આશીવિષ પોતાના વિષના પ્રભાવથી જંબૂદ્વીપ પ્રમાણ (૧ લાખ યોજન) શરીરને વિષ પરિણત અને વિષૈલુ કરી શકે છે.

આ તેની વિષાત્મક ક્ષમતા છે પરંતુ આટલા ક્ષેત્રમાં તેને પોતાની ક્ષમતાનો ક્યારેય ઉપયોગ કર્યો નથી, કરતા નથી અને ક્યારેક કરશે પણ નહિ.

પ. ૪. मणुस्सजातिआसीविसस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! पभू णं मणुस्सजातिआसीविसे समयखेत्त-पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिणतं विसट्टमाणिं करेत्तए ।

विसए से विसट्ठताए, णो चेव णं संपत्तीए करेंसु वा, करेंति वा, करिस्संति वा ।[1]

પ્ર. ૪. ભંતે ! મનુષ્ય જાતિ આશીવિષના વિષનો પ્રભાવ કેટલા ક્ષેત્રમાં કહેવામાં આવ્યો છે ?

ઉ. ગૌતમ ! મનુષ્યજાતિ આશીવિષના વિષનો પ્રભાવ સમય (મનુષ્ય) ક્ષેત્ર પ્રમાણ (૪૫ લાખ યોજન) શરીરને વિષપરિણત અને વિષૈલુ કરી શકે છે.

આ તેની વિષાત્મક ક્ષમતા છે પરંતુ આટલા ક્ષેત્રમાં તેને પોતાની ક્ષમતાનો ક્યારેય ઉપયોગ કર્યો નથી, કરતા નથી અને ક્યારેક કરશે પણ નહિ.

પ. भंते ! जइ कम्मआसीविसे किं-

१. नेरइयकम्मआसीविसे,

२. तिरिक्खजोणियकम्मआसीविसे,

३. मणुस्सकम्मआसीविसे,

४. देवकम्मआसीविसे ?

પ્ર. ભંતે ! જો કર્મ આશીવિષ છે તો શું તે -

૧. નૈરયિક કર્મ આશીવિષ છે.

૨. તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે.

૩. મનુષ્ય કર્મ આશીવિષ છે કે -

૪. દેવ કર્મ આશીવિષ છે ?

उ. गोयमा ! १. नो नेरइयकम्मासीविसे, २. तिरिक्ख-जोणियकम्मासीविसे वि, ३. मणुस्सकम्मासीविसे वि, ४. देवकम्मासीविसे वि ।

ઉ. ગૌતમ ! ૧. નૈરયિક કર્મ આશીવિષ નથી પરંતુ ૨. તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે. ૩. મનુષ્ય કર્મ આશીવિષ છે અને ૪. દેવ કર્મ આશીવિષ છે.

પ. भंते ! जइ तिरिक्खजोणियकम्मासीविसे किं एगिंदियतिरिक्खजोणियकम्मासीविसे **-जाव-** पंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे ?

પ્ર. ભંતે ! જો તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે તો શું એકેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે **-યાવત્-** પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે ?

उ. गोयमा ! नो एगिंदिय-बेइंदिय-तेइंदिय-चउरिंदिय तिरिक्खजोणियकम्मासीविसे, पंचिंदिय तिरिक्ख-जोणियकम्मासीविसे ।

ઉ. ગૌતમ ! એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ નથી, પરંતુ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે.

પ. भंते ! जइ पंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे किं सम्मुच्छिम पंचेंदियतिरिक्खजोणियकम्मासीविसे गब्भवक्कंतियपंचिंदियतिरिक्खजोणियकम्मासीविसे ?

પ્ર. ભંતે ! જો પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે તો શું સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે કે ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ છે ?

उ. गोयमा ! ***एवं जहा वेउव्वियसरीरस्स भेओ-जाव-***[2] ***पज्जत्तसंखेज्जवासाउयगब्भवक्कंतिय पंचिंदिय-तिरिक्खजोणियकम्मासीविसे नो अपज्जत्तसंखे-ज्जवासाउय गब्भवक्कंतिय पंचिंदियतिरिक्ख-जोणिय कम्मासीविसे ।***

ઉ. ગૌતમ ! ***(પ્રજ્ઞાપનાસૂત્રના એકવીસમા શરીરપદમાં) વૈક્રિય શરીર સંબંધિત જે પ્રમાણે કહેવામાં આવ્યું છે એ જ પ્રમાણે કહેવું જોઈએ -યાવત્- પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યયુક્ત ગર્ભજ કર્મભૂમિજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ થાય છે, પરંતુ અપર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યયુક્ત ગર્ભજ કર્મભૂમિજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્મ આશીવિષ હોતા નથી.***

---

૧. ઠાણં. અ. ૪, ઉ. ૧, સુ. ૩૪૧ ૨. (પણ્ણ. પ. ૨૧, સુ. ૧૫૧૮) શરીર અધ્યયનમાં જોવું.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. जइ भंते! मणुस्सकम्मासीविसे किं सम्मुच्छिममणुस्स-कम्मासीविसे गब्भवक्कंतियमणुस्स कम्मासीविसे ?

પ્ર. ભંતે ! જો મનુષ્ય કર્મ આશીવિષ છે, તો શું સમ્મૂર્ચ્છિમ મનુષ્ય કર્મ આશીવિષ છે કે ગર્ભજ મનુષ્ય કર્મ આશીવિષ છે ?

उ. गोयमा ! णो सम्मुच्छिममणुस्सकम्मासीविसे, गब्भवक्कंतियमणुस्सकम्मासीविसे,

एवं जहा वेउव्वियसरीरं -जाव- पज्जत्तसंखेज्ज-वासाउयकम्मभूमगगब्भवक्कंतियमणुस्सकम्मा-सीविसे, नो अपज्जत्त संखेज्ज वासाउय कम्मभूमग गब्भवक्कंतिय मणुस्स कम्मासीविसे ।

ઉ. ગૌતમ ! સમ્મૂર્ચ્છિમ મનુષ્ય કર્મ આશીવિષ હોતા નથી, પરંતુ ગર્ભજ મનુષ્ય કર્મ આશીવિષ હોય છે.

આ જ પ્રમાણે જેવી રીતે (પ્રજ્ઞાપના સૂત્રના એકવીસમા શરીરપદમાં) વૈક્રિય શરીરને સંબંધિત જીવ ભેદ કહેવામાં આવ્યા છે એ જ પ્રમાણે અહીંયા પણ સમજવા જોઈએ -યાવત્- પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યયુક્ત કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય કર્મ આશીવિષ હોય છે, પરંતુ અપર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યયુક્ત કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય કર્મ આશીવિષ હોતા નથી.

प. भंते! जइ देवकम्मासीविसे किं भवणवासीदेवकम्मा-सीविसे **-जाव-** वेमाणियदेवकम्मासीविसे ?

પ્ર. ભંતે ! જો દેવકર્મ આશીવિષ હોય છે તો શું ભવનવાસી દેવ કર્મ આશીવિષ હોય છે **-યાવત્-** વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે ?

उ. गोयमा ! भवणवासिदेवकम्मासीविसे वि **-जाव-** वेमाणियदेवकम्मासीविसे वि ।

ઉ. ગૌતમ ! ભવનવાસી દેવ પણ કર્મ આશીવિષ હોય છે **-યાવત્-** વૈમાનિક દેવ પણ કર્મ આશીવિષ હોય છે.

प. भंते ! जइ भवणवासिदेवकम्मासीविसे किं असुरकुमारभवणवासिदेवकम्मासीविसे **-जाव-** थणियकुमारभवणवासिदेवकम्मासीविसे ?

પ્ર. ભંતે ! જો ભવનવાસી દેવ કર્મ આશીવિષ હોય છે તો શું અસુરકુમાર ભવનવાસી દેવ કર્મ આશીવિષ હોય છે **-યાવત્-** સ્તનિતકુમાર ભવનવાસી દેવ કર્મ આશીવિષ હોય છે ?

उ. गोयमा ! असुरकुमार भवणवासिदेवकम्मासीविसे वि **-जाव-** थणियकुमार भवणवासिदेव कम्मासीविसे वि ।

ઉ. ગૌતમ ! અસુરકુમાર ભવનવાસી દેવ પણ કર્મ આશીવિષ હોય છે **-યાવત્-** સ્તનિતકુમાર ભવનવાસી દેવ પણ કર્મ આશીવિષ હોય છે.

प. भंते ! जइ असुरकुमारभवणवासिदेवकम्मासीविसे किं पज्जत्तअसुरकुमारभवणवासिदेवकम्मासीविसे, अपज्जत्तअसुरकुमारभवणवासिदेवकम्मासीविसे ?

પ્ર. ભંતે ! જો અસુરકુમાર ભવનવાસી દેવ કર્મ આશીવિષ હોય છે તો શું પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્મ આશીવિષ છે કે અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્મ આશીવિષ છે ?

उ. गोयमा ! नो पज्जत्तअसुरकुमार भवणवासिदेव कम्मासीविसे, अपज्जत्तअसुरकुमार भवणवासिदेव-कम्मासीविसे ।

एवं -जाव- थणियकुमाराणं ।

ઉ. ગૌતમ ! પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્મ આશીવિષ નથી પરંતુ અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્મ આશીવિષ છે.

આ જ પ્રમાણે સ્તનિતકુમારો પર્યંત સમજવું જોઈએ.

प. भंते! जइ वाणमंतरदेवकम्मासीविसे किं पिसायवा-णमंतरदेवकम्मासीविसे **-जाव-** गंधव्ववाणमंतर-देवकम्मासीविसे ।

પ્ર. ભંતે ! જો વાણવ્યંતરદેવ કર્મ આશીવિષ છે તો શું પિશાચ વાણવ્યંતર દેવ કર્મ આશીવિષ છે **-યાવત્-** ગન્ધર્વ વાણવ્યંતર દેવ કર્મ આશીવિષ છે ?

उ. गोयमा ! एवं सव्वेसिं पि अपज्जत्तगाणं ।

जोइसियाणं सव्वेसिं अपज्जत्तगाणं ।

ઉ. ગૌતમ ! તેઓ પિશાચાદિ સર્વ વાણવ્યંતર દેવ અપર્યાપ્તાવસ્થામાં કર્મ આશીવિષ છે.

આ જ પ્રમાણે સમગ્ર જ્યોતિષ્ક દેવ પણ અપર્યાપ્ત અવસ્થામાં કર્મ આશીવિષ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. **भंते ! जइ वेमाणियदेवकम्मासीविसे किं कप्पोवग-वेमाणियदेवकम्मासीविसे, कप्पातीयवेमाणिय देवकम्मासीविसे ?**

उ. **गोयमा ! कप्पोवगवेमाणियदेवकम्मासीविसे, नो कप्पातीयवेमाणियदेवकम्मासीविसे ।**

પ. **भंते ! जइ कप्पोवगवेमाणियदेवकम्मासीविसे किं सोहम्मकप्पोवगवेमाणियदेव कम्मासीविसे -जाव-** अच्चुयकप्पोवग वेमाणियदेव कम्मासीविसे ?

उ. गोयमा ! **सोहम्मकप्पोवगवेमाणियदेवकम्मासीविसे** वि **-जाव-** सहस्सारकप्पोवगवेमाणियदेव कम्मासी-विसे वि ।

नो आणयकप्पोवग वेमाणियदेव कम्मासीविसे **-जाव-** नो अच्चुयकप्पोवगवेमाणियदेवकम्मासीविसे ।

પ. **भंते ! जइ सोहम्मकप्पोवग वेमाणियदेव कम्मासीविसे किं पज्जत्तसोहम्मकप्पोवगवेमाणिय देव कम्मासी-विसे, अपज्जत्तसोहम्म कप्पोवगवेमाणियदेवकम्मा-सीविसे ?**

उ. गोयमा ! नो पज्जत्तसोहम्मकप्पोवगवेमाणिय देव कम्मासीविसे, अपज्जत्तसोहम्मकप्पोवगवेमाणिय देवकम्मासीविसे ।

एवं -जाव- नो पज्जत्तसहस्सारकप्पोवगवेमाणिय देव कम्मासीविसे । अपज्जत्तसहस्सार कप्पोवग वेमाणियदेव कम्मासीविसे ।

- विया. स. ८, उ. २, स. १-१९

પ્ર. ભંતે ! જો વૈમાનિકદેવ કર્મ આશીવિષ છે તો શું કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ છે કે કલ્પાતીત વૈમાનિક દેવ કર્મ આશીવિષ છે ?

ઉ. ગૌતમ ! કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે પરંતુ કલ્પાતીત વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોતા નથી.

પ્ર. ભંતે ! જો કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે તો શું સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે **-યાવત્-** અચ્યુત કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે ?

ઉ. ગૌતમ ! સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ પણ કર્મ આશીવિષ હોય છે **-યાવત્-** સહસ્ત્રાર કલ્પોપપન્નક વૈમાનિક દેવ પણ કર્મ આશીવિષ હોય છે.

પરંતુ આનત **-યાવત્-** અચ્યુત કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોતા નથી.

પ્ર. ભંતે ! જો સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે તો શું પર્યાપ્ત સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે કે અપર્યાપ્ત સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે ?

ઉ. ગૌતમ ! પર્યાપ્ત સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોતા નથી, પરંતુ અપર્યાપ્ત સૌધર્મ કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે.

આ જ પ્રમાણે -યાવત્- પર્યાપ્ત સહસ્ત્રાર કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોતા નથી, પરંતુ અપર્યાપ્ત સહસ્ત્રાર કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્મ આશીવિષ હોય છે.

૯. **तिविहा इड्ढी भेयप्पभेय परूवणं-**

तिविहा इड्ढी पण्णत्ता, तं जहा -

१. देविड्ढी, २. राइड्ढी,

३. गणिड्ढी ।

(१) देविड्ढी तिविहा पण्णत्ता, तं जहा-

१. विमाणिड्ढी, २. विगुव्वणिड्ढी, ३. परियारणिड्ढी ।

अहवा देविड्ढी तिविहा पण्णत्ता, तं जहा-

१. सचित्ता, २. अचित्ता, ३. मीसिया ।

૯. **ત્રણ પ્રકારની ઋદ્ધિના ભેદ-પ્રભેદોનું પ્રરૂપણ :**

ઋદ્ધિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. દેવતાઓની ઋદ્ધિ, ૨. રાજાઓની ઋદ્ધિ,

૩. ગણી (આચાર્યો)ની ઋદ્ધિ.

(૧) દેવતાઓની ઋદ્ધિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. વિમાનઋદ્ધિ, ૨. વૈક્રિય ઋદ્ધિ, ૩. પરિચારણા ઋદ્ધિ.

અથવા - દેવતાઓની ઋદ્ધિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. સચિત્ત, ૨. અચિત્ત, ૩. મિશ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) राइड्ढी तिविहा पण्णत्ता, तं जहा-

१. रण्णो अइयाणिड्ढी,
२. रण्णो णिज्जाणिड्ढी,
३. रण्णो बलवाहणकोस कोट्ठागारिड्ढी।

अहवा राइड्ढी तिविहा पण्णत्ता, तं जहा-

१. सचित्ता, २. अचित्ता, ३. मीसिया।

(૩) गणिड्ढी तिविहा पण्णत्ता, तं जहा-

१. णाणिड्ढी, २. दंसणिड्ढी, ३. चरित्तड्ढी।

अहवा गणिड्ढी तिविहा पण्णत्ता, तं जहा-

१. सचित्ता, २. अचित्ता, ३. मीसिया।

- ठाणं. अ. ३, उ. ४, सु. २१४

(૨) રાજાઓની ઋદ્ધિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. અતિયાન (રાજાની નગરાગમન) ઋદ્ધિ,
૨. નિર્યાણ (બહિર્ગમન) ઋદ્ધિ,
૩. રાજાની સેના, વાહન, કોષ (ભંડાર) અને કોષ્ઠાગારની ઋદ્ધિ.

અથવા - રાજાઓની ઋદ્ધિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. સચિત્ત, ૨. અચિત્ત, ૩. મિશ્ર.

(૩) ગણી (આચાર્ય)ની ઋદ્ધિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. જ્ઞાનની ઋદ્ધિ, ૨. દર્શનની ઋદ્ધિ, ૩. ચારિત્રની ઋદ્ધિ.

અથવા ગણીની ઋદ્ધિ ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. સચિત્ત, ૨. અચિત્ત, ૩. મિશ્ર.

૧૦. अत्थोप्पायणस्स हेउ तिविहत्तं-

तिविहा अत्थजोणी पण्णत्ता, तं जहा-

१. सामे, २. दंडे, ३. भेए।

- ठाणं. अ. ३, उ. ३, सु. १९१(११)

૧૦. અર્થોપાર્જન હેતુના ત્રણ પ્રકાર :

અર્થયોનિ (રાજ્ય-વૈભવ પ્રાપ્તિના ઉપાય) ત્રણ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. સામ, ૨. દંડ, ૩. ભેદ.

११. विवक्खया इंदाणं तिविहत्तं-

तओ इंदा पण्णत्ता, तं जहा-

१. णामिंदे,
२. ठवणिंदे,
३. दविंदे।

तओ इंदा पण्णत्ता, तं जहा-

१. णाणिंदे, २. दंसणिंदे, ३. चरित्तिंदे।

तओ इंदा पण्णत्ता, तं जहा-

१. देविंदे, २. असुरिंदे, ३. मणुस्सिंदे।

- ठाणं. अ. ३, उ. १, सु. १२७

૧૧. વિવક્ષાની દૃષ્ટિએ ઈંદ્રના ત્રણ પ્રકાર :

ઈન્દ્ર ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. **નામઈન્દ્ર** - નામ માત્રના ઈન્દ્ર.
૨. **સ્થાપના ઈન્દ્ર** - કોઈ વસ્તુમાં ઈન્દ્રનું આરોપણ.
૩. **દ્રવ્ય ઈન્દ્ર** - ભૂત કે ભાવી ઈન્દ્ર.

ઈન્દ્ર ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. જ્ઞાનેન્દ્ર, ૨. દર્શનેન્દ્ર, ૩. ચારિત્રેન્દ્ર.

ઈન્દ્ર ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવા રીતે -

૧. દેવેન્દ્ર, ૨. અસુરેન્દ્ર, ૩. મનુષ્યેન્દ્ર.

१२. विणिच्छियस्स तिविहत्तं-

तिविहे विणिच्छिए पन्नत्ते, तं जहा-

१. अत्थविणिच्छिए, २. धम्मविणिच्छिए,
३. कामविणिच्छिए।

- ठाणं. अ. ३, उ. ३, सु. १९४/९

૧૨. વિનિશ્ચયના ત્રણ પ્રકાર :

વિનિશ્ચય (અર્થાદિના સ્વરૂપનું સૂક્ષ્મ જ્ઞાન) ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. અર્થ વિનિશ્ચય, ૨. ધર્મ વિનિશ્ચય,
૩. કામ વિનિશ્ચય.

१३. समणमाहणाणं अभिसमागमस्स तिविहत्तं-

तिविहे अभिसमागमे पन्नत्ते, तं जहा-

१. उड्ढं, २. अहं, ३. तिरियं।

૧૩. શ્રમણ-માહનો (જૈન સાધુ)ના અભિસમાગમ (જાણકાર)ના ત્રણ પ્રકાર :

અભિસમાગમ (જાણકાર) ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રતે -

૧. ઊર્ધ્વ, ૨. અધઃ, ૩. તિર્યક્.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जया णं तहारूवस्स समणस्स वा, माहणस्स वा अइसेसे नाण-दंसणे समुप्पज्जइ, से णं तप्पढमयाए उड्ढमभिसमेइ, तओ तिरियं तओ पच्छा अहे ।

अहोलोगे णं दुरभिगमे पण्णत्ते, समणाउसो !

- ठाणं. अ. ३, उ. ४, सु. २१३

તથારૂપ-શ્રમણ-માહનને જ્યારે અતિશય જ્ઞાન-દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે તે પ્રથમ ઊર્ધ્વલોકને જાણે છે, પછી તિર્યક્ લોકને જાણે છે અને પછી અધોલોકને જાણે છે હે આયુષ્માન્ શ્રમણો ! અધોલોકનું જ્ઞાન સૌથી અધિક કષ્ટમય (દુઃખદાયક) કહેવામાં આવ્યો છે.

૧૪. सूराणं चउव्विहत्त परूवणं-

चत्तारि सूरा पण्णत्ता, तं जहा-

१. खंतिसूरे, २. तवसूरे,

३. दाणसूरे, ४. जुद्धसूरे ।

१. खंतिसूरा अरहंता,

२. तवसूरा अणगारा,

३. दाणसूरे वेसमणे,

४. जुद्धसूरे वासुदेवे ।

- ठाणं. अ. ४, उ. ३, सु. ३१७

૧૪. શૂરો (શૂરવીરો)ના ચાર પ્રકાર :

શૂર (પરાક્રમ) ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. ક્ષમા શૂર, ૨. તપ શૂર,

૩. દાન શૂર, ૪. યુદ્ધ શૂર.

૧. અર્હંત ક્ષમા શૂર છે,

૨. અણગાર તપ શૂર છે,

૩. કુબેર (વૈશ્રમણ) દાન શૂર છે,

૪. વાસુદેવ યુદ્ધ શૂર છે.

૧૫. संत गुणाणं विनास-विकास चउ हेऊ-

चउहिं ठाणेहिं संते गुणे नासेज्जा, तं जहा-

१. कोहेणं, २. पडिनिवेसेणं,

३. अकयण्णुयाए, ४. मिच्छत्ताभिनिवेसेणं ।

चउहिं ठाणेहिं संते गुणे दीवेज्जा, तं जहा-

१. अब्भासवत्तियं,

२. परच्छंदाणुवत्तियं,

३. कज्जहेउं,

४. कयपडिकडेइ वा ।

- ठाणं. अ. ४, उ. ४, सु. ३७०

૧૫. વિદ્યમાન ગુણોના વિનાશ - વિકાસના ચાર હેતુ :

ચાર સ્થાનો (કારણો) વડે વિદ્યમાન ગુણનો નાશ થાય છે, જેવી રીતે -

૧. ક્રોધ વડે, ૨. ઈર્ષ્યા (દ્વેષ) વડે,

૩. અકૃતજ્ઞતા વડે, ૪. મિથ્યાભિનિવેશ દુરાગ્રહ વડે.

ચાર સ્થાનો (કારણો) વડે વિદ્યમાન ગુણ પ્રકાશિત (ઉદ્ભવિત) થાય છે.

૧. અભ્યાસ કરવાની ઈચ્છા થવાથી,

૨. અન્યોના ગુણોનું અનુસરણ કરવાથી,

૩. કાર્યસિદ્ધિને માટે અનુકૂળ પ્રયત્ન (ઉદ્યમ) કરવાથી,

૪. ઉપકારી પ્રત્યે ઉપકાર કરવાથી.

૧૬. संसारस्स चउविहत्तं-

चउव्विहे संसारे पण्णत्ते, तं जहा-

१. दव्वसंसारे,

२. खेत्तसंसारे,

३. कालसंसारे,

४. भावसंसारे । - ठाणं. अ. ४, उ. १, सु. २६१

૧૬. ચાર પ્રકારના સંસાર :

સંસાર ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે-

૧. **દ્રવ્ય સંસાર** - જીવ અને પુદ્ગલોનું પરિભ્રમણ,

૨. **ક્ષેત્ર સંસાર** - જીવ અને પુદ્ગલોના પરિભ્રમણનું ક્ષેત્ર,

૩. **કાળ સંસાર** - કાળનું પરિવર્તન અથવા કાળમર્યાદાને અનુસાર જીવ અને પુદ્ગલોમાં થનારું પરિવર્તન.

૪. **ભાવસંસાર** - જીવ અને પુદ્ગલોના પરિભ્રમણની ક્રિયા.

૧૭. गइविवक्खया संसारस्स चउविहत्तं-

चउव्विहे संसारे पण्णत्ते, तं जहा-

૧૭. ગતિની અપેક્ષાએ સંસારના ચાર પ્રકાર -

સંસાર (જન્મ-મરણરૂપે) ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. णेरइय संसारे, २. तिरिक्खजोणिय संसारे,
३. मणुस्स संसारे, ४. देव संसारे।
- ठाणं. अ. ४, उ. २, सु. २९४

१. નૈરયિક સંસાર, ૨. તિર્યંચયોનિક સંસાર,
૩. મનુષ્ય સંસાર, ૪. દેવ સંસાર.

१८. णिक्खेव-विवक्खया सच्चस्स चउप्पगारा-

चउव्विहे सच्चे पण्णत्ते, तं जहा-
१. णामसच्चे, २. ठवणासच्चे,
३. दव्वसच्चे, ३. भावसच्चे।
- ठाणं. अ. ४, उ. १, सु. ३०८

૧૮. નિક્ષેપ - વિવક્ષા વડે સત્યના ચાર પ્રકાર :

સત્ય ચાર પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. નામ સત્ય, ૨. સ્થાપના સત્ય,
૩. દ્રવ્ય સત્ય, ૪. ભાવ સત્ય.

१९. हासुप्पत्ति चउ कारणाणि-

चउहिं ठाणेहिं हासुप्पत्ती सिया, तं जहा-
१. पासेत्ता,
२. भासेत्ता,
३. सुणेत्ता,
४. संभरेत्ता। - ठाणं. अ. ४, उ. १, सु. २६९

૧૯. હાસ્યોત્પત્તિના ચાર કારણ :

ચાર કારણોથી હસવાનું થાય છે, જેવી રીતે -
૧. **જોઈને** - વિદૂષક (જોકર) વગેરેની ચેષ્ટાઓ જોઈને,
૨. **બોલીને** - કોઈના બોલ્યાની નકલ કરીને,
૩. **સાંભળીને** - એવા પ્રકારની ચેષ્ટાઓ અને વાણી સાંભળીને,
૪. **સ્મરણ** - પૂર્વે જોયેલી અને સાંભળેલી વાતો યાદ કરીને.

२०. वाही-चउप्पगारा-

चउव्विहे वाही पण्णत्ते, तं जहा-
१. वाइए,
२. पित्तिए,
३. सिंभिए,
४. सन्निवाइए। - ठाणं. अ. ४, उ. ४, सु. ३४२

૨૦. વ્યાધિ (દુઃખ)ના ચાર પ્રકાર :

વ્યાધિ ચાર પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -
૧. **વાતિક** - વાયુવિકાર વડે ઉત્પન્ન થનારી,
૨. **પૈત્તિક** - પિત્તવિકાર વડે ઉત્પન્ન થનારી,
૩. **શ્લૈષ્મિક** - કફ વિકાર વડે ઉત્પન્ન થનારી,
૪. **સાન્નિપાતિક** - ત્રણેના મિશ્રણ વડે ઉત્પન્ન થનારી.

२१. तिगिच्छया चउ अंगो-

चउव्विहा तिगिच्छा पण्णत्ता, तं जहा
१. वेज्जो, २. ओसहाइं,
३. आउरे, ४. परिचारए।
- ठाणं. अ. ४, उ. ४, सु. ३४२

૨૧. ચિકિત્સાના ચાર અંગ :

ચિકિત્સાના ચાર અંગ કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. વૈદ્ય, ૨. ઔષધ,
૩. રોગી, ૪. પરિચારક (સેવા કરનાર સેવક).

२२. तिगिच्छगस्स चउप्पगारा-

चत्तारि तिगिच्छगा पण्णत्ता, तं जहा-
१. आयतिगिच्छे णाममेगे, णो परतिगिच्छए,
२. परतिगिच्छे णाममेगे, णो आयतिगिच्छए,
३. एगे आयतिगिच्छए वि, परतिगिच्छए वि,
४. एगे णो आयतिगिच्छए, णो परतिगिच्छए।
- ठाणं. अ. ४, उ. ४, सु. ३४२

૨૨. ચિકિત્સકના ચાર પ્રકાર :

ચિકિત્સકના ચાર પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. કેટલાક ચિકિત્સક પોતાની ચિકિત્સા (સારવાર) કરે છે, પરંતુ બીજાઓની કરતાં નથી,
૨. કેટલાક ચિકિત્સક બીજાઓની ચિકિત્સા કરે છે, પરંતુ પોતાની કરતાં નથી,
૩. કેટલાક ચિકિત્સક પોતાની પણ ચિકિત્સા કરે છે અને બીજાઓની પણ કરે છે,
૪. કેટલાક ચિકિત્સક પોતાની પણ ચિકિત્સા કરતા નથી અને બીજાઓની પણ કરતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩. विकहाओ भेयप्पभेय परूवणं-

चत्तारि विकहाओ पण्णत्ताओ, तं जहा-

१. इत्थिकहा, २. भत्तकहा,

३. देसकहा, ४. राय कहा ।

(१) इत्थिकहा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. इत्थीणं जाइकहा,

२. इत्थीणं कुलकहा,

३. इत्थीणं रूवकहा,

४. इत्थीणं णेवत्थकहा ।

(२) भत्तकहा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. भत्तस्स आवावकहा,

२. भत्तस्स णिव्वावकहा,

३. भत्तस्स आरंभकहा,

४. भत्तस्स णिट्ठाणकहा ।

(३) देसकहा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. देसविहिकहा,

२. देसविकप्पकहा,

३. देसच्छंदकहा,

४. देसणेवत्थकहा ।

(४) रायकहा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. रण्णो अतियाणकहा,

२. रण्णो णिज्जाणकहा,

३. रण्णो बल-वाहणकहा,

४. रण्णो कोस-कोट्ठागारकहा ।

- ठाणं. अ. ४, उ. २, सु. २८२

૨૩. વિકથાના ભેદ-પ્રભેદોનું પ્રરૂપણ :

વિકથા ચાર પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. સ્ત્રીકથા, ૨. ભક્તકથા,

૩. દેશ કથા, ૪. રાજ કથા.

૧. સ્ત્રીકથા ચાર પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. સ્ત્રીઓની જાતિવિષયક કથા,

૨. સ્ત્રીઓની કુળવિષયક કથા,

૩. સ્ત્રીઓના રુપવિષયક કથા,

૪. સ્ત્રીઓની વેશભૂષાની કથા.

૨. ભક્તકથા ચાર પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. **આવાપકથા** - રસોડામાં રસોઈની તેલ-ઘી જેવી કાચી સામગ્રી વિષયક ચર્ચા કરવી,

૨. **નિર્વાપકથા** - રસોડામાં તૈયાર થયેલી વાનગી-સામગ્રી વિષયક ચર્ચા કરવી,

૩. **આરંભકથા** - ભોજનની સામગ્રીની તૈયારી માટે કરવામાં આવતા ખર્ચ (લાગત) વિષયક ચર્ચા,

૪. **નિષ્ઠાનકથા** - ભોજનની સામગ્રી માટે થતા ખર્ચા-વ્યય વગેરે વિષયક ચર્ચા.

૩. દેશકથા - ચાર પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. **દેશવિધિકથા** - વિભિન્ન - જુદાં - જુદાં દેશોના શાસનવ્યવસ્થા વિષયક ચર્ચા,

૨. **દેશવિકલ્પકથા** - જુદાં-જુદાં દેશોમાં ઉત્પન્ન થતી વસ્તુઓ વિષયક ચર્ચા,

૩. **દેશચ્છંદકથા** - જુદાં-જુદાં દેશોના સામાજીક રીતિરિવાજો વિષયક ચર્ચા,

૪. **દેશનેપથ્યકથા** - જુદાં-જુદાં દેશોના પોષાક વિષયક ચર્ચા.

૪. રાજકથા ચાર પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે-

૧. રાજાના નગર વગેરેના પ્રવેશ વિષયક ચર્ચા,

૨. રાજાના નિર્યાણ (પ્રયાણ) નિષ્ક્રમણ (બહાર નીકળવું) વિષયક ચર્ચા,

૩. રાજાની સેના અને વાહનો વિષયક ચર્ચા કરવી,

૪. રાજાના ભંડાર અને કોઠારો - અનાજના કોઠારો (સંગ્રહસ્થાનો) વિષયક ચર્ચા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૪. दंडस्स पंच पगारा-

पंच दंडा पन्नत्ता, तं जहा-

१. अट्ठादंडे,

२. अणट्ठादंडे,

३. हिंसादंडे,

४. अकम्मादंडे,

५. दिट्ठीविपरियासिया दंडे ।

- ठाणं. अ. ५, उ. २, सु. ४१८

૨૪. દંડના પાંચ પ્રકાર :

દંડ પાંચ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. **અર્થ દંડ** - પ્રયોજનાર્થે ત્રસ કે સ્થાવર પ્રાણીઓની હિંસા કરવી,

૨. **અનર્થ દંડ** - નિષ્પ્રયોજન હિંસા કરવી,

૩. **હિંસા દંડ** - આ મને અત્યારે મારે છે, ભવિષ્યમાં મારશે કે મને માર્યું હતુંઆ માની હિંસા કરવી,

૪. **અકસ્માત્ દંડ** - એકની વધ કરવા માટે પ્રહાર કરતી વખતે અન્યનો વધ થઈ જવો,

૫. **દૃષ્ટિ વિપર્યાસ દંડ** - મિત્રને અમિત્ર માનીને તેને દંડ કરવો.

૨૫. णिहिस्स पंच पगारा-

पंच णिही पण्णत्ता, तं जहा-

१. पुत्तणिही, २. मित्तणिही,

३. सिप्पणिही, ४. धणणिही,

५. धन्ननिही । - ठाणं. अ. ५, उ. ३, सु. ४४८

૨૫. નિધિના પાંચ પ્રકાર :

નિધિ પાંચ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. પુત્રનિધિ, ૨. મિત્રનિધિ,

૩. શિલ્પનિધિ, ૪. ધનનિધિ,

૫. ધાન્યનિધિ.

૨૬. इंदयविसएसु सज्जाइ पंच हेऊ-

पंचहिं ठाणेहिं जीवा सज्जंति, तं जहा-

१. सद्देहिं, २. रूवेहिं,

३. गंधेहिं, ४. रसेहिं

५. फासेहिं ।

एवमेव रज्जंति, मुच्छंति, गिज्झंति, अज्झोववज्जंति विणिग्घायमावज्जंति ।

- ठाणं. अ. ५, उ. १, सु. ३९०

૨૬. ઈન્દ્રિય વિષયોમાં આસક્તિ વગેરેના પાંચ હેતુ :

જીવ પાંચ સ્થાનો વડે આસક્ત થાય છે, જેવી રીતે -

૧. શબ્દ વડે, ૨. રુપ વડે,

૩. ગંધ વડે, ૪. રસ વડે,

૫. સ્પર્શ વડે.

આ જ પ્રમાણે આ પાંચ કારણોથી રાગભાવ, મૂર્ચ્છાભાવ, ગૃદ્ધિભાવ, આકાંક્ષાભાવ અને વિનાશ પામેલો હોય છે.

૨૭. पडिहाणं पंच पगारा-

पंचविहा पडिहा पण्णत्ता, तं जहा-

१. गइपडिहा,

२. ठिइपडिहा,

३. बंधणपडिहा,

४. भोगपडिहा,

५. बल-वीरिय-पुरिसक्कार-परक्कमपडिहा ।

- ठाणं. अ. ५, उ. १, सु. ४०६

૨૭. પ્રતિઘાતો (સ્ખલન)ના પાંચ પ્રકાર :

પ્રતિઘાત (સ્ખલન)નાં પાંચ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. **ગતિ-સ્ખલન**-અશુભ પ્રવૃત્તિ દ્વારા ઉત્તમ (પ્રશસ્ત) ગતિનો અવરોધ,

૨. **સ્થિતિ-સ્ખલન**-ઉદીરણા દ્વારા કર્મ-સ્થિતિનું અલ્પત્વ,

૩. **બંધન-સ્ખલન**-ઉત્તમ ઔદારિક શરીર વગેરેની ઉપલબ્ધિમાં અટકાવ-અવરોધ.

૪. **ભોગ-સ્ખલન**-સામગ્રીના અભાવમાં ભોગની અપ્રાપ્તિ.

૫. બલ, વીર્ય, પુરુષકાર અને પરાક્રમનું સ્ખલન.

૨૮. आजीवगाणं पंच पगारा-

पंचविहे आजीवे पण्णत्ते, तं जहा-

१. जाईआजीवे,

૨૮. આજીવકોના પાંચ પ્રકાર :

આજીવક પાંચ પ્રકારના કહેવામાં આવ્યા છે, જેવી રીતે-

૧. **જાત્યાજીવ** - જાતિ વડે આજીવિકા કરનારા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. कुलाजीवे,
૩. कम्माजीवे,
૪. सिप्पाजीवे,
૫. लिंगाजीवे । - ठाणं. अ. ૫, उ. ૧, सु. ૪૦૭

૨૯. **सुत्तस्स विबुज्झण पंच हेऊ-**

पंचहिं ठाणेहिं सुत्ते विबुज्झेज्जा, तं जहा-
૧. सद्देणं, ૨. फासेणं
૩. भोयणपरिणामेणं ૪. णिद्दक्खएणं,
૫. सुविणदंसणेणं ।

- ठाणं. अ. ૫, उ. ૨, सु. ૪૩૬

૩૦. **सोयस्स पंच पगारा-**

पंचविहे सोए पण्णत्ते, तं जहा-
૧. पुढविसोए,
૨. आउसोए,
૩. तेउसोए,
૪. मंतसोए,
૫. बंभसोए । - ठाणं. अ. ૫, उ. ૩, सु. ૪૪૯

૩૧. **उक्कलाणं पंच पगारा-**

पंच उक्कला पण्णत्ता, तं जहा-
૧. दंडुक्कले,
૨. रज्जुक्कले,
૩. तेणुक्कले,
૪. देसुक्कले,
૫. सव्वुक्कले । - ठाणं. अ. ૫, उ. ૩, सु. ૪૫૬

૩૨. **छेयणस्स पंच पगारा-**

पंचविहे छेयणे पण्णत्ते, तं जहा-
૧. उप्पाच्छेयणे,
૨. वियच्छेयणे,
૩. बंधच्छेयणे,
૪. पएसच्छेयणे,
૫. दोधारच्छेयणे ।

- ठाणं. अ. ૫, उ. ૩, सु. ૪૬૨ (૧)

૨. **કુલાજીવ** - કુળ વડે આજીવિકા કરનારા,
૩. **કર્માજીવ** - કૃષિ-ખેતી વડે આજીવિકા કરનારા,
૪. **શિલ્પાજીવ** - કળા (હુન્નર) વડે આજીવિકા કરનારા,
૫. **લિંગાજીવ**-વેષ (બહુરૂપી) વગેરે વડે આજીવિકા કરનારા.

૨૯. **સૂતેલાને જાગૃત થવાનાં પાંચ હેતુ :**

પાંચ કારણો વડે સૂતેલો માણસ જાગૃત થાય છે, જેવી રીતે-
૧. શબ્દ (ધ્વનિ) વડે, ૨. સ્પર્શ વડે,
૩. ભૂખ લાગવાથી, ૪. ઊંઘ પૂરી થવાથી,
૫. સ્વપ્ન દર્શનથી.

૩૦. **શુદ્ધિ (શૌચ)ના પાંચ પ્રકાર :**

શુદ્ધિ પાંચ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -
૧. **પૃથ્વી શૌચ** - માટી વડે શુદ્ધિ કરવી,
૨. **જળ શૌચ** - પાણી વડે શુદ્ધિ કરવી,
૩. **તેજ શૌચ** - અગ્નિ વડે શુદ્ધિ કરવી,
૪. **મંત્ર શૌચ** - મંત્ર વડે શુદ્ધિ કરવી,
૫. **બ્રહ્મ શૌચ**-બ્રહ્મચર્ય વગેરેના આચરણ વડે શુદ્ધિ કરવી,

૩૧. **ઉત્કલ (તીવ્રતા - પ્રચંડતા)ના પાંચ પ્રકાર :**

ઉત્કલ અથવા ઉત્કટ-તીવ્રતાના પાંચ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. **દંડોત્કલ** - જેની પાસે પ્રબળ દંડ શક્તિ હોય,
૨. **રાજ્યોત્કલ** - જેની પાસે પ્રબળ રાજ્યશક્તિ હોય,
૩. **સ્તેનોત્કલ** - જેની પાસે ચોરોનો પ્રબળ સંગ્રહ હોય,
૪. **દેશોત્કલ** - જેની પાસે પ્રબળ લોકમત હોય,
૫. **સર્વોત્કલ** - જેની પાસે પૂર્વોક્ત સમગ્ર દંડ પ્રબળતમ હોય.

૩૨. **છેદન (વિભાજન)ના પાંચ પ્રકાર :**

છેદન (વિભાજન)ના પાંચ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. **ઉત્પાદછેદન** - ઉત્પાદની અપેક્ષાએ વિભાજન કરવું,
૨. **વ્યયછેદન** - વિનાશની અપેક્ષાએ વિભાજન કરવું,
૩. **બંધ છેદન** - સંબંધનો વિચ્છેદ (નાશ) થવો,
૪. **પ્રદેશ છેદન** - વૃદ્ધિની કલ્પના વડે સ્કંધોનું વિભાજન કરવું,
૫. **દ્વિધાર છેદન** - અખંડ વસ્તુના બે ટુકડા કરવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૩. आणंतरियस्स पंच पगारा-

पंचविहे आणंतरिए पण्णत्ते, तं जहा-

१. उप्पायणंतरिए,
२. वियाणंतरिए,
३. पएसाणंतरिए,
४. समयाणंतरिए,
५. सामण्णाणंतरिए ।

- ठाणं. अ. ५, उ. ३, सु. ४६२ (२)

૩૩. આનન્તર્યના પાંચ પ્રકાર :

આનન્તર્ય (નિરંતરતા)ના પાંચ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. **ઉત્પાદ-આનન્તર્ય** - ઉત્પાદની નિરંતરતા (અવિરહ)
૨. **વ્યય-આનન્તર્ય** - વિનાશની નિરંતરતા (અવિરહ)
૩. **પ્રદેશ-આનન્તર્ય** - પ્રદેશોની સંલગ્નતા (સંયુક્તતા)
૪. **સમય-આનન્તર્ય** - સમયની સંલગ્નતા (સંયુક્તતા)
૫. **સામાન્ય-આનન્તર્ય** - જેમાં વિશેષની વિવક્ષા (તાત્પર્ય) ન હોય.

૩૪. तुल्लस्स छ भेया तेसां सरूव परूवणं-

प. कइविहे णं भंते ! तुल्लए पन्नत्ते ?

उ. गोयमा ! छव्विहे तुल्लए पन्नत्ते, तं जहा-

१. दव्वतुल्लए, २. खेत्ततुल्लए,
३. कालतुल्लए, ४. भवतुल्लए,
५. भावतुल्लए, ६. संठाणतुल्लए ।

प. १. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
'दव्वतुल्लए, दव्वतुल्लए ?'

उ. गोयमा ! परमाणुपोग्गले परमाणुपोग्गलस्स दव्वओ तुल्ले, परमाणुपोग्गले परमाणुपोग्गलवइरित्तस्स दव्वओ णो तुल्ले ।

दुपएसिए खंधे दुपएसियस्स खंधस्स दव्वओ तुल्ले, दुपएसिए खंधे दुपएसियवइरित्तस्स खंधस्स दव्वओ णो तुल्ले ।

एवं -जाव- दसपएसिए ।

तुल्लसंखेज्जपएसिए खंधे तुल्लसंखेज्जपएसियस्स खंधस्स दव्वओ तुल्ले, तुल्लसंखेज्जपएसिए खंधेतुल्लसंखेज्जपएसियवइरित्तस्स खंधस्स दव्वओ णो तुल्ले ।

एवं तुल्लअसंखेज्जपएसिए वि ।

एवं तुल्लअणंतपएसिए वि ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-'दव्वतुल्लए दव्वतुल्लए ।'

૩૪. તુલ્યના છ ભેદ અને એના સ્વરૂપનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! તુલ્યના કેટલા પ્રકાર કહેવામાં આવ્યા છે ?

ઉ. ગૌતમ ! તુલ્યના છ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. દ્રવ્ય તુલ્ય, ૨. ક્ષેત્ર તુલ્ય,
૩. કાળ તુલ્ય, ૪. ભવ તુલ્ય,
૫. ભાવ તુલ્ય, ૬. સંસ્થાન તુલ્ય.

પ્ર. ૧. ભંતે ! કયા કારણથી -
'દ્રવ્ય તુલ્ય - દ્રવ્ય તુલ્ય' કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! એક પરમાણુ પુદ્ગલ બીજા પરમાણુ પુદ્ગલ વડે દ્રવ્યતઃ તુલ્ય (સમાન) છે પરંતુ પરમાણુ પુદ્ગલ, પરમાણુ પુદ્ગલવડે ભિન્ન (વ્યતિરિક્ત) (બીજા પદાર્થોની સાથે) દ્રવ્યથી તુલ્ય નથી.

એક દ્વિપ્રદેશિક સ્કંધ બીજા દ્વિપ્રદેશિક સ્કંધ વડે દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય (સમાન) છે પરંતુ દ્વિપ્રદેશિક સ્કંધથી ભિન્ન બીજા દ્વિપ્રદેશિક સ્કંધની સાથે દ્રવ્યથી તુલ્ય નથી.

આ જ પ્રમાણે દશપ્રદેશિક સ્કંધ પર્યંત સમજવું જોઈએ.

એક તુલ્ય સંખ્યાત પ્રદેશિક સ્કંધ બીજા તુલ્ય સંખ્યાત પ્રદેશિક સ્કંધ સાથે દ્રવ્ય વડે તુલ્ય છે, પરંતુ તુલ્ય સંખ્યાત પ્રદેશિક સ્કંધથી ભિન્ન સંખ્યાત દ્વિપ્રદેશિક સ્કંધની સાથે તે દ્રવ્યથી તુલ્ય નથી.

આ જ પ્રમાણે તુલ્ય અસંખ્યાત પ્રદેશિક સ્કંધ વિષયક પણ સમજવું જોઈએ.

આ જ પ્રમાણે તુલ્ય અનંત પ્રદેશિક સ્કંધ વિષયક પણ સમજવું જોઈએ.

આ કારણથી ગૌતમ ! 'દ્રવ્યતુલ્ય - દ્રવ્યતુલ્ય' કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ. ૨. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'खेत्ततुल्लए खेत्ततुल्लए ?'

उ. गोयमा ! एगपएसोगाढे पोग्गले एगपएसोगाढस्स पोग्गलस्स खेत्तओ तुल्ले, एगपएसोगाढे पोग्गले एगपएसोगाढवइरित्तस्स पोग्गलस्स खेत्तओ णो तुल्ले,

एवं -जाव- दसपएसोगाढे ।

तुल्लसंखेज्जपएसोगाढे पोग्गले **-जाव-** तुल्ल-संखेज्जपएसियवइरित्तस्सखंधस्स खेत्तओ णो तुल्ले।

एवं तुल्लअसंखेज्जपएसोगाढे वि ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-'खेत्ततुल्लए खेत्ततुल्लए ।'

પ્ર. ૨. ભંતે ! કયા કારણથી 'ક્ષેત્રતુલ્ય-ક્ષેત્રતુલ્ય' કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! એક પ્રદેશાશ્રિત પુદ્ગલ બીજા એક-પ્રદેશાશ્રિત પુદ્ગલ સાથે ક્ષેત્રથી તુલ્ય છે પરંતુ એક પ્રદેશાશ્રિત ભિન્ન પુદ્ગલથી એક પ્રદેશાશ્રિત પુદ્ગલ ક્ષેત્રથકી તુલ્ય નથી.

આ જ પ્રમાણે દસ પ્રદેશાશ્રિત પુદ્ગલ વિષયક પણ સમજવું જોઈએ.

એક તુલ્ય સંખ્યાત પ્રદેશાશ્રિત પુદ્ગલ **-યાવત્-** (બીજા તુલ્ય સંખ્યાત પ્રદેશાશ્રિત પુદ્ગલની સાથે ક્ષેત્રથી તુલ્ય છે, પરંતુ એક તુલ્ય સંખ્યાત પ્રદેશાશ્રિત ભિન્ન પુદ્ગલથી) તુલ્ય સંખ્યાત પ્રદેશાશ્રિત પુદ્ગલ ક્ષેત્રની અપેક્ષાએ તુલ્ય નથી.

આ જ પ્રમાણે તુલ્ય અસંખ્યાત પ્રદેશાશ્રિત પુદ્ગલ વિષયક પણ સમજવું જોઈએ.

આ કારણથી ગૌતમ ! 'ક્ષેત્રતુલ્ય - ક્ષેત્રતુલ્ય' કહેવામાં આવે છે.

પ. ૩. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'कालतुल्लए कालतुल्लए ?'

उ. गोयमा ! एगसमयठिईए पोग्गले एगसमयठिईयस्स पोग्गलस्स कालओ तुल्ले, एगसमयठिईए पोग्गले एगसमयठिईयवइरित्तस्स पोग्गलस्स कालओ णो तुल्ले ।

एवं -जाव- दससमयट्ठिईए ।

तुल्लसंखेज्जसमयट्ठिईए एवं चेव ।

एवं तुल्लअसंखेज्जसमयट्ठिईए वि ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
'कालतुल्लए कालतुल्लए ।'

પ્ર. ૩. ભંતે ! કયા કારણથી 'કાળતુલ્ય - કાળતુલ્ય' કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! એક સમયની સ્થિતિયુક્ત પુદ્ગલ અન્ય એક સમયની સ્થિતિયુક્ત પુદ્ગલ સાથે કાળથી તુલ્ય છે પરંતુ એક સમયની સ્થિતિયુક્ત પુદ્ગલથી ભિન્ન બીજા પુદ્ગલોની સાથે એક સમયની સ્થિતિયુક્ત પુદ્ગલ કાળથી તુલ્ય નથી.

આ જ પ્રમાણે દસ સમયની સ્થિતિયુક્ત પુદ્ગલ પર્યંત વિષયક સમજવું જોઈએ.

તુલ્ય સંખ્યાત સમયની સ્થિતિયુક્ત પુદ્ગલના વિષયમાં પણ આ જ પ્રકારે સમજવું જોઈએ.

તુલ્ય અસંખ્યાત સમયની સ્થિતિયુક્ત પુદ્ગલના વિષયમાં પણ આ જ પ્રકારે સમજવું જોઈએ.

આ કારણથી ગૌતમ ! 'કાળતુલ્ય-કાળતુલ્ય' કહેવામાં આવે છે.

પ. ૪. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
'भवतुल्लए भवतुल्लए ?'

उ. गोयमा ! नेरइए नेरइयस्स भवट्ठयाए तुल्ले, नेरइए नेरइयवइरित्तस्स भवट्ठयाए नो तुल्ले ।

तिरिक्खजोणिए एवं चेव ।

પ્ર. ૪. ભંતે ! કયા કારણથી 'ભવતુલ્ય-ભવતુલ્ય' કહેવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! એક નૈરયિક બીજા નૈરયિકની સાથે ભવની અપેક્ષાએ તુલ્ય છે પરંતુ એક નૈરયિક બીજા નૈરયિકથી ભિન્ન (તિર્યંચ મનુષ્યાદિની સાથે) ભવની અપેક્ષાએ તુલ્ય નથી.

આ જ પ્રમાણે તિર્યંચયોનિક ભવતુલ્ય વિષયક સમજવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं मणुस्से, एवं देवे वि।

મનુષ્ય તથા દેવભવ તુલ્ય વિષયક પણ આ જ પ્રકારે સમજવું જોઈએ.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-'भवतुल्लए भवतुल्लए।'

આ કારણથી ગૌતમ ! 'ભવતુલ્ય-ભવતુલ્ય' કહેવામાં આવે છે.

प. ५. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
'भावतुल्लए, भावतुल्लए ?'

પ્ર. ૫. ભંતે ! કયા કારણથી 'ભાવતુલ્ય-ભાવતુલ્ય' કહેવામાં આવે છે ?

उ. गोयमा ! एगगुणकालए पोग्गले एगगुणकालगस्स पोग्गलस्स भावओ तुल्ले, एगगुणकालए पोग्गले एगगुणकालगवइरित्तस्स पोग्गलस्स भावओ नो तुल्ले,

ઉ. ગૌતમ ! એક ગુણ કાળા વર્ણયુક્ત પુદ્ગલ બીજા એક ગુણ કાળા વર્ણયુક્ત પુદ્ગલની સાથે ભાવથી તુલ્ય છે, પરંતુ એક ગુણ કાળા વર્ણયુક્ત પુદ્ગલ એક ગુણ કાળા વર્ણથી ભિન્ન બીજા પુદ્ગલોની સાથે ભાવથી તુલ્ય નથી.

एवं -जाव- दसगुणकालए।

આ જ પ્રમાણે દસ ગુણ કાળા પુદ્ગલ પર્યંત સમજવું જોઈએ.

तुल्लसंखेज्जगुणकालए पोग्गले वि एवं चेव।

આ જ પ્રમાણે તુલ્ય સંખ્યાત ગુણ કાળા વર્ણયુક્ત પુદ્ગલને માટે પણ સમજવું જોઈએ.

एवं तुल्लअणंतगुणकालए वि।

આ જ પ્રમાણે અસંખ્યાતગુણ કાળા વર્ણયુક્ત પુદ્ગલને માટે પણ સમજવું જોઈએ.

एवं तुल्लअणंतगुणकालए वि।

આ જ પ્રમાણે તુલ્ય અનંતગુણ કૃષ્ણવર્ણયુક્ત પુદ્ગલને માટે પણ સમજવું જોઈએ.

जहा कालए एवं नीलए, लोहियए, हालिद्दए, सुक्किल्लए।

જેવી રીતે કાળાવર્ણને માટે કહેવામાં આવ્યું છે, એવી રીતે લીલા, લાલ, પીળા અને સફેદ વર્ણવિષયક પણ સમજવું જોઈએ.

एवं सुब्भिगंधे दुब्भिगंधे।

આ જ પ્રમાણે સુગંધ અને દુર્ગંધને માટે પણ સમજવું જોઈએ.

एवं तित्ते -जाव- महुरे।

આ જ પ્રમાણે તીખા -યાવત્- મીઠા રસ માટે પણ સમજવું જોઈએ.

एवं कक्खडे -जाव- लुक्खे।

આ જ પ્રમાણે કઠોર -યાવત્- શુષ્ક સ્પર્શયુક્ત પુદ્ગલને માટે પણ સમજવું જોઈએ.

उदइए भावे उदइयस्स भावस्स भावओ तुल्ले, उदइए भावे उदइयभाववइरित्तस्स भावस्स भावओ नो तुल्ले।

ઔદયિક ભાવ ઔદયિક ભાવની અપેક્ષાએ ભાવથી તુલ્ય છે પરંતુ ઔદયિકભાવ ઔદયિક ભાવથી ભિન્ન ભાવથી ભાવની અપેક્ષાએ તુલ્ય નથી.

एवं उवसमिए, खइए, खयोवसमिए, पारिणामिए।

આ જ પ્રમાણે ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક તથા પારિણામિક ભાવ વિષયક પણ સમજવું જોઈએ.

सन्निवाइए भावे सन्निवाइयस्स भावस्स भावओ तुल्ले, सन्निवाइए भावे सन्निवाइय भाववइरित्तस्स भावस्स भावओ नो तुल्ले।

સાન્નિપાતિકભાવ સાન્નિપાતિક ભાવની સાથે ભાવથી તુલ્ય છે, પરંતુ સાન્નિપાતિક ભાવ સાન્નિપાતિક ભાવથી ભિન્ન ભાવથી તુલ્ય નથી.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
'भावतुल्लए भावतुल्लए।'

આ કારણથી ગૌતમ ! 'ભાવતુલ્ય-ભાવતુલ્ય' કહેવામાં આવે છે.

प. ६. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
'संठाणतुल्लए, संठाणतुल्लए ?'

પ્ર. ૬. ભંતે ! કયા કારણથી 'સંસ્થાન તુલ્ય - સંસ્થાન તુલ્ય' કહેવામાં આવે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ. गोयमा ! परिमंडले संठाणे परिमंडलस्स संठाणस्स संठाणओ तुल्ले, परिमंडले संठाणे परिमंडलसंठाणवइरित्तस्स संठाणस्स संठाणओ नो तुल्ले ।

एवं वट्टे, तंसे चउरंसे, आयए ।

समचउरंससंठाणे समचउरंसस्स संठाणस्स संठाणओ तुल्ले, समचउरंसे संठाणे समचउरंससंठाणवइरित्तस्स संठाणस्स संठाणओ नो तुल्ले ।

एवं -जाव- हुंडे

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
'संठाणतुल्लए संठाणतुल्लए ।'

- विया. स. १४, उ. ७, सु. ४-१०

ઉ. ગૌતમ ! પરિમંડળ (વર્તુળાકાર) સંસ્થાન (આકૃતિ), અન્ય પરિમંડળ સંસ્થાન સાથે સંસ્થાનતુલ્ય છે પરંતુ પરિમંડળ સંસ્થાન પરિમંડળ સંસ્થાનથી ભિન્ન સંસ્થાનથી તુલ્ય નથી.

આ જ પ્રમાણે ગોળાકાર સંસ્થાન (આકૃતિ) ત્રિકોણાકાર સંસ્થાન, ચતુષ્કોણાકાર સંસ્થાન અને લંબચોરસાકાર સંસ્થાન વિષે પણ સમજવું જોઈએ.

એક સમચોરસાકાર સંસ્થાન અન્ય સમચોરસાકાર સંસ્થાનની સાથે સંસ્થાનથી તુલ્ય છે, પરંતુ સમચોરસાકાર સંસ્થાન સમચોરસાકાર સંસ્થાનથી ભિન્ન સંસ્થાન સાથે તુલ્ય નથી.

આ જ પ્રમાણે હુંડક સંસ્થાન પર્યંત સમજવું જોઈએ.

આ કારણથી ગૌતમ ! 'સંસ્થાન તુલ્ય - સંસ્થાન તુલ્ય' કહેવામાં આવે છે.

३५. छहिं दिसाहिं जीवाणं गई-आगई पवत्ति परूवणं-

छद्दिसाओ पण्णत्ताओ, तं जहा-

१. पाईणा, २. पडीणा
२. दाहिणा ४. उदीणा
५. उड्ढा, ६. अहा ।

छहिं दिसाहिं जीवाणं गई पवत्तइ, तं जहा-

१. पाइणाए **-जाव-** ६. अहाए ।
छहिं दिसाहिं जीवाणं-
२. आगई
३. वक्कंती,
४. आहारे,
५. वुड्ढी,
६. णिवुड्ढी,
७. विगुव्वणा,
८. गइपरियाए,
९. समुग्घाए,
१०. कालसंजोगे,

૩૫. છ દિશાઓમાં જીવોની ગતિ-આગતિ વગેરે પ્રવૃત્તિઓનું પ્રરૂપણ :

દિશાઓ છ પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે -

૧. પૂર્વ, ૨. પશ્ચિમ,
૩. દક્ષિણ, ૪. ઉત્તર,
૫. ઊર્ધ્વ, ૬. અધઃ.

છયે દિશાઓમાં જીવોની ગતિ (વર્તમાન ભવથી અગ્રિમ ભવમાં જવારૂપ ગતિ) હોય છે, જેવી રીતે -

૧. પૂર્વ **-યાવત્-** ૬. અધો (નીચેની) દિશા,

છએ દિશાઓમાં જીવોની -

૨. **આગતિ**-પૂર્વભવથી પ્રસ્તુત (વર્તમાન) ભવમાં આવવું,

૩. **વ્યુત્ક્રાંતિ** - ઉત્પત્તિ સ્થાનમાં જઈ ઉત્પન્ન થવું,

૪. **આહાર** - પ્રથમ સમયમાં જીવનોપયોગી પુદ્ગલોનો સંગ્રહ કરવો,

૫. **વૃદ્ધિ** - શરીરની વૃદ્ધિ,

૬. **હાનિ** - શરીરની હાનિ,

૭. **વિકિયા** - વિકુર્વણા કરવી,

૮. **ગતિ-પર્યાય** - ગમન કરવું (અહીંયા આનો અર્થ પરલોકગમન નથી).

૯. **સમુદ્ઘાત** - વેદના વગેરેમાં તલ્લીન થઈ આત્મપ્રદેશો અહીં - તહીં પ્રક્ષેપ કરવો,

૧૦. **કાળસંયોગ** - સૂર્ય વગેરે દ્વારા કરવામાં આવેલ કાળવિભાગ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. दंसणाभिगमे,

१२. णाणाभिगमे,

१३. जीवाभिगमे,

१४. अजीवाभिगमे पण्णत्ते, तं जहा-

१. पाईणाए -**जाव**- ६. अहाए।

एवं पंचेंदिय तिरिक्खजोणियाण वि मणुस्साण वि।

- ठाणं. अ. ६, सु. ४९९

११. **दर्शनाभिगम** - અવધિ વગેરેના દર્શન દ્વારા વસ્તુનું યથાર્થ જ્ઞાન,

१२. **ज्ञानाभिगम** - અવધિ વગેરેના જ્ઞાન દ્વારા વસ્તુનું જ્ઞાન,

१३. **जीवाभिगम** - અવધિ આદિજ્ઞાન દ્વારા જીવનું યથાર્થ જ્ઞાન,

१४. **अजीवाभिगम** - અવધિ વગેરેના જ્ઞાન દ્વારા પુદ્ગલોનું યથાર્થજ્ઞાન, જે છયે દિશાઓમાં જીવોને હોય છે, જેવી રીતે -

१. પૂર્વ -**यावत्**- ६. અધોદિશા.

આ જ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની ગતિ-આગતિ વગેરે છયે દિશાઓમાં હોય છે.

३६. विस परिणामस्स छव्विहत्तं-

छव्विहे विसपरिणामे पण्णत्ते, तं जहा-

१. डक्के,

२. भुत्ते

३. निवइए,

४. मंसाणुसारी,

५. सोणियाणुसारी,

६. अट्ठिमिंजाणुसारी। -ठाणं. अ. ६, सु. ५३३

३६. વિષ પરિણામના છ પ્રકાર :

વિષ પરિણામના છ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે-

१. **દષ્ટ**-ઝેરીલા પ્રાણી વડે ડંખ મારવાથી પ્રભાવિત થનાર,

२. **ભુક્ત** - ખાવાથકી પ્રભાવિત થનાર,

३. **નિપતિત** - શરીરના બાહ્ય ભાગથી સ્પૃષ્ટ થઈ પ્રભાવિત થનાર,

४. **માંસાનુસારી** - માંસ સુધીની ધાતુઓને પ્રભાવિત કરનારા,

५. **શોણિતાનુસારી** - લોહી સુધીની ધાતુઓને પ્રભાવિત કરનારા,

६. **અસ્થિમજ્જાનુસારી** - અસ્થિ-મજ્જા સુધીની ધાતુઓને પ્રભાવિત કરનારા.

३७. सत्तवयण पओग पगारा-

सत्तविहे वयणविकप्पे पण्णत्ते, तं जहा-

१. आलावे,

२. अणालावे,

३. उल्लावे,

४. अणुल्लावे,

५. संलावे,

६. पलावे,

७. विप्पलावे। -ठाणं. अ. ७, सु. ५८४

૩૭. વચન પ્રયોગના સાત પ્રકાર :

વચનના સાત વિકલ્પ કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

१. **આલાપ** - થોડું બોલવું,

२. **અનાલાપ** - નિમ્નપ્રકારની ભાષા બોલવી,

३. **ઉલ્લાપ** - ગુણગુણાહટપૂર્વક બોલવું,

४. **અનુલ્લાપ** - ધિક્કારયુક્ત ધ્વનિ વિકાર દ્વારા બોલવું,

५. **સંલાપ** - પરસ્પર ભાષણ કરવું,

६. **પ્રલાપ** - નિરર્થક બોલવો.

७. **વિપ્રલાપ** - વિરુદ્ધ વચન-ચપળવાણી બોલવી.

३८. विकहा सत्त पगारा-

सत्त विकहाओ पण्णत्ताओ, तं जहा-

१. इत्थिकहा, २. भत्तकहा,

३. देसकहा, ४. रायकहा,

५. मिउकालुणिया,

૩૮. વિકથાના સાત પ્રકાર :

વિકથાઓ સાત પ્રકારની કહેવામાં આવી છે, જેવી રીતે-

१. સ્ત્રી કથા, २. ભક્ત કથા,

३. દેશ કથા, ४. રાજ્ય કથા,

५. **મૃદુકારુણિકી** - કરુણારસ ઉત્પન્ન કરનારી વાર્તા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. દંસણભેયણી,
૭. ચરિત્તભેયણી। -ઠાણં. અ. ૭, સુ. ૫૬૯

૩૯. सत्त भयट्ठाणाणि-

सत्त भयट्ठाणा पण्णत्ता, तं जहा-
१. इहलोगभए,
२. परलोगभए,
३. आदाणभए,
४. अकम्हाभए,
५. आजीवभए,
६. मरणभए,
७. असिलोग भए। -सम. सम. ७, सु. १

૬. **દર્શન ભેદિની** - સમ્યક્‌દર્શનનો વિનાશ કરનારી વાર્તા.
૭. **ચારિત્ર ભેદિની** - ચારિત્રનો વિનાશ કરનારી વાર્તા.

૩૯. સાત ભયસ્થાન :

સાત ભયસ્થાન કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. **ઈહલોકભય** - સજાતીયનો સજાતીયથી ભય,
૨. **પરલોકભય** - વિજાતીયથી ભય,
૩. **આદાનભય** - ધન વગેરેના અપહરણનો ભય,
૪. **અકસ્માતભય** - કોઈ બાહ્ય નિમિત્ત વિના ઉત્પન્ન થનાર ભય,
૫. **આજીવભય** - આજીવિકાનો ભય,
૬. **મરણભય** - મૃત્યુનો ભય,
૭. **અશ્લોકભય** - અપકીર્તિનો ભય.

૪૦. आउव्वेदस्स अट्ठंगाणि-

अट्ठविहे आउव्वेदे पण्णत्ते, तं जहा-
१. कुमारभिच्चे,
२. कायतिगिच्छा,
३. सालाई,
४. सल्लहत्ता,
५. जंगोली,
६. भूयविज्जा।
७. खारतंते,
८. रसायणे। -ठाणं. अ. ८, सु. ६११

૪૦. આયુર્વેદના આઠ અંગ :

આર્યુવેદના આઠ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. **કુમારભૃત્ય** - બાળકોનું ચિકિત્સાશાસ્ત્ર,
૨. **કાય ચિકિત્સા**-તાવ-જ્વર વગેરે રોગોનું ચિકિત્સાશાસ્ત્ર,
૩. **શાલાક્ય** - કાન, મોઢું, નાક વગેરે રોગોની શલ્ય ચિકિત્સાનું શાસ્ત્ર,
૪. **શલ્ય હત્યા** - શલ્ય ચિકિત્સાનું શાસ્ત્ર,
૫. **જંગોલી** - વિષ ચિકિત્સાનું શાસ્ત્ર,
૬. **ભૂતવિદ્યા** - દેવ, અસુર, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પિશાચ વગેરેથી ગ્રસાયેલ વ્યક્તિઓનું સારવાર શાસ્ત્ર,
૭. **ક્ષારતંત્ર** - વીર્ય પુષ્ટિનું શાસ્ત્ર,
૮. **રસાયણ** - પારો વગેરે ધાતુઓ દ્વારા કરવામાં આવતું ચિકિત્સાશાસ્ત્ર.

૪૧. पुण्णस्स णव पगारा-

णवविहे पुण्णे पण्णत्ते, तं जहा-
१. अण्ण पुण्णे, २. पाण पुण्णे,
३. वत्थ पुण्णे, ४. लयण पुण्णे,
५. सयण पुण्णे, ६. मण पुण्णे,
७. वइ पुण्णे, ८. काय पुण्णे,
९. णमोक्कार पुण्णे। -ठाणं. अ. ९, सु. ६७६

૪૧. પુણ્યના નવ પ્રકાર :

પુણ્યના નવ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. અન્ન પુણ્ય, ૨. પાન પુણ્ય,
૩. વસ્ત્ર પુણ્ય, ૪. લયન (વિશ્રામ) પુણ્ય,
૫. શયન પુણ્ય, ૬. મન પુણ્ય,
૭. વચન પુણ્ય, ૮. કાય પુણ્ય,
૯. નમસ્કાર પુણ્ય.

૪૨. नव सब्भावपयत्थाणं नामाणि-

नव सब्भावपयत्था पन्नत्ता, तं जहा-
१. जीवा, २. अजीवा,
३. पुण्णं, ४. पावं,

૪૨. સદ્‌ભાવ પદાર્થોના નવ ભેદોના નામ :

સદ્‌ભાવ પદાર્થ (પારમાર્થિક વસ્તુ) નવ કહેવામાં આવ્યા છે, જેવી રીતે -
૧. જીવ, ૨. અજીવ,
૩. પુણ્ય, ૪. પાપ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. आसवो, ૬. संवरो,
૭. निज्जरा, ૮. बंधो,
૯. मोक्खो। -ठाणं. अ. ९, सु. ६६५

૪૩. रोगुप्पत्ति णव कारणाणि-

णवहिं ठाणेहिं रोगुप्पत्ती सिया, तं जहा-

१. अच्चासणाए,
२. अहियासणाए,
३. अइणिद्दाए,
४. अइजागरिएणं,
५. उच्चारनिरोहेणं
६. पासवणनिरोहेणं,
७. अद्धाणगमणेणं,
८. भोयणपडिकूलयाए,
९. इंदियत्थविकोवणयाए। -ठाणं. अ. ९, सु. ६६७

૪૪. णव सरीरस्स मलदार णामाणि-

णवसोयपरिस्सवा बोंदी पण्णत्ता, तं जहा-

१-२. दो सोत्ता, ३-४. दो णेत्ता, ५-६. दो घाणा, ७. मुहं,
८. पोसए, ९. पाऊ। -ठाणं. अ. ९, सु. ६७५

૪૫. विविह विवक्खया अणंतस्स दस पगारा-

दसविहे अणंतए पण्णत्ते, तं जहा -

१. णामाणंतए, २. ठवणाणंतए,
३. दव्वाणंतए, ४. गणणाणंतए,
५. पएसाणंतए, ६. एगओणंतए,
७. दुहओणंतए, ८. देसवित्थाराणंतए,
९. सव्ववित्थाराणंतए, १०. सासयाणंतए।
- ठाणं अ. १०, सु. ७३०

૪૬. दाणनिमित्त कारणा परूवणं-

दसविहे दाणे पण्णत्ते, तं जहा-

१. अणुकंपा,
२. संगहे चेव,
३. भये,
४. कालुणिए ति य,

૫. આશ્રવ, ૬. સંવર,
૭. નિર્જરા, ૮. બંધ,
૯. મોક્ષ.

૪૩. રોગોત્પત્તિના નવ કારણો :

નવસ્થાન (કારણો)થી રોગોની ઉત્પત્તિ થાય છે, જેવી રીતે -

૧. નિરંતર બેઠા રહેવાથી કે અતિભોજન કરવાથી,
૨. અહિતકર આસન પર બેસવાથી કે અહિતકર ભોજન કરવાથી,
૩. અતિનિંદ્રા લેવાથી,
૪. અતિજાગરણ કરવાથી,
૫. મળને અટકાવવાથી,
૬. પ્રસ્ત્રવણને અટકાવવાથી,
૭. વધારે પડતું ચાલવાથી,
૮. ભોજનની પ્રતિકૂળતાથી,
૯. ઈન્દ્રિયાર્થ વિકોપન - ઈન્દ્રિય વિષયોનું અધિક સેવન કરવાથી.

૪૪. શરીરના મળદ્વારના નવ નામ :

શરીરમાંથી મળ નિકળવાના નવ દ્વાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧-૨. બે કાન, ૩-૪. બે આંખ, ૫-૬. બે નાક, ૭. મોઢું, ૮. મૂત્રેન્દ્રિય, ૯. ગુદા.

૪૫. વિવિધ તાત્પર્ય વડે અનન્તકના દસ પ્રકાર :

અનન્તક (પાર રહિત)ના દસ પ્રકાર કહેવામાં આવ્યા છે, જેવી રીતે -

૧. નામ અનન્તક, ૨. સ્થાપના અનન્તક,
૩. દ્રવ્ય અનન્તક, ૪. ગણના અનન્તક,
૫. પ્રદેશ અનન્તક, ૬. એકતઃ અનન્તક,
૭. પ્રદેશ અનન્તક, ૮. દેશવિસ્તાર અનન્તક,
૯. સર્વવિસ્તાર અનન્તક, ૧૦. શાશ્વત અનન્તક.

૪૬. દાનના દસ નિમિત્ત કારણોનું પ્રરૂપણ :

દાન દસ પ્રકારનું કહેવામાં આવ્યું છે, જેવી રીતે -

૧. **અનુકંપા દાન** - કરુણાવડે કરાતું દાન,
૨. **સંગ્રહ દાન** - સહાયતા માટે કરાતું દાન,
૩. **ભયદાન** - ભયવડે અપાતું દાન,
૪. **કારુણ્યક દાન** - મૃતવ્યક્તિ પાછળ કરાતું દાન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. लज्जाए,
૬. गारवेणं च,
૭. अहम्मे उण सत्तमे ।
૮. धम्मे य अट्ठमे वुत्ते,
૯. काहीति य,
૧૦. कतंति य ॥ -ठाणं. अ. ૧૦, सु. ૭૪૫

૫. **લજ્જા દાન** - લજ્જા વશ કરાતું દાન,
૬. **ગૌરવ દાન** - યશને માટે કરાતું દાન કે ગર્વપૂર્વક કરાતું દાન,
૭. **અધર્મદાન**-હિંસાદિમાં આસક્ત વ્યક્તિને અપાતું દાન,
૮. **ધર્મ દાન** - સંયમીને અપાતું દાન,
૯. **કરિષ્યતિ દાન** - ભવિષ્યમાં સહાયભૂત થશે તે માનીને કરાતું દાન,
૧૦. **કૃતમિતિદાન**-પૂર્વે સહાયભૂત થયેલ આ માટે કરાતું દાન.

૪૭. दुसम-सुसमकाल लक्खणं-

दसहिं ठाणेहिं ओगाढं दुस्समं जाणेज्जा, तं जहा-
૧. अकाले वरिसइ,
૨. काले ण वरिसइ,
૩. असाहू पुज्जंति
૪. साहू ण पुज्जंति
૫. गुरूसु जणो मिच्छं पडिवन्नो,
૬. अमणुण्णा सद्दा,
૭. अमणुण्णा रूवा,
૮. अमणुण्णा गंधा,
૯. अमणुण्णा रसा,
૧૦. अमणुण्णा फासा ।

૪૭. દુઃષમ અને સુષમ કાળનાં લક્ષણ :

દસ કારણો વડે દુઃષમકાળની પરિસ્થિતિ - લક્ષણ જાણી શકાય છે, જેવી રીતે -
૧. અકાળે વર્ષા થવાથી,
૨. યથાસમયે વર્ષા નહીં થવાથી,
૩. કુસાધુઓને પ્રતિષ્ઠા - માન-સમ્માન મળે છે,
૪. સુસાધુઓને પ્રતિષ્ઠા - માન-સમ્માન મળતું નથી,
૫. ગુરુજનો પ્રત્યે અવિનયપૂર્વકનો વ્યવહાર થાય છે,
૬. અમનોજ્ઞ (મનપસંદ ન હોય તેવા) ધ્વનિ (શબ્દ) હોય છે,
૭. અમનોજ્ઞ રુપ હોય છે,
૮. અમનોજ્ઞ ગંધ હોય છે,
૯. અમનોજ્ઞ રસ હોય છે,
૧૦. અમનોજ્ઞ સ્પર્શ હોય છે.

दसहिं ठाणेहिं ओगाढं सुसमं जाणेज्जा, तं जहा-
૧. अकाले न वरिसइ,
૨. काले वरिसइ,
૩. असाहू ण पुज्जंति,
૪. साहू पुज्जंति,
૫. गुरूसु जणो सम्मं पडिवन्नो[1]
૬. मणुण्णा सद्दा,
૭. मणुण्णा रूवा,
૮. मणुण्णा गंधा,
૯. मणुण्णा रसा,
૧૦. मणुण्णा फासा । -ठाणं. अ. ૧૦, सु. ૭૬૫

દસ કારણો વડે સુષમકાળની પરિસ્થિતિ-લક્ષણ જાણી શકાય છે, જેવી રીતે -
૧. અકાળે વર્ષા નહીં થવાથી,
૨. યથાસમયે વર્ષા થવાથી,
૩. કુસાધુઓને પ્રતિષ્ઠા-માન-સમ્માન ન મળવાથી,
૪. સાધુઓને પ્રતિષ્ઠા-માન-સમ્માન મળવાથી,
૫. ગુરુજનો પ્રત્યે વિનયપૂર્વકનો વ્યવહાર થાય,
૬. શબ્દ મનોજ્ઞ (મનપસંદ) હોય છે,
૭. રુપ મનોજ્ઞ હોય છે,
૮. ગંધ મનોજ્ઞ હોય છે,
૯. રસ મનોજ્ઞ હોય છે,
૧૦. સ્પર્શ મનોજ્ઞ હોય છે.

जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए उत्तरे णं उक्कोसपए अट्ठ अरहंता, अट्ठ चक्कवट्टी, अट्ठ बलदेवा, अट्ठ वासुदेवा उप्पज्जिंसु वा, उप्पज्जंति, उप्पज्जिस्संति वा ।

जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं सीयाए महाणईए दाहिणे णं उक्कोसपए अट्ठ अरहंता, अट्ठ चक्कवट्टी, अट्ठ बलदेवा, अट्ठ वासुदेवा उप्पज्जिंसु वा, उप्पज्जंति वा, उपज्जिस्संति वा ।

जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए दाहिणे णं उक्कोसपए अट्ठ अरहंता, अट्ठ चक्कवट्टी, अट्ठ बलदेवा, अट्ठ वासुदेवा उप्पज्जिंसु वा, उप्पज्जंति वा, उप्पज्जिस्संति वा ।

एवं उत्तरेण वि । - ठाणं अ. ८, सु. ६३८

આ અનાનુપૂર્વી છે.

આ ઉત્કીર્તનાનુપૂર્વીનું વર્ણન છે.

ભાગ ૧, ખંડ ૧, પૃ. ૧૬૪

ભ.વિમલનાથ પછી અનુક્રમથી સિદ્ધ થયેલ પુરુષ યુગોની સંખ્યાનું પ્રરૂપણ :

સૂત્ર ૪૩૭ (ખ)

અર્હત્ વિમલનાથ પછી ચુમ્માલીસ પુરુષ યુગ અનુક્રમથી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત અને પરિનિર્વૃત્ત થયા અને સર્વ દુઃખોનો ક્ષય કર્યો.

ભાગ ૧, ખંડ ૧, પૃ. ૨૫૬

કૃષ્ણવાસુદેવની પરિનિર્વૃત્ત આઠ અગ્રમહિષિઓ :

સૂત્ર ૬૩૧ (ખ)

વાસુદેવ કૃષ્ણની આઠ અગ્રમહિષિઓ અર્હત્ અરિષ્ઠનેમિ પાસે મુંડિત થઈ આગારથી અનગાર અવસ્થામાં પ્રવર્જિત થઈ સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત, પરિનિર્વૃત્ત અને સમસ્ત દુઃખોથી રહિત થઈ, જેમકે -

૧. પદ્માવતી, ૨. ગૌરી, ૩. ગાંધારી, ૪. લક્ષ્મણા, ૫. સુસીમા, ૬. જામ્બવતી, ૭. સત્યભામા, ૮. રુક્મિણી.

ભાગ ૧, ખંડ ૧, પૃ. ૧૫૮

જંબુદ્વીપના મંદર પર્વતની પૂર્વાદિ દિશાઓમાં ઉત્કૃષ્ટતઃ અરિહંત વગેરેની ઉત્પત્તિનું પ્રરૂપણ :

સૂત્ર ૪૨૧ (ખ)

જંબુદ્વીપ દ્વીપના મંદર પર્વતના પૂર્વમાં શીતા મહાનદીના ઉત્તરમાં ઉત્કૃષ્ટ આઠ અર્હત્, આઠ ચક્રવર્તી, આઠ બળદેવ અને આઠ વાસુદેવ ઉત્પન્ન થયા હતા, થાય છે અને થશે.

જંબુદ્વીપ દ્વીપના મંદર પર્વતના પૂર્વમાં શીતા મહાનદીના દક્ષિણમાં ઉત્કૃષ્ટ આઠ અર્હત્, આઠ ચક્રવર્તી, આઠ બળદેવ અને આઠ વાસુદેવ ઉત્પન્ન થયા હતા, થાય છે અને થશે.

જંબુદ્વીપ દ્વીપના મંદર પર્વતના પશ્ચિમમાં શીતોદા મહાનદીના દક્ષિણમાં ઉત્કૃષ્ટ આઠ અર્હત્, આઠ ચક્રવર્તી, આઠ બળદેવ અને આઠ વાસુદેવ ઉત્પન્ન થયા હતા, થાય છે અને થશે.

આ પ્રમાણે ઉત્તર દિશાનું પણ જાણવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भाग १, खण्ड १, पृ. १८५

अज्ज सुहम्मे सव्वाउ -

सूत्र ४७५ (ग)

थेरे णं अज्जसुहम्मे एक्कं वाससयं सव्वाउयं पालइत्ता सिद्धे बुद्धे मुत्ते अंतगडे परिणिव्वुडे सव्वदुक्खप्पहीणे ।

- सम. १००, सु. ५

भाग १, खण्ड १, पृ. १८५

भगवओ महावीरस्स गोयमगणहरे -

सूत्र ४७६ (क)

रायगिहे **-जाव-** परिसा पडिगया,

गोयमा ! दी समणे भगवं महावीरे भगवं गोयमं आमंतेत्ता एवं वयासि -

चिरसंसिट्ठोऽसि मे गोयमा !

चिरसंथुओऽसि मे गोयमा !

चिरपरिचिओऽसि मे गोयमा !

चिरझुसिओऽसि मे गोयमा !

चिराणुगओऽसि मे गोयमा !

चिराणुवत्तीऽसि मे गोयमा !

अणंतरं देवलोए, अणंतरं माणुस्सए भवे,

किं परं मरणा कायस्स भेदा इतो चुया,

दो वि तुल्ला एगट्ठा अविसेसमणाणत्ता भविस्सामो ।

- विया. स. १४, उ. ७, सु. १-२

भाग १, खण्ड २, पृ. २६

गंगदत्त देवेण मायीमिच्छादिट्ठिउववन्नग देवस्स अट्ठ पण्हाणं समाहाणं -

सूत्र ६१ (क)

तेणं कालेणं तेणं समएणं उल्लुयतीरे नामं होत्था, वण्णओ एगजंबुए चेइए **वण्णओ ।**

तेणं कालेणं तेणं समएणं सामी समोसढे **-जाव-** परिसा पज्जुवासइ ।

तेणं कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी **-जाव-** दिव्वेणं जाणविमाणेणं आगओ **-जाव-** जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी-

ભાગ ૧, ખંડ ૧, પૃ. ૧૮૫

આર્ય સુધર્મા સ્વામીની સર્વાયુ :

સૂત્ર ૪૭૫ (ગ)

સ્થવીર આર્ય સુધર્મા સ્વામી સો વર્ષોની સર્વાયુ ભોગવીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત અને પરિનિર્વૃત્ત થયા અને સર્વદુઃખોથી રહિત થયા.

ભાગ ૧, ખંડ ૧, પૃ. ૧૮૫

ભગવાન મહાવીરના ગૌતમ ગણધર :

સૂત્ર ૪૭૬ (ક)

રાજગૃહ નગરમાં (ભગવાન મહાવીરનું પદાર્પણ થયું) **-યાવત્-** ધર્મોપદેશ સાંભળી પરિષદા પાછી ફરી -

શ્રમણ ભગવાન મહાવીરે "હે ગૌતમ !" આ પ્રમાણે ભગવાન ગૌતમને સંબોધિત કરી આ પ્રમાણે કહ્યું -

હે ગૌતમ ! તું મારી સાથે ચિરકાળથી સંશ્લિષ્ટ છે.

હે ગૌતમ ! તું મારો ચિરકાળથી સંસ્તુત છે.

હે ગૌતમ ! તું મારો ચિર-પરિચિત છે.

હે ગૌતમ ! તું મારી સાથે ચિરકાળથી પ્રીતિ કરવાવાળો છે.

હે ગૌતમ ! તું મારો ચિરકાળથી અનુગામી છે.

હે ગૌતમ ! તું મારી સાથે ચિરકાળથી અનુવૃત્તિ કરવા-વાળો છે.

આ વર્તમાન ભવથી પૂર્વ દેવલોકમાં અને આની પછી મનુષ્ય ભવમાં પણ તારો મારી સાથે સ્નેહ સંબંધ હતો અને અધિક શું કહું અહીંથી મરીને (આ શરીરનો ત્યાગ કરી) અને ચ્યુત થઈ આપણે બંને (એક જેવા) અને એકાર્થ (એક લક્ષ્યને સિદ્ધ કરનારા)ને વિશેષતા અને ભિન્નતાથી રહિત થઈ જશું.

ભાગ ૧, ખંડ ૨, પૃ. ૨૬

ગંગદત્ત દેવ દ્વારા માયીમિથ્યાદૃષ્ટિ ઉત્પન્નક દેવના આઠ પ્રશ્નોનું સમાધાન :

સૂત્ર ૬૧ (ક)

તે કાળ અને તે સમયમાં ઉલ્લુકતીર નામનું નગર હતું. ત્યાં એક જંબુક નામનું ઉદ્યાન હતું. **આ બંનેનું વર્ણન ઔપપાતિક સૂત્રના અનુસાર જાણવું જોઈએ.**

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા **-યાવત્-** પરિષદે પર્યુપાસના કરી.

તે કાળ અને તે સમયે દેવેન્દ્ર દેવરાજ વજ્રપાણિ શક્ર **-યાવત્-** દિવ્યયાન વિમાનથી આવ્યા અને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યાં આવ્યા ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા અને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. देवे णं भंते ! महिड्ढीए **-जाव-** महेसक्खे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू आगमित्तए ?

उ. सक्के ! नो इणट्ठे समट्ठे ।

प. देवे णं भंते ! महिड्ढीए **-जाव-** महेसक्खे बाहिरए पोग्गले परियादित्ता पभू आगमित्तए ?

उ. हंता, पभू ।

प. देवे णं भंते ! महिड्ढीए **-जाव-** महेसक्खे **एवं एएणं अभिलावेणं -**

१. गमित्तए वा, २. भासित्तए वा, ३. विआगरित्तए वा, ४. उम्मिसावेत्तए वा, निमिसावेत्तए वा, ५. आउंटावेत्तए वा, पसारेत्तए वा, ६. ठाणं वा सेज्जं वा निसीहियं वा चेइत्तए वा, ७. विउव्वित्तए वा, परियारेत्तए वा ?

उ. हंता, पभू ।

इमाइं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ पुच्छित्ता संभंतियवंदणएणं वंदइ, संभंतिय वंदणएणं वंदित्ता तमेव दिव्वं जाणविमाणं दुरूहइ दुरूहित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए ।

"भंते ! त्ति" भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी -

प. अन्नयाणं भंते ! सक्के देविंदे देवराया देवाणुप्पियं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता सक्कारेइ **-जाव-** पज्जुवासइ, किं णं भंते ! अज्ज सक्के देविंदे देवराया देवाणुप्पियं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ पुच्छित्ता संभंतियवंदणएणं वंदइ वंदित्ता **-जाव-** पडिगए ?

"गोयमा !" समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी -

उ. एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं महासुक्के कप्पे महासामाणे विमाणे दो देवा महिड्ढीया **-जाव-** महेसक्खा एगविमाणंसि देवत्ताए उववन्ना, तं जहा -

પ્र. ભંતે ! શું મહર્દ્ધિક **-યાવત્-** મહાસૌખ્ય સંપન્ન દેવ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વગર જ અહીં આવવામાં સમર્થ છે ?

ઉ. હે શક્ર ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શું મહર્દ્ધિક **-યાવત્-** મહાસૌખ્ય સંપન્ન દેવ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરી અહીં આવવામાં સમર્થ છે ?

ઉ. હા, શક્ર ! તે સમર્થ છે.

પ્ર. ભંતે ! મહર્દ્ધિક **-યાવત્-** મહા સૌખ્ય સંપન્ન દેવ **આ અભિલાપથી -**

૧. ગમન કરવા, ૨. બોલવા, ૩. ઉત્તર દેવા, ૪. આંખ ખોલવા અને બંધ કરવા, ૫. શરીરના અવયવને સંકોચવા અને પસારવા, ૬. સ્થાન, શય્યા, નિષદ્યાને ભોગવવા. ૭. વિક્રિયા (વિકુર્ણા) કરવા અથવા ૮. પરિચારણા (વિષયભોગ) કરવામાં સમર્થ છે ?

ઉ. હા, શક્ર તે (ગમન કરવા **-યાવત્-** પરિચારણા કરવામાં) સમર્થ છે.

દેવેન્દ્ર દેવરાજ શક્ર આ (પૂર્વોક્ત) ઉત્થિપ્ત (અવિસ્તૃત સંક્ષિપ્ત) આઠ પ્રશ્નોના ઉત્તર પૂછ્યા અને પૂછીને પછી ભગવાનને ઉત્સુક્તાપૂર્વક વંદન કર્યા, વંદન કરીને તે જ દિવ્યયાન - વિમાન પર ચઢીને જે દિશાથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

'ભંતે !' આ પ્રમાણે સંબોધન કરીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે પુછયું. -

પ્ર. ભંતે ! અન્ય દિવસોમાં (જ્યારે - ક્યારેક) દેવેન્દ્ર દેવરાજ શક્ર આવે છે, ત્યારે આપ દેવાનુપ્રિયને વંદન, નમસ્કાર કરે છે. આપનું સત્કાર - સન્માન કરે છે **-યાવત્-** આપની પર્યુપાસના કરે છે. પરંતુ ભંતે ! આજે તો દેવેન્દ્ર દેવરાજ શક્ર આપ દેવાનુપ્રિયથી સંક્ષેપમાં આઠ પ્રશ્નોના ઉત્તર પૂછી અને ઉત્સુક્તાપૂર્વક વંદના, નમસ્કાર કરીને **-યાવત્-** તરત જ ચાલ્યા ગયા ? (આનું શું કારણ છે ?)

"ગૌતમ" આ પ્રકારથી સંબોધિત કરીને શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું -

ઉ. ગૌતમ ! તે કાળ અને તે સમયમાં મહાશુક્ર કલ્પના મહાસામાન્ય નામના વિમાનમાં મહર્દ્ધિક **-યાવત્-** મહાસૌખ્ય સંપન્ન બે દેવ એક જ વિમાનમાં દેવરૂપથી ઉત્પન્ન થયા, જેમકે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१. मायिमिच्छादिट्ठिउववन्नए य,

२. अमायिसम्मद्दिट्ठिउववन्नए य ।

तए णं से मायिमिच्छादिट्ठिउववन्नए देवे तं अमायिसम्मद्दिट्ठिउववन्नगं देवं एवं वयासी -

"परिणममाणा पोग्गला नो परिणया, अपरिणया, परिणमंतीति पोग्गला नो परिणया, अपरिणया ।"

तए णं से अमायिसम्मद्दिट्ठिउववन्नए देवे तं मायिमिच्छद्दिट्ठिउववन्नगं देवं एवं वयासि -

"परिणममाणा पोग्गला परिणया, नो अपरिणया, परिणमंतीति पोग्गला परिणया, नो अपरिणया ।"

तं मायिमिच्छद्दिट्ठिउववन्नगं देवं पडिहणइ,

एवं पडिहणित्ता ओहिं पउंजइ, ओहिं पउंजित्ता ममं ओहिणा आभोएइ, ममं ओहिणा आभोइत्ता अयमेयारूवे **-जाव-** समुप्पज्जित्था -

'एवं' खलु समणं भगवं महावीरे जंबुद्दीवे दीवे जेणेव भारहे वासे उल्लुयतीरस्स नगरस्स बहिया एगजंबुए चेइए अहापडिरूवं - **जाव** - विहरइ, तं सेयं खलु मे समणं भगवं महावीरं वंदित्ता **-जाव-** पज्जुवासित्ता इमं एयारूवं वागरणं पुच्छित्तए 'ति कट्टु एवं संपेहेइ एवं संपेहित्ता चउहिं वि सामाणियसाहस्सीहिं, सपरिवारो **जहा सूरियाभस्स -जाव-** निग्घोसनाइतरवेणं जेणेव जंबुद्दीवे दीवे जेणेव भारहे वासे जेणेव उल्लुयतीरे नगरे जेणेव एगजंबुए चेइए जेणेव ममं अंतियं तेणेव पहारेत्थ गमणए ।

तए णं से सक्के देविंदे देवराया तस्स देवस्स तं दिव्वं देविड्ढिं, दिव्वं देवजुइं, दिव्वं देवाणुभावं, दिव्वं तेयलेस्सं अहमाणे ममं अट्ठउक्खित्तपसिणवागरणाइं पुच्छइ पुच्छित्ता संभंतिय **-जाव-** पडिगए ।

जावं च णं समणे भगवं महावीरे भगवओ गोयमस्स एयमट्ठं परिकहेइ तावं च णं से देवे हव्वमागए ।

तए णं से देवे समणं भगवं महावीरे तिक्खुत्तो वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी -

૧. માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્નક.

૨. અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્નક.

એક દિવસ તે માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્નક દેવે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્નક દેવને આ પ્રમાણે કહ્યું -

"જેનું પરિણમન થઈ રહ્યું છે તે પુદ્ગલ પરિણત ન કહેવાય પણ અપરિણત કહેવાય છે. કારણ કે તે પુદ્ગલ હમણાં પરિણત થઈ રહ્યા છે. માટે તે પરિણત નથી, અપરિણત છે."

આના જવાબમાં અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્નક દેવે માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્નક દેવને કહ્યું કે "પરિણમન થઈ રહેલા તે પુદ્ગલ પરિણત કહેવાય છે, અપરિણત નહીં. કારણ કે તે પરિણત થઈ રહ્યા છે એટલા માટે તે પુદ્ગલ પરિણત છે, અપરિણત નથી."

આ પ્રમાણે કહી માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્નક દેવને પરાજિત કર્યા.

આ પ્રમાણે પરાજિત કર્યા પછી (અમાયી સમ્યગ્દૃષ્ટિ દેવે) અવધિજ્ઞાનનો ઉપયોગ લગાવી અવધિજ્ઞાનથી મને જોયો, અવધિજ્ઞાનથી મને જોઈ તેને એવો **-યાવત્-** વિચાર ઉત્પન્ન થયો કે -

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ઉલ્લુકતીર નામના નગરની બહાર એક જંબૂક નામના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી યથાયોગ્ય અવગ્રહ લઈ **-યાવત્-** વિચરે છે. માટે મારે (ત્યાં જઈ) શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર **-યાવત્-** પર્યુપાસના કરી અને ઉપર્યુક્ત પ્રશ્ન પૂછવો શ્રેયસ્કર છે ? એવો વિચાર કરીને ચાર હજાર સામાનિક દેવોના પરિવાર**ની** સાથે **સૂર્યાભ દેવના સમાન -યાવત્-** વાદ્યાદિની ધ્વનિયોની સાથે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ઉલ્લૂકતી**ર** નગરના જંબૂક ઉદ્યાનમાં મારી પાસે આવવા તેને પ્રસ્થાન કર્યું.

ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે દેવની દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ અને દિવ્ય તેજ પ્રભાને સહન ન કરતા મારી પાસે આવ્યા અને મને સંક્ષેપમાં આઠ પ્રશ્ન પૂછ્યા અને પૂછીને તરત જ (શીઘ્ર) વંદના, નમસ્કાર કરી **-યાવત્-** ચાલ્યા ગયા.

જ્યારે શ્રમણ ભગવાન મહાવીર ગૌતમને (ઉપર્યુક્ત) વાત કરી રહ્યા હતા ત્યારે જ તે દેવ (અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્નક) આવી ગયા.

ત્યારે તે દેવે આવતા જ શ્રમણ ભગવાન મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી પછી વંદન, નમસ્કાર કર્યા અને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प. एवं खलु भंते ! महासुक्के कप्पे महासामाणे विमाणे एगे मायिमिच्छद्दिट्ठिउववन्नए देवे ममं एवं वयासी -

"परिणममाणा पोग्गला नो परिणया अपरिणया, परिणमंतीति पोग्गला नो परिणया अपरिणया।"

तए णं अहे तं मायिमिच्छद्दिट्ठिउववन्नगं देवं एवं वयासी -

"परिणममाणा पोग्गला परिणया नो अपरिणया, परिणमंतीति पोग्गला परिणया, णो अपरिणया, से कहमेयं भंते ! एवं ?"

उ. "गंगदत्ता !" ई समणे भगवं महावीरे गंगदत्तं देवं एवं वयासी -

अहंपि णं गंगदत्ता ! एवमाइक्खामि **-जाव-** परूवेमि-परिणममाणा पोग्गला **-जाव-** नो अपरिणया, सच्चमेसे अट्ठे।

तए णं से गंगदत्ते देवे समणस्स भगवओ महावीरस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठ समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता नच्चासन्ने **-जाव-** पज्जुवासइ।

तए णं समणे भगवं महावीरे गंगदत्तस्स देवस्स तीसे य महइमहालियाए परिसाए धम्मं परिकहेइ **-जाव-** आराहए भवइ।

तए णं से गंगदत्ते देवे समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठ उट्ठेइ उट्ठित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी -

अहण्णं भंते ! गंगदत्ते देवे किं भवसिद्धिए अभवसिद्धिए ?

एवं जहा सूरियाभो -जाव- बत्तीसइविहं नट्टविहिं उवदंसेइ उवदंसेत्ता -जाव- तामेव दिसं पडिगए।

પ્ર. ભંતે ! મહાશુક્ર કલ્પમાં મહાસામાન્ય વિમાનમાં ઉત્પન્ન થયેલા એક માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્નક દેવે મને આ પ્રમાણે પૂછયું -

"પરિણમન થઈ રહેલા પુદ્ગલ હમણાં પરિણત ન કહેવાય પણ અપરિણત કહેવામાં આવે છે. કારણ કે તે પુદ્ગલ હમણાં જ પરિણત થઈ રહ્યા છે માટે તે પરિણત નહીં અપરિણત જ કહેવામાં આવે છે."

ત્યારે મેં (તેના ઉત્તરમાં) તે માયી મિથ્યાદૃષ્ટિ દેવને આ પ્રમાણે કહ્યું -

"પરિણમન થઈ રહેલા પુદ્ગલ પરિણત કહેવાય છે, અપરિણત નહીં, કારણ કે તે પુદ્ગલ પરિણત થઈ રહ્યા છે, એટલા માટે પરિણત કહેવાય છે, અપરિણત નહી. ભંતે ! આ પ્રમાણે મારું કથન કેવું છે ?"

ઉ. "હે ગંગદત્ત !" આ પ્રમાણે સંબોધન કરી શ્રમણ ભગવાન મહાવીરે ગંગદત્ત દેવને આ પ્રમાણે કહ્યું -

ગંગદત્ત ! હું પણ આ પ્રમાણે કહું છું **-યાવત્-** પ્રરૂપણા કરું છું કે "પરિણમન થઈ રહેલા પુદ્ગલ **-યાવત્-** અપરિણત નથી. (પરંતુ પરિણત છે). આ અર્થ (સિદ્ધાંત) સત્ય છે."

ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીરથી આ ઉત્તર સાંભળી અને અવધારણા કરી તે ગંગદત્ત દેવ હર્ષિત અને સંતુષ્ટ થયા અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. વંદન, નમસ્કાર કરીને તે ભગવાનથી ન તો અતિદૂર અને ન તો અતિનિકટ બેસી **-યાવત્-** ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીરે ગંગદત્ત દેવને અને મહતી પરિષદને ધર્મકથા કહી **-યાવત્-** જેને સાંભળી જીવ આરાધક બન્યા.

તે સમયે ગંગદત્ત દેવે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મદેશના સાંભળી અને અવધારણા કરી હૃષ્ટ-તુષ્ટ થયા અને ફરી ઊભા થઈ શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા અને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું -

"ભંતે ! હું ગંગદત્ત દેવ ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક છું ?"

રાજપ્રશ્નીય સૂત્રમાં કથિત સૂર્યાભદેવના સમાન ઉત્તર જાણવા જોઈએ. ગંગદત્ત દેવે પણ આ જ પ્રમાણે બત્રીસ પ્રકારની નાટ્યવિધિ પ્રદર્શિત કરી અને પછી જે દિશાથી આવ્યા હતા તે જ દિશામાં ચાલ્યા ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'भंते !' त्ति भगवं गोयमे समणं भगवं महावीरं **-जाव-** एवं वयासी -

"ભંતે !" આ પ્રમાણે સંબોધન કરી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને **-યાવત્-** આ પ્રમાણે પૂછ્યું -

प. गंगदत्तस्स णं 'भंते' ! देवस्स सा दिव्वा देविड्ढी, दिव्वा देवजुई **-जाव-** अणुप्पविट्ठा ?

પ્ર. "ભંતે !" ગંગદત્ત દેવની તે દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ **-યાવત્-** (દિવ્યદેવલેશ્યા) કયાં ગઈ, કયાં પ્રવિષ્ટ થઈ ગઈ ?

उ. गोयमा ! सरीरं गया, सरीरं अणुप्पविट्ठा। **कूडागारसालादिट्ठंतो -जाव- सरीरं अणुप्पविट्ठा**[1] ।

- विया. स. १६, उ. ५, सु. १-१५

ઉ. ગૌતમ ! તે દિવ્ય દેવર્દ્ધિ તે ગંગદત્ત દેવના શરીરમાં ગઈ અને શરીરમાં જ અનુપ્રવિષ્ટ થઈ ગઈ. **અહિયાં કૂટાકાર શાળાનું દૃષ્ટાંત તે શરીરમાં અનુપ્રવિષ્ટ થઈ ગઈ પર્યંત સમજવું જોઈએ.**

भाग १, खण्ड २, पृ. १३४

महावीरतित्थे केसी-गोयम संवाओ -

सूत्र २८४ (क)

ભાગ ૧, ખંડ ૨, પૃ. ૧૩૪

મહાવીર તીર્થમાં કેશી-ગૌતમ સંવાદ :

સૂત્ર ૨૮૪ (ક)

जिणेपासे त्ति नामेण अरहा लोगपूइओ ।
संबुद्धप्पा या सव्वन्नू धम्मतित्थयरे जिणे ॥१॥

ભ. પાર્શ્વનાથ નામના જિન હતા. જે અર્હત્ લોકપૂજિત સંબુદ્ધાત્મા સર્વજ્ઞ ધર્મતીર્થના પ્રવર્તક અને રાગદ્વેષ વિજેતા હતા.

तस्स लोगपईवस्स आसि सीसे महायसे ।
केसी कुमार-समणे विज्जा चरण-पारगे ॥२॥
ओहिनाण-सुए बुद्धे सीलसंघ समाउले ।
गामाणुगामं रीयन्ते सावत्थिं नगरिमागए ॥३॥

તે લોક પ્રદીપ ભગવાન પાર્શ્વનાથના જ્ઞાન અને ચારિત્રમાં પારગામી અને મહાયશસ્વી શિષ્ય કેશીકુમાર શ્રમણ હતા. તે અવધિજ્ઞાન અને શ્રુતસંપદા (શ્રુતજ્ઞાન)થી પ્રબુદ્ધ હતા. તે પોતાના શિષ્ય (સંઘથી સમાયુક્ત થઈ) સમુદાય સહિત ગ્રામાનુગ્રામ વિચરણ કરતા શ્રાવસ્તી નગરીમાં આવ્યા.

तिन्दुयं नाम उज्जाणं तम्मी नगरमण्डले ।
फासुए सिज्जसंथारे तत्थ वासमुवागए ॥४॥

તે નગરના નિકટ તિંદુક નામના ઉદ્યાનમાં જ્યાં પ્રાસુક (જીવરહિત) અને એષણીય શૈય્યા (આવાસ-સ્થાન) અને સંસ્તારક (પીઠ, ફલક, પાટ, પાટલા આદિ આસન) સુલભ હતા ત્યાં રહ્યા.

अह तेणेव कालेणं धम्मतित्थयरे जिणे ।
भगवं वद्धमाणो त्ति सव्वलोगम्मि विस्सुए ॥५॥

તે જ સમયે ધર્મતીર્થના પ્રવર્તક જિન ભગવાન વર્ધમાન (મહાવીર) વિચરણ કરતા હતા. જે સમગ્ર લોકમાં પ્રખ્યાત હતા.

तस्स लोगपईवस्स आसि सीसे महायसे ।
भगवं गोयमे नामं विज्जा-चरणपारगे ॥६॥

તે લોક પ્રદીપ વર્ધમાન સ્વામીને વિદ્યા અને ચારિત્રના પારગામી મહાયશસ્વી ભગવાન ગૌતમ (ઈન્દ્રભૂતિ) નામક શિષ્ય હતા.

बारसंगविऊ बुद्धे सीस-संघ-समाउले ।
गामाणुगामं रीयन्ते से वि सावत्थिमागए ॥७॥

તે બાર અંગોના જ્ઞાતા હતા. તે (ગૌતમ સ્વામી) શિષ્ય સમુદાય (વર્ગ) સહિત ગ્રામાનુગ્રામ વિહાર કરતા શ્રાવસ્તી નગરીમાં આવ્યા.

कोट्ठगं नाम उज्जाणं तम्मी नयरमण्डले ।
फासुए सिज्जसंथारे तत्थ वासमुवागए ॥८॥

(તેમણે પણ) તે નગરના કિનારે (બાહ્ય પ્રદેશ)માં કોષ્ઠક નામના ઉદ્યાનમાં જ્યાં પ્રાસુક શૈય્યા અને સંસ્તારક સુલભ હતા ત્યાં નિવાસ કર્યો.

केसी कुमार समणे गोयमे य महायसे ।
उभओ वि तत्थ विहरिंसु अल्लीणा सुसमाहिया ॥९॥

કેશીકુમાર શ્રમણ અને મહાયશસ્વી ગૌતમ બંને ત્યાં (શ્રાવસ્તીમાં) વિચરતા હતા. જે આત્મલીન અને સુસમાહિત (સમ્યક્ સમાધિથી યુક્ત) હતા.

---

१. ગંગદત્તના પૂર્વભવ પ્રવ્રજ્યા વગેરેનું વર્ણન ધર્મકથાનુયોગ ભાગ-૧, ખંડ-૨, પા.નં. ૨૯-૩૦ પર જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उभओ सीससंघाणं संजयाणं तवस्सिणं ।
तत्थ चिन्ता समुप्पन्ना गुणवन्ताण ताइणं ॥१०॥

संयमी, तपस्वी, गुणवान् अने षट्कायना संरक्षक ते बंने (केशीकुमार श्रमण तथा गौतम)ना शिष्य समुदायमां आ चिंतन उत्पन्न थयुं.

केरिसो वा इमो धम्मो ? इमो धम्मो व केरिसो ?
आयारधम्मपणिही इमा वा सा व केरिसी ? ॥११॥

अमारो आ (महाव्रतरूप) धर्म केवो छे ? अने तेनो आ (महाव्रतरूप) धर्म केवो छे ? अमारा आचार धर्मनी प्रणिधि (व्यवस्था) केवी छे ? अने तेमनी केवी छे ?

चाउज्जामो य जो धम्मो जो इमो पंचसिक्खिओ ।
देसिओ वद्धमाणेण पासेण य महामुणी ॥१२॥

आ चातुर्याम धर्म (चार महाव्रत) छे. जे महामुनि पार्श्व द्वारा प्रतिपादित छे अने आ पंच शिक्षात्मक (पांच महाव्रत) धर्म छे. जेनुं प्रतिपादन महामुनि वर्धमाने कर्युं छे.

अचेलगो य जो धम्मो जो इमो सन्तरूत्तरो ।
एगकज्ज-पवन्नाणं विसेसे किं नु कारणं ? ॥१३॥

(वर्धमान महावीर द्वारा प्रतिपादित) आ अचेलक धर्म छे अने (भगवान पार्श्वनाथ द्वारा प्ररूपित) सान्तरोत्तर (रंगीन अने बहुमूल्य वस्त्रवाळो) धर्म छे. एक ज कार्य माटे अमे प्रवृत्त छीओ त्यारे भेदनुं शुं कारण छे ?

अह ते तत्थ सीसाणं विन्नाय पवितक्कियं ।
समागमे कयमई उभओ केसि-गोयमा ॥१४॥

ते बंने केशी अने गौतमे पोताना शिष्योना वितर्कोने जाणी परस्पर त्यां ज (श्रावस्तीमां ज) मळवानो विचार कर्यो.

गोयमे पडिरूवन्नू सीससंघ समाउले ।
जेट्ठं कुलमवेक्खन्तो तिन्दुयं वणमागओ ॥१५॥

यथोचित विनयमर्यादाना ज्ञाता गौतमे केशी श्रमणना कुलने ज्येष्ठ जाणी पोताना शिष्य समुदाय सहित तिंदुकवन (उद्यान)मां आव्या.

केसी कुमार समणे गोयमं दिस्समागयं
पडिरूवं पडिवत्तिं सम्मं संपडिवज्जई ॥१६॥

गौतमने आवता जोई केशीकुमार श्रमणे सम्यक् प्रकारथी तेना अनुरूप आदर सत्कार कर्यो.

पलालं फासुयं तत्थ पंचमं कुसतणाणि य ।
गोयमस्स निसेज्जाए खिप्पं संपणामए ॥१७॥

गौतमने बेसवा माटे तरत ज प्रासुक पयाल (परालघास) तथा पांचमो कुश तृण समर्पित कर्यो.

केसी कुमार समणे गोयमे य महायसे ।
उभओ निसण्णा सोहन्ति चन्द सूर समप्पभा ॥१८॥

कुमार श्रमणकेशी अने महायशस्वी गौतम बंने (त्यां) बेठेला चंद्र अने सूर्यना समान सुशोभित थई रह्या हता.

समागया बहू तत्थ पासण्डा कोउगा मिगा ।
गिहत्थाणं अणेगाओ, साहस्सीओ समागया ॥१९॥

त्यां कुतुहलनी दृष्टिथी (जोवा माटे) अनेक अबोधजन अन्य धर्म संप्रदायोना पाखंड परिव्राजक आव्या अने सहस्त्र गृहस्थ पण आव्या.

देव-दाणव-गन्धव्वा-जक्ख-रक्खस-किन्नरा ।
अदिस्साणं च भूयाणं आसि तत्थ समागमो ॥२०॥

देव, दानव, गंधर्व, यक्ष, राक्षस, किन्नर अने अदृश्य भूतोनो त्यां अद्भूत समागम थयो.

पुच्छामि ते महाभाग ! केसी गोयममब्बवी ।
तओ केसिं बुवंतं तु गोयमो इणमब्बवी ॥२१॥

केशीए गौतमने कह्युं - "हे महाभाग ! हुं तमने (कंईक) पूछवा ईच्छु छुं." केशीना आम कहेवाथी गौतमे आ प्रमाणे कह्युं -

पुच्छ भन्ते ! जहिच्छं ते, केसिं गोयममब्बवी ।
तओ केसी अणुन्नाए गोयमं इणमब्बवी ॥२२॥

"भंते !" जे पण ईच्छा होय ते पूछो, अनुज्ञा पामी केशीए गौतमने आ प्रमाणे कह्युं -

१. चाउज्जामो य जो धम्मो, जो इमो पंचसिक्खिओ ।
देसिओ वद्धमाणेण पासेण य महामुणी ॥२३॥

१. "जे आ चातुर्याम धर्म छे, जेनुं प्रतिपादन महामुनि पार्श्वनाथे कर्युं छे अने आ जे पंच शिक्षात्मक धर्म छे जेनुं प्रतिपादन महामुनि वर्धमाने कर्युं छे.

एगकज्जपवन्नाणं विसेसे किं नु कारणं ?
धम्मे दुविहे मेहावि ! कहं विप्पच्चओ न ते ॥२४॥

"हे मेधाविन् ! बंने एक ज्यारे एक ज उद्देश्यने लई प्रवृत्त थया छे त्यारे आ विभेद (अंतर)नुं शुं कारण छे ? आ बे प्रकारना धर्मोने जोई तमने विप्रत्यय (संदेह) केम नथी थतो ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ।
पन्ना समिक्खए धम्मं, तत्तं तत्तविणिच्छयं ॥२५॥

કેશીના આ પ્રમાણે કહેવાથી ગૌતમે કહ્યું - "તત્ત્વો (જીવાદિતત્વો)નું જેમાં વિશેષ પ્રતિપાદન થાય છે. એવા ધર્મ તત્ત્વની સમીક્ષા પ્રજ્ઞા દ્વારા થાય છે."

पुरिमा उज्जुजडा उ वंकजडा य पच्छिमा ।
मज्झिमा उज्जुपन्ना य तेण धम्मे दुहा कए ॥२६॥

પ્રથમ તીર્થંકરના સાધુ ઋજુ (સરળ) અને જડ (મંદમતિ) હોય છે. અંતિમ તીર્થંકરના સાધુ વક્ર અને જડ હોય છે (જ્યારે) વચ્ચેના ૨૨ તીર્થંકરોના સાધુ ઋજુ અને પ્રાજ્ઞ હોય છે એટલા માટે ધર્મના બે પ્રકાર કહેવામાં આવ્યા છે.

पुरिमाणं दुव्विसोज्झो उ, चरिमाणं दुरणुपालओ ।
कप्पो मज्झिमगाणं तु, सुविसोज्झो सुपालओ ॥२७॥

"પ્રથમ તીર્થંકરના સાધુઓનો આચાર દુવિશોધ્ય (અત્યંત કઠિનતાથી નિર્મળ કરી શકાય) હતો. અંતિમ તીર્થંકરના સાધુઓનું આચાર પાલન કરવો કઠિન છે. પરંતુ વચ્ચેના ૨૨ તીર્થંકરોના સાધકોના આચારનું પાલન સુકર (સરળ) છે.

साहु गोयम ! पन्ना ते छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥२८॥

(કુમાર શ્રમણ કેશી-) હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારી શંકા દૂર કરી. પરંતુ ગૌતમ ! મને હજી એક શંકા છે તે વિષયમાં પણ સમાધાન કરો.

२. अचेलगो य जो धम्मो जो इमो सन्तरुत्तरो ।
देसिओ वद्धमाणेण पासेण य महाजसा ॥२९॥

२. "આ જે અચેલક ધર્મ છે તે વર્ધમાને બતાવ્યો છે અને જે સાન્તરોત્તર (જે વર્ણાદિથી વિશિષ્ટ અને બહુમૂલ્યવસ્ત્રવાળો) ધર્મ છે તે મહાયશસ્વી પાર્શ્વનાથે બતાવ્યો છે."

एगकज्जपवन्नाणं विसेसे किं नु कारणं ?
लिंगे दुविहे मेहावि ! कहं विप्पच्चओ न ते ? ॥३०॥

"હે મેધાવિન્ ! એક જ ઉદ્દેશ્યથી પ્રવૃત્ત આ બંને (ધર્મો)માં ભેદનું કારણ શું છે ? બે પ્રકારના વેષ (લિંગ)ને જોઈ તમને સંશય કેમ નથી થતો ?"

केसिमेवं बुवाणं तु, गोयमो इणमब्बवी ।
विन्नाणेण समागम्म, धम्मसाहणमिच्छियं ॥३१॥

(ગૌતમ ગણધર-) કેશીના આ પ્રમાણે કહેવાથી ગૌતમે કહ્યું- "(સર્વજ્ઞોએ) વિજ્ઞાન (કેવળજ્ઞાન)થી યથોચિતરૂપે જોઈને ધર્મના સાધનો (વેશ, ચિન્હ્ આદિ ઉપકરણો)ને જાણીને જ તેમને અનુમતી આપી છે."

पच्चयत्थं च लोगस्स नाणा विहविगप्पणं ।
जत्तत्थं गहणत्थं च, लोगे लिंगप्पओयणं ॥३२॥

અનેક પ્રકારના ઉપકરણોનું વિધાન લોકોની પ્રતીતિ માટે, સંયમયાત્રાના નિર્વાહ માટે અને "હું સાધુ છું" એ પ્રમાણેનો બોધ રહે તે માટે જ લોકમાં લિંગ (વેશ)નું પ્રયોજન છે.

अह भवे पइन्ना उ मोक्खसब्भूयसाहणे ।
नाणं च दंसणं चेव, चरित्तं चेव निच्छए ॥३३॥

નિશ્ચયદૃષ્ટિથી તો સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ મોક્ષના વાસ્તવિક સાધન છે. આ પ્રમાણેનો એક સરખો સિદ્ધાંત બંને તીર્થંકરોનો છે.

साहु गोयम ! पन्ना ते छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥३४॥

(કેશીકુમાર શ્રમણ-) "હે ગૌતમ તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, કારણ કે આપે મારી આ શંકા દૂર કરી. મારી એક બીજી શંકા પણ છે. હે ગૌતમ ! તે સંબંધમાં પણ મને બતાવો."

३. अणेगाणं सहस्साणं मज्झे चिट्ठसि गोयमा !
ते य ते अहिगच्छन्ति, कहं ते निज्जिया तुमे ? ॥३५॥

३. "ગૌતમ ! અનેક સહસ્ત્ર શત્રુઓની વચમાં તમે ઉભા છો. તે તમને જીતવા માટે (તમારી તરફ) દૌડે છે. છતાં તમે તે શત્રુઓને કેવી રીતે જીતી લીધા ?"

एगे जिए जिया पंच, पंच जिए जिया दस ।
दसहा उ जिणित्ताणं, सव्वसत्तू जिणामहं ॥३६॥

(ગણધર ગૌતમ-) એકને જીતવાથી પાંચ જીતી લીધા અને પાંચને જીતવાથી દશ જીતી લીધા. દશેને જીતી મેં બધા શત્રુઓને જીતી લીધા."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सत्तू य इइ के वुत्ते ? केसी गोयममब्बवी ।
तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥३७॥

(કેશીકુમાર શ્રમણ-) "ગૌતમ (૧-૫-૧૦) શત્રુ કોને કહેવામાં આવે છે ?" આ પ્રમાણે કેશીએ ગૌતમને પૂછ્યું. ત્યારે ગૌતમે આ પ્રમાણે કહ્યું -

एगप्पा अजिए सत्तू, कसाया इन्दियाणि य ।
ते जिणित्तु जहानायं, विहरामि अहं मुणी ! ॥३८॥

(ગણધર ગૌતમ-) "હે મુનિવર ! એક ન જીતેલી આત્મા શત્રુ છે. કષાય (ચાર) અને ઈન્દ્રિયો (પાંચ) ન જીતવાથી શત્રુ છે. તેમને જીતી મેં (શાસ્ત્રોક્ત) નીતિના અનુસાર અપ્રતિબદ્ધ થઈ વિહાર કરું છું."

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥३९॥

(કેશીકુમાર શ્રમણ-) "હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સમીચીન છે. (કારણ કે) આપે મારી આ શંકા દૂર કરી (પરંતુ) મારી એક શંકા હજી છે. હે ગૌતમ ! તે વિષયમાં પણ મને બતાવો."

४. दीसन्ति बहवे लोए, पासबद्धा सरीरिणो ।
मुक्कपासो लहुब्भूओ, कहं तं विहरसी मुणी ॥४०॥

४. "આ લોકમાં ઘણા શરીરધારી જીવ પાશો (બંધનો)થી બદ્ધ દેખાઈ રહ્યા છે. હે મુને ! આપ બંધનથી મુક્ત અને લઘુભૂત (હલ્કા) થઈ કેવી રીતે વિચરણ કરો છો ?"

ते पासे सव्वसो छित्ता, निहन्तूण उवायओ ।
मुक्कपासो लहुब्भूओ, विहरामि अहं मुणी ॥४१॥

(ગણધર ગૌતમ-) હે મુને ! મેં તે પાશો (બંધનો)ને બધી રીતે દૂર કરી ઉપાયો દ્વારા વિનષ્ટ કરી બંધનમુક્ત અને લઘુભૂત થઈ વિચરણ કરું છું."

पासा य इह के वुत्ता ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥४२॥

(કેશીકુમાર શ્રમણ-) હે ગૌતમ ! પાશ (બંધન) કોને કહેવામાં આવે છે ?" (આ પ્રમાણે) કેશીએ ગૌતમને પૂછ્યું. તેમના પૂછવાથી ગૌતમે આ પ્રમાણે કહ્યું -

रागद्दोसादओ तिव्वा, नेहपासा भयंकरा ।
ते छिन्दित्तु जहानायं, विहरामि जहक्कमं ॥४३॥

(ગણધર ગૌતમ-) તીવ્ર રાગ-દ્વેષ અને સ્નેહ ભયંકર પાશ (બંધન) છે. તેને (શાસ્ત્રોક્ત) ધર્મનીતિના અનુસાર દૂર કરી હું ક્રમાનુસાર વિચરણ કરું છું."

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥४४॥

(કેશીકુમાર શ્રમણ-) ગૌતમ ! આપની પ્રજ્ઞા સુંદર છે. આપે મારી શંકા દૂર કરી. પરંતુ હે ગૌતમ ! મારી એક બીજી શંકા હજી પણ છે તે વિષયમાં પણ મને કહો."

५. अन्तोहियय-संभूया, लया चिट्ठइ गोयमा ।
फलेइ विसभक्खीणि, सा उ उद्धरिया कहं ॥४५॥

५. હે ગૌતમ ! હૃદયના અંદર ઉત્પન્ન એક લતા ફેલાઈ રહી છે. જે ભક્ષણ કરવાથી વિષ તુલ્ય ફળ આપે છે. આપે આ (વિષવેલ)ને કેવી રીતે ઉખાડી ?

तं लयं सव्वओ छित्ता, उद्धरित्ता समूलियं ।
विहरामि जहानायं, मुक्को मि विसभक्खणं ॥४६॥

(ગણધર ગૌતમ-) "તે લતાને સર્વથા કાપી અને જડથી ઉખાડી હું નીતિના અનુસાર વિચરણ કરું છું. માટે હું તેના વિષફળ ખાવાથી મુક્ત છું."

लया य इह का वुत्ता ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥४७॥

કેશીએ ગૌતમને પૂછ્યું - "લતા આપ કોને કહો છો ?" કેશીના આ પ્રમાણે પૂછવાથી ગૌતમે આ પ્રમાણે કહ્યું -

भवतण्हा लया वुत्ता, भीमा भीमफलोदया ।
तमुद्धरित्तु जहानायं, विहरामि महामुणी ॥४८॥

(ગણધર ગૌતમ-) "ભવતૃષ્ણા (સાંસારિક તૃષ્ણા લાલસા) ને જ ભયંકર લતા કહેવામાં આવી છે. તેમાં જ ભયંકર વિપાકવાળા ફળ લાગે છે. હે મહામુને ! મેં મૂળથી તેને ઉખાડીને (શાસ્ત્રોક્ત) નીતિના અનુસાર વિચરણ કરું છું."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साहु गोयम ! पन्ना ते छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥४९॥

(કેશીકુમાર શ્રમણ-) "હે ગૌતમ ! આપની બુદ્ધિ શ્રેષ્ઠ છે. આપે મારી શંકાને દૂર કરી. એક બીજી શંકા પણ મારા મનમાં છે. હે ગૌતમ ! તે વિષયમાં પણ આપ મને બતાવો."

૬. संपज्जलिया घोरा, अग्गी चिट्ठइ गोयमा ।
जे डहन्ति सरीरत्था, कहं विज्झाविया तुमे ॥५०॥

૬. હે ગૌતમ ! "ચારેબાજુ અગ્નિ પ્રજ્વલિત થઈ રહી છે. જે શરીરધારી જીવોને બાળે છે. આપે તેને કેવી રીતે બુઝાવી ?"

महामेहप्पसूयाओ, गिज्झ वारि जलुत्तमं ।
सिंचामि सययं देहं, सित्ता नो व डहन्ति मे ॥५१॥

(ગણધર ગૌતમ-) "મહામેઘોથી ઉત્પન્ન પાણીમાંથી ઉત્તમ પાણી લઈ તેનું નિરંતર સિંચન કરું છું. આ કારણે સિંચન (શાંત) થયેલી અગ્નિ મને બાળી નથી શકતી."

अग्गी य इह के वुत्ता ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥५२॥
कसाया अग्गिणो वुत्ता, सुय-सील-तवो जलं ।
सुयधाराभिहया सन्ता, भिन्ना हु न डहन्ति मे ॥५३॥

(કેશીકુમાર શ્રમણ-) "તે અગ્નિઓ કઈ છે ?" કેશીએ ગૌતમને પૂછ્યું. આ પૂછવાથી ગૌતમે આ પ્રમાણે કહ્યું-
(ગણધર ગૌતમ-) "કષાયોને અગ્નિ કહેવામાં આવી છે. શ્રુત, શીલ અને તપ એ પાણી છે શ્રુતરૂપ પાણીની ધારાથી શાંત અને નષ્ટ થયેલી અગ્નિ મને બાળી શકતી નથી."

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥५४॥

(કેશીકુમાર શ્રમણ-) "ગૌતમ ! આપની પ્રજ્ઞા પ્રશસ્ત છે. આપે મારી શંકા દૂર કરી, પરંતુ મારી એક શંકા હજી છે. તેના સંબંધમાં પણ મને કહો."

૭. अयं साहसिओ भीमो, दुट्ठस्सो परिधावई ।
जंसि गोयम ! आरूढो, कहं तेण न हीरसि ? ॥५५॥

૭. "આ સાહસિક, ભયંકર દુષ્ટ ઘોડો ચારે બાજુ દોડી રહ્યો છે. હે ગૌતમ ! આપ તેના પર આરૂઢ છો. (છતાં પણ) તે આપને ઉન્માર્ગ પર કેમ નથી લઈ જતો ?"

पधावन्तं निगिण्हामि, सुयरस्सीसमाहियं ।
न मे गच्छइ उम्मग्गं, मग्गं च पडिवज्जई ॥५६॥

(ગણધર ગૌતમ-) "દોડતા તે ઘોડાને મેં શ્રુતરશ્મિ (શાસ્ત્ર-જ્ઞાનરૂપી) લગામથી નિગ્રહ કરું છું. જેનાથી તે મને ઉન્માર્ગ પર નથી લઈ જતો. પરંતુ તે સન્માર્ગ પર જ લઈ જાય છે."

अस्से य इइ के वुत्ते ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥५७॥

(કેશીકુમાર શ્રમણ-) "અશ્વ કોને કહેવામાં આવે છે ?" આ પ્રમાણે કેશીએ ગૌતમને પૂછ્યું. પૂછવાથી ગૌતમે આ પ્રમાણે કહ્યું -

मणो साहसिओ भीमो, दुट्ठस्सो परिधावई ।
तं सम्म निगिण्हामि धम्मसिक्खाए कन्थगं ॥५८॥

(ગણધર ગૌતમ-) "મન જ તે સાહસી ભયંકર અને દુષ્ટ અશ્વ છે. તેને મેં સમ્યક્ પ્રકારથી વશમાં કર્યો. જે ધર્મ શિક્ષાથી તે કન્થક (ઉત્તમ જાતિના અશ્વ) સમાન થઈ ગયો છે."

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥५९॥

(કેશીકુમાર શ્રમણ-) "હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારો આ સંશય પણ દૂર કરી દીધો. (પરંતુ) હજી એક શંકા છે. હે ગૌતમ ! તેના સંબંધમાં મને બતાવો."

૮. कुप्पहा बहवो लोए, जेहिं नासन्ति जंतवो ।
अद्धाणे कह वट्टन्ते, तं न नस्ससि गोयमा ! ॥६०॥

૮. "હે ગૌતમ ! સંસારમાં અનેક કુપથ છે. જેના પર ચાલવાથી પ્રાણી ભૂલા પડી જાય છે. આપ તે માર્ગ પર ચાલ્યા છતાં કેમ ભૂલા ન પડ્યા ?"

जे य मग्गेण गच्छन्ति, जे य उम्मग्गपट्ठिया ।
ते सव्वे विइया मज्झं, तो न नस्सामहं मुणी ॥६१॥

(ગૌતમ ગણધર-) "હે મુનિવર ! જે સન્માર્ગથી ચાલે છે અને જે ઉન્માર્ગથી ચાલે છે તે બધા મારા જાણેલા છે. માટે હું ભ્રષ્ટ નથી થતો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मग्गे य इह के वुत्ते ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥६२॥
कुप्पवयण-पासण्डी सव्वे उम्मग्गपट्ठिया ।
सम्मग्गं तु विणक्खायं, एस मग्गे हि उत्तमे ॥६३॥

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥६४॥

केशीએ ગૌતમને પાછું પૂછયું - "માર્ગ કોને કહેવામાં આવે છે ?" કેશીનું આ પ્રમાણે પૂછવાથી ગૌતમે કહ્યું-
(ગણધર ગૌતમ-) "કુપ્રવચનો (મિથ્યા દર્શન)ને માનવા-વાળા બધા પાખંડી ઉન્માર્ગગામી છે. સન્માર્ગ તો વીતરાગ દ્વારા કથિત છે અને તે જ માર્ગ ઉત્તમ છે."
(કેશીકુમાર શ્રમણ-) "હે ગૌતમ ! આપની પ્રજ્ઞા પ્રશસ્ત છે. આપે મારી શંકા દૂર કરી પરંતુ મારા મનમાં હજી એક શંકા છે તે વિષયમાં પણ મને કહો."

૯. महाउदग-वेगेणं वुज्झमाणाणपाणिणं ।
सरणं गई पइट्ठा य, दीवं क मन्नसी मुणी ॥६५॥
अत्थि एगो महादीवो, वारिमज्झे महालओ ।
महाउदगवेगस्स गई, तत्थ न विज्जई ॥६६॥
दीवे य इइ के वुत्ते ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥६७॥

૯. "હે મુનિવર ! મહાન્ જલપ્રવાહના વેગથી વહેતા પ્રાણીઓ માટે શરણગતિ, પ્રતિષ્ઠા અને દ્વીપ આપ કોને માનો છો ?"
(ગણધર ગૌતમ-) "પાણીના મધ્યમાં એક વિશાલ મહાદ્વીપ છે. ત્યાં મહાન્ જળપ્રવાહના વેગની ગતિ (પ્રવેશ) નથી."
કેશીએ ગૌતમને (ફરી) પૂછયું - "મહાદ્વીપ આપ કોને કહો છો ?" કેશીના આ પ્રમાણે પૂછવાથી ગૌતમે કહ્યું -

जरा मरणवेगेणं वुज्झमाणाण पाणिणं ।
धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ॥६८॥

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥६९॥

(ગણધર ગૌતમ-) "જરા અને મરણ (આદિ)ના વેગથી વહેતા પ્રાણીઓ માટે ધર્મ જ દ્વીપ છે. પ્રતિષ્ઠા છે. ગતિ છે. તેમજ ઉત્તમ શરણ છે."
(કેશીકુમાર શ્રમણ-) "હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારી શંકાનું નિવારણ કર્યું. પરંતુ મારો એક સંશય હજી પણ છે. હે ગૌતમ ! તેના સંબંધમાં પણ મને કહો."

१०. अण्णवंसि महोहंसि नावा विपरिधावई ।
जंसि गोयममारूढो, कहं पारं गमिस्ससि ? ॥७०॥

१०. "મહાપ્રવાહવાળા સમુદ્રમાં હોડી ડગમગી રહી છે. (એવી સ્થિતિમાં) આપ તેના પર આરૂઢ થઈ કેવી રીતે (સમુદ્ર) પાર કરી શકશો ?"

जा उ अस्साविणी नावा, न सा पारस्स गामिणी ।
जा निरस्साविणी नावा, सा उ पारस्स गामिणी ॥७१॥

(ગણધર ગૌતમ-) "જે હોડી છિદ્ર યુક્ત છે, તે હોડી (સમુદ્રના) પાર સુધી ન જઈ શકે પરંતુ જે હોડી છિદ્ર રહિત છે તે (સમુદ્ર) પાર જઈ શકે છે."

नावा य इइ का वुत्ता ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥७२॥

કેશીએ ગૌતમને પૂછયું - "આપ હોડી કોને કહો છો ?" કેશીનું આ પ્રમાણે પૂછવાથી ગૌતમે આ પ્રમાણે કહ્યું -

सरीरमाहु नाव त्ति, जीवो वुच्चइ नाविओ ।
संसारो अण्णवो वुत्तो, जं तरन्ति महेसिणो ॥७३॥

(ગણધર ગૌતમ-) "શરીરને હોડી કહેવામાં આવી છે અને જીવ (આત્મા)ને તેનો નાવિક કહ્યો છે તથા સંસારને સમુદ્ર કહ્યો છે. જેને મહર્ષિ પાર કરી જાય છે."

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥७४॥

(કેશીકુમાર શ્રમણ-) "ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારી શંકા દૂર કરી પરંતુ મારી હજી પણ એક શંકા છે. તેના વિષયમાં આપ મને કહો."

११. अंधयारे तमे घोरे, चिट्ठन्ति पाणिणो बहु ।
को करिस्सइ उज्जोयं, सव्वलोगंमि पाणिणं ॥७५॥

११. "ઘોર અને ગાઢ અંધકારમાં (સંસારના) ઘણા પ્રાણી રહે છે. (એવી સ્થિતિમાં) સંપૂર્ણ લોકમાં પ્રાણીઓ માટે કોણ (પ્રકાશ) કરશે ?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उग्गओ विमलो भाणू, सव्वलोगप्पभंकरो ।
सो करिस्सइ उज्जोयं, सव्वलोगंमि पाणिणं ॥७६॥

(ગણધર ગૌતમ-) "સમગ્ર લોકમાં પ્રકાશ કરવાવાળો નિર્મળ સૂર્ય ઉદિત થઈ ગયો છે. તે જ સમસ્ત લોકમાં પ્રાણીઓ માટે પ્રકાશ પ્રદાન કરશે."

भाणू य इइ के वुत्ते ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥७७॥

કેશીએ ગૌતમને પૂછયું - "આપ સૂર્ય કોને કહો છો ?" કેશીના આ પ્રમાણે પૂછવાથી ગૌતમે આ પ્રમાણે કહ્યું-

उग्गओ खीणसंसारो, सव्वन्नु जिणभक्खरो ।
सो करिस्सइ उज्जोयं, सव्वलोगंमि पाणिणं ॥७८॥

(ગણધર ગૌતમ-) "જેનો સંસાર ક્ષીણ થઈ ગયો છે. જે સર્વજ્ઞ છે. એવા જિન ભાસ્કર ઉદિત થઈ ગયા છે. તે જ સંપૂર્ણ લોકમાં પ્રાણીઓ માટે પ્રકાશ કરશે."

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोयमा ॥७९॥

(કેશીકુમાર શ્રમણ-) "ગૌતમ ! તમારી પ્રજ્ઞા નિર્મળ છે. તમે મારી શંકા દૂર કરી. હજી પણ એક શંકા રહી જાય છે. તે વિષયમાં પણ મને કહો."

१२. सारीर-माणसे दुक्खे, वज्झमाणाण पाणिणं ।
खेमं सिवमणावाहं ठाणं, किं मन्नसी मुणी ॥८०॥

१२. "મુનિવર ! શારીરિક અને માનસિક દુઃખોથી પીડિત પ્રાણીઓ માટે ક્ષેમ, શિવ અને અનાબાધ (બાધારહિત) સ્થાન કયું માનો છો ?"

अत्थि एगं धुवं ठाणं, लोगग्गंमि दुरारूहं ॥
जत्थ नत्थि जरा मच्चू, वाहिणो वेयणा तहा ॥८१॥

(ગણધર ગૌતમ-) "લોકના અગ્રભાગમાં એક ધ્રુવ (અચલ) સ્થાન છે જ્યાં જરા, મૃત્યુ, વ્યાધિઓ અને વેદનાઓ નથી. પરંતુ ત્યાં પહોચવું બહુ કઠિન છે."

ठाणे य इइ के वुत्ते ? केसी गोयममब्बवी ।
केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥८२॥

(કેશીકુમાર શ્રમણ-) "તે સ્થાન કયું કહેવામાં આવ્યું છે ?" કેશીએ ગૌતમને પૂછયું અને પૂછવાથી ગૌતમે કહ્યું -

निव्वाणं ति अवाहं ति, सिद्धी लोगग्गमेव य ।
खेमं सिवं अणावाहं, जं चरन्ति महेसिणो ॥८३॥

(ગણધર ગૌતમ-) "જે સ્થાનને મહામુનિજન જ પ્રાપ્ત કરે છે, તે સ્થાન નિર્વાણ, અબાધ, સિદ્ધિ, લોકાગ્ર, ક્ષેમ, શિવ અને અનાબાધ ઈત્યાદિ નામથી પ્રસિદ્ધ છે."

तं ठाणं सासयं वासं लोगग्गंमि दुरारूहं ।
जं संपत्ता न सोयन्ति, भवोहन्तकरा मुणी ॥८४॥

ભવપ્રવાહનો અંત કરવાવાળા મહામુનિ જેને પ્રાપ્ત કરી શોકથી મુક્ત થઈ જાય છે, તે સ્થાન લોકના અગ્રભાગમાં શાશ્વતરૂપથી સ્થિત છે "જ્યાં પહોંચવું અત્યંત કઠિન છે. તેને હું સ્થાન કહું છું."

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
नमो ते संसयाईय ! सव्वसुत्तमहोयही ॥८५॥

(કેશીકુમાર શ્રમણ-) "હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. આપે મારા સંશય દૂર કરી દીધા છે, સંશયાતીત હે સર્વશ્રુત મહોદધિ ! આપને મારા નમસ્કાર છે."

एवं तु संसए छिन्ने केसी घोरपरक्कमे ।
अभिवन्दित्ता सिरसा गोयमं तु महायसं ॥८६॥

આ પ્રમાણે સંશય નિવારણ થઈ જવાથી ઘોર પરાક્રમી કેશીકુમાર શ્રમણે મહાયશસ્વી ગૌતમને નતમસ્તક થઈ વંદના કરીને.

पंचमहव्वयधम्मं, पडिवज्जइ भावओ ।
पुरिमस्स पच्छिमंमी, मग्गे तत्थ सुहावहे ॥८७॥

પૂર્વ જિનેશ્વર દ્વારા અભિમત, સુખાવહ, અંતિમ તીર્થંકર દ્વારા પ્રવર્તિત માર્ગમાં પાંચ મહાવ્રતરૂપ ધર્મને ભાવથી અંગીકાર કર્યા.

केसीगोयमओ निच्चं तम्मि आसि समागमे ।
सुय-सीलसमुक्करिसो, महत्थऽत्थविणिच्छओ ॥८८॥

તે તિંદુક ઉદ્યાનમાં કેશી અને ગૌતમ બંનેનું જે સમાગમ થયું તેનાથી શ્રુત અને શીલનું ઉત્કર્ષ થયું અને મહાન્ પ્રયોજનભૂત અર્થોનો વિનિશ્ચય થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तोसिया परिसा सव्वा, सम्मग्गं समुवट्ठिया ।
संथुया ते पसीयन्तु, भयवं केसिगोयमे ॥८९॥

त्ति बेमि ।

- उत्त. अ. २३, गा. १-८९

(આ પ્રમાણે) તે સારી સભા (દેવ, અસુર અને મનુષ્યોથી પરિપૂર્ણ પરિષદ્) ધર્મચર્ચાથી સંતુષ્ટ થઈ અને સન્માર્ગમાં સમુપસ્થિત થઈ. તે સભાએ ભગવાન કેશી અને ગૌતમની સ્તુતિ કરી કે - "તેઓ બંને (અમારા પર) પ્રસન્ન રહે."

એમ હું કહું છું.

भाग २, खण्ड ४, पृ. १२८

पासावच्चिज्ज थेराणं देसणाए तव संजम फल परूवणं भगवया अणुमोयणा य -

सूत्र ६४ (ख)

तए णं ते समणोवासया थेराणं भगवंताणं अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठ तुट्ठ **-जाव-** हयहियया तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेंति करेत्ता **-जाव-** तिविहाए पज्जुवासणयाए पज्जुवासंति पज्जुवासित्ता एवं वयासी -

प. संजमे णं भंते ! किं फले ? तवे णं भंते ! किं फले ?
तए णं ते थेरा भगवंतो ते समणोवासए एवं वयासी -

उ. संजमे णं अज्जो ! अणण्हयफले, तवे वोदाणफले ।
तए णं ते समणोवासया थेरे भगवंते एवं वयासी -

प. जइ णं भंते ! संजमे अणण्हयफले, तवे वोदाणफले किं पत्तियं णं भंते ! देवा देवलोएसु उववज्जंति ?

तत्थ णं कालियपुत्ते नामं थेरे ते समणोवासए एवं वयासी -

उ. "पुव्वतवेणं अज्जो ! देवा देवलोएसु उववज्जंति ।"

तत्थ णं मेहिले नामं थेरे ते समणोवासए एवं वयासी -
"पुव्वसंजमेणं अज्जो ! देवा देवलोएसु उववज्जंति ।"

तत्थ णं आणंदरक्खिए णामं थेरे ते समणोवासए एवं वयासी -
"कम्मियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति ।"

ભાગ ૨, ખંડ ૪, પૃ. ૧૨૮

પાર્શ્વાપત્ય સ્થવિરો દ્વારા દેશનામાં તપ, સંયમના ફળનું પ્રરૂપણ અને ભગવાન દ્વારા અનુમોદના :

સૂત્ર ૬૪ (ખ)

તદનંતર તે શ્રમણોપાસક સ્થવિર ભગવંતોથી ધર્મોપદેશ સાંભળી અને હૃદયંગમ કરી હર્ષિત અને સંતુષ્ટ થયો **-યાવત્-** તેનું હૃદય ખીલી ઉઠયું અને તેમણે સ્થવિર ભગવંતોની જમણી તરફથી ત્રણવાર પ્રદક્ષિણા કરી અને પ્રદક્ષિણા કરીને **-યાવત્-** ત્રણ પ્રકારની ઉપાસના દ્વારા તેમની પર્યુપાસના કરી અને પર્યુપાસના કરીને આ પ્રમાણે પૂછયું -

પ્ર. ભંતે ! સંયમનું ફળ શું છે ? ભંતે ! તપનું ફળ શું છે ?
આના જવાબમાં સ્થવિર ભગવંતોએ તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું -

ઉ. "હે આર્યો ! સંયમનું ફળ અનાશ્રવતા (આશ્રવ રહિત સંવર સંપન્નતા) છે. તપનું ફળ વ્યવદાન (કર્મોનો ક્ષય) કરવું છે. (સ્થવિર ભગવંતોથી આ ઉત્તર સાંભળી) શ્રમણોપાસકોએ તે સ્થવિર ભગવંતોને (પુનઃ) આ પ્રમાણે પૂછયું -

પ્ર. ભંતે ! જો સંયમનું ફળ અનાશ્રવતા છે અને તપનું ફળ વ્યવદાન છે તો તે દેવ દેવલોકમાં કયા કારણથી ઉત્પન્ન થાય છે ?

(શ્રમણોપાસકોના પ્રશ્ન સાંભળી) તે સ્થવિરોમાંથી કાલિકપુત્ર નામક સ્થવિરે તે શ્રમણોપાસકોથી આ પ્રમાણે કહ્યું -

ઉ. "આર્યો ! પૂર્વ તપના કારણે દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે."

તેમાંથી મેહિલ (મેધિલ) નામના સ્થવિરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું -
"આર્યો ! પૂર્વસંયમના કારણે દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે."

તેમાંથી આનંદરક્ષિત નામના સ્થવિરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું -
"આર્યો ! કર્મિતા (કર્મશેષ રહેવા)ને કારણે દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ णं कासवे णामं थेरे ते समणोवासए एवं वयासी-

संगियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति,

पुव्वतवेण पुव्वसंजमेणं कम्मियाए संगियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति ।

सच्चे णं एस अट्ठे, नो चेव णं आयभाववत्तव्वयाए ।

तए णं ते समणोवासया थेरेहिं भगवंतेहिं इमाइं एयारूवाइं वागरणाइं वागरिया समाणा हट्ठतुट्ठा थेरे भगवंते वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता परिणाइं पुच्छंति, पुच्छित्ता उट्ठाइं उवादियंति उवादियत्ता उट्ठाए उट्ठेंति उट्ठित्ता थेरे भगवंते तिक्खुत्तो वंदंति णमंसंति वंदित्ता णमंसित्ता थेराणं भगवंताणं अंतियाओ पुप्फवइयाओ चेइयाओ पडिनिक्खमंति पडिनिक्खमित्ता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।

तए णं ते थेरा अन्नया कयाइ तुंगियाओ पुप्फवइचेइयाओ पडिनिग्गच्छंति पडिनिग्गच्छित्ता बहिया जणवयविहारं विहरंति ।

तेणं कालेणं तेणं समएणं रायगिहे नामं नयरे होत्था **-जाव-** परिसा पडिगया ।

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई नामं अणगारे **-जाव-** संखित्तविउलतेयलेस्से छट्ठंछट्ठेणं अनिक्खित्तेणं तवोकम्मेणं संजमेणं तवसा अप्पाणं भावेमाणे **-जाव-** विहरइ ।

तए णं से भगवं गोयमे छट्ठक्खमणपारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ, बीयाए पोरिसीए झाणं झियायइ, तइयाए पोरिसीए अतुरियमचवलमसंभंते मुहपोत्तियं पडिलेहेइ, पडिलेहित्ता भायणाइं वत्थाइं पडिलेहेइ, पडिलेहित्ता भायणाइं पमज्जइ, पमज्जित्ता भायणाइं उग्गाहेइ उग्गाहेत्ता, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी -

તેમાંથી કાશ્યપ નામના સ્થવિરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું -

"આર્યો સંગિતા (રાગ-આસક્તિ)ના કારણે દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે."

આ પ્રમાણે હે આર્યો ! (વાસ્તવમાં) પૂર્વ તપથી, પૂર્વ સંયમથી, કર્મક્ષય ન હોવાથી તથા રાગ આસક્તિથી દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

આ વાત (અર્થ) સત્ય છે અને અમે પોતાના આત્મભાવ (પોતાનો અહંભાવ) બતાવવાની દૃષ્ટિથી નથી કહ્યું.

ત્યારબાદ તે શ્રમણોપાસક, સ્થવિર દ્વારા (પોતાના પ્રશ્નોના) કહેલા આ ઉત્તરોને સાંભળી ઘણા હર્ષિત અને સંતુષ્ટ થયા અને સ્થવિર ભગવંતોને વંદન નમસ્કાર કરે છે અને વંદન, નમસ્કાર કરીને અન્ય પ્રશ્ન પણ પૂછે છે. પ્રશ્ન પૂછયા પછી સ્થવિર ભગવંતો દ્વારા દીધેલા ઉત્તરોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને તે ત્યાંથી ઉઠે છે અને ઉઠીને ત્રણવાર વંદન નમસ્કાર કરે છે. વંદન નમસ્કાર કરીને તે સ્થવિર ભગવંતોની પાસેથી અને પુષ્પવર્તિક ચૈત્યથી નીકળી જે દિશાથી આવ્યા હતા તે દિશામાં પાછા ફર્યા.

અહીં તે સ્થવિર ભગવંત પણ કોઈ એક દિવસે તુંગિકા નગરીના તે પુષ્પવર્તિક ચૈત્યથી નીકળી અને નિકળીને બહાર (અન્ય) જનપદોમાં વિચરણ કરવા લાગ્યા.

તે કાળ અને તે સમયમાં રાજગૃહ નામનું નગર હતું. ત્યાં (શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા, પરિષદ્ વંદના કરી) **-યાવત્-** (ધર્મોપદેશ સાંભળી) પરિષદ્ પાછી ફરી.

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી (શિષ્ય) ઈન્દ્રભૂતિ નામક અનગાર હતા **-યાવત્-** તે વિપુલ તેજોલેશ્યા ને પોતાના શરીરમાં સંક્ષિપ્ત કરી રાખતા હતા. તે નિરંતર છઠ્ઠ-છઠ્ઠની તપસ્યાથી તથા સંયમ અને તપથી પોતાની આત્માને ભાવિત કરતા **-યાવત્-** વિચરતા હતા.

(ત્યારબાદ) તેના પછી છઠ્ઠના પારણાના દિવસે ભગવાન (ઈન્દ્રભૂતિ) ગૌતમસ્વામીએ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરી, દ્વિતીય પ્રહર (પોરસી)માં ધ્યાન કર્યું, તૃતીય પ્રહરમાં માનસિક ચપલતાથી રહિત, આકુળતાથી રહિત થઈ મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કર્યું, પ્રતિલેખન કરીને પાત્ર અને વસ્ત્રોનું પ્રતિલેખન કર્યું, પ્રતિલેખન કરીને તે પાત્રાનું પ્રમાર્જન કર્યું અને પાત્રોનું પ્રમાર્જન કરીને તે પાત્રોને લઈ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વિરાજમાન હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા અને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે નિવેદન કર્યું -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए छट्ठक्खमणपारणगंसि रायगिहे नगरे उच्च-नीय-मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडित्तए।"

"ભંતે ! આજે મારે છઠ્ઠ (બેલે) તપના પારણાનો દિવસ છે માટે આપની આજ્ઞા પ્રાપ્ત થશે તો હું રાજગૃહ નગરના ઉચ્ચ, નીચ અને મધ્યમ કુલોની ગૃહ સમુદાયમાં ભિક્ષાચર્યાની વિધિના અનુસાર ભિક્ષાટન કરવા ઈચ્છું છું.

"अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह।"

(ત્યારે ભગવાને કહ્યું-) "હે દેવાનુપ્રિય ! જે પ્રમાણે તમને સુખ ઉપજે તેમ કરો, પરંતુ તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરો."

तए णं भगवं गोयमे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे समणस्स भगवओ महावीरस्स अंतियाओ गुणसिलाओ चेइयाओ पडिनिक्खमइ पडिनिक्खमित्ता अतुरियमचवलमसंभंते जुगंतरपलोयणाए दिट्ठीए पुरओ रियं सोहेमाणे सोहेमाणे जेणेव रायगिहे नगरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता रायगिहे नगरे उच्च-नीय-मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियं अडइ।

ત્યારે ભગવાનની આજ્ઞા પ્રાપ્ત થયા પછી ભગવાન ગૌતમ સ્વામી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસેથી તથા ગુણશીલ ચૈત્યથી નિકળ્યા અને નીકળીને ત્વરા (ઉતાવળા) ચંપલતા (ચંચલતા) અને સંભ્રમ (આકુળતા)થી રહિત થઈ યુગની (ગાડીના પૈડા - ધૂસર) પ્રમાણદૂર (અંતર) સુધીની ભૂમિનું અવલોકન કરતા પોતાની દૃષ્ટિથી આગળ- આગળના માર્ગનું શોધન કરતા જ્યાં રાજગૃહ નગર હતું ત્યાં આવ્યા અને ત્યાં આવીને (રાજગૃહમાં) ઉચ્ચ, નીચ અને મધ્યમ કુલોના ગૃહ-સમુદાયમાં વિધિપૂર્વક ભિક્ષા લેવા ગયા.

तए णं से भगवं गोयमे रायगिहे नगरे **-जाव-** अडमाणे बहुजणसद्दं निसामेइ -

તે સમય રાજગૃહ નગરમાં ભિક્ષા વહોરતા ભગવાન ગૌતમે ઘણા લોકોના મુખમાંથી **-યાવત્-** એમ સાંભળ્યું -

"एवं खलु देवाणुप्पिया ! तुंगियाए नगरीए बहिया पुप्फवईए चेइए पासावच्चिज्जा थेरा भगवंतो समणोवासएहिं इमाइं एयारूवाइं वागरणाइं पुच्छिया -

"હે દેવાનુપ્રિય ! તુંગિકા નગરીની બહાર પુષ્પવર્તિક નામના ઉદ્યાનમાં ભગવાન પાર્શ્વનાથના શિષ્યાનુશિષ્ય સ્થવિર ભગવાન પધાર્યા હતા. તેમને ત્યાંના શ્રમણોપાસકોએ આ પ્રમાણે પ્રશ્ન પૂછયું -

"संजमे णं भंते ! किंफले, तवे णं भंते ! किं फले ?" तए णं ते थेरा भगवंतो ते समणोवासए एवं वयासी -

"ભંતે ! સંયમનું ફળ શું છે ? ભંતે ! તપનું ફળ શું છે ?" ત્યારે (ઉત્તરમાં) સ્થવિર ભગવંતોએ તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું -

"संजमे णं अज्जो ! अणण्हयफले, तवे वोदाणफले **तं चेव -जाव-** पुव्वतवेणं पुव्वसंजमेणं कम्मियाए संगियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति, सच्चे णं एसमट्ठे णो चेव णं आयभाववत्तव्वयाए से कहमेयं मन्ने एवं ?

"આર્યો ! સંયમનું ફળ અનાશ્રવ (સંવર) છે અને તપનું ફળ વ્યવદાનત્વ (કર્મોનો ક્ષય) છે. **તે સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ -યાવત્-** તપ પૂર્વ સંયમથી તેમજ કર્મિતા અને સંગિતાથી તે દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ વાત સત્ય છે. માટે અમે કહીએ છીએ. અમે અમારો અહંભાવ બતાડવા આ વાત નથી કહી તો હું (ગૌતમ) આ (આ જનસમૂહની) વાત કેવી રીતે માની લઉં ?

तए णं से समणे भगवं गोयमे इमीसे कहाए लद्धट्ठे समाणे जायसड्ढे **-जाव-** समुप्पन्नकोउहल्ले, अहापज्जत्तं समुदाणं गेण्हइ गेण्हित्ता रायगिहाओ नगराओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता अतुरियं **-जाव-** सोहेमाणे जेणेव गुणसीलए चेइए जेणेव

ત્યારબાદ શ્રમણ ભગવાન્ ગૌતમ આ પ્રકારની વાત લોકોના મુખેથી સાંભળી તો તેમણે શ્રદ્ધા ઉત્પન્ન થઈ **-યાવત્-** તેમના મનમાં કૂતુહલ પણ જાગ્યું એમ વિધિપૂર્વક આવશ્યકતાનુસાર ભિક્ષા પ્રાપ્ત કરી ભિક્ષા લઈ તે રાજગૃહ નગર (ની સીમા)થી બહાર નિકળી અત્વરિતગતિથી **-યાવત્-** (ઈર્યાસમિતિ પૂર્વક) ઈર્યા-માર્ગ શોધન કરતા જ્યાં ગુણશીલક ચૈત્ય હતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समणे भगवं महावीरे तेणेव उवागच्छइ उवागच्छित्ता समणे भगवं महावीरस्स अदूरसामंते गमणागमणाए पडिक्कमइ, एसणमणेसणं आलोएइ आलोइत्ता भत्तपाणं पडिदंसेइ पडिदंसेत्ता समणं भगवं महावीरं **-जाव-** एवं वयासी -

અને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યાં આવ્યા અને ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરની નજીક ઉભા રહ્યા. ગમનાગમન સંબંધી પ્રતિક્રમણ કર્યું. (ભિક્ષાચર્યામાં લાગેલા) એષણા અને અનેષણા દોષોની આલોચના કરી. આલોચના કરીને પછી (લાવેલા) આહાર-પાણી ભગવાનને બતાડયા. બતાડીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને **-યાવત્-** આ પ્રમાણે નિવેદન કર્યું -

"एवं खलु भंते ! अहं तुब्भेहिं अब्भणुण्णाए समाणे रायगिहे नगरे उच्च-नीय-मज्झिमाणि कुलाणि घरसमुदाणस्स भिक्खायरियाए अडमाणे बहुजणसद्दं निसामेमि 'एवं खलु देवाणुप्पिया ! तुंगियाए नगरीए बहिया पुप्फवईए चेइए पासावच्चिज्जा थेरा भगवंतो समणोवासएहिं इमाइं एयारूवाइं वागरणाइं पुच्छेज्जा -

'संजमेणं भंते ! किंफले ? तवे किं फले ?' **तं चेव -जाव-** सच्चे णं एसमट्ठे णो चेव णं आयभाववत्त-व्वयाए।"

"ભંતે ! હું આપની પાસે આજ્ઞા પ્રાપ્ત કરી રાજગૃહનગરમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ કુલોમાં ભિક્ષાચર્યા માટે વિધિપૂર્વક ભિક્ષાટન કરી રહ્યો હતો. તે સમયે ઘણા લોકોના મુખેથી આ પ્રમાણે સાંભળ્યું કે "હે દેવાનુપ્રિયો ! તુંગિકા નગરીના બહાર સ્થિત પુષ્પવર્તિક નામના (ચૈત્ય) ઉદ્યાનમાં પાર્શ્વાપત્યીય સ્થવિર ભગવંત પધાર્યા હતા. તેમણે ત્યાંના શ્રમણોપાસકોએ આ પ્રમાણે પ્રશ્ન પૂછયું-

"ભંતે સંયમનું ફળ શું છે અને તપનું ફળ શું છે ? **આ સંપૂર્ણ વર્ણન પૂર્વની જેમ કરવું જોઈએ -યાવત્-** આ વાત સત્ય છે. એટલે કહી છે. પરંતુ અમે (આત્મભાવ) અહંભાવના વશ થઈ નથી કહી"

"तं पभू णं भंते! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरित्तए ? उदाहु अप्पभू ?

समिया णं भंते! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरित्तए ? उदाहु असमिया ?

आउज्जिया णं भंते ! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरित्तए ? उदाहु अणाउज्जिया ?

पलिउज्जिया णं भंते ! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरित्तए ? उदाहु अपलिउज्जिया ?

पुव्वतवेणं अज्जो ! देवा देवलोएसु उववज्जंति, पुव्वसंजमेणं देवा देवलोएसु उववज्जंति, कम्मियाए अज्जो देवा देवलोएसु उववज्जंति, संगियाए अज्जो देवा देवलोएसु उववज्जंति पुव्वतवेणं पुव्वसंजमेणं कम्मियाए संगियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति ! सच्चे णं एसमट्ठे णो चेव णं आयभाववत्तव्वयाए."

(આમ કહી શ્રી ગૌતમ સ્વામીએ પૂછયું-) ભંતે ! શું તે સ્થવિર ભગવંત તે શ્રમણોપાસકોને આવો ઉત્તર દેવામાં સમર્થ કે અસમર્થ નથી.

"ભંતે ! શું તે સ્થવિર ભગવંતોએ તે શ્રમણોપાસકોને પ્રશ્નોના આ પ્રમાણે ઉત્તર દેવામાં સમ્યક્રૂરૂપથી સક્ષમ છે કે અસક્ષમ છે ?

ભંતે ! શું તે સ્થવિર ભગવંત તે શ્રમણોપાસકોનો આવો ઉત્તર દેવામાં ઉપયુક્ત છે કે અનુપયુક્ત છે ?

ભંતે ! શું તે સ્થવિર ભગવંત તે શ્રમણોપાસકોને આ ઉત્તર દેવામાં વિશિષ્ટ યોગ્યતાવાળા છે કે યોગ્યતાવાળા નથી ?

"આર્યો ! પૂર્વ તપથી દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. પૂર્વ સંયમથી દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. કર્મિતાથી દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. સંગિતા (આસક્તિ)ના કારણે દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને પૂર્વ તપ, પૂર્વ સંયમ, કર્મિતા અને સંગિતાથી દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ વાત સત્ય છે. માટે અમે કહીએ છીએ પરંતુ અમારા અહંભાવવશ નથી કહેતા."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पभूणं गोयमा ! ते थेरा भगवंतो तेसिं समणोवासयाणं इमाइं एयारूवाइं वागरणाइं वागरेत्तए, णो चेव णं अप्पभू, **तह चेव नेयव्वं अविसेसियं**

-जाव- पभू समिया आउज्जिया पलिज्जिया **-जाव-** सच्चे णं एसमट्ठे णो चेव णं आयभाववत्तव्वयाए, अहं पि णं गोयमा ! एवमाइक्खामि भासेमि पण्णवेमि परूवेमि -

पुव्वतवेणं देवा देवलोएसु उववज्जंति, पुव्वसंजमेणं देवा देवलोएसु उववज्जंति, कम्मियाए देवा देवलोएसु उववज्जंति, संगियाए देवा देवलोएसु उववज्जंति, पुव्वतवेणं पुव्वसंजमेणं कम्मियाए संगियाए अज्जो ! देवा देवलोएसु उववज्जंति, सच्चे णं एस मट्ठे, णो चेव णं आयभाववत्तव्वयाए ।

- विया स. २, उ. ५, सु. १६-२५

(મહાવીરે ઉત્તર આપ્યો-) હે ગૌતમ ! તે સ્થવિર ભગવંતોએ તે શ્રમણોપાસકોને આ પ્રમાણેના ઉત્તર દેવામાં સમર્થ છે. પરંતુ અસમર્થ નથી. **શેષ સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ.**

-यावत्- તે સમ્યક્રૂપથી સંપન્ન છે. અભ્યસ્ત છે. (અસંપન્ન કે અનભ્યસ્ત નથી) તે ઉપયોગવાળા છે. અનુપયોગવાળા નથી. તે વિશિષ્ટ જ્ઞાની છે. સામાન્ય જ્ઞાની નથી. **-यावत्-** તે વાત સત્ય છે. માટે તે સ્થવિરોએ કહી છે. પરંતુ અહંભાવવશ થઈને નથી કહી. હે ગૌતમ ! હું પણ આ પ્રમાણે કહું છું. ભાષણ કરું છું, બતાવું છું અને પ્રરૂપણ કરું છું કે -

પૂર્વ તપના કારણથી દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે, પૂર્વસંયમના કારણે દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે, કર્મિતા (કર્મક્ષય થવાના બાકી હોવા)થી દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે તથા સંગિતા (રાગ આસક્તિ)ના કારણે દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને હે આર્યો પૂર્વ તપ, પૂર્વ સંયમ, કર્મિતા અને સંગિતાથી દેવ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આ વાત સત્ય છે. માટે તેમણે કહી છે. પરંતુ પોતાના અહંભાવવશ નથી કહી.

भाग २, खण्ड ६, पृ. १७२

गोत्तस्स मूलोत्तर भेय परूवणं -

सूत्र ३५९ (ख)

सत्त मूलगोत्ता पण्णत्ता, तं जहा -

१. कासवा, २. गोयमा, ३. वच्छा, ४. कोच्छा, ५. कोसिया, ६. मंडवा, ७. वासिट्ठा ।

१. जे कासवा ते सत्तविहा पण्णत्ता, तं जहा -

१. ते कासवा,	२. ते संडिल्ला,
३. ते गोला,	४. ते वाला,
५. ते मुंजइणो,	६. ते पव्वइणो,
७. ते वरिसकण्हा ।	

२. जे गोयमा ते सत्तविहा पण्णत्ता, तं जहा -

१. ते गोयमा,	२. ते गग्गा,
३. ते भारद्दा,	४. ते अंगिरसा,
५. ते सक्कराभा,	६. ते भक्खराभा,
७. ते उदत्ताभा ।	

ભાગ ૨, ખંડ ૬, પૃ. ૧૭૨

ગોત્રના મૂળ અને ઉત્તર ભેદોનું પ્રરૂપણ :

સૂત્ર ૩૫૯ (ખ)

મૂળગોત્ર (એક પુરુષથી ઉત્પન્ન વંશ પરંપરા) સાત કહેવામાં આવી છે, જેમકે -

૧. કાશ્યપ, ૨. ગૌતમ, ૩. વત્સ, ૪. કૌત્સ, ૫. કૌશિક, ૬. માંડવ, ૭. વાશિષ્ઠ.

૧. જે કાશ્યપ ગોત્રી છે તે સાત પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. કાશ્યપ,	૨. શાંડિલ્ય,
૩. ગોલ,	૪. બાલ,
૫. મૌંજકી,	૬. પર્વતી,
૭. વર્ષકૃષ્ણ.	

૨. જે ગૌતમ ગોત્રી છે તે સાત પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. ગૌતમ,	૨. ગર્ગ,
૩. ભારદ્વાજ,	૪. આંગિરસ,
૫. શર્કરાભ,	૬. ભાસ્કરાભ,
૭. ઉદત્તાભ.	

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. जे वच्छा ते सत्तविहा पण्णत्ता, तं जहा -

१. ते वच्छा, २. ते अग्गेया,
३. ते मित्तेया, ४. ते सामलिणो,
५. ते सेलयया, ६. ते अट्ठिसेणा,
७. ते वीयकण्हा ।

४. जे कोच्छा ते सत्तविहा पण्णत्ता, तं जहा -

१. ते कोच्छा, २. ते मोग्गलायणा,
३. ते पिंगलायणा, ४. ते कोडीणो,
५. ते मंडलिणो, ६. ते हारिया,
७. ते सोमया ।

५. जे कोसिया ते सत्तविहा पण्णत्ता, तं जहा -

१. ते कोसिया, २. ते कच्चायणा,
३. ते सालंकायणा, ४. ते गोलिकायणा,
५. ते पक्खिकायणा, ६. ते अग्गिया,
७. ते लोहिच्चा ।

६. जे मंडवा ते सत्तविहा पण्णत्ता, तं जहा -

१. ते मंडवा, २. ते आरिट्ठा,
३. ते समुया, ४. ते तेला,
५. ते एलावच्चा, ६. ते कंडिल्ला,
७. ते खारायणा ।

७. जे वासिट्ठा ते सत्तविहा पण्णत्ता, तं जहा -

१. ते वासिट्ठा, २. ते उंजायणा,
३. ते जारूकण्हा, ४. ते वग्घावच्चा,
५. ते कौडिन्ना, ६. ते सन्नी,
७. ते पारासरा । - ठाणं अ. ७, सु. ५५१

૩. જે વત્સ ગોત્રીય છે તે સાત પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. વત્સ, ૨. આગ્નેય,
૩. મૈત્રેય, ૪. શાલ્મલી,
૫. શૈલક, ૬. અસ્થિસેણ,
૭. વીતકૃષ્ણ.

૪. જે કૌત્સ ગોત્રી છે તે સાત પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. કૌત્સ, ૨. મૌદ્ગલાયન,
૩. પિંગલાયન, ૪. કૌડિન્ય,
૫. મંડલી, ૬. હારિત,
૭. સોમક.

૫. જે કૌશિક ગોત્રી છે તે સાત પ્રકારના કહેવામાં આવ્યા છે, જેમકે -

૧. કૌશિક, ૨. કાત્યાયન,
૩. સાલંકાયન, ૪. ગોલિકાયન,
૫. પાક્ષિકાયન, ૬. આગ્નેય,
૭. લૌહિત્ય.

